
મરમી
સંતોનું
દર્શન
જયંતિલાલ આચાર્ય

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત
સંતદર્શન ગ્રંથમાળા – ૧

# મરમી સંતોનું દર્શન

જયંતીલાલ આચાર્ય

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

હરિ: ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત
સંતદર્શન ગ્રંથમાળા ૪૭

# મરમી સંતોનું દર્શન

જયંતીલાલ આચાર્ય

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

મરમી સંતોનું દર્શન

MARAMI SANTONUN DARSHAN

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૨

પ્રત સંખ્યા : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૬-૦૦

© : સરદાર પટેલ યુનિવર્સિટી

યોજના દાન : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

મુદ્રક અને પ્રકાશક : રતિલાલ ઠક્કર
કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી પ્રેસ
વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦

# અર્પણ

જગતના સર્વે મરમીઓ,

સંતો, ઋષિઓનાં

ચિન્મય ચરણોમાં



## સલાહકાર સમિતિ

૧. પ્રો. કે. એન. શાહ (કુલપતિ)

૨. ડૉ. એચ. એમ. પટેલ

૩. ફાધર વાલેસ

૪. પ્રો. જે. એમ. શેખડીવાળા
(મંત્રી, સલાહકાર સમિતિ)

૫. ડૉ. ડી. ડી. જાડેજા

૬. ડૉ. એસ. આર. ત્રિવેદી

૭. ડૉ. ભોગીલાલ સાંડેસરા

૮. ડૉ. રમણલાલ સી. શાહ

# આમુખ

શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળાના પ્રથમ પુસ્તકના રૂપમાં પ્રકાશિત થઈ રહેલ **'મરમી સંતોનું દર્શન'**ને આવકારતાં મને આનંદ થાય છે.

એના લેખક શ્રી જયંતીલાલ આચાર્ય મરમી સંતો (Mystics) અને એમની વિશિષ્ટ વિચારધારા (Mysticism) અને વાણીના ગંભીર અભ્યાસી છે. એમનાં તદ્‌વિષયક વાચન-પરિશીલન, સૂઝ-સમજ, નિષ્ઠા, પરિશ્રમનું આ પુસ્તકમાં દર્શન થાય છે. એમાં મરમી ભાવ, એની પ્રાચીનતા, વિવિધ દેશ-કાળ-ધર્મમાં થઈ ગયેલ મરમી સંતો, એમનો ઈશ્વર અને માનવપ્રેમ, સ્થૂલ કર્મકાંડ અને બાહ્યાડંબરને બદલે શુદ્ધ-પવિત્ર-પ્રેમમય આત્મા અને જીવન માટેનો એમનો આગ્રહ, એમની અનોખી સાધના, એમની મરમી વાણી—આ બધાંનું વ્યવસ્થિત, ક્રમબદ્ધ, દલીલ-દષ્ટાંત-અવતરણ સહિત, સરલ વિશદ શિષ્ટ રોચક ભાષામાં, સવિસ્તર અને સાંગોપાંગ નિરૂપણ થયું હોવાથી પુસ્તક માહિતીપ્રદ, વિચારોત્તેજક તેમ રસળતું પણ બન્યું છે. લેખક તે માટે ધન્યવાદને પાત્ર છે.

આવા ઉપયોગી અને રસિક પુસ્તકના પ્રકાશનમાં જેમનો સહયોગ પ્રાપ્ત થયો છે તે સૌનો—વિદ્વાન લેખકનો, સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અને તદંતર્ગત સંતદર્શન ગ્રંથશ્રેણીના પ્રકાશન માટે આર્થિક અનુદાન આપનાર હરિઃ ૐ આશ્રમ, નડિયાદનો અને પ્રો. જશવંત શેખડીવાળાનો—હું અંગત રૂપમાં તેમ જ સરદાર પટેલ યુનિવર્સિટી વતી હાર્દિક આભાર માનું છું.

મને આશા છે કે આ પુસ્તક ધર્મ, દર્શન, સંત, સંતવાણી આદિમાં રસ ધરાવનાર જિજ્ઞાસુ ઉપરાંત સામાન્ય વાચકને પણ વાંચવું જરૂર ગમશે. વાચકને તેમાંથી અવબોધ અને આસ્વાદ બેઉ સાથોસાથ મળી રહેશે.

**વલ્લભ વિદ્યાનગર**
જન્માષ્ટમી, શ્રાવણ, વિ. સં. ૨૦૩૮
તા. ૧૨-૮-૧૯૮૨

**પ્રો. ક્રિષ્નાલાલ એન. શાહ**
કુલપતિ,
સરદાર પટેલ યુનિવર્સિટી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વિષયનું ઉદ્‌ઘાટન | ૧ |
| ૨. | વિષયનું નિરૂપણ | ૯ |
| ૩. | તુલનાત્મક દર્શન | ૨૬ |
| ૪. | જીવનને ઉજાળનારા (પૂર્વના-પશ્ચિમના) — ૧ | ૪૨ |
| ૫. | જીવનને ઉજાળનારા (પૂર્વના-પશ્ચિમના) — ૨ | ૬૬ |
| ૬. | મરમી સંતોનો સાધનાપથ | ૯૯ |
| ૭. | પ્રેમનો સાક્ષાત્કાર : અનુભૂતિ અને દર્શન | ૧૩૧ |
| ૮. | મરમી એંધાણ | ૧૫૪ |
| ૯. | ચેતવણી | ૨૦૬ |
| ૧૦. | ફલશ્રુતિ | ૨૨૨ |
| ૧૧. | જગતની યુનિવર્સિટીઓને (રોમાં રોલાં) | ૨૩૬ |

## ઋણાનુબંધ

"A man only understands what is akin to something existing in himself." (Amiel)

(મનુષ્યના પોતાનામાં પહેલેથી જ એવું કાંઈક પડ્યું હોય છે, જેને લગતું તે તરત જ સમજી જાય છે.)

ભવભૂતિએ કહ્યું છે તેમ પદાર્થોને સાંકળનારો કોઈ એક એવો અકળ હેતુ હોય છે જેનો આધાર કોઈ બહારની વસ્તુઓ સાથે સંબંધ ધરાવતો હોતો નથી. ઋણાનુબંધ સૂક્ષ્મ દૃષ્ટિએ એવો એક અકળ હેતુ છે. એને સાંકળનારી કડીઓ સૂક્ષ્મમાં રહેલી હોય છે. આ ગ્રંથના વિષયવસ્તુને વિષે એવું જ 'કુંઈક' છે. અને એટલે જ કેટલીક ઘટનાઓને અહીં દર્શાવવી આવશ્યક જણાય છે. એને લઈને વિષય, પ્રયોજન, અધિકારી અને સંબંધ,– સબરસની માફક સમરસ થઈ જાય છે અને પોતે ફના થઈને બીજાંના રસાસ્વાદને અભિવ્યક્ત કરે છે.

સ્મૃતિલોકમાં પચાસેક વર્ષો પહેલાંની એક ઘટના જાગે છે. આપણા પ્રાંતના સંખેડા બહાદરપુર તાલુકામાં કોસિન્દ્રા નામે એક ગામ અને ત્યાં પુણ્યશ્લોક કરુણાશંકર કુબેરજી ભટ્ટ એક નાનકડો આશ્રમ ચલાવે. એમને બધા ગુરુજીના નામથી સંબોધે. આશ્રમમાં ભણતાં બાળકોને વિભૂતિઓનાં દર્શન કરાવવાનો એક લ્હાવો તેઓ મ્હાણતા, આવી એક બંગાળની વિભૂતિ, જેમને બધા 'બાબુજી' કહીને ઓળખતા, તેઓ પૂજાની રજાઓમાં પેલા ઉપર જણાવેલા ઋણાનુબંધના અકળ સંબંધને લઈને આવતા. ગુરુજીને પુરાણીભાઈઓની વ્યાયામપ્રવૃત્તિમાં રસ; એટલે અમારા સારંગપુર સાર્વજનિક વ્યાયામ મંદિરમાં પોતાના બે નાના છોકરાઓને લઈને સાંજે આવે. ત્યાં નવજીવન પ્રેસનું કાર્યાલય હતું. એટલે અમારા વ્યાયામ મંદિરને લોકો 'નવજીવનનો અખાડો' તરીકે ઓળખતા. ગુરુજી નિસરણીની પાછળ બેસે, બધું જુએ. દીકરાઓ વ્યાયામ કરી લે એટલે તેમને લઈને ઘેર જાય. ગુરુજીનું પ્રસન્ન વદન મને આકર્ષતું. એક વાર બોલાવીને કહે કે, "કોસિન્દ્રા આવોને, તમને

ગમશે." તે વખતે મેં મુંબઈ યુનિવર્સિટીની બી. એ.ની પરીક્ષા દઈ દીધેલી. એટલે, ઉનાળાની રજાઓમાં મારા લંગોટિયા મિત્ર કૃષ્ણલાલ દેસાઈ અને હું કોસિન્દ્રા ગયા. ત્યાં અમે ઠીક ઠીક રહ્યા, આતિથ્ય કોને કહેવાય તે સમજ્યા અને 'શિષ્ટાગમને અનધ્યાયઃ', એ સૂત્રનો અનુભવ કર્યો. અમે શિષ્ટ ઠર્યા! હું તો એમનું બધું જોઈને દિઙ્‌મૂઢ થઈ ગયો હતો! ઋણાનુબંધને તાંતણે બંધાઈ ગયો હતો! તેમણે સૂચન કર્યું : પૂજાની રજાઓમાં કોસિન્દ્રા આવનાર પેલા બંગાળી બાબુનો સમાગમ કરવાનું. કોણ હશે એ બંગાળી બાબુ? કેવાક હશે એ ?

બંગાળની પૂજાની રજાઓ અને ગુજરાતની દિવાળીની રજાઓ લગભગ એક ગાળામાં આવે. વચનબદ્ધ થયેલો હું ત્યાં ગયો. જોયું તો એક ઘટાદાર વૃક્ષની તળે પેલા બંગાળી બાબુ (જેમને 'બાબુજી' કહેતા) પ્રવચન કરે અને 'કોસિન્દ્રા-કાશીપુરા ગામનાં નરનારી નિર્વિશેષ, બાળ-યુવા-વૃદ્ધ નિર્વિશેષ તરુણજનચિત્ત' એકાગ્ર થઈને સાંભળે. એક ઋષિ આશ્રમનું દૃશ્ય મારી નજર સમક્ષ જોઈને હું તો આભો બની ગયો! ક્યાંય પ્રત્યક્ષ આવું જોયેલું નહિ ને! બાબુજી હિંદીમાં બોલે, ક્યાંક ક્યાંક બંગાળીની છાંટ આવે, એકાદ અંગ્રેજી ઉક્તિ આવે અને એમ અસ્ખલિત ભાવે વાણીનો સ્રોત વહે. મનમાં થયું કે આ પ્રકારની ભાવધારામાં જેઓને સ્નાન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તેઓ સ્નાતક ગણાય કે નહીં! બી. એ. પાસ થયેલો હું તો લજ્જિત થઈ ગયો!

પ્રવચન પૂરું થયું. સૌ વિખરાવા લાગ્યાં. ગુરુજીએ મને પ્રસન્ન નયને બોલાવ્યો અને બાબુજીને ઓળખાવ્યો. બાબુજીએ કહ્યું : 'માસ્ટરજી, આ ભાઈ, આચાર્ય, શાંતિનિકેતન આવશે.' (બાબુજી ગુરુજીને 'માસ્ટરજી' કહેતા.) મારા આશ્ચર્યનો પાર ન રહ્યો! શી રીતે તેઓ આમ કહી શક્યા હશે, અને ગુરુજીએ મારી હકીકત—મારાં બા, આર્થિક પરિસ્થિતિ શી રીતે જાણી લીધાં હશે! આ આશ્ચર્યની વચ્ચે ભાવસ્નાત હું તો ઊભો રહ્યો. કોઈ ઋણાનુબંધ જાગ્યું કે શું!

અને એમ જ થયું. જંબુસર તાલુકાના પીલોદ્રા નામના એક ગામમાં વડીલ બંધુ છોટુભાઈ પુરાણીએ મને નાકરની લડતમાં એક સ્વયંસેવક તરીકે મૂક્યો હતો. લડત પૂરી થઈ, સમાધાન થઈ ગયું. મારે વતન અમદાવાદ આવ્યો અને તરત જ પેલો શાંતિનિકેતન જવાનો સંકલ્પ જાગ્યો. કેમ કરીને જવાય? શી રીતે જવું? બાબુજીને જણાવવું શી રીતે? ગુરુજીએ

જાણ્યું. તેઓ હર્ષમાં આવી ગયા. બાબુજી પર સુંદર ગુજરાતી મરોડદાર શબ્દોમાં કાગળ લખી આપ્યો. એમણે કહ્યું : 'એ તો બધું થઈ જશે.' કાગળમાં મારા જેવા અનધિકારી માટે પણ ઘણું લખ્યું હતું અને, 'આપે જણાવેલો પેલો વિદ્યાર્થી આપને ત્યાં આવે છે આપની સેવામાં, એ એક દૈવનિર્માણ છે.' એમ જણાવ્યું હતું.* સાક્ષરવર્ય કેશવ હર્ષદ ધ્રુવે 'પરમ આદરપાત્ર' મુનિશ્રી જિનવિજયજી પર ચિઠ્ઠી લખીને મોકલાવી હતી. પણ...પણ કેમ કરીને ઠેઠ બંગાળ જવું? વ્યાયામશાળાના બંધુઓએ કંઈ કંઈ કર્યું.

મારા પરમ મિત્ર કાંતિલાલ દવેએ પૂ. નંદબાબુ પર અંગ્રેજીમાં પત્ર લખી આપ્યો અને એમનાં પાંચસાત ચિત્રો માર્ગદર્શન માટે મારી સાથે તેમણે મોકલાવ્યાં. બધું લઈને ગાડીએ ગયો. વળાવવા આવેલાં સૌનાં ભાવનીતરતાં હૃદયોની સાથે હૃદય જોડતો, એક લજ્જાશીલ કન્યાની માફક ન ઊભી શક્યો, ન હલનચલન કરી શક્યો ! ગાડી ઊપડી.

દિલ્હી, બરદ્વાન ગાડીઓ બદલતો બંગાળની ભૂમિમાં પ્રવેશ્યો અને બોલપુર સ્ટેશને ઊતરી, બળદગાડીમાં શાંતિનિકેતનના ટમટમતા દીવાના ઝાંખા પ્રકાશમાં ચંદ્રકાંત ભટ્ટનું રહેઠાણ પૂછતો ત્યાંની હોસ્ટેલમાં પહોંચ્યો. એ તો આશ્ચર્ય પામી ગયા ! પણ બધું ગોઠવાઈ ગયું. (અત્યારે સ્પષ્ટ સ્મરણ નથી.)

બીજે દિવસે સવારે ન્હાઈધોઈને પેલા બાબુજી, હવેથી મારા શિક્ષાગુરુ થનારા આચાર્ય ક્ષિતિમોહન સેનને ત્યાં ગુરુજીનો પત્ર લઈને ગયો. બાબુજીએ મારી તરફ ધારી ધારીને નજર કરી. હું પગે લાગ્યો. તેમણે પત્ર વાંચ્યો અને 'So you have come.' એમ કહીને ગુરુદેવને મળવા લઈ ગયા. ગુરુદેવે જોયું. મેં એમની ચરણધૂલી લીધી અને તેમણે કહ્યું: "And so you have come. You will like this place. Try to be one with the soil of this land. ('નાડીયોગ') Kshiti Babu will guide you. Learn Bengali. My blessing are with you." પછી રહેવાનું, જમવાનું કોઈ અનહદ અદૃષ્ટે ગોઠવી દીધું. શું કરવું કાંઈ જ સમજાતું નહીં. ગુરુના સાંનિધ્યમાં એક નાની પાટ પર મારે વાંચવા-લખવાનું ઠર્યું. નવા નવા ચહેરા, સૌ પોતપોતાના કર્મમાં પરાયણ, નાનામોટા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓથી ગુંજતું વાતાવરણ, અને ઘંટના ટકોરા વાગ્યા જ કરે,–કોઈ સાંકેતિક રીતે.

* મેં એ કાગળની નકલ કરી રાખી છે.

શું ભણવાનું, કાર્યક્રમ કયો, અભ્યાસક્રમનું શું, પીરિયડ્ઝ કેટલા, ક્યારે? ભાઈ સુંદરમે એક વાર ક્યાંક કહેલું તેમ બધું થતું ચાલ્યું, ગોઠવાતું ગયું!

મારે બેસવાનું વિદ્યાભવનમાં. વિદ્યાભવન એટલે વિશ્વભારતીનો સંશોધન વિભાગ. પાલી, પ્રાકૃત, તિબેટન, ચાઇનીઝ, સંસ્કૃત, ફિલસૂફી, ભારતીય સંસ્કૃતિ, મધ્યકાલીન સાધના એવા એવા વિષયો. મારે શું લેવું? ક્ષિતિબાબુએ વિગતે સમજણ પાડી. ત્યાં ડિગ્રી નહોતી, ડિપ્લોમા ય નહીં. તપોવનની સંસ્કૃતિની જેમ ગુરુશિષ્ય ભાવે અધ્યયન. બીજી યુનિવર્સિટીમાં જવું હોય તો કોઈ વિષયની પસંદગી કરવાનું બાબુજીએ સૂચવ્યું. મેં કહ્યું: આપનો વિષય એ જ મારો વિષય. મને સમજાવ્યું કે આ વિષય તો ક્યાંય માન્ય નથી. મારી આકરી કસોટી થઈ રહી હતી! આ વિષય કશા જ કામનો નથી, કાંઈ નહિ આપે. વિચારવાનું જણાવ્યું. વિચાર કરવા જેવી બુદ્ધિ વિકસી નહોતી. મેં એક જ ધ્રુવપદ છેડ્યું. બાબુજી પ્રેમભાવે વઢ્યા. તોય ભાઈસા'બ એમના એમ. એમનો વિષય લીધો. એમણે કહ્યું: 'નકશાહુકુમ ઇમારત ચલે, વૃક્ષ ચલે નિજ લીલા.' અર્થ સમજાવ્યો. બહારની સહાયથી અંદરનો વિકાસ સાધવાનો હતો, સાધના કરવાની હતી, તપસ્યા કરવાની હતી. કોઈ નકશો દોરીને તે પ્રમાણે ઇમારત ચણવાની નહોતી; અંદરના મૂળના રસને સીંચીને ક્રમશઃ ખીલવાનું હતું.

શાંતિનિકેતનની સમૃદ્ધ લાયબ્રેરીમાં ઘૂમવા લાગ્યો. પ્રભાતબાબુએ માર્ગદર્શન કર્યું. ચોપડીઓ જોઈએ તેટલી સામટી મળશે. મારી પાટ પર ચોપડીઓનો ઢગલો થવા લાગ્યો! બાબુજી કાંઈ જ બોલે નહીં. વાંચવા લાગ્યો, નોંધો કરવા લાગ્યો. મૂંઝવણનો પાર નહીં. વિદ્યાભવનમાં બધા જ અભ્યાસરત. સ્મરણમાં છે ત્યાં લગી હું એકલો જ ગ્રેજ્યુએટ અને તે વળી મુંબઈ યુનિવર્સિટીનો, – બાધાં મારતો! અમારા શાસ્ત્રી મહાશય* દરરોજ હસતા હસતા પૂછે: 'ઠીક ચોલછે! ભાલો લાગછે.' અને ચાખડીઓ ખખડાવતા, નિર્દોષભાવે ખડખડ હસતા સીડીએ ચઢે.

બાબુજી કલકત્તાથી મારે માટે 'ચૈતન્યચરિતામૃત' લઈ આવ્યા. ખારસો દળદાર ગ્રંથ. હું વાંચું અને બાબુજી સાંભળે. અક્ષરો તો દઢમૂલ થઈ ગયા. બંગાળીમાં પણ પ્રવેશ થઈ ચૂક્યો. ગ્રંથ પૂરો કર્યો, માત્ર વાચનની દૃષ્ટિએ. મહાપ્રભુના ભક્તિરસની છોળો પ્રાણને નવરાવી જતી.

---

* મહામહોપાધ્યાય વિધુશેખર ભટ્ટાચાર્ય, વિદ્યાભવનના અધ્યક્ષ.

ન સમજાય એવી રીતે વાતચીત દ્વારા બાબુજી મને બંગાળી શીખવતા ગયા. બંગાળી માધ્યમ બન્યું. બંગાળી શીખી ગયો, વાતો કરતો થઈ ગયો. 'મહાનિર્વાણ તંત્ર' અને 'ષટ્ચક્ર નિરૂપણ' લાવ્યા. સમજાવવા લાગ્યા આકૃતિઓ દોરીને. પ્રભાતકાળે ગુરુદેવને બાબુજી દરરોજ મળે, સાધનાની વાતો થાય, મને વર્ગમાં કોઈ કોઈ વાર કહી સંભળાવે. રવીન્દ્રનાથ, કબીર, દાદૂ, રજ્જબ, નરસિંહ મહેતા, મીરાં, – સંતોની વાતો ચાલે, પ્રસંગ વર્ણવે, વાણી સંભળાવે, મરમીધારામાં અવગાહન કરાવે. તેમના કહેવાથી મુનિજીની પાસે પ્રાકૃત, શાસ્ત્રી મહાશયની પાસે પાલી, બ્રહ્મચારી ગોવિંદ (અત્યારે આ નાગરિક) ની પાસે ફ્રેંચ, આર્યમદાની પાસે તામિલ, દિનુબાબુના વર્ગમાં રવીન્દ્રસંગીત, – એમ અવારનવાર બધું ગોઠવાતું ગયું. રવીન્દ્રનાથનાં બંગાળી પુસ્તકો વાંચવા તેમણે જણાવ્યું. કોઈ અંગ્રેજી કવિ (કીટ્સ?) કહે છે તેમ દેશદેશની સરહદો પર લટાર મારવા લાગ્યો. એન્સાઈક્લોપીડિયા બ્રિટેનિકા, અને એન્સાઈક્લોપીડિયા ઑફ રીલિજિયન ઍન્ડ એથિક્સમાંથી ધર્મો, પંથો, સંપ્રદાયો, સંતો, મરમીઓ, તત્ત્વજ્ઞોની નોંધો કરવા લાગ્યો. મિસ્ટિસિઝમ, મેટાફિઝિક્સ, ફિલસૂફી, સાહિત્ય, સંસ્કૃતિ – એમાંનું કાંઈક વાંચ્યું અને અભ્યાસાર્થે લઈ આવ્યો. બાબુજીનો રવીન્દ્રવર્ગ ભર્યું. આમ બધું ઈ. સ. ૧૯૩૧ થી ૧૯૩૪ લગીના ગાળામાં બનતું ચાલ્યું, – વૃક્ષની વિકાસલીલાની જેમ.

ક્ષિતિબાબુનાં મૌન વ્યાખ્યાનોએ શું કર્યું અને શું નહીં, એનો અત્યારે વિચાર કરું છું, ત્યારે આશ્ચર્ય થઈ જવાય છે! મારા ચિત્તનાં બારી-બારણાં એમણે ખોલી નાખ્યાં અને મને જેમ અંતરને અભિમુખ કર્યો તેમ સચરાચર વિશ્વ પ્રત્યે એકાદ મટકું માંડતો પણ કર્યો. આપણા સાક્ષર શ્રી રામનારાયણ પાઠકે બાબુજીનો પરિચય આપતાં ક્યાંક તેમને **'હિંદનું જંગમ જ્ઞાનતીર્થ'** તરીકે ઓળખાવ્યા છે અને એમની વાણીને વહેતી ગંગાની સાથે સરખાવી છે, તદ્દન યથાર્થ છે એ સૂત્રાત્મક પરિચય. એ તીર્થનાં જળ મારી કાવડની ગાગરમાં સંઘર્યાં છે, પીધાં નથી; ધન્ય થયો છું, તૃપ્ત થયો નથી! પાસેની ગાગરમાં તીર્થનાં જળ અને છતાંય તૃષાતુર! 'મોકો કહાં ઢૂંઢે બંદે, મૈં તો તેરી પાસમેં?' એમનો ગ્રીક ચહેરો, ધીરગંભીર ચાલ, વાણીની લાક્ષણિક ઢબ, માધુર્ય, મારા પ્રત્યેનો અનહદ પ્રેમ, – સામર્થ્ય નથી મારી વાણીમાં એ વર્ણવવાનું! એ 'અપાર સિન્ધુ મહાજન ઊંડા'માં ડૂબવાની જિગર ચાલી નથી, માત્ર એની કિનારાની છોળોમાં ભીંજાયો છું, ભાવશુદ્ધ થયો છું, મરમદીક્ષા કદાચ પામ્યો છું, પાત્ર થયો નથી, – કોઈ કોઈ વારના 'આમાર છાત્ર'ના સંબોધને પુલકિત થયો છું, ધન્ય થયો છું, કૃતાર્થ થયો છું!

આ થયો ઋણાનુબંધનો આંતરબાહ્ય વૃત્તાંત.

અને આટઆટલાં વર્ષો પછી મારા શિક્ષા ગુરુની પાસે બેસીને જે વિષયને વિષે પ્રાયઃ ઘણુંખરું વાંચ્યું-વિચાર્યું હતું તેને ગુજરાતીમાં અભિવ્યક્ત કરવાનો એક યોગાનુયોગ સાંપડ્યો અને એય કેવો સાંકેતિક! બન્યું એમ કે સરદાર પટેલ યુનિવર્સિટીમાં નલિની આર્ટ્સ કૉલેજના આચાર્ય ડૉ. દિલાવરસિંહ જાડેજાએ મને રવીન્દ્રનાથ પર કંઈક બોલવા જણાવ્યું. મેં 'રવીન્દ્રનાથનું ક્રાંતદર્શન' પર વાર્તાલાપને રૂપે બોલવા લખ્યું. આ અરસામાં મારું શરીર ક્ષીણ થઈ ગયું હતું અને આંખે મોતિયો ઉતરાવ્યો હોવાથી ઝાંખું જોવાય છે, એમ સાથે સાથે લખ્યું હતું. આ બધી મર્યાદાઓને મનમાં રાખીને બોલવાનું સ્વીકાર્યું. શ્રી જાડેજાએ મને નભાવી લીધો. વાર્તાલાપ પૂરો થઈ ગયા પછી તેમણે તે વખતના કુલપતિ શ્રી રણછોડભાઈ એમ. પટેલને, જો વાંધો ન હોય તો, મળવાનું મને સૂચન કર્યું. અમે મળ્યા. શ્રી જાડેજાએ પૂર્વતૈયારી કરી રાખી હશે એ આધારે કુલપતિશ્રીએ મને મારા વિષયનું પુસ્તક લખવા કહ્યું. મેં સઘળી હકીકત જણાવી. આખરે ઘેર આવી મારે એ વિષયની પ્રકરણદીઠ રૂપરેખા (synopsis) લખી મોકલવાની હતી. સૂઝ પ્રમાણે અને મારા અભ્યાસને આધારે એક રૂપરેખા મોકલાવી. ડૉ. આર. એમ. પટેલને ગમી અને અનુમતિ માટે હરિઓમ્ આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી નંદુભાઈને મોકલાવી. તેમણે પણ એક વિશિષ્ટ પ્રકારે અનુમતિ આપી અને પૂ. મોટાના હરિઓમ્ આશ્રમ પ્રેરિત 'શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સર્વધર્મ દર્શન' શ્રેણીમાં તે છપાવવા ઠરાવ્યું.

આમ મારા ગુરુએ અને ગુરુદેવ રવીન્દ્રનાથે મારે માટે એક લેખી અને આશીર્વાદાત્મક જે અપેક્ષા રાખી હતી તે ફળી. પરંતુ પ્રશ્ન અભિવ્યક્તિનો હતો. કામ આગળ ચાલ્યું,–'વૃક્ષ ચલે નિજ લીલા'! સામર્થ્ય માટે પ્રાર્થના કરી.

આ અરસામાં મારા લત્તાની આસપાસ દરરોજ, દિવસે અને રાતે 'અનામત આંદોલન' ચાલે, અશ્રુવાયુના સેંકડો ટેટા ફૂટે, કોઈ કોઈ વાર ગોળીઓના ધડાકા સંભળાય. આંખો બળે. શું કરવું? આ એક મારા સંકલ્પની કસોટીનો કપરો કાળ આવ્યો.

મને મારા અભ્યાસકાળ દરમિયાન વાંચેલું યાદ આવ્યું. ટાઈફૂન્સ (typhoons) તરીકે જાણીતાં પ્રચંડ વાવાઝોડાં દરિયામાં થાય અને તે

વખતે ભલભલા નાવિક એને પાર કરવા અશક્ત બની જાય. શોધવામાં આવ્યું કે કોઈ નાવિક જરા સાહસ કરીને એ તોફાનની વચ્ચે નૌકાને લઈ જઈ શકે તો ત્યાં બધું સહીસલામત, પાણી શાંત હોય. એ ન્યાયે મારા અંતર્યામીનો સહારો મેળવ્યો, અને ગુરુકૃપાથી કોઈ કોઈ વાર અત્યંત વિક્ષિપ્ત વાતાવરણમાં પણ ચિત્તને શાંતિના કેન્દ્રમાં દોરી જઈ શક્યો અને બહારથી વિરોધી પરિસ્થિતિમાં પણ ક્રમશઃ કામ પૂરું કરી શક્યો !

ગ્રંથ પૂરો થયો અને એનું જે નામ છે તે વિષે એના અંતરંગમાં પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનોના અભિપ્રાયો, મતામત વગેરેની યથાસ્થાને ચર્ચા-વિચારણા કરી છે. વિચારવાનો પ્રશ્ન છે અભિવ્યક્તિનો: અનુભૂતિની અભિવ્યક્તિ થઈ શકે ? થઈ શકે તો અનુભૂતિની યથાતથ રજૂઆત ભાષાના માધ્યમ દ્વારા શક્ય છે ? અને જો શક્ય હોય તો એ પ્રકારની રજૂઆત અન્ય ભાવકમાં સંક્રાન્ત કરી શકાય ? દેશ અને કાળથી અબાધિત એવી અનુભૂતિની કોઈ એકમૂલતા હોઈ શકે ખરી ? મરમીએ મરમીએ, સંતે સંતે, અનુભૂતિ ભિન્ન ભિન્ન, કે તેના પાયામાં તેમ જ ટોચમાં મૂળ સ્વરૂપ એક ? આ અને આવા ઘણા પ્રશ્નોનો પ્રકરણ અગિયારમાં રોમૈં રોલૉંએ જણાવ્યું છે તેમ અભ્યાસ કરીને તેમાંથી કોઈ એક સર્વસાધારણ ધારા પકડી શકાય ખરી, એનો વિમર્શ ચાલ્યો !

ખરી વાત એ છે કે આ વિષયને કોઈ એક વિદ્યાધામે અભ્યાસના વિષય તરીકે માન્ય કર્યો નથી અને કદાચ કર્યો હશે તો તે અપવાદ રૂપે. એનો બુદ્ધિ દ્વારા અભ્યાસ થઈ શકે ? કારણ કે, એને સર્વેએ અનિર્વચનીય ગણ્યો છે ! અનિર્વચનીયની આમૂલ મીમાંસા થઈ શકે ખરી ? થાય તો લાભ શો ? અલબત્ત, જ્ઞાનની દૃષ્ટિએ ખરો. કોઈની અનુભૂતિ, ઉપલબ્ધિ, સાક્ષાત્કાર, જેવા છે તેવા સ્વરૂપમાં 'જ્યોં સે ત્યોં', 'જેવી છે તેવી', ('જા તા'), અન્યમાં સંક્રાંત થઈ ન શકે એવો એક પ્રબળ મત છે.

આ સ્થળે આપણે આથી વધુ કહી ન શકીએ, એને માટે ઘણો અભ્યાસ તત્ત્વજ્ઞાનનો, આધિભૌતિક જ્ઞાનનો, વિજ્ઞાનનો, મનોવિજ્ઞાનનો, સાહિત્યનો, કલાનો – જરૂરી છે.

અને અનુભૂતિ જે પ્રતીકો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે તેને વિષે પણ એકવાક્યતા જણાતી નથી. મારા અભ્યાસકાળ દરમિયાન ક્ષિતિબાબુ

તંત્રની વાતવાતમાં પાંચ 'મકાર'નો મૂળ અર્થ સમજાવતાં કહેતા કે એ પ્રતીકો જે સાધકની દશામાં ઘટે છે તેનું આબેહૂબ વર્ણન રજૂ કરે છે. સાથે સાથે એમ પણ કહેતા કે જે લોકો પ્રતીકોનાં માત્ર બાહ્યસ્વરૂપોનું સેવન કરે છે, તેઓનું પતન જ થાય છે. કારણ કે, આવી બધી વાતો કેવળ ગુરુગમ છે અને તેય સન્નિષ્ઠ ગુરુ મળે તો! શૂન્ય, સહજ, શૂન્યશિખર, શૂલિ, ગગનમંડળ, – એવા શબ્દો સંતોનાં ભજનોમાં આવે છે. એનું અનુભૂતિહીન બૌદ્ધિક અર્થઘટન મૂળને રજૂ કરી શકે? દાખલા તરીકે, 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે!' એ નરસિંહની વાણીનું શું? શું એ માત્ર શબ્દજાળ છે? કોઈ વાદની અભિવ્યક્તિ છે? બ્રહ્મ બ્રહ્મની પાસે લટકાં કેવી રીતે કરે? મીરાંના પદમાં આવે છે, –

'શૂલી ઉપર સેજ હમારી, સોવન કિસવિધ હોય;
ગગનમંડળ પર સેજ પિયાકી, કિસવિધ મિલના હોય!'

મીરાંના દર્દનું શું? વિરહમિલનની દશા વર્ણવે છે? મીરાંની શય્યા શૂલી ઉપર અને પ્રિયતમની શય્યા ગગનમંડળ પર, એટલે? આવું ઘણું ઘણું મરમી સંતોની વાણીમાં આવે છે. વિદ્વાનો એને સમજાવવાનો, એનું વિવરણ કરવાનો પ્રયત્ન કરે છે, અરે ભાષ્ય પણ રચે છે! રવીન્દ્રનાથે 'પૂર્ણિમા' નામના એમના કાવ્યમાં લખ્યું છે કે પૂર્ણિમાનો પ્રકાશ સર્વત્ર વ્યાપ્યો હતો, માત્ર એમની બોટમાં બનાવેલા કમરામાં, એમના પ્રકટાવેલા પ્રકાશની ઓથે એ છુપાઈ ગયો હતો! જેવો દીવો રાણો કર્યો તેવો પ્રકાશ છતો થયો! સૌન્દર્યમીમાંસાનું અંગ્રેજી પુસ્તક રવીન્દ્રનાથ તે વખતે વાંચતા હતા. એ શબ્દવિલાસની જે જાળમાં પૂર્ણિમાનો સહજ સરળ ઝળહળતો શ્વેત પ્રકાશ સપડાઈ ગયો હતો! એના આવરણને દૂર ન કરે ત્યાં લગી શું થાય? આવરણને દૂર કોણ કરે?

સૌરાષ્ટ્રના મહાન મરમી ભજનિક રવિરામ કહે છે:

'દેખે વાકું વાચા નાહીં, વાચા દેખત નાહીં;

કથણીબકણી કામ ન આવે, આપ મેં આપ સમાઈ!'

દૃષ્ટિને વાણી નથી અને વાણીને દૃષ્ટિ નથી! શ્રી અરવિંદે એક યોગીના સંદર્ભમાં 'પશ્યંતિ વાક્', – જોતી વાણી, એવા શબ્દ વાપર્યા છે. તેમણે એમ પણ કહ્યું છે: 'All can be done if **God's touch** is there'. ભગવાનનો 'સ્પર્શ' જોઈએ. અને એટલે જ મહાન સૂફી સાધક હુજવીરીએ

'સ્પર્શ'ને સર્વોપરી ઇન્દ્રિય ગણી છે. ક્ષિતિબાબુ 'સ્પર્શદીક્ષા'ની વાત પણ કરતા. આપણો કવિ ભોજો કહે છે :

> 'મનમંદિર દીપક દરશાના, ઉઘડી ગયાં તનતાળાં;
> રંગ લાગ્યો ને રવિ પ્રગટિયો, અનેક દિશે અજવાળાં.'

દૃષ્ટિ વાણીને પ્રકટાવે. આપણા મોટા મોટા મતવાદો,–ધ્વનિ, સ્ફોટ, નાદબ્રહ્મ, અનાહત નાદ,–કેવી રીતે ઉદ્‌ભવ્યા હશે? દૃષ્ટિસૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ : જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ, જેવી સૃષ્ટિ તેવી દૃષ્ટિ! જે જુવે તે સર્જે, જે સર્જે તે જુવે! જોનાર અને સર્જનાર એક હોય તો? નરસિંહ કહે છે તેમ : 'મ્હાણે નરસૈયો ભોગી રે!'

અર્થાત્, અભ્યાસ કરવો હોય તો માત્ર 'તન્ન તન્નમૂલક' નહીં, પરંતુ 'તદેવમૂલક' પણ હોવો જરૂરી છે. શ્રી શ્રી મા આનંદમયી બંગાળીમાં જેને 'જા તા' (જે તે) કહે છે તેવું કંઈક! અસ્તુ.

ત્યારે, આ ગ્રંથ કોઈ મહાનિબંધ (Thesis)ની રૂએ લખાયો નથી. એની તૈયારી કોઈ ભોમિયાની હાથતળે થઈ નથી. પહેલાં જણાવ્યુ છે તેમ, નકશા પ્રમાણે ઇમારત ચણાઈ નથી! એની લીલા–ઉગમ–વૃક્ષ પ્રમાણે થઈ છે. એના પરીક્ષકો કોણ? એના વિવેચકો કોણ? ભાવક સુહૃદો, જેમનામાં મરમી અંશ હોય તે સૌ. અને એટલે જ પાછળ સંદર્ભગ્રંથોની યાદી આપી નથી. ગ્રંથના અંતરંગમાં જેમનાં નામ આપ્યાં છે, જેમના ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે એ સર્વે તાણાવાણાની જેમ ગ્રંથના પોતમાં વણાઈ ગયા છે; કશું અલગ, વિચ્છિન્ન નથી! એ સૌનો હું આભારી છું.–એમને અંતરના પ્રણામ કરું છું.

આ ગ્રંથની રચનામાં ડૉ. દિલાવરસિંહ જાડેજા નિમિત્ત બન્યા, તત્કાલીન કુલપતિ શ્રી રણછોડભાઈ પટેલ પ્રોત્સાહક બન્યા, શ્રી નંદુભાઈ શાહ અનુમંતા થયા, અને સ્નેહી ભાઈ દશરથલાલ ઠક્કર જરૂરી પુસ્તકોના પ્રદાતા થયા,– એ સૌનો ઋણી છું. મારા મિત્ર ભાઈ કાંતિલાલ રામીએ જે ચીવટથી અને ખંતથી પ્રૂફો તપાસ્યાં છે તેમનો પણ આભાર માનું છું. એનો એ જ ઋણાનુબંધનો સ્રોત!

આ ઋણાનુબંધ એ જ પ્રસ્તાવના.

ગુરુદેવ, રવીન્દ્રનાથે તેમના 'જીવન દેવતા' નામના કાવ્યમાં જે પ્રશ્ન કર્યો છે – 'હે અંતરતમ, મારા અંતરમાં આવીને, વસીને તમારી તૃષા છીપી છે?' એ જ પ્રશ્ન મારા અંતરદેવતાને પૂછું છું! અને શ્રી અરવિંદે 'જીવન'ને 'મરમી ચમત્કાર' કહ્યું છે, 'અપાર્થિવ મસ્તી' કહીને સંબોધ્યું છે, એનો એક ક્ષુદ્ર અંશ, એક ઝીણો 'તંત' સ્પર્શી જાય તો ભયોભયો! કોઈને પણ ક્યાંક સ્પર્શી જશે તો કૃતકૃત્ય થઈશ!

જયંતીલાલ આચાર્ય

૧૫, ઑગસ્ટ, ૧૯૮૧
બળેવ, ૨૦૩૭, શનિવાર
મહેતા પોળ, રાયપુર
અમદાવાદ – ૩૮૦૦૦૧

# ૧. વિષયનું ઉદ્ઘાટન

આ ગ્રંથનો મુખ્ય હેતુ સંતો, મરમીઓ, ક્રાન્તદર્શી ઋષિઓ જીવનભરની તપસ્યા દ્વારા, સાધના દ્વારા, પોતપોતાની અનુભૂતિ, ઉપલબ્ધિ તેમ જ સાક્ષાત્કારનું જે સુવિશાળ સાહિત્ય મૂકી ગયા છે, તેનું કંઈક દર્શન, ઝાંખી કરાવવાનો છે. પરંતુ અન્ય ક્ષેત્ર કરતાં આમાંના ઘણાખરા પોતાના ઉપલબ્ધ સત્યની રહસ્યમય અભિવ્યક્તિ કરી શક્યા છે, તેને આપણે આપણી આંતરસૂઝને આધારે સમજવાનો પ્રયત્ન કરવાના છીએ. આ બાબતનો વધારે સ્ફોટ આવતાં પ્રકરણોમાં થશે.

ચીનનો ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં થઈ ગયેલો ક્રાંતદર્શી મરમી કવિ લાઓત્સ કહે છે કે, "રહસ્યને જે જાણે છે તે બોલતો નથી, અને જે બોલે છે તે રહસ્યને જાણતો નથી." આ પ્રકારની વાણી સઘળા મરમી સંતો પોતપોતાની ભાષામાં મૂકી ગયા છે. ઉપનિષદમાં તેનાં એંધાણ મળી આવે છે.

જગતના સઘળા જાણીતા ધર્મોએ ભગવાનને વિષે પોતપોતાની રીતે જણાવ્યું છે : કોઈ તેને પ્રકાશ, જ્યોતિ, સત્ય કહે છે; કોઈ તત્ત્વ, વાસ્તવિકતા, જીવાત્મા કહે છે; કોઈ શાંતિ, નિર્વાણ કહે છે; કોઈ તેને એક સત્તાધીશ અને ન્યાયી કહે છે; કોઈ સદાચાર કહે છે, કોઈ પ્રેમ કહે છે, કોઈ સૌંદર્ય, કોઈ કાનૂન, કોઈ રહસ્યમય, કોઈ પવિત્રતા કહે છે. આવાં અનેક વિશેષણોથી (attributes), જેઓ કશાયથી અંકિત થઈ ન શકે, તેમને અંકિત, મર્યાદિત કરે છે. આ બધું માનવજાતની મર્યાદાઓ વ્યક્ત કરે છે અને બીજું થઈ પણ શું શકે?

આ સદીની શરૂઆતમાં વિલિયમ જેઈમ્સ નામના અમેરિકાના એક મનોવૈજ્ઞાનિકે એક શકવર્તી પુસ્તક લખ્યું છે. એ ભાષણો છે. એમાં તેમણે ધાર્મિક અનુભૂતિઓની અનેકવિધતાના સમર્થ પુરાવાઓ આપીને 'રિલીજિયન'-(ધર્મ)ની છણાવટ કરતાં કરતાં આવાં સઘળાં સ્વરૂપો ઘણે ભાગે વર્ણવી શકાય તેવાં નથી હોતાં, એટલે કે અનિર્વચનીય હોય છે, તેનું વિશ્લેષણ વૈજ્ઞાનિકની અદાથી કર્યું છે. અને અંતે તેનું એક દર્શન (પશ્ચિમમાં જેને

ફિલસૂફી કહે છે) કરાવીને જણાવે છે કે માત્ર બુદ્ધિવાદી, તર્કનિષ્ઠ, વિગતો-વાળી રજૂઆતથી પણ તેનો સર્વાંગી ખ્યાલ આવવો અશક્ય નહિ તોય મુશ્કેલ તો છે જ. આપણે પછીના કોઈ પણ પ્રકરણમાં તેને વિષે વિચારવાના છીએ.

બધાય ધર્મો ખરા – પ્રમાણિક, સત્યખોજી; પણ જ્યાં લગી તેનો માત્ર બાહ્યસહચાર થાય, અંતઃપ્રવેશ ન સંભવે, તો એ બધી બહારની જણાતી ભિન્નતામાં અભેદ ક્યાં, એ સવાલ ઉદ્ભવે છે. મારા ગુરુ ક્ષિતિમોહન સેને સંસ્કૃતનું એક સૂત્ર 'अभेदर्शनं ज्ञानम्' જણાવ્યું હતું. તે જો ફલિત ન થાય તો, ધર્મોની માત્ર વિદ્વત્તાભરી, પાંડિત્યમૂલક તન્ન તન્ન છણાવટ આપણને ક્યાં પહોંચાડે? અખાની ભાષામાં ઝગડો તો ટળતો નથી! એટલે યુરોપનો એક ફ્રેન્ચભાષી મરમી ચિંતક એમિયલ કહે છે કે પરિમલ વગરનું ગુલાબ ગમે તેટલું સુંદર હોય તોય શું! રહસ્ય વગરનો, અગમ્યતાશૂન્ય ધર્મ શા કામનો? અને આપણે પણ કહીએ છીએ કે ધર્મનું તત્ત્વ ગુફામાં રહેલું છે. એ ગુફા કઈ? એ તત્ત્વ શું? તત્ત્વને ખૂબ ડૂંપ્યું, પણ એને તાવીને કોઈ આસ્વાદ્ય અનુભૂતિમૂલક પદાર્થ ન થયો તો શું થયું?

પશ્ચિમના અને પૂર્વના પ્રાયઃ સઘળા આ વિષયના (Mysticism) તદ્વિદો એને અનિર્વચનીય જણાવે છે. અને વાત પણ ખરી છે! સાધના કહો, તપસ્યા કહો, પર્યાલોચન કહો, નિદિધ્યાસન કહો – અંતે એ પરિણમે છે મૌનમાં (Silence). ગુજરાતની મરમી સતી લોયણ લાખાને ચોર્યાશી પદોમાં યોગમાર્ગની શ્રેણી પર શ્રેણીએ ચઢાવીને, મૂકીને છેવટે 'ચૂપ' થવાનું કહે છે. મૌન રાખો, ચૂપ રહો! શું કરવું? અનુભૂતિને અભિવ્યક્ત કરવા ખૂબ મથ્યા, પણ ભાષા ત્યાં પહોંચી નહીં! કોઈએ તેને વર્ડ (Word) કહ્યું, કોઈએ લોગોસ (Logos), કોઈએ તાઓ (Tao). પાછાં અર્થઘટન, ખંડનમંડન, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ, – वादे वादे जायते तत्त्वबोध! ભ્રમણા ભાંગી કે ડોકિયાં કરવા લાગી? અનુભૂતિ અને અભિવ્યક્તિનું અંતર પુરાયું લાગે છે? અભિવ્યક્તિમાં કેટલે અંશે, માત્રાએ અનુભૂતિ ઊતરી એનાં લક્ષણો કયાં? એ બધું આગળના એકાદ પ્રકરણમાં જ્યાં પશ્ચિમ અને પૂર્વના સંતો, મરમીઓ, વૈજ્ઞાનિકો, સાહિત્યકારોના સ્વાનુભૂત ફકરાઓનો અભ્યાસ આપણે કરવાના છીએ, તે જોઈ સૌ પોતપોતાનું ભાથુ બાંધે, એ જ એક આશ્વાસક વાત છે.

એટલે જ ઉપરના અનિર્વચનીય તત્ત્વને ભાષામાં અભિવ્યક્ત કરવાનો આ એક અતિનમ્ર પ્રયાસ છે, સાહસ છે. ક્યાંક કિનારો જણાશે તો ધન્ય ધન્ય થઈશું !

તો આપણે આ પ્રકરણના મથાળે મૂકેલા 'ઉદ્ઘાટન' શબ્દને, તેના ભાવને, રૂપકને સમજવાને ખુલ્લા થઈએ.

ઉદ્ઘાટન, અનાવરણ, અપાવરણ વગેરે શબ્દો આપણને જાણીતા છે. દુકાનનું કે પ્રદર્શનનું ઉદ્ઘાટન, ચિત્ર કે શિલ્પનું અનાવરણ, કશું ગુપ્ત હોય તેનું અપાવરણ–એમ. બહારની પટીની સડકા ગાંઠને છોડવી, અથવા તો ચાંદીના તાળાની ચાંદીની કૂંચીથી તાળું ઉઘાડવું, પડદાથી કે કાપડથી ઢાંકેલા કોઈ ચિત્રને કે શિલ્પને પડદો (Veil) હટાવીને સૌની સમક્ષ ખુલ્લું મૂકવું, કોઈ રહસ્યમય સહજ છતાંય સઘન વસ્તુના ઢાંકણને તેની સમજ માટે દૃષ્ટિગોચર કરવું,–એવો બધો વિધિ થાય છે. ઉદ્ઘાટન થયું, પ્રદર્શન જોયું, ખાણીપીણી લઈને વિખરાયા; અનાવરણ થયું, ચિત્રની કે શિલ્પની કૃતિની તાળીઓના ગગડાટથી કદર કરી પોતપોતાને કામે ગયા; અપાવરણ થયું, બહારના ઝળહળાટથી અંજાયેલા ઘણાખરા અહોભાવ વ્યક્ત કરતાં શું જોયું શું ન જોયું તેની વિમાસણમાં પડી ગયા, ચર્ચા કરવા લાગ્યા. આ તો એક પદાર્થ, આંખે દેખાતા પદાર્થની, કૃતિની વાત થઈ. પરંતુ કોઈ સંત કે મરમી કે ઋષિની ભાષામાં પ્રગટ થયેલી અભિવ્યક્તિને આપણે શી રીતે મૂલવીશું, મ્હાણીશું ? એનો કોઈ બીજરૂપે આધાર આપણી સત્તામાં (Being) નહિ હોય તો શાના આધારે તેની પ્રતિષ્ઠા કરીશું, મનના કયા ખાનામાં તેને ક્યાં ગોઠવીશું ? અહીં આપણને કલાપીની પેલી પ્રખ્યાત પંક્તિ "સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે" *એ યાદ આવે છે.

ખોલવાનું છે જ, અભિવ્યક્તિ થયે જ છૂટકો છે. ભારતના મધ્યયુગના નિરક્ષર મરમી સંત રજ્જબ જણાવે છે :

રૂપ લખ્યા તો જાનિયે જૈ કછુ રચી સકાય ।
લખૈ નહિ સૂનૈ નહિ ઐસહી મહુરત જાય ।।
રીત રીત મૈં રચી સકે લઈ વરણ અરૂ રેખ ।
કૈ રચે વાણી ધૂનિસે રીત ભિન્ન વરત એક ।।
ધ્યાન ધરી કોઈ સંતજન રચે જીવન માંહીં ।
કોઈ રીત કછુ ના રચ્યા સો તો લખ્યા હિ નાહીં ।।

---

* देवो भूत्वा यजेत् देवम् ।

"આ જગતમાં જન્મીને જે રૂપ જોયું છે તે ત્યારે જ સાર્થક થાય જ્યારે કાંઈક રચી શકાય. રચ્યા વિના, સાંભળ્યા વિના તો જીવનનાં મહુરતો પસાર થાય છે. આ રચના અનેક રીતે થઈ શકે: કોઈ વર્ણ દ્વારા સૃષ્ટિ ખડી કરે, કોઈ રેખા દ્વારા; કોઈ વાણી દ્વારા સર્જન કરે, કોઈ સૂર દ્વારા. આમ બધી રીતે ભિન્ન હોવા છતાં મૂળ વસ્તુ તો એક જ છે. કોઈ સંતજન ધ્યાનમાં લીન થઈને પોતાના જીવનમાં રચના કે સર્જન કરી શકે. પણ જેઓએ જન્મીને કોઈ પ્રકારનું સર્જન કર્યું નથી, તેઓએ આ પૃથ્વીમાં કાંઈ પણ જોયું નથી!"

ઉપર આપણે અપાવરણનો જે ઉલ્લેખ કર્યો છે, તે વધુ સ્પષ્ટતા માગી લે છે; કારણ કે, સત્યના દર્શનને માટે ધર્મના આંતરિક તત્ત્વની દૃષ્ટિથી અને મરમીની અનુભૂતિને અનુલક્ષીને, એ જરૂરી છે. ઈશ ઉપનિષદનો એક શ્લોક છે જેનો અર્થ આમ થાય છે: "ઝળહળતા સોનેરી ઢાંકણથી સત્યનું મુખ ઢંકાયેલું છે. હે પુષન્, તે સત્યના ધર્મની દૃષ્ટિને કાજે (દર્શનને કાજે), તું તેનું અપાવરણ કર, તેને ખુલ્લું કર." આ શ્લોકનાં પ્રતીકોની સ્પષ્ટતા કરતાં શ્રી અરવિંદ જણાવે છે કે વેદના અંતર્ગત અર્થની દૃષ્ટિએ સૂર્ય ઋષિ-કવિની દિવ્ય જ્યોતિનો દ્યોતક છે. એ મનથી અતીત છે, પદાર્થોના સ્વયં પ્રકાશિત સત્યને પ્રગટ કરે છે. આપમેળે આવિર્ભાવ પામતું જ્ઞાન એ એમની મુખ્ય શક્તિ છે, એને વેદમાં દૃષ્ટિ, દર્શન કહ્યું છે. સત્ય, ધર્મ, બૃહત એનો પ્રદેશ છે. તે પોષણ કરનાર છે, વૃદ્ધિ કરનાર છે; કારણ કે, માનવની અંધકારમય અને મર્યાદિત સત્તાને તેઓ એક પ્રકાશમય અને અનંત ચેતના લગી વિસ્તૃત કરી આપે છે, ખુલ્લી કરે છે. તેઓ જ એકમાત્ર દ્રષ્ટા છે, એકત્વના દ્રષ્ટા છે, આત્માના જ્ઞાતા છે, તેને સર્વોચ્ચ દૃષ્ટિ પ્રત્યે દોરે છે. મનમાં આવતા વિચારો એનાં કિરણો છે, જે પ્રકાશમય રીતે સત્યમાંથી આવે છે. પરંતુ આવતાં આવતાં એ વિચલિત અને વિકૃત થઈ જાય છે, ખંડિત બની જાય છે. સત્યના મુખને ઢાંકતું સોનાનું ઢાંકણ એ ખંડિત વિભક્ત મનના વિચારો છે. આ થઈ અપાવરણની ક્રિયા. સંત કે મરમી તેને માટે પ્રાર્થે છે, અને એની અનુભૂતિને 'શબ્દ'માં ઉતારવા મથે છે.

અલ્ હુજવિરી નામે એક ઘણા મહાન સૂફી સંત થઈ ગયા. આશરે અગિયારમી સદીમાં તેઓની હયાતી હતી. સૂફીવાદની સાધના અને દર્શન પર લખેલું તેમનું 'કશ્ફ-અલ્-મહજૂબ' (આવરણનું ઉન્મોચન કે ગૂઢાર્થપ્રકાશ)

નામનું પુસ્તક એક અત્યંત પ્રમાણભૂત ફારસી ભાષાનો ગ્રંથ ગણાય છે. એમાં તેમણે એક પછી એક અગિયાર આવરણને (Veil) ખુલ્લું કરતાં પ્રકરણો લખ્યાં છે. પુસ્તકના ઉપોદ્‌ઘાતમાં તેઓ જણાવે છે: "મેં પુસ્તકનું નામ જે રાખ્યું છે તેનો ઉદ્દેશ એ છે કે અંતરસૂઝવાળા આદમીને તેમાં દર્શાવેલા વિષયો સ્પષ્ટ થાય. ભગવાનના સંતો – મરમીઓ અને તેમણે પસંદ કરેલા મિત્રો સિવાય આખીય માનવજાતિ આધ્યાત્મિક સત્યની સૂક્ષ્મતાથી વંચિત રહે છે, અને વળી, સત્યના પંથને ખુલ્લો કરતો આ ગ્રંથ અનેક સૂફી સંતોની મરમી વાણીને સ્પષ્ટ કરે છે, મર્ત્યતાના પડદાને ઉપાડે છે, એટલે મેં તેનું ઉપર જણાવેલું નામ રાખ્યું છે. અધ્યાત્મને માર્ગે જવાને સર્જાયેલા માનવો સિવાય બીજાઓને માટે એ માર્ગ દુર્ગમ છે; કારણ કે, પયગંબરે જણાવ્યું છે: "જેને માટે જે જન્મ્યો છે તેને માટે તે સહજ બને છે. આવાં બે આવરણો છે: 'ચિરસ્થાયી આવરણ', જે કદાપિ દૂર થઈ શકતું નથી અને 'અસ્થાયી આવરણ' (Clouding) જે તરત દૂર કરી શકાય છે." આ પછી તેઓ ઘણી મહત્ત્વની સમજૂતી આપે છે, જે સાધનાક્ષેત્રે આવશ્યક છે. પણ અહીં અનાવશ્યક હોવાથી તેની વિગતમાં ઊતરીશું નહીં.

ખ્રિસ્તી સાધનાને ઉદ્દેશીને લખાયેલું 'અજ્ઞાનનું આવરણ' (The Cloud of Unknowing) બીજું એક પુસ્તક છે, જેના લેખક કોણ છે એ વિષય ચર્ચાસ્પદ ગણાય છે. તેઓનો સમય આશરે ચૌદમી સદીની શરૂઆતનો ગણવામાં આવે છે. ઈશુ ખ્રિસ્તને પૂર્ણતયા અનુસરવાને જેઓ કૃતનિશ્ચયી હોય તે સિવાયના અન્યને તેઓ અતિનમ્રતાથી એ પુસ્તકને જોવા, વાંચવા કે તેનો ઉલ્લેખ કરવા મના કરે છે. જેઓ મોટી મોટી વાતો કરનાર, ખુશામતિયા, ખોટો વિનય કરનારા, દોષ જોનારા, ગપ્પાં મારનારા, ઢોંગી, વાતોડિયા હોય, તેવાઓ આ પુસ્તકનું દર્શન ન કરે કે એને સ્પર્શે પણ નહીં, એમ તેના લેખક ઇચ્છે છે.

તદુપરાંત, 'ખ્રિસ્તીવાદની ચેતવણી'ના કર્તા શ્રી સાયમન વાઈલ જણાવે છે: "સત્ય રહસ્યમય છે, નગ્નતા સિવાય તે ખુલ્લું થઈ શકતું નથી. એ નગ્નતા એટલે મૃત્યુ. મનુષ્યના જીવનનું જે બંધારણ છે તેવી સર્વ પ્રકારની આસક્તિઓનું ખંડન એટલે મૃત્યુ, અર્થાત્ જેઓને તે ચાહે છે, તેની લોકોમાં વાહવાહ, તેનું ભૌતિક તેમ જ નૈતિક સર્વસ્વ, અને એ સઘળું, – એ સર્વનું વિલોપન." મનુષ્ય જ્યારે મૃત્યુનો સામનો કરીને પુનઃ સંસારમાં પાછો ફરે

છે, ત્યારે તેને જગતની એક નવીન ઝાંખી થાય છે અને જગતનાં જે ધારા-ધોરણો, જેવાં કે કીર્તિ, આબરૂ, એ બધાંની મન પરની પકડ ઢીલી પડી જાય છે. એવા મરમીનો ઉપર જણાવ્યો તે ઉદ્‌ગાર છે. મહાન મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સે તેમના શકવર્તી પુસ્તકના 'રોગગ્રસ્ત આત્મા' (The Sick Soul) નામના પ્રકરણમાં તૉલસ્તૉય અને બનિયન જેવા લબ્ધપ્રતિષ્ઠ મોટા લેખકોની આત્મકથનીમાંથી જે ઉતારાઓ આપ્યા છે અને તેનું જે સારગ્રાહી સુંદર વિશ્લેષણ કર્યું છે, તે પણ મરમીઓની આંતરકહાણીની એક બીજી બાજુ હોઈ શકે છે. એમની આત્મકથામાંથી મરમી જીવનને લગતા ઉતારા આગળના પ્રકરણમાં જોવા મળશે અને તે ઉપરથી જે મત બાંધવો હશે તે બાંધી શકાશે.

યુરોપના સર્વોપરી મરમી સંતોમાંનો એક નિરક્ષર જેકબ બોઈહેમ (Jacob Boehme) ધંધાદારી મોચી, સોળમી સદીમાં થઈ ગયો. એને વિષે આગળ વિગતે આપણે વિચારવાના છીએ. અહીં કેટલીક પ્રસ્તુત હકીકતો નોંધીશું. પોતાને વિષે તે જણાવે છે: "હું સાહિત્ય શીખ્યો નથી. આ દુનિયાની કળાઓ પણ જાણતો નથી. અથવા વિજ્ઞાન શીખવાની ઇચ્છા સરખી કરી નથી. પરંતુ નાનો હતો ત્યારથી મારા આત્માની મુક્તિને માટે ઝઝૂમ્યો છું. સ્વર્ગના રાજ્યમાં કેમ કરીને પ્રવેશ મેળવવો એ વિચારતો આવ્યો છું. આ હેતુને લઈને મારા પોતાનામાં પણ તીવ્ર વિરોધ જાગ્યો. પ્રાણની ઇચ્છાઓ બળવો કરવા લાગી. મારા ભ્રષ્ટ સ્વભાવના વિરોધમાં પ્રચંડ બંડ જાગ્યું. પ્રભુની સહાયથી એનો સામનો કરવા કૃતનિશ્ચય થયો...... મારા વારસાગત દેહને શબ સમાન ગણ્યો, જેથી કરીને પ્રભુનું અને પ્રભુ દ્વારા મારા જીવનને ઘાટ આપી શકું.......આમ કરતાં કરતાં આખરે **અંતરનાં દ્વાર ખૂલ્યાં,** મારા અસ્તિત્વના કેન્દ્રને પામ્યો, મારામાં એક આશ્ચર્યકારક પ્રકાશ પથરાઈ રહ્યો. હું જે હતો તેના કરતાં એક પરદેશી જેવો બની ગયો. એ હાલમાં પ્રભુનો અસલી સ્વભાવ કળી ગયો. માનવને પિછાનવા લાગ્યો. પરસ્પરના સંબંધો ખૂલતા ગયા...... ખૂબ વ્યાકુળ ભાવે પ્રભુને મેં પ્રાર્થના કરી: "હે પ્રભુ, મને તારા પરમ પવિત્ર આત્માથી વીંટાળી દે, તારી કૃપા વરસાવ." મેં પૂછ્યું: "મને આશિષ આપ, કંઈક કહે, તારા કરતાં જુદો છું તે લઈ લે. મારી નહીં, તારી ઇચ્છા પ્રમાણે જીવું." આના ઉત્તરમાં ઘણી વાર તેમના રહસ્યનું દ્વાર ખૂલી જતું. "મહા-વિદ્યાલયોમાં કદાચ મને ભણવાનું મળ્યું હોત, તેના કરતાં પા કલાકમાં

બધું પામી જતો.'' બાર બાર વર્ષોની તીવ્ર વ્યાકુળ સાધનાને અંતે તેણે લખ્યું : "મારી અનુભૂતિઓ, ઉપલબ્ધિઓ, સાક્ષાત્કારો મને કોઈએ શીખવ્યાં નથી, અને છતાંય શાળાઓમાં તેમ જ મહાશાળાઓમાં જે ધૂંધળું લાગતું તે મારે માટે દીવા જેવું સ્પષ્ટ થઈ જતું. જ્યાં લગી પ્રભુનો કૃપામય હાથ મારે માથે ફર્યો છે, ત્યાં લગી હું બધું સમજી શક્યો છું." પ્રભુના વરાયેલા (यमेवैष वृणुते तेन लभ्य: એ આધારે) માનવમાં જે કાંઈ થાય તે થવા લાગ્યું. તેણે ઑરોરા (ઉષા) નામનું અદ્વિતીય જર્મન ભાષામાં પુસ્તક લખ્યું......પ્હો ફાટવા લાગ્યું અને પ્રકાશ રેલાવા લાગ્યો. 'સઘળી વસ્તુઓની સહી' (The Signature of all Things) લખ્યું, જેનું અંગ્રેજી થયું છે. એમાં જેકબ જણાવે છે કે આ જગતનું સઘળું બાહ્યાભ્યંતર પ્રદેશમાં આવેલું છે : એક છે પ્રભુની સંનિધિમાં, બીજું છે સ્પર્શગમ્ય, સહજ. આંતરિક સિવાયનું માત્ર બહારનું નિરર્થક છે. આંતરિકને લઈને બહારનું સાર્થકતાને પામે છે. આધ્યાત્મિક જગતનો બાહ્ય જગત પડછાયો છે, પ્રતિબિંબ છે. તેની આકૃતિ, ઘાટ, ઢોળાવ, ગુણ વગેરે પર પ્રભુની સહી કરેલી છે. બહારના સઘળા પદાર્થોનું રહસ્ય પ્રભુના સાંનિધ્યમાં જવાને જે ઉત્સુક હોય છે તેની સમક્ષ પ્રગટ થાય છે, સહી કરનારને તે પારખે છે, જેના પર સહી થઈ છે તેને પામે છે. આમ આખાય જગતના એક દિવ્ય પ્રગટીકરણને તે ઉકેલી શકે છે.

આટલો પ્રસ્તુત ભાગ. બાકીનો પછીના પ્રકરણમાં જોઈશું, વિચારીશું.

અલ્ હુજવિરીએ એક વાત કહી છે, તે આમ છે. બસ્રાનો એક મહાજન પોતાના બાગમાં જાય છે. એકાએક પોતાના એક માળીની સુંદર સ્ત્રી પર તેની નજર પડે છે. માળીને તે ક્યાંક મોકલી દે છે. પેલી રૂપાળી સ્ત્રીની પાસે જઈને જણાવે છે: "બારણાં બંધ કરી દે". સ્વરૂપવતી કહે છે : "એક સિવાય બધાં મેં બંધ કરી દીધાં છે." પેલાએ પૂછ્યું : "એ કયું છે?" શીલવતીએ જણાવ્યું : "આપણી અને પ્રભુની – અલ્લાહની વચ્ચેનું ખુલ્લું રાખ્યું છે." પેલો ક્ષમા માગે છે.

પેલા બોઈહેમની માફક આપણે પદાર્થોને, માનવોને જોઈએ છીએ. દરેકમાં રહેલા અંતર્યામી આપણને કોઈ કોઈ વાર ઇશારો કરે છે. સમય કર્યા છે એ તરફ એક મટકું માંડવાનો! પદાર્થ પર અને તેના અંતરિયાળમાં

તેની સહી છે. કોને ઊકલે તે સહી? મરમીની સમક્ષ, સંતની સમક્ષ, ઋષિની સમક્ષ એ ખુલ્લી થાય છે,—જેમ વેદોના ચાહનારની સમક્ષ વેદો પોતાનો અર્થ ખુલ્લો કરે છે, પતિની સમક્ષ પત્નીનો સમગ્ર અતિથો ઇતિ, દેહ ખુલ્લો થાય તેમ.

પ્રભુની અને આપણી વચ્ચેનું અવરજવરનું પેલું બારણું ખોલી રાખ્યું છે સદાય માટેનું? ઘૂંઘટનો પટ ખોલી જોયો છે? પ્રિય અને પ્રિયતમાના આત્મિક લગ્નસમયનો અંતરપટ હટાવી દીધો છે?

ઉદ્‌ઘાટન, અનાવરણ, અપાવરણ, તે આ. અને જે જોયું તે દર્શન. અને એટલે જ તેની અભિવ્યક્તિ ભાષામાં પર્યાપ્ત થતી નથી. ભાષા ઢંઢોળે છે, બાથડે છે, કોઈક વાર 'કંઈક' હાથ લાગી જાય છે અને બોલી જવાય છે: "ઓ હો! આ જ!"

## ૨. વિષયનું નિરૂપણ

આ પ્રકરણમાં આપણે ગ્રંથના મુખ્ય વિષયની શરૂઆત કરીશું. જે વિષયને બૃહત્‌ભાવે પૂર્વ અને પશ્ચિમની રીતે આપણે અવલોકવા માગીએ છીએ તે, સામાન્યપણે અહીં જાણીતો નહિ હોવાથી, તેને સમજવાની શરૂઆત કરતાં પહેલાં કેટલીક પ્રાથમિક વાતો જાણવી જરૂરી છે. અને એ હેતુથી હવે એની પૂર્વભૂમિકાની બને તેટલી સરળ રીતે ભાષામાં રજૂઆત કરવા માગું છું. વિષય એવો છે કે તે જીવનનાં સઘળાં પાસાંને સ્પર્શ કરે છે: ભણેલા તેમ જ અભણ, નાના તેમ જ મોટા, મશરૂવાળાની ભાષામાં ભદ્રસંસ્કૃતિવાળા કે સંતસંસ્કૃતિવાળા, સાહિત્યકાર, તત્ત્વજ્ઞ, ધર્મજિજ્ઞાસુ, મનોવૈજ્ઞાનિક, ભૌતિક વિજ્ઞાનમાં રત,–એવા સર્વેને તેમના જીવનમાં ક્યાંક ને ક્યાંક સ્પર્શે છે. એટલે જ તેની આછીપાતળી ભૂમિકા બાંધવી આવશ્યક માનું છું.

ગયા પ્રકરણમાં જેમનો સૂફીવાદના પ્રમાણભૂત સાધક તેમ જ લેખક તરીકે આપણે પરિચય કર્યો છે, તેમના ગ્રંથની શરૂઆતમાં તેમણે જે જણાવ્યું છે તે ઉચિત હોવાથી જણાવું છું. એક વાર ઇબ્રાહિમ આધમે એક પથ્થર પર કોતરેલું આ મુજબનું લખાણ વાંચ્યું: "મને ફેરવો અને વાંચો." એ પ્રમાણે કર્યું અને તેણે નીચેનો શિલાલેખ વાંચ્યો: "તું જે જાણે છે તેનો અમલ કરતો નથી. તો પછી જે તું જાણતો નથી તેની શોધ શાને કરે છે?" એ વિષે માલિક જણાવે છે: "ડાહ્યા માણસો જાણવાની અભીપ્સા રાખે છે, મૂઢ લોકો વાતો કરે છે. જે મનુષ્ય પોતાના જ્ઞાનનો સત્તા મેળવવા માટે, માન ખાટવા માટે અને ધન-પ્રાપ્તિ માટે ઉપયોગ કરે છે તે વિદ્વાન કે સંશોધક નથી."

ડૉ. બ્રજેન્દ્રનાથ સીલ બંગાળના ઘણા ઉચ્ચ કોટિના મનીષી થઈ ગયા. એમને વિષે રવીન્દ્રનાથ જણાવતા કે એમણે શું નહિ વાંચ્યું હોય એ કહેવું મુશ્કેલ છે. ભાષાઓ પણ ઘણી જાણતા. રવીન્દ્રનાથે એમને હિમાલયન પંડિત કહ્યા છે. એ બંને જણ કોઈ કોઈ વાર મળતા, અનેક વિષયોની ચર્ચાવિચારણા કરતા અને બ્રજેન્દ્રનાથ ગુરુદેવને પ્રશ્ન કરતા. એક વાર બ્રજેન્દ્રનાથે પૂછ્યું, "ગુરુદેવ, તમે તો કવિ છો. પરંતુ પરોઢિયે ઊઠીને તમે વિજ્ઞાનનાં અને જગતના ઘણા વૈજ્ઞાનિકોનાં પુસ્તકો કેમ વાંચો છો?"

રવીન્દ્રનાથે આશ્ચર્યપૂર્વક કહ્યું : "આપ તો બધું જ જાણો છો. આ પ્રશ્ન કેમ કરો છો?" "આપના જેવા કવિને મોઢેથી આર્ષવાણી સાંભળવી ખૂબ ગમે છે, તે હૃદયમાં સોંસરી ઊતરી જાય છે." "બ્રજેન્દ્રબાબુ, દુનિયાની શરૂઆતથી કેટકેટલું વિચારાયું, લખાયું છે, તે બધું જ હું યથાશક્તિ દ્રાક્ષાસવની જેમ આસ્વાદવા માગું છું, એ મારો પ્રિય રસ છે. કવિ તો છું જ, મારી કવિતાને પણ એથી બળ મળે છે." અને બંને હસી પડ્યા.

ગુરુદેવ જણાવે છે કે આખી સૃષ્ટિ પળે પળે શ્વાસ લે છે અને શ્વાસ મૂકે છે, નિદ્રા લે છે અને જાગે છે, બીડાઈ જાય છે અને ખીલી ઊઠે છે. સમુદ્રનાં મોજાંની માફક તેનો પડવાનો અને ઊપડવાનો, કોઈ વાર અંતર તરફ, કોઈ વાર બહારની દિશામાં એક છંદ (Rhythm) ચાલ્યા કરે છે. આમ આવા દ્વિવિધ યોગથી, ચાલવાના અને અટકી જવાના યોગથી, વિશ્વની ગતિક્રિયા થાય છે. તેની આ ગતિમાં ક્યાંય યતિભંગ થતો નથી, ક્યાંય વિચ્છેદ જણાતો નથી. તાલે તાલ મિલાવીને આગળ વધે છે.

જેમ ઘડિયાળને ત્રણ કાંટા હોય છે, – મિનિટનો, કલાકનો અને સેકન્ડનો – તેમ આ વિશ્વના બે કાંટા આપણે જોઈ શકીએ છીએ; પરંતુ એનો સેકન્ડનો કાંટો જોઈ શકતા નથી. એ કાંટો પરમાણુનો છે. ઘડિયાળના લોલકની માફક તે ગતિ કરે છે અને પલકે પલકે તેનો લય પડે છે. આ એક દ્વંદ્વગતિ છે. એક છેડે હા, બીજે છેડે ના,* એક છેડે આકર્ષણ, બીજે છેડે અપાકર્ષણ, એક છેડે કેન્દ્રાભિમુખી શક્તિ, બીજે છેડે કેન્દ્રવિમુખી શક્તિ. કેવો વિરોધ, કેવી અસંગતિ ! આનો નિવેડો લાવવા માટે તર્કશાસ્ત્રમાં કેટકેટલા વાદવિવાદનો વ્યાયામ ચાલે છે! પરંતુ આટઆટલા વિરોધો જાણવા છતાં તેઓ એકબીજાની સાથે હળીમળીને આ વિશ્વના રહસ્યને કેવું અનિર્વચનીય બનાવી દે છે!

વિશ્વપ્રકૃતિનો ઉપર જણાવ્યો તે મિતાક્ષરી – બબ્બેના મેળવાળો – છંદ સ્પષ્ટ રીતે જળવાતો, બાધા વગર ગતિમાન જોઈ શકાય છે. પરંતુ માનવ-પ્રકૃતિનું ચિત્ર ભિન્ન દેખાય છે. માનવ – વ્યક્તિગત ભાવે કે સમષ્ટિગત ભાવે – સામંજસ્યને યથાર્થ ભાવે જાળવી શકતો નથી.+ વિશ્વના ગાનનો તાલ સહજ

* સરખાવો : એવેલિન અંડરહિલનું વાક્ય : "The Road to a Yea lies through a Nay."

+ સરખાવો : "All problems of life are problems of harmony."
—શ્રી અરવિંદ

છે, માનવને માટે તાલ શીખતાં ખૂબ સાધના કરવી પડે છે. કેટલીયે વાર એક દિશામાં એવા ઝૂકી પડીએ છીએ કે બીજી દિશામાં જતાં મહામુશ્કેલી થઈ જાય છે, રેબઝેબ થઈ જઈએ છીએ. એક છેડે પોતે છે, બીજે છેડે પર છે; એક છેડે પ્રાપ્ત કરવાનું, બીજે છેડે ત્યજવાનું છે; એક દિશામાં સંયમ છે, બીજામાં સ્વાધીનતા છે; એક દિશામાં આચાર છે, બીજી દિશામાં વિચાર છે. આ બંને છેડાઓની ભારે રસાકસી ચાલે છે. આ બંને દિશાઓનો તાલ સમાલીને આગળ જતાં શીખવું એ જ છે મનુષ્યનું શિક્ષણ, અને મનુષ્યનો ઇતિહાસ પણ એ તાલના અભ્યાસનો ઇતિહાસ છે. આ તાલની સાધનાનું ચિત્ર ભારતવર્ષના ઇતિહાસમાં સુસ્પષ્ટ જોઈ શકાય છે...આ એનું આંતરિક સ્વરૂપ છે. ભારતની આ સ્વકીય સાધના છે. એનું આ ધારાવાહી રૂપ આપણે જો જોઈ શકયા હોત તો ભારતનો ઇતિહાસ કયાં રહ્યો છે તે જણાઈ આવત. એના સંતો, મરમીઓ, મહાત્માઓ, ઋષિઓ ઉગ્ર તપસ્યા દ્વારા જે ભાવનો વારસો, આધ્યાત્મિક વારસો મૂકી ગયા છે તે અહીંની સામાન્ય જનતાના દિલમાં અંતર્નિહિત છે. એને અભિવ્યક્ત કરવા વર્ષોથી **સુહૃદ્વર ક્ષિતિમોહન સેન** પગપાળા યાત્રાઓ કરીને મથી રહ્યા છે. તે એક ભગીરથ તપસ્યા છે. એની વેદના તેમને રાતદિવસ દહ્યા કરે છે અને તેમાંથી આપણે પામીએ છીએ સંતોની પ્રસાદી, મરમીઓની અકળ વાણી. આ સૌની સાધનાનું ગુપ્ત ધન છે, જેને યોગ્ય વહેંચણી કરીને ભોગવવાનું છે...

માનવજાતિના ધર્મોનું આ જે બહારની દિશામાંથી પોતાની આત્મોપલબ્ધિ તરફ વળવું તે અનેક દુર્ગમ વાટો વિતાવીને આખરે અંતરની દિશા તરફ વળ્યું છે. જડતાનાં પડળોને ક્રિયાકાંડ, મંત્રતંત્ર દ્વારા પરીક્ષતો, નિરીક્ષતો, ચૈતન્યના અગ્નિથી ઘાટ આપતો મનુષ્ય સમજવા લાગ્યો છે કે તપસ્યા બહારના અનેકવિધ અનુષ્ઠાનોમાં નથી, તે છે સત્યના આહ્વાનને ઝીલીને તેને અનુસરવામાં, દ્રવ્યના યજ્ઞો કરતાં જ્ઞાનયજ્ઞ (Gnosis) શ્રેયસ્કર છે, પવિત્રતા બહારના વિધિનિષેધોમાં નથી. એ છે. ચિત્તની નિર્મળતામાં–ચિત્તને ચૈતન્ય પ્રત્યે લઈ જવામાં, આત્માને પરમઆત્માની સાથે જોડવામાં.

ગુરુદેવ રવીન્દ્રનાથ વેદની ભાષામાં 'કવિ' હતા, એટલે કે ક્રાન્તદર્શી ઋષિ હતા. તેમના આશ્રમમાં કુલગુરુ તરીકે દર બુધવારે તેઓ જે વાણીની ધારા વહાવતા તેનું ગ્રંથસ્થ વાઙ્મય તે શાંતિનિકેતન નામના ગ્રંથો છે. એ ઉપનિષદની આર્ષવાણીનું દોહન છે. મરમી તો તેઓ હતા જ. એટલે એમની વાણીમાંથી સંકલન કરીને આ વિષયની ભૂમિકા તરીકે મેં અહીં રજૂ કર્યું છે.

ત્યારે હવે આપણે મૂળ વિષય પર આવીએ. મારા શાંતિનિકેતન-કાળના ત્રણ વર્ષના અભ્યાસકાળ દરમિયાન એક વાર 'મરમી' શબ્દ અંગ્રેજીમાં 'મિસ્ટિક'ના અર્થમાં ગુજરાતીમાં મેં વાપર્યો. તે વખતે હું ઘણું-ખરું 'પ્રસ્થાન' માસિકમાં લેખો લખતો. મારી ઇચ્છા એ શબ્દ સંપૂર્ણ રીતે બંધબેસતો હોવાથી તેને પ્રચલિત કરવાની હતી. તે સમયે શ્રી રામનારાયણ પાઠક તેના તંત્રી હતા. તેમણે એ શબ્દના ઔચિત્યને વિષે મારી સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. એમનું કહેવું એમ હતું કે શબ્દ તો મઝાનો છે, સરસ છે, અર્થપૂર્ણ છે; પણ આપણી ભાષામાં એનો પ્રયોગ થયેલો હોય તો જ જોડણીકોશમાં લઈ શકાય. તે વખતે ગુજરાતના મરમી કવિઓનાં કાવ્યોનું મારા પૂરતું સંપાદન મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેનના સૂચનથી કરી રહ્યો હતો. પ્રીતમના એક કાવ્યમાં પંક્તિ મળી આવી: 'અપાર સિંધુ મહા જળ ઊંડાં મરમીને મન સહેલ જોને.' હું ખુશ ખુશ થઈ ગયો. શ્રી પાઠકસાહેબને વિગતે તેનું અનુસંધાન કરી જોવાનું જણાવ્યું. તેમણે તેનો સ્વીકાર કર્યો. પરિણામે આપણા જોડણીકોશમાં તેને સ્થાન મળી ગયું. એક વાત તો પતી.

હવે રહ્યો 'મિસ્ટિસિઝમ' શબ્દ. ગુજરાતીમાં 'રહસ્યવાદ', 'અગમ્યવાદ', વળી કોઈ વાર 'ગૂઢવાદ' શબ્દો વપરાય છે. તે સમયના એ વિષેના મારા ઘણી-ખરી ભાષાઓના અધ્યયનથી જણાયું કે એ શબ્દો એના ભાવને યથાર્થ-ભાવે રજૂ કરતા નથી; કારણ કે પૂર્વ તેમ જ પશ્ચિમના એ વિષયના પ્રમાણ-ભૂત લેખકો એને 'વાદ' તરીકે ગણતા નથી. અંગ્રેજી શબ્દનાં લક્ષણો પરથી તેમાં વાદનું સ્થાન નથી; કારણ કે એ છે અનુભૂતિનો દ્યોતક. એટલે મારા મનમાં 'મરમીભાવ' શબ્દ તેને માટે ઉચિત જણાયો. પૂજ્ય અંબુભાઈને મેં તે જણાવ્યું અને તેમને તે યથાર્થ લાગ્યો, જો કે તેઓએ તે પહેલાં અગમ્ય-વાદ શબ્દ તેમના લેખમાં વાપર્યો હતો. ઠીક. આ પ્રમાણે પરિભાષાનો ઉકેલ મારા મનમાં તો નિશ્ચિત થઇ ગયો. આપણે મરમીભાવની સાથે સંબંધિત સંત, ઋષિ (દ્રષ્ટા–Seer) વગેરે શબ્દોના પ્રયોગ કરીએ છીએ. કોઈ કહેશે કે આપણે તો મમ્મમ્‌ની સાથે કામ છે, મૂકોને આ બધી લમણાઝીક! વાત પણ ખરી છે. માત્ર સહજભાવે યોગ્ય પરિભાષા મળી આવતી હોય તો તે સ્વીકારી લેવી, એ જ એક ભાવ છે. સાથેસાથે એ પણ ખરું કે જ્યારે વિષયની બાબતે લખવા બેઠા છીએ ત્યારે વિવેકબુદ્ધિ પણ સક્રિય થાય છે. એટલે વિષયને ન્યાય આપતી પરિભાષા અર્થવાહી અને ભાવવાહી હોય તો અધિક

રૂડું ગણાય. બંગાળી ભાષાના "બાઁગ્લા ભાષાર અભિધાન"ના વિદ્વાન સંપાદક જ્ઞાનેન્દ્રમોહન દાસ 'મરમિયા' મરમી (મર્મી) એમ જણાવે છે અને તેને વિષે સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે "જે વિશ્વ-પ્રકૃતિના મર્મમાં પ્રવેશ્યો હોય તે મરમી" (Who has penetrated into the sacred mystery of the universe) વળી આગળ જતાં ઉમેરે છે કે "મરમી તે કહેવાય જેનો પરમાત્માની સાથે ઘનિષ્ઠ અને આધ્યાત્મિક પરિચય હોય, અભિજ્ઞતા હોય." "વિશ્વનું મર્મનિહિત ગુહાહિત 'સત્ય' જેને જ્ઞાનગમ્ય હોય, મર્મગત હોય." તદુપરાંત 'પ્રવાસી' (બંગાળી માસિક)માંથી તેઓ આ પ્રમાણે ઉતારો કરે છે. : "મેટરલિંક....ફ્લેમિશ કેથોલિક મર્મીઓના શિષ્ય તરીકે તેમનો પરિચય મળી આવે છે...... તેઓ માનવજીવનના આ પ્રચ્છન્ન નિગૂઢ મર્મસ્થળનો પડદો સરકાવી દઈને જણાવવા માગે છે. અહીં 'તાંત્રિક' શબ્દ અભિપ્રેત છે." પશ્ચિમના એક પ્રમાણભૂત લેખક અંગ્રેજીમાં મિસ્ટિસિઝમને કોઈ સિદ્ધાંતને બદલે એક મનોભાવ (temper) ગણે છે અને બર્ટ્રાન્ડ રસેલ જેવા બુદ્ધિનિષ્ઠ વિવેચક પણ તેને જીવન પ્રત્યેનું દષ્ટિબિંદુ (attitude) કહે છે. તેથી જ મને 'મરમીભાવ' શબ્દ સર્વથા ઉચિત લાગે છે.

આ શબ્દની વ્યાખ્યાઓ ગમે તેટલી તર્કનિષ્ઠ, બુદ્ધિગમ્ય, ભાષાના ઝળહળાટથી પ્રતિબિંબિત થતી હોય, છતાંય પૂર્ણ રીતે બંધબેસતી જણાઈ નથી. આવી કેટલીક આમ છે : "અસલી વાસ્તવિકતાની સાથે એક થવાની કળા" "દિવ્યની આંતરસૂઝ", "શાશ્વતનો સાક્ષાત્કાર", "નિરપેક્ષમાં આત્માનું વિલીનીકરણ" વગેરે.

અંગ્રેજી ભાષામાં મિસ્ટિસિઝમ (મરમીભાવ)ની એટલી બધી વ્યાખ્યાઓ છે કે, તે વ્યાખ્યાથી, વર્ણનથી અતીત છે એમ સર્વની સ્વીકૃતિ છતાંય તેની વ્યાખ્યા કરવાનું કોઈએ છોડ્યું નથી; કારણ કે માનવમનને બંધનમાં મઝા પડે છે, પોતે કંઈ કર્યું, કશાની લક્ષ્મણરેખા દોરી એમ તેને લાગે નહીં ત્યાં લગી એને ચેન પડતું નથી ! અમેરિકાના મહાન વૈજ્ઞાનિક વિલિયમ જેઈમ્સ માનવજાતિમાં અંતર્ગત રહેલી અને વિકાસ પામતી ધાર્મિક વૃત્તિની સહજ સરળ લાગણીથી માંડીને તેની બુદ્ધિના વિકાસનાં લક્ષણોનો સુંદર અને સૂક્ષ્મ દષ્ટાંતો સાથે તુલનાત્મક અભ્યાસ કરતા કરતા, તેના અનેક ચૈતસિક તબક્કાઓનું નિરીક્ષણ-પરીક્ષણ કરતા કરતા, જ્યારે મિસ્ટિસિઝમ પ્રકરણની

શરૂઆત કરે છે, ત્યારે તેઓ જણાવે છે કે માનવની અંગત ધાર્મિક અનુભૂતિનાં મૂળ અને તેનું કેન્દ્ર ચેતનાની મરમી અવસ્થાઓમાં જોવા મળે છે (mystical states of consciousness). તેઓ પ્રશ્ન કરે છે કે આ ચેતનાની મરમી અવસ્થાઓ એટલે શું ? આપણે બીજી ભૂમિકાઓથી તેને કયાં લક્ષણોથી છૂટી પાડી શકીએ ? કારણ કે, જ્યારેત્યારે જ્યાંત્યાં વપરાતા આ શબ્દો ભ્રાંતિમૂલક જણાય છે. અવલોકન કરતાં તેમણે મુખ્ય ચાર લક્ષણો જણાવ્યાં છે, જે દ્વારા તેની વિશિષ્ટતા તરી આવે. આ ચાર લક્ષણો નીચે પ્રમાણે છે :

૧. અનિર્વચનીયતા (Ineffability), ૨. પ્રજ્ઞાનાત્મક અવસ્થા (Noetic quality), ૩. ક્ષણિકતા કે અચિરસ્થાયિતા (Transiency) અને ૪. નિષ્ક્રિયતા (Passivity). આ ચારે લક્ષણો પરનું તેમનું વિવેચન સારગ્રાહી, સુસ્પષ્ટ અને વસ્તુલક્ષી છતાં માર્મિક અને યથાતથ લાગે છે.

**અનિર્વચનીયતા :** મનની મરમી અવસ્થાનું આ પ્રથમ લક્ષણ નકારાત્મક (અભાવાત્મક) છે. તે સ્થિતિનો અનુભવી તત્કાલ જણાવે છે કે તેની અભિવ્યક્તિ થઈ શકે નહીં, શબ્દોમાં તેની અંતર્ગત વસ્તુનો યોગ્ય ખ્યાલ આપી શકાય નહીં. આમાંથી આપણને એમ પ્રતીત થાય છે કે તે સીધેસીધો અનુભૂતિનો વિષય છે, તે અન્યને સમજાવી ન શકાય કે કોઈમાં સંક્રાન્ત ન કરી શકાય. આ વિશિષ્ટતાને લઈને આ મરમી ભૂમિકાઓ બુદ્ધિની અવસ્થાઓના કરતાં લાગણીની સાથે સંબંધ ધરાવતી જણાય છે. અન્યને અમુક પ્રકારની લાગણી થઈ ન હોય તેને તે મરમી હાલ સ્પષ્ટ કરી શકાય નહીં, તેનો ગુણ કયો અથવા તેનું મૂલ્ય શામાં છે તે જણાવી શકાય નહીં. કોઈ સ્વરસંગતિ (symphony)ની મહત્તા સમજવા માટે સંગીતની પરખ કરનારા કાન જોઈએ; કોઈ પ્રેમીની માનસિક અવસ્થાને સમજવા માટે પોતે જાતે પ્રેમ અનુભવ્યો હોવો જોઈએ; કાનની તાલીમ વગર કે હૃદય વગર સ્વરસંગીતજ્ઞ કે પ્રેમીને ન્યાય ન કરી શકીએ, તેનું અર્થઘટન ન કરી શકીએ; એથી ઊલટું, તેને દુર્બળ મનનો કે અર્થહીન માની લઈએ. મરમીને એમ લાગે છે કે તેની અનુભૂતિઓના સમવેદનશીલ ભાગ્યે જ હોઈ શકે છે.

**પ્રજ્ઞાનાત્મક અવસ્થા :** લાગણીમૂલક અવસ્થાઓ હોવા છતાં આ મરમી ભૂમિકાઓ અનુભવ કરનારાઓને તે જ્ઞાનની ભૂમિકાઓ પણ જણાય છે, સત્યના ઊંડાણની અંતર્દૃષ્ટિની તે ભૂમિકાનો તર્કનિષ્ઠ બુદ્ધિ તાગ લઈ

શકતી નથી. આ બધા પ્રકાશમય આવિર્ભાવો ઘણા સૂચક અને મહત્ત્વના હોય છે, પછી ભલે ને તે સઘળા વાણીમાં મૂકી શકાય તેવા ન હોય! અને પછીના સમયને માટે એમ કહી શકાય કે તેમની પાછળ એક આશ્ચર્યકારક પ્રમાણનો ભાવ મૂકી જાય છે.

જેઈમ્સ જણાવે છે કે પોતાની સમજ પ્રમાણે મરમી કહેવાને ઔચિત્યપૂર્ણ ઉપરની બે અવસ્થાઓ પૂરતી અર્થપૂર્ણ છે. બીજી વિશિષ્ટતાઓને પૂરતા પ્રમાણમાં અલગ કરી શકાઈ નથી, તેમ છતાંય પ્રાયઃ તે જોવામાં આવે છે ખરી.

**ક્ષણિકતા :** મરમી અવસ્થિતિ લાંબા વખત લગી રાખી શકાતી નથી. કેટલાક અપવાદો સિવાય તેમનો ગાળો અડધો કલાક કે એકાદ બે કલાકોનો હોય છે, અને પછીથી સામાન્ય સ્થિતિમાં આવી જવાય છે. ઘણી વાર, ઝાંખી પડી ગયેલી તે અવસ્થાની સંસ્મૃતિ પૂર્ણરૂપે તાજી કરી શકાતી નથી. પરંતુ પુનઃ એ અવસ્થા આવી જાય તો તેને પરખી શકાય છે, અને એક પછી બીજી અવસ્થા લગી તેમાં જણાતી વિકાસોન્મુખી શક્તિ અને અગત્યતામાં થતો સતત વિકાસ ચાલુ રહે છે.

**નિષ્ક્રિયતા :** સ્વેચ્છાએ સ્વીકારેલી કેટલીક પ્રાથમિક ક્રિયાઓ જેવી કે ધ્યાનને દઢીભૂત કરવું, અથવા કેટલાક શારીરિક પ્રયોગો કરવા અથવા રહસ્યવાદી પુસ્તિકાઓમાં દર્શાવેલી રીતો અજમાવવી,– આ બધાથી મરમી અવસ્થા પ્રાપ્ત કરવાની સરળતા જો કે થતી હશે, તેમ છતાં જ્યારે એક વિશિષ્ટ પ્રકારની ચેતના પ્રાપ્ત થઈ જાય, ત્યારે મરમીને એમ લાગે છે કે જાણે તેની ઇચ્છાશક્તિ સુષુપ્ત અવસ્થામાં સ્થગિત થઈ ગઈ છે; અને, ખરેખર, કોઈ કોઈ વાર જાણે કે કોઈ ઉચ્ચ કક્ષાની શક્તિના વર્તુળમાં તે આવી ગયો છે, અને તેને તે પકડી રાખે છે. આ પાછળની જણાવેલી ખાસિયત મરમી અવસ્થાઓને કેટલીક ગૌણ અથવા તો વારાફરતી પ્રગટતી વ્યક્તિત્વની નિશ્ચિત પરિસ્થિતિની સાથે સાંકળી લે છે,– જેવી કે ભવિષ્યકથન જેવી વાણી, ઑટોમેટિક લખાણ, અથવા અધ્યાત્મપરક સમાધિ...તદ્દન સાચી મરમી અવસ્થાઓ કદાપિ માત્ર અવરોધને વશવર્તી જણાતી નથી હોતી. હંમેશાં તેમાં તે અવસ્થાની અનુભૂતિના અવશેષો સ્મૃતિમાં જણાય છે. એમાં એના મહત્ત્વનો એક ગભીર અર્થ હોય છે.

વિલિયમ જેઈમ્સે આ ચાર લક્ષણોનું પૃથક્કરણ કરતાં એવા તો અર્થ, અને ભાવગભીર તેમ જ માર્મિક શબ્દો વાપર્યાં છે, કે કદાચ ગુજરાતીમાં ઉતારવામાં હું નિષ્ફળ પણ થયો હોઉં; અને તો તેને યથાતથ રજૂ કરવાની જવાબદારીમાંથી ચૂકી ગયો કહેવાઉં. તે બદલ, જો તેમ હોય તો ક્ષમ્ય ગણાઉં નહીં !

અને તેમ છતાંય અત્યંત નમ્રતાથી એક દૃષ્ટાંત જણાવું. ઘણે ભાગે સૂફી પરંપરામાં જાણીતા બે તજ્જ્ઞોની વાત છે. જે તત્ત્વજ્ઞાની હતો તે મરમીને કહેતો : "જે તું અનુભવે છે તે હું જાણું છું." અને મરમી કહેતો : "જે તમે જાણો છો તે હું અનુભવું છુ."

આ 'જાણવાની' અને 'અનુભવવાની' અવસ્થાઓ – 'હાલ' – તે ભાષામાં કેટલે અંશે વ્યક્ત કરી શકાય તે એક વિચારણીય હકીકત રહે છે જ.

આ સદીના પશ્ચિમના પ્રખ્યાત તત્ત્વચિંતક બર્ટ્રાન્ડ રસેલ માનવમાં પ્રધાનપણે બે અંતઃપ્રેરણાઓ રહેલી છે એમ કહે છે : એક છે મરમીભાવ, બીજી છે વિજ્ઞાન. મરમીદર્શનની ચર્ચા કરતાં તેઓ કહે છે કે નિશ્ચિતતા અને રહસ્યનો ભાવ, રહસ્યના અનાવરણનો ભાવ, એક પ્રકારના જ્ઞાનમાર્ગની શકયતાની માન્યતા, જેને આંતરસૂઝ, અંતઃપ્રજ્ઞા, આવિર્ભાવ કહી શકાય, અભેદમાં શ્રદ્ધા, કાળની વાસ્તવિકતાનો અસ્વીકાર, આપણે જેને પાપ કહીએ તે માત્ર દેખાવ છે એનો સ્વીકાર, – આવાં લક્ષણો જણાવે છે. તેના પ્રકાશમાં દેખીતા વિરોધનો સમન્વય જણાય છે. જર્મન વિદ્વાન રુડોલ્ફ ઓટો માનવ કેવું એક નાનકડું પ્રાણી છે, (આપણા સાક્ષર બ. ક. ઠાકોર, જેને માનવજંતુ કહે છે તેવું કંઈક) – **creature consciousness** – એને એક મહત્ત્વના મરમીભાવના લક્ષણ તરીકે જણાવે છે. આ ઉપરાંત એવેલિન અંડરહિલ, રૂફસ જોન્સ, એમિયલ, ડીન ઈન્જ, જુલિયન હક્ઝલી જેવા ભિન્ન ક્ષેત્રના તત્ત્વવિદ્ મર્મજ્ઞોએ પણ આ વિષય પર ઠીક ઠીક લખ્યું છે, અને સર્વેએ મરમીભાવની અનિર્વચનીયતાનો સ્વીકાર કર્યો છે. આપણે ત્યાં ડૉ. રાધાકૃષ્ણન, એસ. એન. દાસગુપ્તા, આર. ડી. રાનડે, ડૉ. રઘુવીર વગેરેએ તત્ત્વદર્શનના એક ખંડ તરીકે, યજ્ઞની પ્રક્રિયામાં રહેલા મરમીભાવી પ્રતીકો તરીકે, મહારાષ્ટ્રના સંતોના ભિન્ન ભિન્ન ચૈતસિક મરમીભાવને સ્પર્શતા નાના મોટા ભાવોને લઈને કરેલી મીમાંસાના દૃષ્ટા તરીકે, – એમ પોતપોતાની વિદ્વત્તાપ્રાપ્ત સુંદર ભાષામાં 'મિસ્ટિસિઝમ'નાં પાસાં નિહાળ્યાં છે.

પરંતુ ભારતના મધ્યયુગના નિરક્ષર મરમી દાદૂ અને રજ્જબે જે જણાવ્યું છે તે એક અનુભવીનું પાકું દર્શન અને એની અભિવ્યક્તિ છે. મારા ગુરુએ એમની વાણી એકઠી કરી છે. તેમાંથી મહત્ત્વની આ છે :

ખંડ ખંડ કરી બ્રહ્મકો પખિપખિ લિયા બાઁટ;
દાદૂ પૂરણ બ્રહ્મ તેજિ, બઁધે ભરમકી ગાઁઠ,

(બ્રહ્મને ખંડિત કરી કરીને સૌએ પોતપોતાના પક્ષોમાં તેને વહેંચી લીધો. દાદૂ કહે છે કે પૂર્ણ બ્રહ્મને ત્યજીને આમ પોતપોતાની ગાંઠો વાળી દીધી.)

સબ સાઁચ મિલૈ સો સાઁચ હૈ, ના મિલૈ સૌ જૂઠ;
જન રજ્જબ સાઁચી કહી; ભાવઈ રીઝઈ ભાવઈ રૂઠ.

(સઘળાં આંશિક સત્યો જ્યાં મળે તે મૂળ સત્ય, ના મળે તે જૂઠ; રજ્જબ તો ખરું કહે છે, પછી ભલે ખુશ થાઓ કે ગુસ્સે થાઓ.)

રજ્જબ વસુધા વેદ સબ કુલ આલમ કુરાન;
પંડિત કાજી બૈથઈ દફતર દુનિયા જાન.

(રજ્જબ કહે છે કે આ આખી પૃથ્વી વેદ છે, આખું આલમ કુરાન છે. પંડિતો અને કાજીઓએ પોતાનાં દફતરો ત્યજીને એનો અભ્યાસ કરવો જોઈએ.)

બંગાળનો એક ગામડાનો કવિ કહે છે :

ખાઁચાર માઝે અચિન પાખી કેમને આશે જાય;
ધરિતે પારલે મનોબેડી દિતેમ તારી પાય.

(પાંજરામાં એક અજાણ્યું પંખી કેવી રીતે આવે છે ને જાય છે! જો પકડી શકત તો મારા મનની બેડી તેના પગમાં નાખી દેત.)

આના ઉપર રવીન્દ્રનાથે તેમના પ્રથમ તત્ત્વજ્ઞાનીઓની પરિષદના પ્રમુખપદેથી ખૂબ લંબાણપૂર્વક તેના મરમીભાવની આલોચના કરી છે.

આચાર્ય ક્ષિતિમોહન સેને આશરે પિસ્તાલીસ વર્ષો પહેલાં રાષ્ટ્રભાષા સંમેલનમાં અધ્યક્ષપદેથી જે પ્રવચન કરેલું તેનો નાનો ફકરો ઉતારીને મરમીભાવની આલોચના પૂરી કરીશું. તેઓએ કહેલું :

'હું જે સાધુસંતોની વાણી એકઠી કરી રહ્યો છું તેઓ માત્ર હિંદીભાષી કે અન્ય ભાષાભાષી પ્રદેશના નથી. તેઓની સાધના આખા ભારતવર્ષને ઉદ્દેશીને હતી, એ જ એમનું જીવનસર્વસ્વ હતું. કોઈ પ્રદેશ કે કોઈ ભાષાની સંકીર્ણ બાધા તેમને બાંધી શકી નથી. ખરી વાત એ છે કે ગંભીરતમ આધ્યાત્મિક ભાવોની કોઈ ભાષા હોતી નથી. મૌનની અસીમતા દ્વારા જ તેમણે ભાવના અપરિસીમ સૌન્દર્યનો પરિચય કરાવ્યો છે. ભાષા એમને માટે એક ગૌણ ચીજ છે, ભાવ જ મુખ્ય બાબત છે. ભાષા માત્ર ભાવની સ્થાપનાની પીઠિકા છે, એટલે એક દેશના મરમી સંતોના ભાવ અન્ય દેશના સંતોની આગળ રજૂ કરવામાં કોઈ મુશ્કેલી નડતી નથી. એટલે અનુવાદ કરવાથી–એક આધાર પરથી બીજા આધારની ભોંય પર રજૂ કરતાં–કામ આગળ ચાલે છે. સંતો, સાધુઓ અને મરમીઓની ભીતરનો ભાવ સાર્વભૌમ હોય છે. જે ધાર્મિક માનવો વિશેષ વિશેષ પ્રકારના કર્મકાંડના કે સાંપ્રદાયિક ભાવો પર પ્રતિષ્ઠિત હોય છે, એમનામાં આ સાર્વભૌમતા નથી જણાતી. અર્થાત્ આ સઘળા ધર્મોના ભાવોનો અનુવાદ કરવો એ નિરર્થક છે.'

અહીં આપણે વિલિયમ જેઈમ્સે આ વિષયની કરેલી વિવેચના કરીને, પશ્ચિમના કેટલાક વિદ્વાનો અને ભારતના તત્ત્વજ્ઞો તેમ જ નિરક્ષર મરમીની વાણી, તેમ જ આ વિષણુ પર જેમણે પગપાળા તપસ્યા કરીને મરમીઓની વાણીનો ગૂઢ સંચય કર્યો છે, અને તે તે સંત કે મરમીના જીવનની માહિતી એકઠી કરીને તેનું યોગ્ય વિવરણ કર્યું છે, તે મારા ગુરુ ક્ષિતિબાબુની વાણીનો એક ફકરો ટાંકીને એક પર્વ પૂરું કરું છું.

ગમે કે ન ગમે તોય પરિભાષાનો પ્રશ્ન મૂંઝવે છે, એટલે હવે, સંત, મરમી, દ્રષ્ટા વગેરે શબ્દોની કંઈક સમજ પામવા પ્રયત્ન કરીએ.

જેમ મરમીભાવની વ્યાખ્યા આપવી પ્રાય: અશક્ય છે તેમ મરમીની વ્યાખ્યા આપવી પણ પ્રાયઃ અશક્ય છે. મરમીભાવના લક્ષણોમાં મરમીની અવસ્થાનું વર્ણન સમાઈ જાય છે. આગળ બંગાળીના અભિધાનમાંથી ઉતારેલા ફકરામાં મરમી શબ્દનું સૂચન આવી જાય છે. પરમહંસ રામકૃષ્ણની શતાબ્દીના પ્રસંગે શ્રી બ્રજેન્દ્રનાથ સીલે એક ઘણું જ સરળ છતાં ઊંડાણવાળું પ્રવચન કરેલું. એમાં એમણે તેમને મરમી તરીકે સંબોધ્યા હતા. તે સમયની મારી નોંધોને આધારે એમણે જણાવેલું રજૂ કરવા પ્રયત્ન કરું છું.

એમણે પણ મરમીભાવને અવર્ણનીય ગણ્યો છે. મરમીનું દર્શન કરાવતાં તેઓ જણાવે છે કે તે સામાન્યમાં અસામાન્યને અને અસામાન્યમાં સામાન્યને જુવે છે, સ્વાભાવિકમાં અસ્વાભાવિકને અને અસ્વાભાવિકમાં સ્વાભાવિકને જુવે છે, પ્રકૃતને વિકૃતમાં અને વિકૃતને પ્રકૃતમાં જુએ છે. આમ પોતાના અનુભવમાં મરમી વિરોધોનો એક સુમેળ સાધે છે. નાના મોટાના આપણા દૃઢ વિચારોને તે ઊલટસૂલટ કરી દે છે. શ્રી અરવિંદ જણાવે છે કે મરમીને મન અવાસ્તવિક ધૂંધળું કશું જ નથી. બુદ્ધિશાળી મનુષ્યની નજરમાં જે અવાસ્તવિક જણાય છે, તે મરમીની નજરમાં નક્કર, વાસ્તવિકથીયે વાસ્તવિક લાગે છે. કોઈ ઇન્દ્રિયગોચર પદાર્થના કરતાં તેને વાસ્તવિકતા વધુ અન્ય સ્વરૂપે વરતાય છે. તેનાં ચક્ષુમાં સચરાચરમાં ચૈતન્ય વ્યાપેલું જણાય છે. એ ચૈતન્યનો તે, શું પથ્થરમાં કે શું માનવમાં, પ્રાણસ્પર્શ અનુભવે છે. એકાદું કયાંક સ્પંદન, ચેતનાનું કોઈ વહન તેને મન કોઈક ઘટનાની માત્ર છાયા નથી, પણ એક હકીકત બની રહે છે.

જીવનના સઘળા સંગ્રામો અને પ્રયાસોથી પર આવી રહેલી શાંતિ જે અનુભવે તે સંત. આ શાંતિ એને ઘણી ગડમથલ પછી પ્રાપ્ત થાય છે. આપણા એક ભક્ત કવિએ કહ્યું છે : 'શાંતિ પમાડે તેને તો સંત કહીએ.' ખ્રિસ્તીધર્મમાં કેટલાયને 'સંત' (saint) કહીને સંબોધવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક વિલિયમ જેઇમ્સે જણાવ્યા પ્રમાણે ધર્મની પરિપકવતાનું કોઈ એક વ્યક્તિમાં સામૂહિક નામ હોય તો તે સંતપણું છે. એનું આત્મસમર્પણ એટલું બધું ઉત્કટ હોય છે કે તે આત્મબલિદાનમાં પરિણમે છે. એની ઇન્દ્રિયોનાં દમન એટલાં બધાં ઢંકાઈ જાય છે કે સંત બલિદાનમાં અને કાયાકષ્ટમાં ભાવાત્મક સુખનો સ્પર્શ પામે છે જીવનનો વ્યાપ વિશાળ થતો જાય છે, અંગત હેતુઓ અને અવરોધો ઘણાં નજીવાં થઈ જાય છે, ધીરજ અને સહનશક્તિનાં નવાં મંડાણ થતાં જાય છે. ભય અને ચિંતાને સ્થાને એક ખુશીપૂર્ણ સમતા જોવા મળે છે. સ્વર્ગ આવો કે નર્ક આવો, જે થવાનું હોય તે થાઓ, – એવો ભાવ જન્મે છે. શુદ્ધીકરણની ક્રિયા શરૂ થાય છે. પ્રાણીઓ પ્રત્યે કોમળતા જન્મે છે, પવિત્રતા, શુચિતા ક્રમશઃ વધતાં જાય છે. સંત એના શત્રુઓ કે વિદ્વેષીઓને ચાહે છે, તિરસ્કૃત ભિખારીઓને પોતાના મિત્રસમા ગણે છે. ટૂંકમાં, એની લાગણીઓનું કેન્દ્ર પલટાઈ જઈને એક પ્રેમાળ અને સુમેળયુક્ત વ્યવહાર પ્રગટે છે; 'ના'ને બદલે 'હા'માં તે પરિણમે છે. અહંકૃત કાર્યને ઠેકાણે કોઈ ઉપરની શક્તિનું વર્ચસ્વ તે સ્વીકારતો થઈ જાય છે.

ઋષિ અથવા દ્રષ્ટાની સમક્ષ નિરપેક્ષ સત્તાનું એક અક્ષુબ્ધ દર્શન હોય છે; તેનામાંથી સઘળી રીતિઓ અને રૂઢિઓનું મહત્ત્વ ઓસરી ગયું હોય છે. તેમની સત્ત્વશુદ્ધિમાંથી એક વિવેક ઉદ્ભવે છે, જે પ્રજ્ઞાને પામે છે, અને એને પરિણામે ક્રાન્તદર્શન સંભવે છે. મર્યાદાઓમાં રહ્યો રહ્યો તે અમર્યાદિત રીતે વિચરે છે, દિશા અને કાળના સૃષ્ટિનિયત ધર્મબંધનો સ્વીકારતો છતાં તે ઉત્તરોત્તર મુક્તિની દિશામાં પ્રવર્તતો રહે છે. માનવ-જાતિના ચઢતી અને પડતીના ઉછાળાની વચ્ચે તે દીવાદાંડીનો પ્રકાશ ફેલાવે છે. દરિયાનાં તોફાને ચઢેલાં પાણીમાં થઈને તે પોતાની નૌકાને સાહસપૂર્વક એ તોફાનોની વચ્ચે હંકારી જાય છે. ત્યાં શાંતિનો તે અનુભવ કરે છે. આ શાંતિ જીવંત હોય છે, ગતિશીલ હોય છે.

મરમી અને સંત અને ઋષિને વિષે ઉપર જે લખવામાં આવ્યું છે તે કોઈ વિભાગીકરણ નથી. માત્ર આપણી સૂઝ(commonsense)ને યથાશક્ય સ્પષ્ટ કરવા માટે છે. ભાષાતીતને ભાષામાં વ્યક્ત કરતાં જે કાંઈ રહી જાય છે (ઉચ્છિષ્ટ) તે અનિવર્ચનીય છે, અને એનો સ્વીકાર કર્યે છૂટકો છે. તેની ઉપરનો પ્રદેશ મૌનનો છે.

બ્રજેન્દ્રનાથ સીલે જણાવ્યું છે કે શ્રી રામકૃષ્ણ પરમહંસ સંત હતા અને ઋષિ હતા, પરંતુ તેથી યે વિશેષે કરીને મરમી હતા. બહુવિધને એકમાં પામીને તેઓ વિરોધોથી પર થઈ જતા અને એને પરિણામે તેઓ હિંદુની સમક્ષ હિંદુ, મુસલમાનની સમક્ષ મુસ્લિમ, ખ્રિસ્તીની સમક્ષ ખ્રિસ્તી અને વૈશ્વિક માનવની સમક્ષ વૈશ્વિક જણાતા; કારણ કે, સઘળા વિરોધોને શમાવીને તેઓ સર્વસમન્વયકારી અનુભૂતિમાં પહોંચી જતા, મરમીની અનુભૂતિ બપોરના સૂર્ય જેવી ચોખ્ખી હોય છે. જેઓ તેમાં જીવન ગાળતા નથી હોતા, તેઓ તેના થકી અને તેને માટે જીવતા હોય છે, – માત્ર તેમને એની ખબર નથી હોતી. એમની ઉપલબ્ધિમાં 'જાણે કે'ને સ્થાન નથી. યુરોપના ફિલસૂફ કાન્તની (Kant) ચૈતસિક શ્રેણીઓને વટાવીને તેઓ નરી હકીકતમાં (Ding - an - sich – the Thing itself) ડૂબકી મારતા હોય છે.

સીલ મહાશય વળી જણાવે છે કે આ તો માત્ર બહારનાં ઉપકરણ થયાં ('એહો બાહ્ય'). મરમીની મૌલિક અનુભૂતિ તેની મસ્તીનો હાલ છે, જેને યોગની ભાષામાં કહેવું હોય તો લય, સમાધિ, કૈવલ્ય કહેવાય,

ભારતના મરમીઓની વિશિષ્ટતા એ છે કે તેમનામાં દુનિયાના ડહાપણનો ભંડાર ભર્યો હોય છે. સંસારથી પર હોવાને કારણે, સંસારમાં રહ્યા રહ્યા, અથડાતા કૂટાતા માનવીઓની પરિસ્થિતિને તેઓ ચોખ્ખી રીતે જોઈ શકે છે અને તેનાં ફળનું દર્શન પણ કરી શકે છે.

આપણે જેને 'સુખ' કહીએ છીએ, 'સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં' એમ ગાઈએ છીએ, તેને એક મરમી, પરમ મરમી, કયી દૃષ્ટિથી જુએ છે, તેનું દિશામાન (dimension) કયું હોય છે તેનું એક દૃષ્ટાંત યુરોપનો પ્લોટિનસ પૂરું પાડે છે. તે જણાવે છે: 'ફિલસૂફીનો ઉદ્ભવ સુખમાં થાય છે, એટલે તત્વજ્ઞનું જીવન સત્‌ને શોધવા મથે છે; એટલે સત્યમય પ્રત્યે ગતિ કરે છે. માણસો જે કંઈ કરે છે અને જે કંઈ પ્રાપ્ત કરે છે તેમાં સુખ નથી હોતું. તે મનની એક અવસ્થા છે. ઘટનાઓ પર સુખને આધારિત કરવું એટલે સત્ સિવાયની વસ્તુઓ પર તેને મૂલવવું થયું, અર્થાત્ આત્માથી સ્વતંત્ર બન્યું. આત્મિક જીવન ઘટનાઓમાં નથી હોતું, પ્રજ્ઞામાં હોય છે, તેની પોતાની ધ્યાનપરાયણ અનુભૂતિમાં હોય છે અને આજ માત્ર સુખ હોય છે.'

પ્લોટિનસ ચેતવણી આપે છે કે 'સુખ જીવનમાંથી પોતાને સમેટી લેવામાંથી પ્રાપ્ત થતું નથી; પરંતુ અહીં જ જગતમાં પૂર્ણ દિવ્યની ઘડીને શોધીને પરખવામાં છે.' એ તો કહે છે કે 'આ જગત દિવ્ય આદ્ય શક્તિની પ્રતિમા છે, પ્રતિબિંબ છે અને તેથી કેવું સુંદર છે! જે જોઈએ છીએ તેથી વધુ સુંદર શું હોઈ શકે?' સાચે જ, આ જગત જે છે તેનો તિરસ્કાર કરી શકાય એમ નથી. માત્ર એટલું જ કહી શકાય કે તે (જગત) તત્ (That) નથી!

અહીં બીજો એક પ્રસંગ જોઈએ. ગૌતમનો બોધિ પ્રાપ્ત કર્યાનો એ સમય હતો. સોક્રેટિસ એક સદી પછી થવાના હતા. ગ્રીક ફિલસૂફીનાં હજી મંડાણ થયાં ન હતાં. ઈસુ ખ્રિસ્તને અવતરવાને પાંચસો વર્ષની વાર હતી. તે સમયે ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીની આસપાસ ચીનમાં બે મહાપુરુષો વિદ્યમાન હતા: લાઓત્સ અને કન્ફ્યૂશિયસ. લાઓત્સ મરમી કવિ અને ક્રાંતદ્રષ્ટા, કન્ફ્યૂશિયસ લોકકલ્યાણચિંતક નીતિવિદ્ સંત. બન્નેની ખ્યાતિ ચારે દિશામાં પ્રસરી હતી. બંને હતા માનવીયભાવસંપન્ન, ધૈર્યશીલ, વિવેકી. બંનેની ઇચ્છા સુવર્ણયુગ આણવાની હતી. પરંતુ કન્ફ્યૂશિયસની દૃષ્ટિમાં

સુવર્ણયુગ એટલે સારી રીતભાત, માનવમાનવની વચ્ચે ઉદાત્ત વ્યવહાર, શિષ્ટાચારનું વિજ્ઞાન અને ન્યાયી આચારસંહિતા. લાઓત્સની દૃષ્ટિમાં સુવર્ણ-યુગ એટલે પરમશક્તિની સંનિધિમાં ગાળેલું જીવન, સહજ નિખાલસતા, વિશ્વના તાલની સાથે સંગતિ અને પરિણામે ઉદાત્ત કર્મો કરવાના આગ્રહની અનાવશ્યકતા. એક હતા વ્યવહારુ સુધારક વૃત્તિના : કાયદાકાનૂન, વિધિવિધાન, માલ–મિલકત અને રૂઢિગત પરંપરામાં પ્રગતિ કરવા ઉત્સુક; બીજાનો સુવર્ણયુગ હૃદયમાં સમાયો હતો.

આ બંને મહાપુરુષો એક વાર મળ્યા. ત્યારે લાઓત્સ એંશી વર્ષના હતા અને કન્ફ્યૂશિયસ ચોત્રીશ વર્ષના હતા. તે સમયે ચાઉ પ્રાન્તના પુસ્તકાલયના ગુપ્ત દસ્તાવેજોના લાઓત્સ રખેવાળ હતા. કન્ફ્યૂશિયસના મનમાં એમ કે લાઓત્સને મળીશ એટલે સમાજની સુધારણામાં તેમનું પુસ્તકાલય કામમાં લાગશે, ઘણી બધી માહિતી મળશે, સમાજની પ્રગતિમાં ઉપયોગી થશે. મુલાકાતની વખતે તેમનું શિષ્યમંડળ સાથે લઈ ગયા; કારણ કે તેમનું કામ જ્ઞાનના પ્રચારનું હતું.

કન્ફ્યૂશિયસે પ્રશ્ન કર્યો : 'સુવર્ણયુગના ઋષિઓએ જે ગૌરવ અને સુખનું દર્શન કર્યું હતું તે આણવા આપણે શું કરવું જોઈએ ? કેમ કરીને તે શક્ય બને?' લાઓત્સે જવાબ આપ્યો : 'તમે જે ઋષિઓનો ઉલ્લેખ કરો છો એ તો ક્યારનાય મરી પરવાર્યા છે, તેમનાં હાડકાં ક્યારનાંય ભગ્નાવશેષ થઈ ગયાં છે. માત્ર તેમની વાણી રહી છે. જો કોઈ મહાત્મા પોતાના યુગમાં સમજાઈ જાય, તો તે તેની કીર્તિની ટોચે ચઢી જાય છે; પણ જો તેના યુગમાં તે સમજાય નહિ તો તેના પ્રદાનને ઊમડઘૂમડ થતા વાયરા ક્યાંય ફેંકી દે છે. જ્યારે કોઈ સારો વેપારી પોતાના સમૃદ્ધ ખજાનાને ગુપ્ત રાખે છે, ત્યારે તે એનું પ્રદર્શન કરતો નથી. તેવી રીતે એક સાચો ઋષિ પ્રકાશ પામેલો હોવા છતાં, સામાન્ય સરેરાશના કરતાં વધુ પડતો દેખાવ કરતો નથી. એટલે, સાહેબ, જુઓ; આ તમારો દેખાવ–ઠાઠમાઠ – છોડી દો, તમારી કામનાઓ પર વિજય મેળવો, આ બધા દેખાવ અને વ્યર્થતામાંથી મુક્ત થઈ જાઓ; આ બધું તમારી પાત્રતામાં ઉમેરો કરતું નથી.'

કન્ફ્યૂશિયસ પરાસ્ત થઈ ગયા. એમના ચિત્તમાં એક ન માપી શકાય, ન પાર પામી શકાય એવી ભવ્યતા, એવું રહસ્ય ખૂલી ગયાં અને પછી તેઓ

ચાલ્યા ગયા. તેઓ સદાચારના પયગંબર – ‘પૂર્ણઋષિ’ – ગણાયા. એ બુદ્ધિવાદનો જમાનો હતો. ઉપદેશનાં કેટલાંય પુસ્તકો તેમણે લખ્યાં: સદ્‌ગુણી કેમ થવું, આદર કેમ મેળવવો, કરકસર કેમ કરવી, એવું બધું. અને ખરેખર, કદાચ લાઓત્સની પછી તેમણે ચીનના લોકોનું ઘડતર કર્યું. લોકોને શિસ્ત પાળનારા, સદ્‌ગુણી અને તત્ત્વજિજ્ઞાસામાં આગળ પડતા કર્યા.

ઉપરની મુલાકાત પછી બીજી એક વાર પણ બંને મળ્યા હતા, એમ એક ઐતિહાસિક નોંધ જણાવે છે. કન્ફ્યૂશિયસ પોતાના બાર શિષ્ટ ગ્રંથો વાંચવાનું શરૂ કરે છે. લાઓત્સ તેનો સારાંશ જણાવવાનું કહે છે. તેઓ જણાવે છે: ‘એમાં ઔદાર્ય (Charity) અને સદાચાર (Righeousness)ની હિમાયત કરવામાં આવી છે.’ લાઓત્સે ઉત્તરમાં જણાવ્યું, ‘આ ઔદાર્ય અને સદાચાર માનવની મૂળભૂત સતતાની (Being) સાથે ઘડાયેલાં છે?... આકાશમાં અને પૃથ્વી પર નજર કરો. બધું કેવી ચુપકીદીથી આપોઆપ ચાલી રહ્યું છે? સૂર્ય, ચંદ્ર, તારાઓ પોતપોતાના શાંત છંદોલયમાં કેવા ઝળહળી રહ્યા છે? અચૂક રીતે, નિર્ણિત ગતિએ? અને આ બધાં પ્રાણીઓ, પંખીઓ પોતપોતાનાં ટોળાંમાં હરેફરે છે; વૃક્ષો આપોઆપ વિકાસ પામી રહ્યાં છે! તેમને તેમ કરવાનું કોણ કહે છે? તો, તમે આ સહજ લયને પાળો, એ પંથને અનુસરો. તમારામાં પ્રજ્ઞાનો ઉદય થશે. પછી આ ઔદાર્ય અને સદાચારને માટે ઝઝૂમવાની જરૂર નહિ પડે. આ બધું ઢોલ પીટવાનું છોડી દો.’ અને પછી પેલા મરમી કવિ સંતે ઉમેર્યું, ‘હે જુવાન સુધારક, માનવહૃદયની સહજ ભલમનસાઈમાં દખલ કરવાનું છોડી દો. તેથી વિનાકારણ માનવહૃદયમાં વિષાદ કે ઉત્તેજનાની ભમરીઓ થાય છે. એના આસનમાં એ અત્યંત સ્થિરપ્રજ્ઞ છે......અલબત્ત, તે પ્રત્યેક સ્વાતંત્ર્યને માટે સશક્ત છે, વ્યવસ્થિત હલનચલન કરી શકે એમ છે, ગગનમાં ઊડી શકે એમ છે. પોતાની સહજ પવિત્રતામાંથી તેમને ઉઠાડો નહીં, દલીલબાજી–(બુદ્ધિવાદ)ની અતિશયતાને તજી દો. જે ક્રમ (Order) છે, તેની સાથે શાંતચિત્તે યુક્ત થવામાં વિશ્વાસ રાખો.’

કન્ફ્યૂશિયસ પાછા ફર્યા, ત્રણ દિવસ મૂગા રહ્યા. શિષ્યો અવાક બની ગયા!

ભારતની સંતપરંપરામાં મધ્યયુગનું ઘણું મોટું પ્રદાન છે. કારણ કે, તે સમયના ગાળામાં સંતસાધનાની મિલનભૂમિ ભારત બની ગયો હતો. એ

સમયનો એક પ્રસંગ છે, – દાદૂ અને કબીરના મહાન સાધક પુત્ર કમાલની વચ્ચેનો. આમાં જે બોધ છે તેને સાધુસંતો 'મરમગહરા'ની વાણી તરીકે ઓળખાવે છે.

એક દિવસ બપોરનો વખત હતો. વરસાદ પડી રહ્યો હતો. દાદૂ પોતાના ઘરમાં બેઠા બેઠા ચામડાની સિલાઈ કરી રહ્યા હતા. ત્યારે કબીરના પુત્ર કમાલ એમના આંગણે આવીને ઊભા રહ્યા. દાદૂના કામમાં વિક્ષેપ થાય એમ માનીને પોતે ઓસરીમાં જ રહ્યા. દાદૂની તેમની તરફ નજર ગઈ અને અંદર જઈને બેસવા તેમણે જણાવ્યું. દાદૂએ કહ્યું : 'આપને મારા આવા ગંદા ઘરમાં બેસતાં સંકોચ થતો હશે, નહિ?' કમાલે કહ્યું : 'ના રે, બાબા. તમે જાણો છો કે હું તો ભગવાનનો દાસ છું. મારે તે વળી જાત-પાતનો ભેદ શો?' દાદૂએ તેમને અંદર બોલાવ્યા, ચામડાના એક ટુકડાનું આસન આપ્યું. જોયું તો કમાલની આંખોમાં આંસુ! દાદૂ દુઃખી થઈ ગયા, આર્ત્તભાવે બોલ્યા : 'ભાઈ, આ આસન મેં આપને જાણી જોઈને આપ્યું નથી. મારા આ ઘરમાં બીજું શું હોય?' સાંભળીને કમાલ બોલી ઊઠ્યા : 'તમે મને ચામડાનું આસન આપ્યું તેથી મને સહેજ પણ દુઃખ થયું નથી. તમારે ત્યાં બીજું હોઈ પણ શું શકે? પરંતુ તમારે ત્યાં જે કાંઈ છે તે આટલા સહજભાવે આપી શક્યા તે જોતાં મને મારી વાત યાદ આવી. હજી લગી મારું જીવન આવું સહજ થઈ શક્યું નથી. તમારી ઓશરીમાં હું કેટલું ઊભો રહ્યો હોઈશ, કોણ જાણે! પરંતુ મારા જીવનની બહાર એક ખૂણામાં ભગવાન યુગ-યુગથી રાહ જોતા ઊભા છે! બાબા, મારું જે કાંઈ છે તે નમ્રભાવે પાથરીને તેમને બેસાડવા જેટલી સહજ નમ્રતા હજી લગી આવી નથી. અહંકારની ગાંઠ બંધાઈ ગઈ છે ને, બાબા! તેથી મન સહજ બન્યું નથી. તમારો આવો સહજ આતિથ્યભાવ જોઈને વિચારવા લાગ્યો : "હાય રે, જો મારું જીવન આવું નિરહંકાર, નમ્ર, સહજ હોત તો શું પ્રભુ મારા જીવનની બહાર ખડા રહ્યા હોત? ક્યારે તેમને બેસવા લાયક આસન દઈ શકીશ, ક્યારે મારી સાધના પૂરી થશે? સાધનાનું બળ નથી, અહંકારનો પાર નથી!" એ વિચારે, બાબા, આંખ-માંથી આંસુ સરી પડ્યાં.' નિરક્ષર અને દરિદ્ર હોવા છતાં દાદૂ હૃદયમાં ભર્યાભર્યા, મોટા દિલના હતા. કમાલની વાતનો મર્મ કદાચ તેઓ ન પણ સમજ્યા હોય. કહ્યું : 'તમારા પ્રભુ કોણ છે?' કમાલે કહ્યું : 'જે બધાંના છે તે મારા પણ છે.' દાદૂએ પૂછ્યું : 'શું તેઓ મારા પણ પ્રભુ છે

મારા જીવનની બહાર તેઓ ખડા રહ્યા હશે?' કમાલે કહ્યું : 'તેઓ સૌના સ્વામી છે, સૌનાં જીવનની બહાર તેઓ અંતઃપ્રવેશની રાહ જોતા ઊભા છે. શુદ્ધ થયે જણાય. પ્રેમને સહજ ભાવે બોલાવાય. આ જ માનવની સાધના છે, તેમનો ઉદ્દેશ છે.'

વરસાદ બંધ થઈ ગયો. સંધ્યા થવા આવી. આશીર્વાદ દઈને કમાલ ચાલ્યા ગયા. દાદૂ કામે વળગ્યા. ચિત્ત ચોંટે નહીં! મનમાં થયું : 'પ્રભુ ખડા છે, પ્રેમને માર્ગે શુદ્ધ થઈને બોલાવવા પડશે.' એ જ ધૂન, એ જ વ્યાકુળતા! કમાલના શબ્દો ગુંજ્યા કરે. રહેવાયું નહિ. કમાલની શોધમાં ચાલ્યા. કમાલને જોઈને કહ્યું : 'મન તો બાવરું બની ગયું છે. માર્ગ બતાવો.' કમાલ કહે : 'જ્યારે તેમનાં દર્શન થશે ત્યારે કામમાં આનંદ જણાશે. વિશ્રામ મીઠો જણાશે, કર્મ આનંદમય લાગશે. એમના સંગથી, સ્પર્શથી, સઘળી શૂન્યતા પુરાઈ જશે.' દાદૂએ વધુ આગ્રહપૂર્વક વિનંતી કરી, એટલે કમાલે તેમને ઊંડો મર્મભાવી ઉપદેશ દીધો. અંતે કહ્યું : 'તેઓ જ પ્રભુ છે, તેઓ જ ગુરુ છે. આજે તમે જે કાંઈ સાંભળ્યું તેથી તમારું મન આગળ વધ્યું છે. વ્યાકુળતા જેટલી ઉત્કટ, માર્ગ તેટલો ખૂલતો જશે.* અત્યારે તમને જે અંધકાર જણાઈ રહ્યો છે, ત્યાં થઈને જ પ્રભુ પધારશે. તેમના સ્પર્શથી બધાં સારાં વાનાં થઈ જશે.'

*"Your opening and His entering are one moment."

—**Eckhart**

# ૩. તુલનાત્મક દર્શન

ઉપરના મથાળામાં જે 'દર્શન' શબ્દ વાપર્યો છે તે આપણી સામાન્ય ભાષામાં જેને દર્શાવવું કહીએ છીએ તે અર્થમાં લેવાનો છે. તેનો પારિભાષિક અર્થ આપણાં છ 'દર્શનો' કહેવાય છે, તે છે. અંગ્રેજીમાં જેને ફિલૉસૉફી કહેવામાં આવે છે તે અર્થમાં આ શબ્દ છે. આપણા જાણીતા ભારતના તત્ત્વજ્ઞ ડૉ. રાધાકૃષ્ણને અંગ્રેજીમાં દર્શનને સોલ-સાઈટ (soul-sight) યથાર્થ કહ્યું છે; કારણ કે તે આત્માની દૃષ્ટિ (Point of View) છે.

ગયા પ્રકરણમાં આપણે સંત, મરમી, ઋષિ, મહાત્મા વગેરેની ચર્ચા વિગતે કરી છે. તદુપરાંત જગતના સર્વોત્તમ જ્ઞાની મરમીઓના પ્રસંગો પણ આપ્યા છે. ઉપરનું મથાળું મુખ્યત્વે કરીને પશ્ચિમની ઢબે રાખ્યું છે. કોઈ પણ વિષયની ચર્ચા, આલોચના, મીમાંસા કરતાં પશ્ચિમના તત્ત્વજ્ઞો, વિવેચકો કે મીમાંસકો અન્ય વિષયોની સાથે જણાવેલા વિષયની સાથે કેટલે અંશે, કેવો સંબંધ છે, તે અલગ અલગ ભાવે, કેટલીક વાર વિચ્છિન્ન રીતે, દર્શાવે છે. ત્યાંની આ પદ્ધતિ વિશ્લેષણાત્મક કહેવાય છે. ભારતીય સંસ્કૃતિમાં મૂલતઃ એમ નથી. જેમ એક સંયુક્ત કુટુંબ હોય, તેમ બધા વિષયોને સંયુક્તભાવે, સમન્વયાત્મક દૃષ્ટિએ જોવાની ભારતીય રીત છે. જેમ શરીરમાં કોઈ એકાદ અવયવને સમગ્ર દેહમાંથી વિચ્છિન્ન કરીને પરીક્ષવામાં આવે તો, પ્રથમ, વિચ્છિન્ન થવાને કારણે અલગ પડી જાય; બીજું, સમગ્ર દેહના દેહ-વ્યાપી ચૈતન્યથી અલગ પડતાં પ્રાયઃ જડ, નિશ્ચેતન થઈ જાય, અને પરિણામે તેનું ફળ યોગ્ય ન આવે; તેમ કોઈ વિષયને વિષે પણ તેમ જ બને. તદુપરાંત ભારતીય દાર્શનિકો જ્યારે સત્યનું અનુસંધાન કરતાં તર્કને, બુદ્ધિને, પર્યાલોચનાને, જેટલે દૂર (બાહ્ય) લઈ જવી હોય તેટલે દૂર નિર્ભય થઈને સૂક્ષ્માનુસૂક્ષ્મભાવે, અરે, ઘણી વાર તો માત્ર વાદવિવાદની ખાતર પણ, ઊંડા ઊતરે છે! ત્યારે સીમાના ઉલ્લંઘનનો આક્ષેપ આપણે મૂકતા નથી. પરંતુ યુરોપમાં એવું નથી. ત્યાંની પદ્ધતિમાં મર્યાદા ઓળંગી શકો નહીં. એટલે આપણે અહીં ખોખું પશ્ચિમનું રાખ્યું છે, પ્રાણ (contents) અહીંનો છે.

મરમીઓનું જીવન, તેમની અનુભૂતિ, એકબીજા પર થતી અસર, એ સર્વેનો સુંદર સુમેળ સાધીને યથાતથ રજૂઆત કરનાર અમેરિકાના પ્રખ્યાત લબ્ધપ્રતિષ્ઠ કલાવિવેચક શૅલ્ડન ચેની (Sheldon Cheney) પ્લોટિનસને વિષે લખતાં એક સુંદર વાત કરે છે. તેઓ જણાવે છે: 'પ્લોટિનસની સર્વે માન્યતાઓ અને તેનો સિદ્ધાંત તેની મરમી અનુભૂતિરૂપ વૃક્ષમાંથી ડાળીઓ રૂપે વિકાસ પામ્યાં છે. ભગવાનની સાથેની તેની આંતરિક એકતા એ કેન્દ્ર છે, થડ છે; અને તેમાંથી જીવન વિષેની, અમરતા વિષેની, વિશ્વ વિષેની, સૃષ્ટિના ક્રમિક વિકાસની, આદર્શો અને સુખ અને નીતિ-વિષયક ભાવોની પ્રસરેલી ડાળીઓ છે. પ્લોટિનસ ભગવાનમય હતા: બીજું બધું ગૌણ હતું.' આ વાત બરાબર ભારતીય થઈ.

એટલે મરમી સંત દાદૂ કહે છે:

સૂખા મારગ સાચકા સાચા હોઈ સો જાઈ ।
જૂઠા કોઈ ના ચલે દાદૂ દિયા દિખાઈ ॥

('સત્યનો માર્ગ સીધોસાદો છે, જે સાચા છે તે એ માર્ગે જાય છે. દાદૂ જણાવે છે કે જૂઠો ત્યાં ચાલી ન શકે.')

સાઁચ બરાબર તપ નહીં જૂઠ બરાબર પાપ ।
જાકે હિરદે સાઁચ હૈ તાકે હિરદે આપ ॥

('સત્ય જેવું કોઈ તપ નથી, જૂઠ જેવું કોઈ પાપ નથી. જેના હૃદયમાં સત્ય છે તેના હૃદયમાં ભગવાન છે.')

અને ગુરુદેવ રવીન્દ્રનાથ, જે ઋષિ અને મરમી હતા, તેમણે ઈ. સ. ૧૯૪૧ ની ૩૦ મી જુલાઈએ, સવારે જે કાવ્ય ઉતરાવ્યું હતું, તે જુઓ. તેઓ તો પાછા આધુનિક બાઉલ પણ ખરાને!

'હે છલનામયી! તેં આ સૃષ્ટિનો માર્ગ કેટકેટલી છલનાની જાળથી પાથર્યો છે! આ સરળ જીવનમાં તારા નિપુણ હાથે ખોટી માન્યતાઓની જાળ તેં પાથરી છે, અને એને મહત્ત્વની મોર મારી છે! તેને માટે તેં ગુપ્ત રાત્રિ રાખી નથી! તારો જ્યોતિષ્કલોક જે માર્ગ દેખાડે છે તે છે અંદરના હૃદયનો, – હંમેશનો સ્વચ્છ, સહજ વિશ્વાસને લીધે ઝળહળતો માર્ગ! એ માર્ગ બહારથી ભલેને ગમે તેટલો વાંકોચૂકો હોય, પરંતુ અંદરથી તે

ઋજુ છે, અને એમાં છે તેનું ગૌરવ. એને લોકો છેતરાયો ગણે છે! પોતાના અંતરના પ્રકાશથી સત્યને ઉજ્જવલ સ્વચ્છ કરીને તે પોતાના હૃદયમાં પામે છે. તેને કોઈ છેતરી શકે તેમ નથી. તેના ગુપ્ત ભંડારમાં પોતાનો છેલ્લો પુરસ્કાર તે લઈને જાય છે. તારી આ જે લીલામયી છલના અનાયાસે સહી શકે છે, તે શાંતિનો અક્ષય અધિકાર તારે હાથે પામે છે.'

એક જ વાતને નિરક્ષર સંત દાદૂએ કેવી રીતે રજૂ કરી, અને આધુનિક કાળના મરમી કવિ રવીન્દ્રનાથે કેવી રીતે રજૂ કરી! 'રીત ભિન્ન, વસ્તુ એક!'

શ્રી અરવિંદે જ્યારે સઘળી વિદ્યાઓ શીખવાના કેન્દ્રની શરૂઆત કરી ત્યારે એક ઠીક ઠીક દળવાળી એક પુસ્તિકા લખેલી. એમાં તેમણે જણાવેલું કે બધું જ જ્ઞાન બે ભાગમાં વિભક્ત થઈ શકે: વામમાર્ગીય (left-hand knowledge) અને દક્ષિણમાર્ગીય (right-hand knowledge). પ્રથમમાં બધાં વિજ્ઞાનોનો સમાવેશ થાય, બીજામાં માનવીય વિદ્યાઓનો (Humanities) સમાવેશ થાય. પછી જેમ યુનિવર્સિટીઓમાં પાઠ્યક્રમો હોય છે તેવો વિષયવાર પાઠ્યક્રમ તેમણે દર્શાવેલો. *

મારી સમજ પ્રમાણે વામમાર્ગ સિદ્ધિનો માર્ગ છે, તેમાં તંત્રનું પ્રાધાન્ય હોય છે. એમાં ટેક્નૉલૉજીનો સમાવેશ પણ થઈ જાય છે. પદ્ધતિ, રીત, સાધનસંપત્તિ, યંત્રનિર્ભરતા એ સઘળાં અંગો હોય છે અને એ અનિવાર્ય મનાયાં છે. એને ઉદ્યોગશાસ્ત્ર કે શિલ્પશાસ્ત્ર કે શિલ્પવિદ્યા પણ કહે છે. કળાઓના વિભાગમાં શિલ્પને (sculpture) સ્કલ્પ્ચર પણ કહે છે. એમાં ઓજારોની જરૂર પડે છે, અને કંડારવાનું કર્મ કરવું પડે છે. શિલ્પવિદ્યાને માટેનો આપણા બ્રાહ્મણગ્રંથમાંથી નીચે પ્રમાણેનો ઉતારો છે:

ॐ शिल्पानि शंसन्ति देवशिल्पानि ।
एतेषां वै शिल्पानामनुकृतीह शिल्पमधिगम्यते ॥
शिल्पं ह्यस्मिन्नधिगम्यते य एवं वेद यदेव शिल्पानी ॥
आत्मसंस्कृतिर्वाव शिल्पानि, छन्दोमयं वा एतैर्यजमान
आत्मानं संस्कुरुते ॥

---

* આ હું મારી સ્મૃતિમાંથી લખી રહ્યો છું. એ પુસ્તિકા ઘણી શોધી પણ જડી નહીં. પૂછપરછ કરતાંય તેનો પત્તો લાગ્યો નથી. ક્યાંક ખોટું હોય તો મારી તે વિષેની ભ્રાંતિ સમજવી. (જ. મ. આ.)

('મનુષ્ય પોતાના શિષ્પ દ્વારા જ દેવશિલ્પની પૂજા કરે છે. તેમની પ્રેરણાને લઈને જ માનવશિલ્પ ઊપજ્યું છે, વિકાસ પામ્યું છે. જે આ રહસ્ય જાણે છે, તે જ શિલ્પના યથાર્થ રહસ્યનો મર્મ પામે છે. શિક્ષણ એક મોટી સાધના છે, એક અપૂર્વ યજ્ઞ છે. આ યજ્ઞ દ્વારા યજમાન પોતાને છંદોમય કરે છે, આત્માને ધન્ય કરે છે.') અહીં દેવશિલ્પ અને માનવશિલ્પ એમ બે વાત કરી. માનવશિલ્પ દેવશિલ્પની અનુકૃતિ છે, એ જણાવ્યું. એથી આત્માની સંસ્કૃતિ થાય છે, આત્મા છંદોમય બને છે એ જણાવ્યું. આ બાબત ખૂબ વિચારવા જેવી છે. ટેક્નોલૉજી આ આપે છે ? દક્ષિણમાર્ગ, દક્ષિણાચારયુક્તમાર્ગ માનવનું શુદ્ધીકરણ કરતો કરતો 'વિદ્યા' પ્રત્યે દોરી જાય છે. રવીન્દ્રનાથના એક ગાનમાં આવે છે તેમ 'સ્નેહ પ્રેમ દયા ભક્તિ કોમલ કરે પ્રાણ', એ દક્ષિણમાર્ગ અર્પે છે. અહીં આપણે આ વિષે વિસ્તૃત ચર્ચા કરતા નથી; કારણ કે, એ અપ્રસ્તુત ગણાય, નહીં !

મરમીભાવ--મિસ્ટિસિઝમની સાથે જે ઘણું ઘણું સંકળાયેલું છે તેમાંનું આ એક છે, એની રજૂઆત કરી છે. અથવા તો ભારતીય સંસ્કૃતિએ આમ વિચાર્યું છે એ પણ જાણી શકાશે.

પશ્ચિમના વૈજ્ઞાનિક જૂલિયન હક્સલી ધર્મ (રિલીજિયનના અર્થમાં), વિજ્ઞાન, કળા, નીતિ, બુદ્ધિ, વિવેકની સાથે મરમી અનુભૂતિને સાંકળીને જે જણાવે છે તેનો સારાંશ આ છે. વિશ્વની સમજને માટે માનવવ્યક્તિને જે અંદરથી ધક્કો લાગે છે, તેને લઈને તેનો એક સંકુલ લાગણીયુક્ત મનોભાવ, તે ધર્મની સાથે સંબંધ ધરાવે છે. તેના પર ચઢી આવતી આ વાસ્તવિકતાને એક સમગ્રભાવે પામવાનો તે પ્રયાસ કરે છે. આમ કરતી વખતે તેની આખીયે આંતરિક સત્તા તેનો પડકાર ઝીલવાને ગતિ કરે છે. જો કે આમ કરવામાં વિચાર અને જ્ઞાનની અપૂર્ણતા તેને સંપૂર્ણ રીતે સાક્ષાત્ કરવામાં અવરોધક બને છે.

મરમીની અનુભૂતિની માફક તર્કયુક્ત વિચાર પણ મૂલ્યવાન છે. એ ક્ષણે મરમી અનુભૂતિનું મૂલ્ય આપણે બૌદ્ધિક રીતે કદાચ ન સમજી શકીએ, એમ છતાંય જેમ તર્કયુક્ત વિચારનો અસ્વીકાર ન કરી શકીએ, તેમ તેનો પણ અસ્વીકાર કરવો ઉપયુક્ત નથી. કારણ કે, મરમી અનુભૂતિને લઈને પૂર્ણતાનો જે ભાવ જન્મે છે અથવા શાંતિ જણાય છે, તે, એમ કરવાથી મળતાં નથી.

આપણે જે સમજવા માગીએ છીએ એને માટે મરમી અનુભૂતિ એક સુંદર દષ્ટાંત પૂરું પાડે છે. એક બાજુથી એમ આગ્રહપૂર્વક કહેવામાં આવે છે કે જે નિરપેક્ષ છે અથવા તો જે બહારની દેવતા છે તેની સાથે તેનો સીધો સંપર્ક થાય છે, પ્રત્યક્ષ જ્ઞાન મળે છે; બીજી બાજુથી તેને કેવળ વ્યાધિમૂલક ઘટના ગણવામાં આવે છે. જે ધર્મ વૈજ્ઞાનિક વિચારસરણી પર રચાયો હશે તે આ બંને દૃષ્ટિબિંદુઓને સાચાં નહિ માને. જેમ નિરામયતા અથવા વૈજ્ઞાનિક શોધ કરવી અથવા કોઈ એક સુંદર પ્રાકૃતિક દૃશ્ય, પોત-પોતાના સ્વભાવે કરીને સંતોષ આપે છે, તેમ મરમી અનુભૂતિ વિચાર અને લાગણીનો બાહ્યાભ્યંતર સુમેળયુક્ત વ્યાપાર છે. કોઈ મહાન કવિતાનો કે કળાનો રસાસ્વાદ, અથવા પ્રેમની રીત, એમાં જે અનુભવ થાય છે તે જ મરમી અનુભૂતિમાં થાય છે, – માત્ર ફરક એ છે કે જેને આપણે મરમી અનુભૂતિ તરીકે ઓળખીએ છીએ, તેની લાગણીયુક્ત ભૂમિકા મુખ્યત્વે ધાર્મિક હોય છે. પણ આ બધાને પોતપોતાનું મૂલ્ય છે, બધાં સામાન્ય જીવનને પવિત્ર કરતાં, અંતઃપ્રવેશ કરાવતાં લાગે છે. બધાંય રોજિંદા વ્યવહારને ચલાવવામાં સહાયક બને છે.

કદાચ વિજ્ઞાનનું ધર્મને (રિલીજિયન) વિષે સૌથી મહાન પ્રદાન એ છે કે સત્ય માત્ર ભૂતકાળમાં રહેલું નથી, પણ ભવિષ્યમાંય છે. આ વાત જેટલે અંશે સત્યના બૌદ્ધિક અંશને સ્પર્શતી છે તેટલે અંશે નૈતિક તેમ જ રસાત્મક (સૌન્દર્યગત) અંશને પણ સ્પર્શે છે. જે ધર્મનો પાયો વિજ્ઞાન તેમ જ માનવ-સ્વભાવ પર પ્રતિષ્ઠિત થયો હોય તે જીવનનો ધર્મ જ હોય; અને તેણે જીવનના મહામૂલ્યવાન ગુણધર્મ, તેનો વિકાસ તેમ જ પ્રગતિશીલ પરિવર્તન, – એનાથી ડરવાની જરૂર નથી.

આ પ્રકારનો ધર્મ માનવધર્મ હોય, તેનું સૌથી પ્રથમનું અને સર્વોપરી લક્ષ્ય જીવનની સમૃદ્ધિ હોય. વ્યક્તિગત આંતરિક જીવનના દૃષ્ટિબિંદુથી તેનો સંદેશો એ હોય કે જીવનને સંસ્કારયુક્ત કરી શકાય છે. સત્યનો બોધ કે સૌન્દર્યનો બોધ, સહન કરવું અને ત્યાગ કરવો, સહજ આનંદ ને સહજ નિરામયતા; પ્રેમ, પછી તે શારીરિક હોય કે આધ્યાત્મિક હોય તેની સમતુલા, અંતરની મસ્તી અને તેનો સંયમ; આત્મસમર્પણ અને આત્મનિયંત્રણ – આ બધાં જીવનનાં એકબીજાથી વિભિન્ન જણાતાં જે પાસાં છે, તે બધાંને પરાત્પર સંવેદનશીલ લાગણીનો રંગ લાગી શકે છે. આપણે જે કાંઈ જાણીએ

છીએ તેનાથી આપણે બૃહત્ છીએ એ લાગણી, એ અનુભવ, અસ્તિત્વને એક નવું મૂલ્ય આપે છે.

જે ધર્મ જ્યાં લગી જીવંત છે ત્યાં લગી તેનાં ચાર પાસાં હોય છે: તત્કાલ સંવેદનમૂલક અનુભૂતિ, કાર્ય વિધિમાં અભિવ્યક્તિ, નૈતિક મૂલ્યોનું સંધાન અને વિચારો તેમ જ માન્યતાઓને 'બસ કરો'નું એલાન.

જેને આપણે જાદુ કહીએ છીએ તે ખરું જોતાં વિજ્ઞાનનો આભાસ છે; જેવો ખરા વિજ્ઞાનનો વિનિયોગ છે, તેવું તેનું દૃષ્ટિબિંદુ ભૌતિક છે.

જે પ્રાકૃતિક ઘટનાઓના પ્રકારોને નિયંત્રણમાં આણી શકાય તેમને એકઠા કરવાનો અને હસ્તગત કરવાનો અનુભવ, એ થયો વિજ્ઞાનનો માર્ગ.

મનુષ્યના સમગ્ર વ્યક્તિત્વ પર બહારના વિશ્વના આઘાતને લઈને જે અનુભૂતિ થાય, તે છે ધર્મનો માર્ગ. વિશ્વ અને મનુષ્યનું વ્યક્તિત્વ જે છે તેવાં હોવાથી આ પ્રકારના અનુભવમાં એક પ્રકારની પવિત્રતાની લાગણીનો સમાવેશ થાય છે.

ઉપર જણાવી તે પશ્ચિમના એક વૈજ્ઞાનિકની વિચારસરણી છે. જૂલિયન હક્સલી વૈજ્ઞાનિક માનવવાદ (Scientific humanism)ના પુરસ્કર્તા છે, એટલે તેમનું જીવન પ્રત્યેનું દૃષ્ટિબિંદુ એ રીતે ઘડાયું છે. તેમ છતાં વિલિયમ જેઈમ્સની માફક તેઓ માનવજીવનને વિશ્લેષણવાદી શૈલીની ઢબે મૂલવવાનો પ્રયત્ન કરે છે.

બીજા બર્ટ્રાન્ડ રસેલ આ સદીના તત્ત્વવેત્તાઓમાંના એક અગ્રગણ્ય ગણાય છે. તેઓ બુદ્ધિવાદી તર્કનિષ્ઠ (rationalist) ચિંતક છે. પહેલાંના એક પ્રકરણમાં આપણે તેમનો ઉલ્લેખ કર્યો છે. તેમણે મરમીભાવને વિશ્લેષણથી સમજી-સમજાવી શકાય નહીં, એમ કહ્યું છે. તેઓ એમ જણાવે છે કે યુરોપના હીરેક્લિટસ અને પ્લેટો (બંને તત્ત્વવેત્તાઓ), એ બંનેમાં મરમી અને વૈજ્ઞાનિકનો સુભગ સુમેળ જોવામાં આવે છે. ચિંતનના પ્રદેશમાં જે પ્રાપ્ત થઈ શકે તેની સર્વોચ્ચ ટોચ તેમનામાં જણાય છે.

સત્યની મર્યાદાઓ નક્કી થયે જ લોકકલ્યાણ કે નીતિની સુનિશ્ચિત વાત થઈ શકે. સત્યને આધારે જીવનને વ્યવસ્થિત રીતે કયો વળાંક આપવો એ નીતિનું કાર્ય ગણાય. પરંતુ સત્ય કેવું હોવું જોઈએ એનો નિર્ણય કરવાનો તેનો અધિકાર નથી; કારણ કે, એ પ્રકારનો નિર્ણય કરવામાં બીજી ઘણી મનોવૃત્તિઓ કામ કરે છે અને એમાંની લાગણી પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. જગતના બધા યુગોમાં અને સ્થળોમાં મરમીભાવી દર્શન (mystical philosophy) અમુક માન્યતાઓ પર પ્રતિષ્ઠા પામ્યું છે અને આપણે તેને ઉવેખી શકીએ નહીં. એક બાજુ જેમ વિવાદયુક્ત વિશ્લેષણપરાયણ જ્ઞાન છે, તેમ બીજી બાજુ અંતઃપ્રજ્ઞામાં માન્યતા એ પણ હકીકત છે. એક બાજુ આપણી ઇન્દ્રિયો પર સંપૂર્ણ નિર્ભર રહીને બહારનું જ્ઞાન મેળવવાનો વિજ્ઞાન પ્રયત્ન કરે છે, જે ધીરી ગતિએ ચાલે છે, ભ્રામક પણ હોય છે; અને બીજી બાજુ એક પ્રજ્ઞાનો ઉઘાડ જોવાય છે, જે એકાએક આવિર્ભાવને પામે છે, સોંસરો ઊતરી જાય તેવો હોય છે, અસરકારક બને છે. જેઓ આંતરિક જુસ્સાવાળી લાગણીઓમાં મગ્ન થવાના અધિકારી હોય છે, તેમણે કોઈ કોઈ વાર અનુભવ્યું હશે કે જીવનની સર્વસામાન્ય ચીજો અવાસ્તવિક લાગે છે. તે સમયે બહારની દુનિયાનું નક્કરપણું ચાલ્યું જાય છે, આત્મા એકાકી થઈ જાય છે. આત્માના ઊંડાણમાંથી કોઈ ચિત્રવિચિત્ર વિવર્તોનો ઉન્મત્ત ઉછાળો ધસી આવે છે, જેને આપણે સ્વતંત્રપણે સાચો અને જીવંત માની બેઠા હોઈએ છીએ. મરમીની દીક્ષાની આ એક નકારાત્મક દિશા છે: સામાન્ય સમજને વિષે શંકા ઉદ્ભવવી, જેને ઉચ્ચ કોટિની પ્રજ્ઞા કહીએ છીએ તેનો સ્વીકાર કરનારા માર્ગે જવાની તૈયારી. જેઓને આ પ્રકારની અભાવાત્મક અનુભૂતિમાંથી પસાર થવાની તક મળી હોય છે તેઓ તેની ઉપર જઈ શકતા નથી; પરંતુ જે મરમી હોય છે તેને માટે એક વિશાળ દુનિયાનો દરવાજો ખૂલે છે.

કોઈ રહસ્યનો પડદો ખૂલ્યો હોય એવા ભાવ સાથે મરમીની અંતર્દૃષ્ટિની શરૂઆત થાય છે; નિઃશંક રીતે કોઈ ગુપ્ત પ્રજ્ઞા દૃઢ થતી અનુભવે છે. કોઈ નિશ્ચિત માન્યતા બંધાય તે પહેલાં એક ખાત્રીનો અને આવિષ્કારનો ભાવ જન્મે છે. પેલી અંતર્દૃષ્ટિની પળોમાં અભિવ્યક્ત થઈ ન શકે એવો જે પ્રકાશ લાધે છે તે મરમીની નિશ્ચિત માન્યતાઓની પૂર્વભૂમિકારૂપે હોય છે. ઘણી વાર આવી પળની સાથે મેળ ન ખાતી હોય એવી માન્યતાઓ જોવામાં આવે છે. એવી માન્યતાઓ કોઈ કેન્દ્રવર્તી મૂળથી આકર્ષાઈને તે તરફ વળે

છે; અને આને પરિણામે મરમીઓ જે પ્રતીતિ દર્શાવે છે, તેમાંના ઘણાખરામાં સ્થાનિક અને કામચલાઉ પ્રકારની પ્રતીતિઓ પણ જોવામાં આવે છે. અને આ બધી જે મૂળભૂત મરમી આત્મગત ખાતરી હતી તેની સાથે જોડાઈ જાય છે.

ઉપર વર્ણવી તે પ્રકાશની પળનું સૌપ્રથમ સીધેસીધું પરિણામ તે છે, જેને આપણે સાક્ષાત્કાર કે અંતર્દષ્ટિ કે અંતઃપ્રજ્ઞાવાળા બોધની માન્યતાનું પહેલું પગથિયું કહી શકીએ. આની સાથે વિરોધમાં આપણે જણાવી શકીએ ભ્રાંતિનો પ્રદેશ, જે પ્રત્યે આપણે બુદ્ધિ અને પૃથક્કરણના ભાવથી દોરાયા હતા, જે આંધળા માર્ગદર્શકો હતા. આની સાથે નિકટવર્તી સંબંધ ધરાવતો, આ દેખીતી દુનિયાની પાછળ આવેલી વાસ્તવિકતાનો વિચાર છે, જે તદ્દન જુદો જણાય છે. આ વાસ્તવિકતા એક અહોભાવ તરફ દોરી જાય છે, જેમાંથી પૂજાનો ભાવ ઉદ્ભવે છે. તે હંમેશાં સર્વત્ર હાજરાહજૂર જણાય છે, બહારની ઇન્દ્રિયોના ભભકાની પાછળ એક ઝીણા પટથી જે ઢંકાયેલો હોય છે, માનવમાં રહેલી દેખીતી મૂર્ખામી અને અધમતામાં થઈને પણ પોતાના ગૌરવ સાથે તે પ્રગટ થાય છે, એ પ્રકાશને ઝીલવાને ઉત્સુક મનમાંથી, – એ થઈ મરમીની અંતઃપ્રજ્ઞા. આ આંતરિક ગૌરવના પ્રકાશના ઢૂંઢનારા કવિઓ, કલાકારો અને પ્રેમીઓ છે. જે પાછળ પડેલા સૌન્દર્યને પામવાને તેઓ ઝંખે છે તે સૂર્યની એક પ્રતિચ્છાયા હોય છે. પરંતુ મરમી પોતાની કલ્પનાના પૂર્ણ પ્રકાશમાં જીવે છે, બીજા જેને ધૂંધળું જાણે છે, તેમાં તે જીવે છે. એ એવું દર્શન છે, જેની પડખે બીજું બધું જ્ઞાન અજ્ઞાન જણાય છે.*

બીજી વાત એ છે કે મરમીમાં એકતાનો ભાવ દૃઢ થયો હોય છે. ગમે ત્યાં વિરોધ જણાય કે દ્વૈધ જણાય તેનો તે અસ્વીકાર કરે છે. હીરેક્લિટ્સ કહેતા : "સારું અને ખોટું, પુણ્ય અને પાપ એક છે." વળી કહેતા . "એક જ નદીમાં આપણે પગ મૂકીએ છીએ અને નથી પણ મૂકતા. આપણે છીએ અને નથી."

પ્રાયઃ સઘળા મરમી અધ્યાત્મભાવની (mystical metaphysics) ત્રીજી વાત એ છે કે તેઓ કાળની વાસ્તવિકતાને નકારે છે. ભેદભાવના

* બર્ટ્રાન્ડ રસેલ જેવા માત્ર તર્કનિષ્ઠ બુદ્ધિજીવીનું આ વર્ણન તેમના કોઈ અનુભવનું દ્યોતક તો નહિ હોય? મહાન સૂફી હુજવિરીની તે યાદ આપે છે.

નકારનું આ પરિણામ છે. જો બધું જ એક હોય તો ભૂતકાળ કે ભવિષ્યકાળ ક્યાં રહ્યાં? એ ભ્રાંતિ છે, માયા છે.

વળી તેઓ જણાવે છે કે સઘળું પાપ માત્ર દેખાવ છે, વિશ્લેષણાત્મક બુદ્ધિના વિભાગીકરણ અને વિરોધોથી ઉત્પન્ન થયેલી ભ્રાંતિ છે. ક્રૂરતા જેવી વાતને તેઓ સારી માનતા નથી; પણ તે ખરી કે મૂળમાં સાચી છે તેને નકારી કાઢે છે!

બધા જ મરમીઓની અને મરમીભાવની જે એક નૈતિક દૃષ્ટિએ વિલક્ષણતા છે તે તેમનો ગુસ્સાનો અભાવ છે, અથવા ફરિયાદ કે પ્રતિવાદનો અભાવ છે. બધું જ તેઓ પ્રસન્ન ચિત્તે સ્વીકારી લે છે. આપણે ભેદભાવના ફળ તરીકે જે બે વિભાગો પાડીએ છીએ—સારું અને ખોટું, પાપ અને પુણ્ય—તેને અંતિમ સત્ય તરીકે તેઓ માનતા નથી, તેને નકારે છે.

રસેલના લખાણ ઉપરથી સંકલન કરીને ઉતારેલું ઉપરનું લખાણ તુલનાત્મક દર્શનને સમાવી લે છે. એક રીતે જોઈએ તો તે મરમીભાવની ફિલસૂફી અથવા અધ્યાત્મદર્શન (Metaphysics) ગણાય. જૂલિયન હક્સલીના કરતાં તેમણે આ વિષયને સૂક્ષ્મભાવે ચર્ચ્યો છે. સૂફીવાદ પર પ્રમાણભૂત ગણાતા અલ્ હુજવિરીના ગ્રંથમાં જણાવેલી કેટલીક બાબતોનો જાણે કે રસેલ પડઘો પાડે છે! અલબત્ત, હુજવિરીનો ગ્રંથ તો માત્ર સાધનાની દૃષ્ટિએ જ અતિ નમ્રભાવે લખાયેલો છે. એમાં જણાવેલી વાતો, ઇસ્લામનું વલણ કે પ્રમાણો બાદ કરતાં, એક વિરલ એવો મૌલિક ગ્રંથ ગણાય, એમ મને લાગે છે.

મરમી પાપ કે પુણ્યથી પર થઈ જાય છે એનું એક દૃષ્ટાંત કબીરના જીવનમાંથી મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેને આપેલું જણાવું છું.*

"કબીરનો પૂરણ નામે એક શિષ્ય હતો. તે સ્વભાવે ભક્ત પણ હતો. સૂરણ નામે તેનો એક ભાઈ, જે ધનવાન, રસીલો, સંગીતપ્રેમી હતો. પરંતુ ચારિત્ર્યની દૃષ્ટિએ શુચિતાનો આદર્શ પાળતો નહીં. તેણે પૂરણને પૂછ્યું: 'મારે તમારા ગુરુનું ગાન સાંભળવું છે. મને મંડળી જામે ત્યારે ન લઈ જાઓ?' પૂરણે જણાવ્યું: 'એમને પૂછી જોઈશ.' મંડળીમાં મળ્યા ત્યારે

* 'શિક્ષણ સાધના': ક્ષિતિમોહન સેન (સંપાદક: જયંતીલાલ આચાર્ય).

પૂરણે કબીરને આ જણાવ્યું. તેની ભાઈ વિષેની પોતાની માન્યતા પણ ગુરુની સમક્ષ કહી! 'જો આપની સંમતિ હોય તો સાથે લાવું.' કબીરે કહ્યું : 'ભલે, લાવજો. મને જો પ્રેરણા થશે તો વર્ષાઋતુના વરસાદની જેમ ગાન રેલાવીશ.' પૂરણ સૂરણને લઈને આવ્યો. ગાન શરૂ થયું. છેલ્લી લીટી આવવાની થઈ, 'કબીર કહે સુનો ભાઈ સાધો' ત્યારે તેનામાં દ્વિધા જાગી. પૂરણથી રહેવાયું નહીં. તે બોલી ઊઠયોઃ 'સૂરણ, સાધુ કયાં છે? એ તો છે વિલાસી, રસિયો જીવ.' એ ન ગણકારતાં કબીરે નિયમ મુજબ ગાન પૂરું કર્યું, ગાન સાંભળીને સૂરણ 'સાધો' શબ્દ સાંભળતાં લજ્જિત થઈ ગયો, ગળગળો બની ગયો! કબીર બધું પામી ગયા. અને ગાયું! 'હાં સાધુ, મૈં કહૌં તુમ સાધુ; જિસને તુમ્હેં મલિન કહાયા, યહ સબ હૈ જૂઠ જાદુ!' કબીરે સૂરણની ભીતરમાં રહેલા અંતર્યામીને સંબોધન કર્યું! લાગલો જ એ બ્રાહ્મ-મુહૂર્તમાં તે દીક્ષિત થઈ ગયો, વિલાસિતાનું આવરણ સરી ગયું!

શિષ્યમંડળ આખું થઈ ગયું હતું. એએક દિવસ થઈ ગયા અને કબીરે જણાવ્યું : 'ચાલો, બધા સૂરણને ત્યાં જઈએ.' સૂરણનું ઘર આવ્યું. કબીરે કહ્યું : 'આપણે સૌ સૂરણના ઘરની આસપાસ લટાર મારી આવીએ.' બધા શું કરે! ફરતાં ફરતાં પાછળ એક નાનું બારણું જોયું. એ બારણેથી ભંગી મેલું લઈને આવતો જતો. કબીરે કહ્યું : 'ચાલો, અહીંથી પ્રવેશ કરીએ.' શિષ્યો બોલ્યા : 'ગુરુદેવ! સિંહદ્વાર ત્યજીને આ માર્ગે કેમ જવાનું કહો છો? એ તે કાંઈ ઠીક ગણાય?' કબીરે કહ્યું : 'ભાઈઓ, મનુષ્યના ઘરને વિષે જેટલી ઉદારતા રાખો છો તેટલી તેના જીવનની બાબતમાં કેમ રાખતા નથી? જે માર્ગે થઈને આ અખિલ બ્રહ્માંડના રાજા, તેમના જીવનના રાજા આવશે, તે જ છે તેમનું જીવનદ્વાર, ત્યાં જ થશે તેમનો પરિચય; એટલે જ સૂરણને મેં સાધુ કહીને સંબોધ્યો હતો. એના એ કાળના મામૂલી પરિચયની પાછળ મને નિત્ય કાળનો પરિચય થયો હતો.'

એટલામાં સૂરણને જાણ થઈ. એ તો હાંફળોફાંફળો દોડી આવ્યો. કહેવા લાગ્યો : 'આપે જયારથી મને સાધુ કહીને સંબોધ્યો ત્યારથી મારાં પાપ બળી ગયાં છે. હવેથી એ જીવનમાં પુનઃ પ્રવેશ થવો અસંભવ છે.' અને પગે લાગીને પૂછ્યું : 'મારું જીવન જોઈને આપને શો ખ્યાલ આવ્યો, ગુરુજી?' અને પછી કબીરે જે જણાવ્યું તે અદ્‌ભુત છે! તેઓ બોલ્યા : 'તારા જીવનમાં જે વૈભવવિલાસ અને અનેકવિધ કળાઓનું ઐશ્વર્ય વગેરે હતું તે જોતાં મારા મનમાં માત્ર દુઃખનો ક્ષણિક સ્પર્શ થયો. જેવી રીતે

કોઈ પરમ રૂપાળી, ગુણિયલ કન્યાને વિધવા થઈ છે તે સાંભળતાં તેની માતાને જે દર્દ થાય તે મને થયું. એથી તેનાં કુટુંબીજન પણ દુઃખી થાય છે. આજે મારી એવી સ્થિતિ છે. કોઈ પણ પ્રકારના ઐશ્વર્યની વિરુદ્ધમાં હું નથી. પરંતુ જ્યારે તે વૈભવવિલાસ અને ઐશ્વર્ય પરમ અર્થમાંથી ભ્રષ્ટ થાય છે, ત્યારે તેની વિફલતા આપણા હૃદયના ભારને વધુ અસહ્ય કરી મૂકે છે. ધારો કે એક નદી છે. તે પર સંગેમરમરનો એક સુંદર કળાયુક્ત ઐશ્વર્યપૂર્ણ સેતુ બાંધ્યો છે. હવે જો નદીના બંને કિનારાઓની સાથે તેનું જોડાણ ન હોય, તો, એવા વૈભવપૂર્ણ પુલના કરતાં ગમે તેવો સામાન્ય ક્ષુદ્ર લાકડાનો સેતુ વધુ સાર્થક ગણાય. એ રીતે તારા ઐશ્વર્યવિલાસી જીવનની નદીનો વર્તમાન પરિચય પામ્યો. પણ તારા અતીત કાળનો એમાં પ્રકાશ કયાં? તારું આ વર્તમાન જીવન કેમ કરીને તને ભવિષ્યમાં ઉત્તીર્ણ કરશે? અતીતને ભવિષ્યમાં કેમ કરીને અભિવ્યક્ત કરશે? અતીત અને ભાવિના જીવનનું દર્શન તારા વર્તમાને છિન્નભિન્ન કરી દીધું છે, તારાં વર્તમાન ભોગ–વિલાસ–ઐશ્વર્યે મને દુઃખી કરી મૂક્યો છે. એ બે કાળનું વર્તમાનની સાથે જોડાણ કયાં? પેલી વિધવા કન્યાનું ઐશ્વર્ય જોઈને જેમ એની માની આંખમાં આંસુ આવ્યાં, તેમ તારું આ જીવન જોઈને થયું છે!'

અને સૂરણ ધ્રૂસકે ધ્રૂસકે રડતો ગુરુનાં ચરણમાં પડ્યો. પૂરણ હતો ત્યાં રહ્યો, શિષ્યમંડળી આભી બની ગઈ! સૂરણ બદલાઈ ગયો!"

રસેલે બુદ્ધિથી, શુદ્ધ બુદ્ધિથી, જેનું વિશ્લેષણ કર્યું છે તે મરમી જીવનનો આ આંતરપલટો છે, એક ઉઘાડ છે. પણ એ ગુરુની કૃપાએ થયો,– એ ભારતીય ભાવની વિશેષતા!

આવો બીજો એક પ્રસંગ કહો, સ્વયં ઉઘાડની પળનું રહસ્ય કહો, તે જર્મનીના એક નિરક્ષર મોચી, પણ મહા મરમી, જેકબ બોહિયમનો છે. ઈ. સ. ૧૬૦૦ની સાલ હતી. એના જીવનનો એ એક અભૂતપૂર્વ ઉઘાડ થઈ ગયો! સામાન્યપણે એને કોઈ બાહ્ય સાધનની જરૂર નહોતી પડતી, ધ્યાનાવસ્થાના કોઈ સેતુનું જોડાણ પણ આવશ્યક નહોતું. તેને એક પ્રકાશ લાધ્યો. આ વખતે કોઈ બહારની નજરમાંથી બનેલી ઘટના નહોતી. તેણે એક સાફ કરેલી કાંસાની થાળી જોઈ. એમાં તેને સૂર્યનો ઝળહળાટ જણાયો. તે જોઈ જ રહ્યો. એ ભાન ભૂલી ગયો. તે એક રૂપાંતરિત જગતમાં દાખલ થઈ ગયો! તેનું અંદરનું મન, ગુપ્ત શક્તિઓ, જે અપ્રાકૃતિક હતી, તે બધું જાણે કે એક થઈ ગયું, – ધબકતું, પ્રકાશિત, દિવ્ય!

આ બધું લાગવાથી, તેના અકલ્પ્ય ઝળહળાટથી તે ચમકી ઊઠચો, જાગ્યો અને ક્યાંક ખુલ્લામાં જવા તત્પર થયો. પણ ત્યાંય પ્રકૃતિના પદાર્થોમાં એ જ ઝગહળાટ, એના મર્મમાં એ જ તેજસ્વિતા! એ બાવરો બની ગયો. નાના નાના વેલાઓમાં, ઘાસમાં, ઝાડપાનમાં એ જ શક્તિનો પમરાટ, સર્જનની એ જ ક્ષણ! તેણે જીવન અને પદાર્થોની વચ્ચેની સુસંવાદિતા ઉપલબ્ધ કરી. ભગવાનનાં આશ્ચર્યોનો દિવ્ય હેતુ તેનામાં આવિર્ભાવ પામ્યો!

આત્મભાવે ભગવાનનો આભાર માનવા લાગ્યો. પણ એ અનુભૂતિના કેન્દ્રમાં મૌન થઈ ગયો, શાંત થઈ ગયો, – હલનચલન વગરનો!

આ પ્રસંગને પરિણામે તે એમ માનતો થઈ ગયો કે પોતે પ્રભુ વિષે સઘળું જાણે છે; સૃષ્ટિ અને કુદરતમાં ભગવાનની સહી (signature) નીરખે છે. બોલતો-ચાલતો નથી. પણ...જગતનું દારિદ્રય, દુઃખ, પાપ, માનવની પાશવી વૃત્તિ અને પોતાને લાધેલો દિવ્ય પ્રકાશ, – એ બંનેનું સમાધાન કરી શકતો નથી!

નહિ ગુરુ, નહિ મંત્ર, નહિ ધ્યાનધારણા! એક્હાર્ટ કહે છે તેમ પોતાનો ઉઘાડ અને પ્રભુની શક્તિનો પ્રવેશ, – એક પળમાં!

આથી પેલા પશ્ચિમનાં રસેલ – તત્ત્વચિંતક, ક્યાંક મરમી પણ, જેણે જડવાદનાં પાણી પીધાં છે, કારણ-કાર્યની પરંપરા ન જણાય ત્યાં લગી મન કશું જ સ્વીકારે નહિ, એવા સાચા તર્કનિષ્ઠ બુદ્ધિવાદી રસેલ, – મરમી જીવનની માર્મિક ફિલસૂફી દર્શાવતા રસેલ, – અંતે ચાર પ્રશ્નો આપણી વિચારણા માટે મૂકે છે: (૧) જાણવાના બે પ્રકારો જ માત્ર છે: તર્કબુદ્ધિ અને અંતઃપ્રજ્ઞા (Reason and Intuition)? જો એમ હોય તો એ બેમાંથી એકને પસંદ કર્યે જ છૂટકો છે? (૨) આ બધું નાનાત્વ અને ભેદ ભ્રાંમક છે? (૩) શું કાળ અવાસ્તવિક છે? (૪) સારું–નરસું, પાપ–પુણ્યના મૂળમાં કયા પ્રકારની વાસ્તવિકતા હશે? આ એમની જિજ્ઞાસા છે.

સાચો, સો ટચના સોના જેવો મરમી પોતાના જીવંત જીવનના પ્રમાણ સિવાય અભિવ્યક્તિ કરવા જાય, તો સપડાઈ જશે ભાષાની ભભકમાં, – તત્ત્વના ટૂંપણામાં કદાચ, 'વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો, એ જ આશે;' 'ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.' – એ નરસિંહની પંક્તિઓ; અથવા તો કબીરની પંક્તિ, 'ઠગણી

નયનાં ક્યૌં ઠમકાવે, તેરે હાથ કબીર નહિ આવે', – એના અર્થઘટનમાં. રસેલ તો પ્રમાણ માગવાનો જ. મરમીનું મૌન ત્યાં ન ચાલે!

ઈ. સ. ૧૯૨૫માં ભારતની પ્રથમ તત્ત્વજ્ઞાનીઓની પરિષદમાં રવીન્દ્રનાથ અધ્યક્ષપદે હતા. તેમણે જે વ્યાખ્યાન આપ્યું હતું, તેનું મથાળું છે 'આપણા લોકોનું તત્ત્વજ્ઞાન' (The Philosophy of our People). એમાં તેમણે બંગાળના નિરક્ષર બાઉલ, કબીર અને અન્ય ગ્રામ્ય કવિઓની પંક્તિઓ લઈને ઘણું ઘણું કહ્યું છે. એક તો ઘણે ભાગે પ્રથમ વાર તત્ત્વજ્ઞાનીઓની પરિષદમાં લોકોની વાણી ટાંકીને બોલવું એ એક દુઃસાહસ ગણાય. રવીન્દ્રનાથ નિર્ભીક થઈને બોલ્યા હતા; અલબત્ત, ગૌરવપૂર્ણ નમ્રતા સાથે. એમાં તેમણે લોકોની અભિવ્યક્તિનું માધ્યમ સાદી સરળ પ્રતીકવાળી કવિતા કેમ બને છે એ વિષે આર્ષવાણીમાં દર્શાવ્યું છે. યુરોપનો સર્વશ્રેષ્ઠ ફિલસૂફ પ્લેટો ભલે કવિતાને દેશવટો દે, પણ ભારતમાં તો ફિલસૂફી અને કવિતા સહિયારું જીવન ગાળે છે; અરે, વિષયોમાં વિશ્લેષણ દૃષ્ટિ છે જ નહીં, બધું જ સંયુક્ત છે, એ હકીકત પર ભાર મૂકે છે. તેઓ બાઉલની વાણીમાંથી જણાવે છે: 'અરે, આ ફૂલના વનમાં સોનાનો ઝવેરી કોણ ઘૂસી ગયો છે? અરેરે, એ તો કમળને પણ કસોટીના પથ્થર પર કસે છે!' મરમી અનુભૂતિની વાણીને બુદ્ધિની કસોટીએ કસવી એ કેવું હાસ્યાસ્પદ છે! બાઉલનો એક વિષેનો પડકાર અન્ય સ્થળે જોવા મળશે.

વ્યાખ્યાનમાં રવીન્દ્રનાથ પોતાના જીવનનો એક પ્રસંગ વર્ણવે છે. એક વાર તેઓ બંગાળના ગામડામાં જઈ રહ્યા હતા. ત્યાં વસ્તીનો ઘણો ભાગ મુસલમાન ખેડૂતોનો હતો. ત્યાંના લોકોએ તેમનું સ્વાગત કરવાના નિમિત્તે સાહિત્યનો એક કવિગાનનો પ્રસંગ લીધો. સૈકાઓ પહેલાંની એ વાત હતી. એ ધાર્મિક પ્રસંગનું માહાત્મ્ય તો ક્યારનુંય મરી પરવાર્યું છે; તેનો રણકો હજુય ચાલુ છે. તે સંપ્રદાયની રીતે શરીર, પ્રાણ અને આત્માને લગતી વાત હતી. પછી એક સંવાદ આવ્યો. તેમાં વૃંદાવન જવા એક માણસ નીકળે છે તેની વાત આવી. જતાં એક પહેરેગીરે તેને રોક્યો, તેના પર ચોરીનો આક્ષેપ મૂક્યો, ચોરી સાબિત થઈ. પુરાવામાં એમ નીકળ્યું કે પોતાનાં વસ્ત્રોની અંદર છૂપી રીતે તે બાગમાં પોતાની જાતને સંતાડીને દાણ-ચોરી કરી રહ્યો હતો. એ વસ્તુ તેના માલિકની નથી એમ તે જણાવતો હતો. તેની યાત્રાના અંતિમ ધ્યેયને પહોંચવા આ બધી વસ્તુને પોતાની

માલિકીની છે એ જાણુ તેની અટકાયતરૂપ નીવડી. ગામડાની સજાવટ પ્રમાણે સવાર લગી તે પ્રસંગ ચાલ્યો. વસ્તુઓનું અંતિમ સત્ય ચર્ચતો એ પ્રસંગ વચ્ચે વચ્ચે હાસ્યની છોળો સાથે સમાપ્ત થયો.

આમાં સ્પષ્ટ હતું કે કવિતા અને ફિલસૂફી હાથે હાથ મિલાવી ચાલી રહ્યાં છે. ફિલસૂફી જીવનના સાફલ્યને માટે કેવો વ્યવહારુ માર્ગ બતાવે છે એ સહજ સમજાઈ જતું હતું. લોકોનાં ચિત્તમાં તત્ત્વની છણાવટ કેવી સાહજિક ભાવે વણાઈ ગઈ છે ? એને માટે કોઈ નિબંધની જરૂર નથી, કોઈ અલગ ઉપદેશની જરૂર નથી. પાત્રો તત્ત્વ રજૂ કરે છે.

વચ્ચે પંક્તિ આવે : 'હે સખી, જે માણસ ઊંડાણમાં ડૂબી ગયો છે, તેને માટે અપ્રાપ્ય એવું શું છે ?' વળી આવે,–

મન રે આમાર, મનેર સાથે મિલૂબિ જદિ આય ।
દુઈ મનેતે એક મન હોયે આજબ શહર ચલે જાઈ ॥

(હે મારા મન, બીજા મનની સાથે મળવું હોય તો આવ. બંને મન એક થઈને અજબ શહેર તરફ પ્રયાણ કરીએ.) આપણું એક મન વિવિધતાના પ્રદેશમાં બહારની ચીજો મેળવવા ભટકે છે, અને બીજું જે એકતાના આંતર સ્વરૂપને ઝંખે છે,– એ બંનેમાં ક્યાંય વિસંવાદ જણાતો નથી. તે બંને મળીને અજબને પામવા, એટલે કે અનિર્વચનીયને પામવા યાત્રા કરે છે. ઉપનિષદની મર્મવાણી ગામડાની કવિતાની રચનામાં એવી વણાઈ ગઈ છે કે એ કોઈ પરાયી જણાતી નથી, પરાધીન લાગતી નથી. અદ્વૈતનું તત્ત્વ, અનંતનું તત્ત્વ, જીવનના જાણે કે તાણાવાણા જેવાં બની ગયાં છે.

મનુષ્યનું સ્વાતંત્ર્ય તેના સત્યમાં રહ્યું છે, તેના દેખાવમાં નહીં. પરિણામ મેળવવાના લોભથી પરાણે તેની સફળતાને માર્ગે ગરજના માર્યા વળવું,– એ જીવનની એક નિષ્ઠુરતા છે. આવી મોટી વાત કહેનાર બાઉલ ગાનમાં તેને વણી દે, એ તે કેવી વાત ! એ કોઈ ભદ્ર સમાજનો પ્રતિનિધિ નથી, કેળવણીના ખાતાનો ચાલુચીલાનો માલ તેને ખપતો નથી. એ એની રચનાની મસ્તીમાં મશગૂલ છે, હાથમાં એકતારો લઈને ગાનના નાચમાં ભાનભૂલ્યો થઈ જાય છે. મોટા મોટા ડિગ્રીધારીઓને છક્ કરી નાખે એવી આ વાણી આવી ક્યાંથી ?

'હે ભગવાન, તમારો માર્ગ આ મંદિરો અને મસ્જિદોએ ઢાંકી દીધો છે.'– આ ફરિયાદ એ બાઉલ કોની આગળ કરે ?

'હૃદયકમળ યુગયુગથી ખીલી રહ્યું છે. એમાં તું બંધાયો છે, હું પણ બંધાયો છું. કોઈ ઉપાય નથી!'

બંધનમાં રહેલી મુક્તિની વાત એ ક્યાંથી શીખ્યો?

પહેલાંના એક પ્રકરણમાં જેકબ બોહિમેનનું નામ આપણે ઉલ્લેખ્યું છે. અહીં એનો બીજો એક પ્રસંગ રજૂ કરું છું. વિષયોની અને પુસ્તકોની વાત ચાલતી હતી. એ આપણને જ્ઞાનની સામગ્રી પૂરી પાડે છે, મર્ત્યને અમરતા પ્રત્યે દોરી જાય છે. જેકબને પૂર્ણ પ્રકાશનો સાક્ષાત્કાર થઈ ગયો છે. મહાત્મા કબીરની માફક, કે બંગાળના બાઉલની માફક, કે ઉચ્ચ કોટિના કોઈ સૂફીની માફક અપાર્થિવ મસ્તીમાં રહે છે. (ecstasy) મિત્રોને એ લખે છે: 'હું પોતે જ એક ગ્રંથ છું, મને વાંચો. આખું બ્રહ્માંડ મારામાં છે. બાઈબલ મારામાં છે. હું મારી જાતને વાંચું છું, ત્યારે પ્રભુનો ધર્મગ્રંથ વાંચું છું. તમે સૌ મારા અક્ષરો છો, મારામાં તમે ગોઠવાઈ જાઓ છો. મારો જીવ તમને મારામાં શોધી કાઢે છે. અને ખરા હૃદયથી કહું છું કે તમારા વાચનમાં તમે મને શોધો.' જર્મનીના એક નિરક્ષર મરમી સંત તત્ત્વજ્ઞની કેવી સાહસપૂર્ણ વાણી!

એક વાર બાઉલને કોઈએ પૂછ્યું: 'તમે કોઈ પણ વિષયનો આવો આધ્યાત્મિક ઉત્તર કેવી રીતે આપી શકો છો? તમે તો ભણ્યાગણ્યા નથી?' બાઉલે ગાયું: 'અમે તો સીધા સાગરમાં ઝંપલાવીએ છીએ, તમે જાણો છો કે સાગરમાં સઘળી નદીઓ મળે છે. તમે સૌ કોઈ એકાદ વિષયનું જ્ઞાન ધરાવો છો. એક એક નદી એક એક વિષય થઈ. એટલે બધા જ વિષયો સાગરમાં ભળે છે, એમ થયું ને? અમે સાગરમાં થઈને નદીમાં જઈએ છીએ. એટલે અમને મુશ્કેલી જણાતી નથી...અને મહાસાગરનાં જળ, અપરંપાર, થોકે થોક એમાં ડૂબકી મારીએ ત્યારે કેટલાં જળ માથા પર થઈને વહ્યાં જાય. પણ એનો ભાર લાગે? તમે તો તમારા પાત્ર પ્રમાણે પાણી ભરો. માથે મૂકો એટલે વજન લાગે, જેવું પાત્ર, બાબા; સમજ્યા? અમે તો હળવા ફૂલ જેવા, ઊડીએ આકાશમાં પંખીની જેમ. અમારે બધા વિષયો સરખા. નાનું મોટું, હલકું ભારે, ગંભીર હળવું બધું સરખું,–સહજ.'

મીઠાનો, સબરસનો દાખલો લો. દાળમાં કે શાકમાં ઘણા બધા મશાલા જોઈએ, સ્વાદની ખાતર. હવે ધારો કે બધા મશાલા નાખ્યા છે, પણ મીઠું

નાખ્યું નથી, તો ? તો સ્વાદિષ્ટ નહિ લાગે. કેમ ? મીઠાને અભાવે. મીઠું નાખો એટલે બધા સ્વાદ સમરસ થઈ જાય. પણ મીઠું જોઈએ તે કરતાં વધારે પડે તો ? ખારું થઈ જાય, બેસ્વાદ થઈ જાય, એટલે જ મીઠાને સબ-રસ કહ્યું છે! એ પોતાની જાતને દાળની ખાતર, શાકની ખાતર, ફના કરી દે છે. સઘળા રસોને સમરસ કરે છે. મીઠું 'હું છું' એમ જણાવે તો બેસ્વાદ થઈ જાય, નહીં ?

એવા છે ખરા મરમી, સબરસ જેવા ! કોઈ પણ વિષયને અનિર્વચનીય બનાવી દે. અખાએ એક દૃષ્ટાંત આપ્યું છે. આકાશમાં પંખી ઊડી રહ્યું છે. એનો પડછાયો પૃથ્વી પર પડે છે. અજ્ઞાન પંખીમાર પોતાની જાળને એ પંખીને પકડવા પડછાયા પર નાખે છે. એવો છે મરમી ! તમે માનો કે આવી ગયો મારી જાળમાં ! એ તો પડછાયો છે માત્ર ! પંખી તો વ્યોમ-વિહારી છે. પડછાયાનો પીછો પકડીએ છીએ અને પડછાયો પામીએ છીએ. સત્ત્વ (essence) ક્યાંય ન મળે ! પેલા બાઉલની માફક મરજીવા થવું પડે; સબરસની માફક જાતને ફના કરવી પડે.

એ મરમીતત્ત્વ વિના સઘળા વિષયો અધરા છે. પેલા બોહિયેમે પુસ્તક લખ્યું છે : 'ધી સિગ્નેચર ઑફ ઑલ થિન્ગ્ઝ' (સઘળી વસ્તુઓ પર સહી). એ સહી ઉકેલવાની દૃષ્ટિ મેળવવી રહી !

આપણે સઘળા ત્રણ દિશામાનમાં રહીએ છીએ. આઈન્સ્ટાઈને સાપેક્ષતાની વાત કરી. કાળ પણ એક દિશામાન છે. રવીન્દ્રનાથ યુવાનીમાં પોતાને ખાતર નોંધ લખતા હતા. એમાં એમણે અસીમ આયતનની વાત કહી છે. એ અસીમ આયતન છે પ્રેમ, – અઢી અક્ષરનો પ્રેમ ! ગુજરાતનો મરમી પ્રીતમ જણાવે છે: 'અપાર સિંધુ મહાજળ ઊંડાં મરમીને મન સહેલ જોને.'

## ૪. જીવનને ઉજાળનારા (પૂર્વના – પશ્ચિમના) – ૧

જીવનને ઉજાળનારા કોણ હોય છે? સંતો અને મરમીઓ. કેવી રીતે? પોતાના અંતરના પ્રકાશથી એમણે દીવો પ્રગટાવ્યો હોય છે અને અખંડ એને પ્રગટેલો રાખે છે. આ તો રૂપક થયું! હાસ્તો, ભાષામાં કહેવું છે ને? એટલે. જે ઢાંકેલું પાત્ર હોય છે તેનું ઢાંકણ કહો, પડદો હોય, પટ કહો, સરકી જાય છે, ઊઘડી જાય છે. એમ ને એમ? ના. કઠોર તપસ્યાના પરિણામે કોઈ શુભ મુહૂર્તે. એ શુભ મુહૂર્ત ક્યારે આવે? કહેવાય નહિ, એની ગણતરી નથી. ધીરજ રાખીને, જાગતા રહીને, રાહ જોયે છૂટકો છે. બીજો કોઈ માર્ગ નથી. ખાંડાની ધાર જેવો માર્ગ છે, તેના પર પગ મૂકવાના છે. જે 'સહજ' છે તે ફળે છે દુષ્કર તપસ્યાના તાપે, દર્દે, સંવેદને, ચૈતન્યના સ્પંદને, વાદોના સંઘર્ષે, અંતરના ધર્મકર્મના સંગ્રામે. નરસિંહ કહે છે તેમ પછી એ 'ધરમકરમનું' પોટલું ફેંકી દેવાનું હોય છે, એ સહજાવસ્થામાં નિશ્ચલ, નિસ્તબ્ધ, સ્થિત થવાનું હોય. અને અંતે થાય દર્શન, – બ્રહ્મની પાસે લટકાં કરતા બ્રહ્મનું, પ્રકૃતિનું, છલનામયીનું, ઠગણીનું! છૂટ્યા એમાંથી. પછીનો માર્ગ અનોખો; કદાચ અનંતનો, અસીમનો, અખંડનો, ત્રિગુણાતીતનો, શાંત મૌનનો, ગતિની પરાકાષ્ઠાને લઈને જણાતી છતાં વાસ્તવિક અ-ગતિનો, – પંખો ખૂબ ફરતો હોય ત્યારે ફરતો દેખાય નહિ એવો, તર્કની પરિભાષામાં દેખાવ અને વાસ્તવિકતાનો (Appearance અને Realityનો). વિરોધાભાસ થયો? હા. મરમી સંત એનું દૃષ્ટાંત હોય છે. એની પરખ કેમ કરીને થાય? દૃષ્ટિથી; જે આપી અપાતી નથી, ખૂલી ગઈ હોય.

આવા 'હાલ'નો ઇજારો કોઈ દેશનો નથી. ગમે ત્યાં એ બને, સંભવે.

યુરોપના મહાન તત્ત્વવેત્તા, અને પૂર્ણ મરમી માઈસ્ટર એક્હાર્ટે એક ટુચકો કહ્યો છે.

એક હતા ખૂબ જ્ઞાની – ભણેલાગણેલા. તેઓ વર્ષોથી ભગવાનને પ્રાર્થના કરે, 'હે પ્રભુ, સત્યને માર્ગે લઈ જાય, એવું દર્શન કરાવે એવો કોઈ રસ્તો બતાવો.' ખૂબ આર્ત્તસ્વરે પ્રાર્થનાઓ કરતાં કરતાં એક દિવસ

એવો આવ્યો, જ્યારે એને અંતરમાંથી પ્રેરણા થઈ, અવાજ આવ્યો: 'દેવળની આગળ જા. ત્યાં તને એક મરમી મળશે. એ તને શ્રેયનો માર્ગ ચીંધશે.' એ ત્યાં ગયો, તો તેણે એક ચીંથરેહાલ ભિખારીને જોયો. એનાં કપડાંનાં ઠેકાણાં ન મળે. વિદ્વાને એને જોતાંકને પૂછ્યું: 'પ્રભુ તમને સારો દિવસ આપે.' ભિખારીએ કહ્યું: 'મને ખરાબ દિવસ જણાયો જ નથી.' 'પ્રભુ તમને સારું નસીબ બક્ષો.' 'મેં ખરાબ જાણ્યું જ નથી.' 'પ્રભુ તને આશીર્વાદ આપો'. 'હું હંમેશાં આશીર્વાદ પામેલો જ છું.'

પેલો વિદ્વાન કંઈ સમજ્યો નહીં, મૂંઝાઈ ગયો. તેણે તે ભિખારીને આ બધું સમજાવવા વિનંતી કરી.

ભિખારી બોલ્યો: 'ખુશીથી સમજાવું. તમે મને સારો દિવસ ઇચ્છ્યો અને મેં કહ્યું કે મેં ખરાબ જોયો જ નથી. એટલે કે, હું ટાઢથી થીજી જતો હોઉં તોય ભગવાનનો મહિમા ગાઉં છું. હવામાન ઠંડું હોય, કરા પડતા હોય, વરસાદ વરસતો હોય, કે પછી સરસ ખુશનુમા હોય,—તોય ભગવાનનો મહિમા ગાઉં છું. એટલે મારો દિવસ સારો ગયો ને? તમે મારે કાજે સારું ભાગ્ય ઇચ્છો છો, અને મેં કહ્યુ કે મેં ખરાબ જોયું જ નથી, મારે માટે સાવ અજાણ છે,—કારણ કે હું ભગવાનની સંનિધિમાં રહેતાં શીખ્યો છું. પ્રભુ મને જે દે છે, મારે માટે આદિષ્ટ કરે છે, તે જ ઉત્તમ ગણું છું,—પછી તે દુઃખ હોય કે સુખ. મારે માટે જે રજૂ કરે છે તે સ્વીકારું છું. અને કોઈ વિપત્તિ જાણતો નથી. તમે ભગવાન મને આશીર્વાદ દે એમ ઇચ્છો છો, મારું ભલું તાકો છો, પણ મને કદાપિ એનો અભાવ જણાયો નથી; કારણ કે, મેં મારી ઇચ્છાશક્તિ એમને ચરણે ધરી દીધી છે. તેઓ ઇચ્છે તેમ જ હું કરું છું. આને લઈને હું બડભાગી છું.'

પેલા જ્ઞાનીએ પ્રશ્ન કર્યો: 'ભગવાન ધારો કે તમને નરકમાં નાખે તો?'

'મને નરકમાં નાખે? એ તેમનો સ્વભાવ નથી. છતાંય, ધારો કે એમ બને, તો હું બંને હાથે તેમને ભેટી પડું. મારો એક હાથ તેમની નીચે રાખું,—તે થઈ નમ્રતા, નમનીયતા; બીજો હાથ તેમને વીંટાળું,—એ છે પ્રેમ, ભગવદ્‌પ્રેમ. એમના વગરનું સ્વર્ગ પણ મારે ન ખપે, એ હોય ત્યાં નરક પણ મુબારક.*

---

* બાઉલના ગીતની એક પંક્તિ છે: મૌલા, ચાઇના આમિ ભેસ્ત તોમાર'. (ભગવાન, મારે તારું બહિશ્ત ન જોઈએ.)

પેલાથી ન રહેવાયું! પૂછ્યું : 'તો......તમે કોણ છો?' 'રાજા'. 'ક્યાંના રાજા?' 'મારો આતમ એ મારું સામ્રાજ્ય. મારો આ દેહ, મારી આ સતતા, મારા આત્માને અભિવંદે છે. પૃથ્વીનાં સામ્રાજ્યો કરતાં મારું આ રાજ્ય બૃહદ્ છે.'

'આ પૂર્ણતા તમે શી રીતે પામ્યા?' 'મારી પાંચે ઇન્દ્રિયોને શાંત કરી અને મારી સમગ્ર સતતા વડે પ્રભુ પ્રત્યે મીટ માંડી અને તેમની સાથે એક થયો. એમના વિના મને ક્યાંય શાંતિ ન મળે, ચેન ન પડે. મારી પાસે, મારામાં તેઓ રહ્યા છે. શાશ્વત શાંતિ છે, અખંડ આનંદ છે. આની સાથે કોઈ સામ્રાજ્યને સરખાવી શકાય ખરું?'

બાઉલનું ગીત છે : 'જ્ઞાનેર અગમ્ય તુમિ, પ્રેમેતે ભિખારી.' (તમે જ્ઞાનથી અગમ્ય છો, પ્રેમના ભિખારી છો.) ભગવાને એક્હાર્ટને આવા ઘણા પરચા દીધેલા.

યુરોપને ઉજાળનારા આ થઈ ગયા એક્હાર્ટ, – પરમ મરમી, દાર્શનિક, આચાર્ય (Meister), – શંકરાચાર્યની સાથે સરખાવી શકાય તેવા.* જર્મનીની અધ્યાત્મવિદ્યાના તેઓ પિતા ગણાય છે, અને સાથે સાથે જર્મન ફિલસૂફીના પણ. હેગલના તેઓ પ્રેરક હતા. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે તેઓ યુરોપના ઉત્તર પ્રદેશના સૌથી શ્રેષ્ઠ મરમી, સંત અને ઋષિ ગણાય છે,– સુસો, રૂસબ્રૂઈક તેમ જ જેકબ બોહિયેમથી ક્યાંય ઉન્નત કક્ષાએ. તેમનામાં એક સુભગ સમન્વય થયો હતો : વિદ્વત્તા, અંતઃપ્રજ્ઞા, શાસ્ત્રજ્ઞાન અને અનુભૂતિનો. સંત ઑગસ્ટાઈન, ડાઓનિશિયસ, અને બર્નાર્ડ પ્રત્યે એ ઋણી હતા. જ્હોનની દૈવીવાણી પ્રત્યે એમનામાં વિશિષ્ટ અનુરાગ હતો. પર્શિયા અને સ્પેઇનના અરબી સંતો અને મરમીઓની તેમના પર અસર જણાય છે,– ખાસ કરીને આવિસેન્ના, અલ્-ગઝ્ઝાલી અને એવેરોસની.

પશ્ચિમના કહેવાતા અંધારા યુગમાં ઇસ્લામના આરબોએ વિજ્ઞાનને જીવતું રાખ્યું હતું, તેને વિકસિત પણ કર્યું હતું. તેમણે પોતાની રીતની એક મરમી ફિલસૂફીનાં મંડાણ કર્યાં હતાં. ગ્રીક વિદ્યાના ભગ્નાવશેષમાંથી તેમણે એક નવીન સંસ્કૃતિની રચના કરી. પશ્ચિમના લૅટિન પ્રદેશોમાં પ્રાયઃ અજ્ઞાત એવી ઍરિસ્ટોટલના શાસ્ત્રગ્રંથોની નકલ તેમણે મેળવી હતી; એટલું જ

* જુઓ : રુડોલ્ફ ઓટ્ટોનું "Mysticism, East and West", જેમાં તેમણે બન્નેનાં દર્શન કરાવ્યાં છે.

નહિ, પણ ઍરિસ્ટૉટલને એક સર્વશ્રેષ્ઠ મરમી તરીકે પ્રતિષ્ઠિત કરે એવો એક ગ્રંથ પણ તેમણે મેળવ્યો હતો! વાસ્તવિકપણે એ ગ્રંથ હતો પ્લોટિનસના ઍનીડ્ઝ (Enneads)નો. નકલ કરનારે ભૂલથી તેને ઍરિસ્ટૉટલના હસ્તાક્ષરની નકલ છે એમ લખી નાખ્યું હતું. આમ ઇસ્લામની ફિલસૂફી અને રહસ્યવાદ જ્યારે યુરોપના પુનરુત્થાનમાં ટપકી પડ્યાં, ત્યારે એક મોટી સમસ્યા ખડી થઈ! ઍરિસ્ટૉટલના નામે ભૂલથી ચઢેલી આ વાત પ્લૅટોના નવવાદની પુરવાર થઈ. સંત ઑગસ્ટાઇન અને ઍરિજેનાનું મળતાપણું તેમાં જણાયું. અરબી મરમીભાવ પણ આમાંથી મુક્ત ન રહ્યો. એકહાર્ટ જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે સૂફી કવિઓનાં પાન એમણે કર્યાં હતાં.

આ રીતે એકહાર્ટમાં આપણને અધ્યાત્મવિદ્યાના અનેક તાણાવાણા ભળી ગયેલા જણાય છે. બ્રહ્મવિદ્યામાં લીન રહેતા ઘણાયના તેમનામાં ઉલ્લેખો અને ઉતારાઓ જોવા મળે છે. આલ્બરટસ અને ટૉમસ ઍક્વિનાસ એમના આદરપાત્ર વિદ્વાનો હતા. પરંતુ આ સૌથી સર્વોપરી વાત છે એમની અનુભૂતિની, મરમીભાવની; અને આ સૌને તેઓ સુંદર અભિવ્યક્તિ આપી શક્યા છે. આમ એકહાર્ટ દિવ્ય જીવનના ભોક્તા હતા, ભગવાનની હાજરાહજૂરી સદાય મ્હાણતા, અને તેથી કરીને તેમનાં પ્રવચનોમાં પ્રતીતિ, હૂંફ અને ચોક્કસતા જણાય છે.

ખ્રિસ્તી સંતપરંપરામાં એક અજ્ઞાત વ્યક્તિ થઈ ગઈ. એના કર્તા વિષે નિશ્ચિત રીતે કંઈ પુરવાર થઈ શક્યું નથી. ચૌદમા સૈકામાં ઇંગ્લૅન્ડમાં એઓ થઈ ગયા એમની રચનાનું નામ છે: 'અજ્ઞાનનું આવરણ' (The Cloud of Unknowing). એમાં એમણે જણાવ્યું છે કે પ્રભુની આસપાસ જામેલું અજ્ઞાનનું ધૂમસ પ્રેમની ઉત્કટ તીવ્રતાથી ભેદાઈને વીખરાઈ જાય છે. એમણે એમ પણ સૂચન કર્યું છે કે આધ્યાત્મિક લગ્ન મરમી અનુભૂતિની પરાકાષ્ઠા છે. એટલે કે, ભગવાનની સાથેનો આપણો સંબંધ પ્રિયા–પ્રિયતમનો હોય. એક રીતે આ પ્રેમભક્તિનું સ્વરૂપ થયું. પ્રેમના માર્ગને એ શૂરાનો માર્ગ કહે છે. જેનામાં સાચી શ્રદ્ધા ન હોય તેને એ ગ્રંથ દર્શાવવાની મના કરે છે, સ્પર્શવાની પણ ના કહે છે,–અલબત્ત, પારાવાર નમ્રતાપૂર્વક. આ એક સાધનાનો ગ્રંથ ગણાય. એમાં પંચોતેર ફકરા છે. ક્રાઇસ્ટની અનુભૂતિ આપણા પ્રવૃત્તિમય જીવનમાં થાય અને ધ્યાનપરાયણ પ્રભુપ્રીત્યર્થ જીવનમાં પણ થાય; અને એ ત્યારે જ બને કે જ્યારે મર્ત્ય માનવજીવનમાં વસતો આત્મા પ્રભુની કૃપાને પાત્ર થાય.

આની સાથે અલ્ હુજવિરીનો 'કશ્ફ્-અલ્-મહજબ' (આવરણનું ઉન્મોચન) કંઈક અંશે સરખાવી શકાય. એ પણ સૂફીવાદનો સાધનાગ્રંથ છે, પણ બૃહદ્‌ભાવે – એમાં શાસ્ત્રચર્ચા છે, અનુભૂતિની અનિર્વચનીયતાની ક્યાંક ક્યાંક અભિવ્યક્તિ છે; અનેક સૂફીઓનો પરિચય, વાણી, પારિભાષિક શબ્દો, એવી ઘણીખરી બાબતોનો એક આકર ગ્રંથ છે. એમાંથી આપણે આગળના પ્રકરણમાં વસ્તુ – સાધનાવસ્તુ – નો સ્પર્શ કરવાના છીએ, – કંઈક સૂફીદર્શન પણ. અસ્તુ !

મારા શાંતિનિકેતનના અનુસ્નાતક અભ્યાસના કાળ દરમિયાન ઘણું ઘણું બની ગયું છે, જે મારું એક અંગત ગુપ્ત ધન રહ્યું છે (હૃદયના એકાંતમાં); અને તેમાં એક હકીકત બની ગઈ હતી તે જણાવું છું. અમે જ્યાં રહેતા હતા તેને પ્રાક્-કુટિર કહેતા. મારા ખંડની બાજુના ખંડમાં ભાઈ દલસુખભાઈ માલવણિયા રહેતા. તેમની સાથે કેટલીક વાર ધર્મચર્ચા પણ થતી. તે વખતે 'જૈન પ્રકાશ ઉત્થાનનો મહાવીર અંક' પ્રગટ કરવાનો હતો. તેમની સાથે ભાઈ શાંતિલાલ શેઠ રહેતા અને ખુશાલદાસ જગજીવનદાસ બીજે રહેતા. એમણે મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેનને એક લેખ લખી આપવા વિનંતી કરી. એનો એમણે હા – ના કરતાં સ્વીકાર કર્યો. પાઠકસાહેબે એમનો પરિચય કરાવતાં 'પ્રસ્થાન'માં 'હિંદનું જંગમ જ્ઞાનતીર્થ' એવા શબ્દો વાપર્યા છે. બધું જ તેઓ જાણે, – અરે, અમારા વિદ્યાભવનના અધ્યક્ષ મહામહોપાધ્યાય વિધુશેખર ભટ્ટાચાર્ય (જેઓ એકબીજાને તું કહેતા, કારણ કે કાશીમાં સહાધ્યાયીઓ હતા) ક્યાંક જવાના હોય તો યાત્રાની સઘળી વિગતો – ગાડી, ઊતરવાનું, ફરવાનું, ક્યાં શું કરવાનું, – એ બધુંય કાગળમાં ટપકાવી આપે. અસ્તુ !

એટલે મને બોલાવ્યો. તેઓ બંગાળીમાં બોલે, હું ગુજરાતી કરતો જાઉં. લેખનું નામ હતું 'જૈનધર્મની પ્રાણશક્તિ'. મારી પાસે એની પ્રિન્ટ છે. એમાં એમણે જૈનધર્મની જાણે કે પરકમ્મા કરી છે। અહીં બીજું બધું અપ્રસ્તુત છે.

એમાં એક મહત્ત્વની વાત જાણી છે તે નોંધું છું.

કહે છે : 'પ્રાચીન કાળમાં ભારતના યોગીઓ, નાથપંથી સાધુસંતો, પારસ, આરબ, સીરિયા, મિસર અને તુરક દેશોમાં પરિક્રમણ કરવા જતા

બાલ્યકાળમાં કાશીમાં મેં કોઈ કોઈ વાર એવા યોગીઓ જોયા છે, જેઓ નીલ નદી અને કાસ્પિયન સાગરમાં સ્નાન કરી આવેલા. ઈ. સ. ૯૯૮ની આસપાસ આ પ્રમાણે વીસ યોગી સાધુઓ મળીને સમૂહમાં ભારતની બહાર પરિવ્રજન કરવા ચાલી નીકળ્યા હતા. તેમના સંઘમાં ચિકિત્સક રૂપે એક જૈન સાધુ પણ હતા. દેશમાં પાછા ફરીને વળી પાછા દેશપર્યટન કરવા નીકળી પડ્યા. ઈ. સ. ૧૦૨૪માં જ્યારે સૌ પાછા ફર્યા ત્યારે તે દળની સાથે સીરિયાના પ્રખ્યાત અંધ કવિ અને જ્ઞાની સાધક આબુલ્ આલા પણ હતા. તેમનો જન્મ સીરિયાના મા અરૂરાત અલનુમાન નામના ગામમાં ઈ. સ. ૯૭૪ની આસપાસ થયો હતો. તેમના દાદા સુલેમાન–અલ–મ–આરિ લાંબા કાળ લગી કાજી હતા. ચાર વર્ષની ઉંમરે શીળીના રોગને લઈને તેઓ અંધ થઈ ગયા, તોય તેમની જ્ઞાનતૃષ્ણા એટલી અદમ્ય હતી કે ઠેઠ મોરોક્કોથી બગદાદ લગી ઠેકઠેકાણે તેઓ જ્ઞાન મેળવવા ફરવા લાગ્યા. તેમનો મત ખૂબ ઉદાર અને બિનસાંપ્રદાયિક હતો. તેઓ એટલા બધા સ્વાધીન અને ન્યાયપરાયણ હતા કે ગમે તેવો ધનિક હોય કે ધર્મગુરુ હોય તેના અન્યાયની પ્રત્યે આંખ આડા કાન કરતા નહીં. તેમનો રચિત 'સખ્ત–અલ્–ઝંદ' તે દેશમાં સંમાનિત કાવ્યગ્રંથ ગણાતો. ઉદારતા અને સ્પષ્ટ કહેતા, તેને લઈને તેમના સમયમાં એક વિરોધી આંદોલન જાગ્યું. તેમણે તે ગણકાર્યું નહીં. બગદાદ જઈને ભારતના જ્ઞાનીઓની સાથે તેમનો મેળાપ થયો. એમના સત્સંગથી તેમનો મત બદલાઈ ગયો. આબુલ્ આલાના કાવ્યમાં રહેલા પ્રતિભાસ્પર્શી પ્રભાવને ઉમર ખય્યામ પણ ટાળી શક્યા નહીં.

આ દળની સાથેના પરિચયને પરિણામે તેઓ ભારતના અધ્યાત્મ-જ્ઞાન તરફ ઢળ્યા. યોગમાર્ગની સાથે સાથે તેમણે એક મરમી સાધકની રીતે કેટલીક માર્મિક વાતો (Mystic) કહી છે. તેમનો ઈશ્વર તેમની આસપાસ મનાતો, સમધર્માવલંબીઓનો સ્વીકૃત ઈશ્વર નથી. તેમણે એક સર્વવ્યાપી નિર્લિપ્તની વાત કરી છે. ધાર્મિક જગતમાં જણાતો કુસંસ્કાર તેમને અસહ્ય લાગતો. આ પ્રકારના કુસંસ્કારને લઈને એક દળ બીજા પર પ્રભુત્વ ચલાવે છે,– એ તેઓ સહન કરી ન શક્યા.

સ્વર્ગાદિમાં તેમની શ્રદ્ધા નહોતી. બૌદ્ધ અને જૈનની માફક તેઓ વિચારવા લાગ્યા કે મુક્તિમાં જ આપણા દુઃખપૂર્ણ અસ્તિત્વનું અવસાન

રહેલું છે. આ સત્તા જ આપણાં બધાંય દુઃખનો આધાર છે. એટલે કેવળ નિર્વાણમુક્તિ જ પ્રાર્થનીય છે.

પછી તેઓ બગદાદ થઈને વતનમાં ગયા. ત્યાં જઈને એક ભારતીય તપસ્વીની માફક તેમણે ગુફામાં રહીને અતિકૃચ્છ્ર તપસ્યા કરી. તે પછીનું તેમનું કાવ્ય અન્યભાવે ભરપૂર જણાયું. તેમણે મદ, મત્સ્ય, માંસ, ઈંડાં અને દૂધનો ત્યાગ કર્યો. ખૂબ વૃદ્ધ થઈ ગયા. કાયાકષ્ટથી લેવાઈ ગયા, જીવનમાં શાંતિ અને મૈત્રી સ્થપાઈ ગયાં.

નાના મોટા સર્વે જીવો પ્રત્યે તેઓ અપાર કરુણાપરાયણ થયા. કવિતામાં તેમણે લખ્યું છે કે, 'શા માટે ફોગટ પશુહિંસાથી જીવનને કલંકિત કરો છો ? શાને બિચારાં વનચારી શિશુઓનો નિષ્ઠુરભાવે શિકાર કરો છો ? હંમેશને માટે તમે વ્યાધ નહિ રહી શકો, અને તેઓ વધ્ય નહિ રહી શકે ! એક દિવસ આ પાપનું માર્જન કરવું પડશે.'

સાંપ્રદાયિક દૃષ્ટિએ તેમની વિરુદ્ધ હોવા છતાં લોકો તેમની વિદ્વત્તા અને તપશ્ચર્યાથી પ્રભાવિત થઈને દૂર દૂરથી તેમને માટે ઉપહાર આણતા. તેઓ એ બધું દીનદુઃખીને વહેંચી દેતા અને મુનિજીવન ગાળતા.

આબુલ્ આલાના અહિંસાવાદના મૂળમાં ભારતીય ભાવથી વિદ્વાનો વાકેફ છે. પરંતુ તેમના મતામતથી પ્રેરિત જીવનયાત્રામાં અને તપશ્ચર્યામાં શું વિશેષ ભાવે જૈન ધર્મનો પ્રભાવ નથી જણાતો ?* આબુલ્ આલાનો મતવાદ તેમની સાથે જ લુપ્ત થયો. પરંતુ પાછળના સૂફીઓમાં એનું સ્થાન રહ્યું છે. વિખ્યાત મરમી કવિ જલાલુદ્દીન રૂમીની કવિતામાં એના ભણકારા વાગે છે : દા. ત. 'હતો પથ્થર, મટીને થયો વૃક્ષ, હતો વૃક્ષ, મટીને થયો જંતુ, હતો જંતુ, મટીને થયો મનુષ્ય; હવે હું થઈશ દિવ્ય દેહ દ્વારા અમર દેવ. ત્યાર પછી તેને પણ ત્યજીને અનુપમ ગતિ પ્રાપ્ત કરીશ. થઈશ શૂન્ય અને શૂન્યમાં થઈશ લવલીન !' આ વાણી નિર્વાણમાં પરમ ગતિની સાક્ષી નથી આપતી ? વળી કહે છે : 'સૂર્યનાં રશ્મિમાં દીપ્ત રેણુરૂપે ભાસમાન થઈશ. હું જ સૂર્યનો ઝગઝગતો ગોળો છું. ઉષાની સુવર્ણ જ્યોતિ હું જ છું. સંધ્યાનો પ્રાણ-સમીરણ હું જ છું.' આમાં ભારતના મરમીનો પડઘો નથી પડતો ?

---

* જેઓ તેમની કવિતાનો રસ આસ્વાદવા માગતા હોય તેમણે અમીર રીહાનીથી અનુવાદિત 'લુઝુમિયાત' કાવ્યસંગ્રહ વાંચવો.
(James T. White & Co., New York)

ફ્રાન્સના એક મહાન નવલકથાકાર, ચિંતક, સંગીતજ્ઞ અને ભારત તરફ મીંટ માંડનાર રોમાઁરોલાઁએ 'પ્રબુદ્ધ ભારત'માં ખૂબ અભ્યાસપૂર્ણ લેખો લખ્યા હતા. તેમાંથી કેટલોક ભાગ લેવાના છીએ. એમાં તેમણે જેમ આપણે કાશીને ગણીએ છીએ તેમ એલેક્ઝાન્ડ્રિયાને અનેક મતવાદોનો ત્રિભેટો ગણ્યો છે. એક બાજુ યુરોપ, બીજી બાજુ સૂફીઓના પ્રદેશો અને આ બાજુ ભારત – એમ જીવનને – આખાય જગતને – ઉજાળનારા વિદ્વાનો, મરમીઓ, સંતો, દાર્શનિકો ત્યાંથી દિશદિશમાં પ્રકાશની મશાલ લઈને ફર્યા છે. કોણે કોનું લીધુંદીધું એ અહમહમિકાના મહાનિબંધોના બૌદ્ધિક નિર્ણયો તજીને, એણે જે મહાન મિલનભૂમિનો ધ્વજ ફરકાવ્યો છે, તેને વિષે શબ્દોમાં કહી શકાય તેમ નથી. સમગ્ર વિશ્વના અનુભૂતિમૂલક મરમી સંતોએ એની સમક્ષ માથું નમાવવું પડશે. ફીલો (Philo)નો આંતર પ્રકાશ, પ્લોટિનસ (Plotinus) અને પોરફિરી (Porphyry)ની અવર્ણનીય સમાધિ અવસ્થાની આત્મ-નિમજ્જનપૂર્ણ મસ્તી, આપણા ભારતના યોગીઓની સમાધિની અવસ્થા, સૂફીઓની તપશ્ચર્યા અને ઈશ્કની ખુમારી, – એ બધુંય ત્યાં એક વાર જામ્યું હતું. રોલાઁ કહે છે કે 'સંશોધનનું હાર્દ અહીં છે.' મારા ગુરુ જેમ સંતોની વાણીને માટે ઉત્કટભાવે પગપાળા યાત્રાઓ કરતા, તેમ રોમાઁ રોલાઁ ચિન્મય ભાવે 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ' જોવાની રાહ જોઈ રહ્યા હતા! એમણે વિસ્તારથી કરેલી વાત પછીના કોઈ પ્રકરણમાં જોઈશું.

*

જગતના ઈતિહાસમાં ચીનની અને ભારતની ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ ગણાય છે. આપણે ત્યાં જેમ વેદ છે તેમ ચીનમાં લાઓત્સેનાં મંત્રકાવ્યો ગણાય છે. લાઓત્સેએ જેના વિષે ઘણું લખ્યું છે એ તાઓ (Tao) આખા સૃષ્ટિનું તેમ જ સંસ્કૃતિનું મૂળ મનાય છે. એવી રીતે લોગોસ (Logos), વર્ડ (Word) અને ઓમ્ છે. આ ચારેય કેટલેક અંશે નાદબ્રહ્મનાં, શબ્દબ્રહ્મનાં આદિ પ્રતીકો છે. એ ચારેય મરમી ભાવની પરાકાષ્ઠાનાં દ્યોતક છે. ઓમ્‌ને વિષે આપણે સૌ જાણીએ છીએ. ઉપાસનાના કે અનુષ્ઠાનના કાર્યમાં એનો વૈજ્ઞાનિક વિનિયોગ થાય છે. રવીન્દ્રનાથે એને વિષે મંત્રના બંધન તરીકે એક લેખ લખ્યો છે. શાસ્ત્રની ભાષામાં એને પ્રણવ કહે છે, એ બીજમંત્ર છે.

ખ્રિસ્તી મરમીધારામાં લોગોસ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ક્રાઈસ્ટના આગમન પહેલાં હિરોક્લિટસના સમયથી મરમીઓમાં તેમ જ તત્ત્વજ્ઞોમાં

લોગોસ એટલે માનવજીવનમાં ઉચ્ચતર જીવનું સર્વવ્યાપીપણું, એક પ્રકારની પ્રજ્ઞા કે દૈવી સત્તા, જે આત્માનું પાલન કરે છે તે. ત્યાર પછી ફિલો-(Philo)એ હીબ્રુ, પ્લૅટોનિક તેમ જ સ્ટૉઇક એમ ત્રણેયનો સુમેળ સાધીને એક નવું સ્વરૂપ આપ્યું: સર્જનના જાણી શકાય એવા પ્રદેશમાં ઊતરી આવેલો ન જાણી શકાય એવો પ્રભુ, એમ એને મહિમાન્વિત કર્યો. તે માનવ-જીવનના અંધકારમાંથી આત્માને મુક્ત કરે છે, માનવની ચેતનામાં પ્રવેશતી પ્રભુની અભિવ્યક્તિ છે એમ જણાવે છે. બાઇબલ શરૂ થાય છે એ લોગોસથી. શબ્દથી. ક્રાઇસ્ટને પણ લોગોસ ગણવામાં આવે છે.

ગુજરાતના ઘણા ભજનિક સંતો 'શબ્દ' એટલે અનુભવવાણી એમ જણાવે છે, 'શબ્દ'ને ઓળખ્યો એટલે ભગવાનને ઓળખ્યા એમ પણ માનવામાં આવે છે.

પહેલાંના એક પ્રકરણમાં લાઓત્સ અને કન્ફ્યૂશિયસનો એક ઐતિ-હાસિક પ્રસંગ – મુલાકાતનો – આપ્યો છે. બંને સમસામયિક હતા. ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઈ ગયા. લાઓત્સ કન્ફ્યૂશિયસથી ઉંમરે ઘણા મોટા. બંનેય ચીનની સંસ્કૃતિના મૂળમાં પાયાના મહાત્માઓ, ઋષિઓ. એમ કહી શકાય કે ચીનની આધ્યાત્મિકતાને, નીતિને, ઋતને બાહ્યાભ્યંતર રૂપ આપનાર એ બંને. આધ્યાત્મિકતા અને નીતિમાં કયાં મૂલગત ફરક છે એ પણ તેમના જીવનમાંથી જણાઈ આવે. ભારતના મધ્યકાળના સંતો જેને 'સહજ' કહે છે એવું કાંઈક લાઓત્સના તાઓનું સ્વરૂપ છે. એમ કહેવું હોય તો કહી શકાય કે ચીનના દેહની પ્રતિમાને કંડારનાર કન્ફ્યૂશિયસ અને એમાં પ્રાણપ્રતિષ્ઠા કરનાર લાઓત્સ.

તાઓ એટલે અસ્તિત્વની આધ્યાત્મિક એકતા, માનવનો 'સહજ' સ્વભાવ, જીવનના લયની સાથેની એકવાક્યતા, આગ્રહ વગરનું કર્મ (action without assertion), દખલગીરીનો કેવળ અભાવ, આત્મામાં શાંતિનું પ્રતીક, હોશિયારી અને સદાચાર અને નીતિના બહારના સંસ્કાર વગરના લોકોમાં રહેલાં સચ્ચાઈ, પ્રામાણિકતા અને અનુકંપાનાં સહજ મૂળભૂત તત્ત્વો.

તાઓ અનિર્વચનીય છે અને છતાંય સર્વત્ર છે. તે નિરપેક્ષ છે, અનંત છે, એક છે. જે કાંઈ છે તે તાઓ છે, સર્વની પાછળનું રહસ્ય એ છે. તે અસીમ છે.

અત્યારના માનવજીવનના પ્રશ્નો મોટા ભાગે મનોવૈજ્ઞાનિક છે. એ પ્રશ્નોનું નિરાકરણ વ્યક્તિગત ભાવે તેમ જ સમષ્ટિગત ભાવે જીવનના અર્ધજાગ્રત, અર્ધસુષુપ્ત મનમાં રહ્યું છે, એમ જણાય છે. પશ્ચિમમાં મનોવૈજ્ઞાનિકો ઘણા થઈ ગયા છે. તેમાંય ખાસ કરીને ધાર્મિક અનુભવો, માન્યતાઓ વગેરેનું સૂક્ષ્મ પૃથક્કરણ કેટલાક ઉચ્ચ કોટિના મનોવૈજ્ઞાનિકોએ કર્યું છે. ડૉ. ફ્રોઈડ, યુંગ, ઍડલર, લ્યૂબા, સ્ટારબક, ડૉ. પ્રાટ અને મારી દૃષ્ટિએ વિલિયમ જેઈમ્સ, – એ સૌએ આ ઘટના અથવા વાસ્તવિક દૃષ્ટિએ અધ્યાત્મભાવી અનુભૂતિને કેટલેક અંશે બહારથી, કેટલેક અંશે ઊંડાણના તળથી સમજવાનો પ્રયત્ન કર્યો છે. એ સૌ ધન્યવાદને પાત્ર છે.

પરંતુ અમેરિકાના કલામર્મી અને કલામીમાંસક, ધર્માનુભૂતિને પોતાની અંતઃપ્રજ્ઞાથી મ્હાણીને મૂલવનાર, મરમીઓને બરાબર નિર્લિપ્તભાવે સમજવા પ્રયત્નશીલ, –

'કહા કહું કછુ કહત ન આવે
નયન રહે ઝરરાય,
મીરાં દાસી જુગ જુગ પ્યાસી
પડી તમારે પાય, –

અથવા,

ભીતર બાહિર તિમિર નિરંતર
બિન પિયા નાહિ ઉપાય, –"

જેવી દર્દની પંક્તિઓને, સમસંવેદનભાવે ઝીલી શકે, ભાષાની અભિવ્યક્તિમાં સમજી–સમજાવી શકે તેવા, – રુડોલ્ફ ઓટો જેવા જેને કામજન્ય મરમીભાવ (erotic mysticism) કહીને મનને મનાવનાર, પરંતુ એકાંગી વિશ્લેષણકાર – એવાને યથાર્થભાવે ઉત્તર આપે એવા શેલ્ડન ચેની એક મરમી જ છે, એમ લાગે છે. એમણે ભારતનાં, આરબ દેશોનાં, ગ્રીસનાં સઘળાં અધ્યાત્મલક્ષી પરિબળોને સંશોધીને 'જેવાં છે તેવાં' રજૂ કર્યાં છે, અને તેથી એમનું તારણ ઉદાર દૃષ્ટિએ ઘણુંખરું કાંટેકાંટ છે એમ લાગવાથી, નીચે તેમના ગ્રંથમાંથી કેટલાક લાંબા છતાં આવશ્યક ઉતારા કરતાં અચકાતો નથી. એમના પ્રત્યેની આ લાગણીમાં 'કોઽપિ હેતુઃ' પણ હોઈ શકે છે.

"મનુષ્યનો જીવ પ્રભુ પ્રત્યે અથવા તો પોતાના મૂળ તરફ જવા આતુર હોય છે. એટલા માટે એક સુવર્ણયુગ કે એક શાશ્વત સ્વર્ગની

કલ્પના પ્રાયઃ સઘળા ધર્મોમાં સર્વસામાન્યભાવે જણાય છે. આત્માની અનિવાર્ય એવી પોતાના ઘર તરફ પાછા ફરવાની એ લાગણી હોય છે, (જેને એલ. પી. જેક્સ homing instinct કહે છે) એને મરમી ભાવની દૃષ્ટિએ વિરહવેદના પણ કહી શકાય. ઘણાખરા કલ્પનાશીલ ઋષિઓએ, કવિઓએ અને તત્ત્વજ્ઞોએ એ સુવર્ણયુગના પ્રદેશને (કે વતનને?) અસ્પર્શ્ય, આધ્યાત્મિક તરીકે વર્ણવ્યો છે. એ એવું રાજ્ય હોય છે જ્યાં દેવો અને માનવોનો કોઈ ભેદ નથી હોતો. જે કવિઓ હોય છે અને તેથી કરીને જે મહાન મૂળને પ્રભુ તરીકે ઝાંખી કરે છે, તેમને માટે તે એક એવું રાજ્ય છે, જ્યાં સ્વેચ્છાએ મનુષ્યો પ્રભુની સાથે હરીફરી શકે છે. જેઓ આ પ્રકારની કલ્પનાશીલતામાં વિશ્વાસ મૂકી શકતા નથી, અને જેઓ ઇન્દ્રિયોનાં સ્વપ્નાંથી ઉપર જાય છે, તેમને માટે એક શિવદશાનો પારાવાર છે, જ્યાં ગયે આત્મા વિલીન થઈ જાય છે. એ છે શાશ્વતી, અનંતતા, પરાત્પરતા; સૃષ્ટિ, મર્ત્યતા અને માનવની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેકબુદ્ધિથી તે પર છે, મનસાતીત છે. ત્યાં મુક્ત આત્મા દિવ્યતામાં ભળી જાય છે. ત્યાં તે એક પૂર્ણ આરામનો આનંદ મ્હાણે છે, એક અમર સતતામાં નિમજ્જિત થઈ જાય છે.

"ત્યાં નથી પાપ, નથી મૃત્યુ. દિવ્યની સાથેના સમાગમમાં સૌ ભાઈઓ છે. જ્ઞાનને ઠેકાણે પ્રજ્ઞા અને સમજ આવે છે. હોલિનેસ (પવિત્રતા?), એટલે કે અખંડભાવે અથવા અખિલાઈમાં જીવવું, એ સહજ અવસ્થા બની જાય છે.

"દૂર પૂર્વના દેશો, જેવા કે ચીન, હિંદ અને જાપાન, જે બધાં પશ્ચિમનાં રાષ્ટ્રોના કરતાં તત્ત્વચિંતનમાં વધારે પરિપક્વ છે; જ્યાં બાગબગીચા હોય, ધનદોલત હોય, રત્નો અને ઝવેરાત હોય, રેશમ હોય, અત્તર હોય, એવી વસ્તુઓની આવશ્યકતાવાળા સ્વર્ગને સ્વીકારતા નથી. ઇન્દ્રિયોના ભોગવિલાસના કરતાં એક જુદા પ્રકારના આનંદલોકમાં તેઓ રાચે છે. એક પરમ પ્રજ્ઞા, દિવ્યની સંનિધિ અને વૈશ્વિક પ્રેમ, – એવા ભાવસભર શબ્દોમાં તેમને એક સાર્થકતા, એક અનુભૂતિનું દર્શન થાય છે. પરમાનંદમાં લય પામવાથી તેમનું એ સ્વપ્ન સમાપ્ત થાય છે.

"પશ્ચિમમાં સ્વર્ગ એટલે આપણા સામાન્ય સારા ગણાતા ભૌતિક પદાર્થોની પરિભાષાના કરતાં કંઈક ઉચ્ચ પ્રકારની મોજમઝાનું ધામ, – એક

સ્વર્ગલોક. બાગ એ ભગવાનને ગમે છે, અને આપણા પશ્ચિમના સ્વપ્નલોકમાં ઇડન કે પૅરેડાઈઝ (આપણું નંદનવન?) એક દૈવી બાગ છે અને એ પણ ખરું કે આપણા એ સોનેરી ધામને તેમની તદ્દન શાંત અને કોમળ ભૂમિકાને છાજે એવા પ્રાથમિક ભૌતિક પદાર્થોની બનેલી તેઓ જુએ છે : ઇન્દ્રિયોનો આરામ–વિશ્રામ, સુંદર મઝાનું સંગીત, મીઠી મીઠી મૃદુ પવનની લહરીઓ.

"પરંતુ તેથી પર, જેમ પૂર્વના ઋષિઓ અને મરમી કવિઓએ વારંવાર જણાવ્યું છે તેમ, પશ્ચિમના ખ્રિસ્તીઓ આપણે તથા વિશેષે કરીને જ્યૂ, મુસલમાન વગેરેએ આપણા પવિત્ર ગ્રંથોમાં સ્વર્ગને અને સુવર્ણયુગને આપણા સંસારનાં સામાન્ય સ્વપ્નોની સાજસજાવટની વેષભૂષાથી સુસજ્જિત કર્યું છે. આપણે આપણા અહંકારોને અને તૃષ્ણાઓને એમાં ઘુસાડયાં છે. આપણી પાર્થિવ કામનાઓનો જાણે કે પડઘો હોય એમ સ્વર્ગલોકને ચિત્રાંકિત કર્યો છે! ઇહલોકમાંથી છૂટીને સ્વર્ગલોકમાં આપણી ક્ષુધા તૃષ્ણા, આપણો સોનાનો અને ઝવેરાતનો વિલાસ, કોઈ ભવ્ય ભવ્યની ભૂખ ભાંગશે, એવા વિચારમાંથી છૂટવા આપણે ખૂબ ધીમા છીએ.

"ખરું પૂછો તો ખ્રિસ્તી ધર્મના મોટા ભાગના સંતોએ અને ભગવાનના દૂતોએ, ખાસ કરીને જીસસે, પૂર્વનો ઉપર જણાવ્યો તે ભાવ દર્શાવ્યો, – રહેણીકરણીમાં. ભગવાનનું સામ્રાજ્ય અંતરમાં છે, સ્વર્ગ અને નર્ક બહાર નથી, ભૌતિક નથી. એ આપણા મને સર્જેલાં છે, આંખોએ નહિ જોયેલો અને નહિ સાંભળેલો સ્વર્ગનો બદલો છે. અંતે આપણે પ્રભુની સમક્ષ ખડા થનાર છીએ.....

"આપણાં લખાણોમાં 'મરમી પૂર્વ' (Mystic East) શબ્દો પ્રચલિત છે. પશ્ચિમના કરતાં પૂર્વમાં ધર્મનું હાર્દ અંતર તરફ વળેલું છે. એટલે કરીને, મરમી જીવનના બે ઋષિઓ – લાઓત્સ અને ગૌતમ બુદ્ધ, દેહના કરતાં આત્મા પ્રત્યે ઢળેલા, એ કોઈ આકસ્મિક ઘટના નથી. બંને આત્મતત્ત્વને પરમ વાસ્તવિકતા માને છે, બંને અંદરના શુદ્ધિકરણને (Cleansing), ત્યાગને ઉપદેશે છે; તૃષ્ણા, બહારનાં કર્મ, ધનદોલતને ઝાંઝવાનાં જળ ગણે છે; 'માર્ગ' (The Way) પળાને વ્યક્તિતાથી માંડીને નૈર્વ્યક્તિતામાં, દિવ્યના સાગરમાં વિલીન થઈ જવું કર્તવ્ય ગણે છે. સર્વોપરી પાર્થિવ સત એટલે આંતરિક શાંતિ, મનની નિસ્તબ્ધતા અને આત્માની પ્રશાંતિ.

"બંને ઋષિઓમાંથી લાઓત્સ ઓછા તપસ્વી હોવાને કારણે, વધુ માનવીય અને ઓછા આગ્રહી હોવાને કારણે પૂર્વના મરમીભાવના ઇતિવૃત્તમાં વધુ અસરકારક માર્ગદર્શક નીવડે. તેઓ જીવનને સમૃદ્ધ બનાવવા માગે છે, – જીવનને દબાવીને નહીં, જીવનમાંથી છુટકારો મેળવીને નહીં. જીવનના અધ્યાત્મલક્ષી ભાવ પ્રત્યે સ્વાભાવિક ભાવે, સહજ માર્ગે તેઓ એટલા બધા સુનિશ્ચિત છે, કે તેઓ એવડી રીતે હૃદયગ્રાહી બને છે.

"ઉપરના તત્ત્વમાંથી ઊતરી આવેલું જીવનનું માધુર્ય લાઓત્સને એટલું બધું પસંદ છે કે તેમને સુવર્ણયુગના ખરા પયગંબર બનાવે છે. પોતે આ બાબતમાં સાવ અભાન (un–self-conscious) સહજભાવે સુસંવાદી અને ગંભીરભાવે પ્રસન્નચિત્ત છે. રાજ્યકર્તાઓ અને સુધારકોની કૃત્રિમતા તેમ જ છલના પ્રત્યે ધ્યાન દોરતાં છતાં પોતે નિર્દોષ રહી શકે છે; અથવા તો, એક વાર યુદ્ધ શરૂ થાય પછી તેને માફ કરવામાં આવે ત્યારે જુલમની અનિવાર્યતાને સમજાવતા હોય છે. અને તે વખતે તેઓ સાવ નિર્દોષ, ગ્રંથિમુક્ત, ગુસ્સા વગરના, છેતરવાથી અલિપ્ત રહે છે. તેઓ માત્ર અંતઃપ્રજ્ઞાને બળે બોલે છે, પાપના ઉદ્ભવ પહેલાં દુનિયા જેવી હતી તેની સમજમાંથી વાણી ઉચ્ચારે છે.

"નમ્રતા, શાંતિ અને આત્માના સ્વાતંત્ર્યના તેઓ ઉગ્ર હિમાયતી છે. પ્રકૃતિની સુસંવાદી પ્રક્રિયાઓના ધ્યાનને, લયયુક્ત હલનચલનને તેઓ ખૂબ ખૂબ મ્હાણે છે. સર્જનવૃત્તિના કર્તવ્યને તેઓ પ્રેરે છે; અલબત્ત તે શાંત, આધ્યાત્મિક અને અનાયાસ હોવું જોઈએ. પૂર્વના બધાય ક્રાંતદર્શી ઋષિઓમાં લાઓત્સ એક એવા હતા જેમના પર ઉષાનો પ્રકાશ સદાય પથરાયેલો રહેતો, – ઝળહળતો, સોનેરી, સ્ફટિક જેવો પારદર્શી."

આવા લાઓત્સનો જન્મ આશરે ઈ. સ. પૂર્વે ૬૦૪માં થયો હતો. આવડી મોટી ચીનની પ્રજાને સદાયને માટે ઉજાળનારા તેઓને થયે અઢી હજાર વર્ષો થઈ ગયાં.

તેમની વાણીમાંથી કેટલુંક ઉતારું છું :

"જે દુનિયાને ઘડવા માગે છે તે સફળ નહિ થાય. તે એક આધ્યાત્મિક પાત્ર છે : મનુષ્યની ઘાટ આપવાની ધારણાથી પર. જે તેની સાથે ચેડાં કરે છે, તે એને બગાડે છે; જે ધારણ કરે છે, તે ગુમાવે છે.

પ્રજ્ઞાયુક્ત મનુષ્ય કરવાના અતિરેકને તજે છે. ઝઝૂમવાનું છોડી દે તો તે જીતે છે.

"ઘરની બહાર પગલુંયે મૂક્યું ન હોય, તો પણ માનવ વિશ્વને ચારે કોરથી જાણી શકે છે; બારીની બહાર નજર સરખીયે કરી ન હોય તો પણ સ્વર્ગના માર્ગને જોઈ શકે છે. મૂળમાંથી દૂર ગયો એટલે એનો પ્રકાશ ઝંખવાઈ ગયો સમજવું. તેથી જ ઋષિ દોડાદોડ કરતો નથી: ન જોતાં છતાંય બધું પ્રકાશિત થાય છે, ઝઝૂમતો નહિ હોવા છતાંય બધું સિદ્ધ થાય છે.

"કોમળમાં કોમળ વસ્તુઓ સતત ઝરવાને કારણે સખતમાં સખત વસ્તુને ઘસી નાખી શકે છે. આત્મશક્તિનો મૃદુ પ્રવાહ તરાડ વગરના ઘન પદાર્થમાં પ્રવેશે છે. આમાં હું દખલગીરીના અભાવનાં શક્તિ અને વજન જોઉં છું. બોલ્યા વગર શીખવવું, ઝઝૂમ્યા વગર આદર્શે પહોંચવું, – એ ઋષિની વિરલ સિદ્ધિ છે.

"પાંડિત્યને ફેંકી દો, વધારે પડતા જ્ઞાનને તજી દો. અને તમને સોગણો લાભ થશે. ભારવાહી પરોપકારને દૂર કરો, દખલગીરી કરતાં સદાચારને તિલાંજલિ આપો. અને પછી લોકોમાં વાત્સલ્ય પ્રગટશે, ભ્રાતૃભાવ જન્મશે. યુક્તિપ્રયુક્તિ અને મેળવવાના આદર્શોથી ખાલી થઈ જાઓ, અને લૂંટારાઓ ને ચોરો અદૃશ્ય થઈ જશે. કેળવણી વ્યર્થ નીવડી છે. અંતઃપ્રેરિત સારાપણાને વળગી રહો. સરળ થાઓ, સહજ થાઓ. મહત્ત્વાકાંક્ષા પર લગામ રાખો, કામનાને દબાવો.

"જે મનુષ્ય મોઢાને બંધ કરે છે, ઇન્દ્રિયોના પ્રવાહને રોકે છે, તે જીવનમાં ધન્ય છે. જે મનુષ્ય ઇન્દ્રિયોનાં બારણાંને ખોલે છે અને આમતેમ અથડાય છે, તેને ઉદ્ધારી શકાય નહીં.

"ચક્રની નાભિને ત્રીસ આરા હોય છે. એ નાભિમાંથી પસાર થતું જે છિદ્ર હોય છે, પોલાણ હોય છે, તેના પર ઉપયોગિતાનો આધાર છે. કુંભારની માટીમાંથી પાત્ર થાય છે. એની અંદરની ખાલી જગ્યા જ કામ આપે છે. ઘર નક્કર દીવાલોનું બનેલું હોય છે. બારીબારણાંની વ્યર્થતા એને ઉપયોગી બનાવે છે. જેનું અસ્તિત્વ છે તેનું રૂપાંતર થઈ શકે, જેનું અસ્તિત્વ નથી, તેના હજારો ઉપયોગો હોય.

"હું ત્રણ કિંમતી બક્ષિસોને જાણું છું. તેમને વળગી રહેજો. પ્રથમ છે પ્રેમ, બીજી છે મિતવ્યયીપણું, ત્રીજી છે ત્યાગ. જ્યારે માણસ પ્રેમથી ભર્યોભર્યો હોય છે, ત્યારે ત્યાં ભયને સ્થાન નથી હોતું. જ્યારે માણસ મિત-વ્યયી હોય છે, ત્યારે તે બધું જ દઈ શકે છે. જ્યારે માણસ ઊંચી પદવીને ત્યજે છે, ત્યારે તે સેવાનું બારણું ખોલે છે. આજે મનુષ્યો ભયથી શાસન કરે છે, પ્રેમથી નહીં, કંઈ પણ બચાવ્યા વગર તેઓ ઉદાર થવા ઇચ્છે છે; સેવા કર્યા વગર પ્રગતિ કરવા ધારે છે,–આ બધે રસ્તે છે પડતી. એકમાત્ર પ્રેમ જ બધાનો સામનો કરી શકે છે, બધાં પર વિજયી બને છે. હૃદયમાં પ્રેમ હોય એટલે માનવ દૈવીશક્તિથી સુસજ્જ બને છે.

"સંસારી માણસો મોઝમજાહ મ્હાણે છે; જાણે કે, જીવન એ અંત વગરની ઉજાણી ન હોય! દુનિયા વસંતકાળની અગાશી ન હોય!

"એકલો હું જ શાંત છું. રાહ જોઈ રહ્યો છું. સ્મિત વગરના તાજા જન્મેલા બાળકની જેમ હું ઘર વગરનો, નિરાધાર જણાઉં છું.

"સંસારી માણસોની પાસે ધનની સમૃદ્ધિ હોય છે. એકલો હું જ ખાલી હાથે ફરું છું. બીજાઓને મન હું અબુધ લાગું છું,–બેકાળજી, ઠેકાણા વગરનો, એક મૂર્ખ!

"સંસારી માણસો ડાહ્યાડમરા હોય છે. એકલો હું જ સંસ્કારહીન લાગું છું. દુનિયાના ડાહ્યા હોશિયાર, કામગરા, ધગશવાળા હોય છે. એકલો હું શરમાળ છું, શાંત છું,–દરિયા જેવો હલનચલન વગરનો.

"સંસારી માણસો ઉપયોગી હોય છે. એકલો હું જ જર્જરિત કરણ છું.

"પરંતુ–એકલો ને જુદા પ્રકારનો–હું આદ્યાશક્તિનું દિવ્ય સ્તન્ય-પાન કરીને પુષ્ટિ પામી રહ્યો છું."

દુનિયાની મોટી સંસ્કૃતિના જીવનને મૂળમાંથી ઉજાળનાર એક મહા-પુરુષ, એક મરમી દ્રષ્ટાની આ વાત થઈ.

*

હવે આપણે ભારતની મરમીધારાના મૂળ ગ્રંથ વેદને વિષે વિચારીએ. વેદનાં, અર્થાત્ ઋગ્વેદની ઋચાઓની ભાષાનાં ઘણાં અર્થઘટન થયાં છે. તેની ચર્ચા અહીં આપણે માટે અપ્રસ્તુત છે. પરંતુ તેને વિષે એક બાબત

પર માત્ર ધ્યાન દોરીને આપણે આગળ વધીશું. શ્રી અરવિંદે વેદના રહસ્ય વિષે ઘણું લખ્યું છે, એમને જે પ્રકાશ મળેલો તેના આધારે પૂ. અંબુભાઈ પુરાણીએ એક મોટો દળદાર ગ્રંથ પણ લખ્યો છે. દક્ષિણ દેશના મહાન સાધક અને સંસ્કૃતના પ્રગાઢ પંડિત પૂ. કપાલી શાસ્ત્રીએ પણ શ્રી અરવિંદની સાધના અને તેમને પ્રાપ્ત થયેલી અનુભૂતિને લક્ષમાં રાખીને, આત્મસાત્ કરીને, સાયણાચાર્યની માફક સંસ્કૃતમાં એક ભાષ્ય પણ રચ્યું છે. વેદોને ઋષિઓની ચિદ્શક્તિના ઉપરથી, એટલે દિવ્ય પ્રેરણાથી આવિર્ભાવ પામેલું દર્શન ગણાય છે. એટલે એને સાંભળેલું (શ્રુતિ) કહેવાય છે.

એમાં રહેલા રહસ્યને સંસ્કૃતના પંડિત વિદ્વાન ડૉ. રઘુવીરે 'વૈદિક મિસ્ટિસિઝમ'ને નામે એક પુસ્તિકા લખીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. એક ટૂંકી નોંધ પણ આપી છે. એ નોંધમાં તેમણે મરમી ભાવને વિષે, ખાસ કરીને વેદના મરમી ભાવને વિષે બે બોલ લખીને, મૂળની કેટલીક ઋચાઓ અને શ્લોકો પસંદ કરીને તેનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે.

તેઓ કહે છે કે જેમનામાં અંતઃપ્રજ્ઞા છે તેમને જણાશે કે વેદની વાણીમાં ઊંડામાં ઊંડું રહસ્ય અને ઊંચામાં ઊંચા અનુભવનાં શૃંગો છે. તેઓ જણાવે છે કે કોઈ પણ પ્રજા અને તેની સંસ્કારિતાનાં મૂલ્ય, કેટલે અંશે અસ્તિત્વનાં રહસ્યોને તેણે ખેડ્યાં છે, શોધ્યાં છે, અસીમની સીમાઓનું પાદર કયી હદ લગી તેણે વિસ્તાર્યું છે,– તેના પર છે. વેદ આજે પણ આપણને પૂછશે : "તમે અને તમારી સમૃદ્ધિ વેદની વાણીમાં કહી શકે એમ છે : 'આ અફાટ સાગર હું છું.' (समुद्रो अस्मि विधर्मणा)."

અત્યાર લગી વેદના પંડિતોએ મોટા મોટા કોશો અને વ્યાકરણોને આધારે વ્યુત્પત્તિનું એક વિશાળકાય શાસ્ત્ર ઊભું કર્યું છે. એને આધારે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ, ખંડન અને મંડનની એક તન્ન તન્નમૂલક જંજાળ રચી છે. તેમને મન સોયનું પ્રધાન કાર્ય, તેનું તત્ત્વ એટલે છિદ્ર કરવું. ખૂબ સાવધાનીપૂર્વક તેમણે આયતન માપ્યાં અને એક હૂબહૂ નકલ ખડી કરી! પરંતુ વસ્ત્રના છૂટા પડી ગયેલા ટુકડાઓની ધારોને સાંધવાનું, કોઈ વણાટકામ તેઓ રચી શકયા ? ના. દોરાને પરોવવાની દૃષ્ટિનો અભાવ હતો. છિદ્ર પાડ્યાં, પણ તેમ કરવાનો મુખ્ય હેતુ વિસરાઈ ગયો! વ્યુત્પત્તિના વિદ્વાનમાં એ દૃષ્ટિ ન આવી; જે દર્શન, જે ભાવ વાચકને, પોતાને અને આત્માના આનંદમાં તરબોળ વેદના ઋષિને યુક્ત કરી શકે, એક કરી શકે,– એ દર્શન ન સાંપડ્યું!

મારું સ્મરણ છે ત્યાં લગી ડૉ. આનંદ કુમારસ્વામીએ ક્યાંક 'મિસ્ટિક' શબ્દનું મૂળ ગ્રીકમાં બે છૂટા પડી ગયેલા ભાગ, પછી તેને જોડવાનો પ્રયાસ અને એમ કરતાં કરતાં બંને હોઠોને મૌન પાળવા સીવી લેવા, એવી એવી તપશ્ચર્યામૂલક અવસ્થાઓ વટાવી, આખરે પરમ આત્મામાંથી છૂટો પડી ગયેલો જીવાત્મા, અને બંનેને જોડવા, એક કરવા,–એમ જણાવ્યું છે. પેલા ડૉ. રઘુવીરે વ્યુત્પત્તિના પ્રગાઢ પાંડિત્યની વાત કરી છે, તે જ થઈ! ક્ષિતિબાબુ ઘણી વાર કહેતા હતા કે પંડિતની સાથે તર્કમાં પડવું નહીં! પડ્યા તો ક્યાંયના ક્યાંય ફેંકાઈ જશો. સાવધાન! આનો એક દાખલો આપું.

શાંતિનિકેતનના તે વખતના અમારા આચાર્ય હતા મહામહોપાધ્યાય વિધુશેખર ભટ્ટાચાર્ય. તેમણે બૌદ્ધતત્ત્વની મૂળભૂત વાત પર વ્યાખ્યાનો આપેલાં કલકત્તા યુનિવર્સિટીમાં, ઈ. સ. ૧૯૩૨માં. એમાં ભગવાન બુદ્ધે 'શૂન્ય એ જ ધર્મતા છે' એવી વાત એમના મુખની ગણીને, તર્ક કર્યો છે,– પ્રશ્નના નિરાકરણના હેતુથી. આ પ્રમાણે છે: જો કોઈ જણાતી વસ્તુ તેના આરોપિત સ્વરૂપે હોય તો પછી તે વાસ્તવિક રીતે કેવી હોય? તેનું પોતાનું 'સ્વરૂપ' કયું? ઉત્તર છે: 'ધર્મતા'. પણ ધર્મતા એટલે શું? 'સ્વભાવ'. સ્વભાવ શું? 'પ્રકૃતિ'. પ્રકૃતિ શું? જેને 'શૂન્યતા' કહેવામાં આવે છે તે. શૂન્યતા શું? નૈઃસ્વાભાવ્ય. એને કેમ સમજવું? એટલે કે 'તથતા' તરીકે. 'તથતા' શું? 'તથાભાવ' એટલે કે 'અવિકારિત્વ', 'સદૈવ સ્થાપિતા'.

આ પ્રશ્નપરંપરા, તર્કમૂલક જિજ્ઞાસાભાવે થતી પુરાણી વાદપ્રથા!

ભગવાનને નામે માનવે જ ખડા કરેલા પ્રશ્નનું સમાધાન થયું? વ્યુત્પત્તિ, પૂર્વપક્ષ–ઉત્તરપક્ષ, તન્ન તન્ન, ઝીણું ઝીણું કાંતતી બુદ્ધિની રમત! પ્રશ્નના યોગ્ય ઉત્તરને ઠેકાણે તર્કનો બુદ્ધિવાદી વ્યાયામ!

આ ઠેકાણે બંગાળનો પેલો નિરક્ષર બાઉલ કહેશે: 'હાય રે! અમારી આ ફૂલની વાડીમાં કમળને સોનાના કસોટી પથ્થર પર કસી જોનારો ઝવેરી કોણ ઘૂસી ગયો છે?''

ન હિ અને સ હિ વચ્ચેની ભાંજગડ!

ડૉ. રઘુવીરે ત્રણ વેદમાંથી અવતરણો કર્યાં છે, મુખ્યત્વે અથર્વ-વેદમાંથી, એમાંથી થોડાંકનું ગુજરાતી આપું છું:

"વાણી અપૂર્વ અને અદ્વિતીયથી ધકેલાય છે, અને યથાતથને વ્યક્ત કરે છે. ઉચ્ચારતાં જ્યાં જઈ પહોંચે છે, તે છે મહાન ભવ્ય !" (અ. વે. ૧૦,૮,૩૩)

"જે લંબાયેલા દોરને પારખી શકે છે, જે દોરામાં આ બધી પ્રજા ગૂંથાયેલી છે,– અને વળી, જે દોરામાં રહેલા દોરાને ઊંડે ઊતરીને પારખી શકે છે,– તે જ એ મહાન ભવ્યને જાણે છે." (અ. વે. ૧૦, ૮, ૩૭)

"આકાશમાં ધૂમી વળ્યો, પૃથ્વી પર ફર્યો, અને હવે ઋતના પ્રથમ જન્મેલની સામે પરમાદરથી ઊભો છું." (અ. વે. ૨, ૧, ૪)

"અનેક ઠેકાણે પ્રગટાવેલો અગ્નિ એક છે.
વિશ્વ પર પ્રભુત્વ ધરાવતો સૂર્ય એક છે.
સઘળા પદાર્થો ઉજાળતી ઉષા એક છે.
અને આ બધું જુદું જુદું જણાતું એક છે."
(ઋ. વે. ૮, ૫૮, ૨)

ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ તરફથી ઈ. સ. ૧૯૭૩માં પ્રકાશિત મારા "ગુજરાતના સંત કવિઓ અને બાઉલપંથ–બાઉલ ગાનો સાથે" નામના પુસ્તકના પાના ૭૫ થી ૧૨૬ લગી મારા ગુરુએ ઠેઠ વેદકાળથી માંડીને બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્, પુરાણ, બૌદ્ધ, જૈન ધર્મ, ગોરખ વગેરેથી લઈને મધ્યકાળ સુધી પસંદ કરેલા ઉતારાઓ આપ્યા છે. એ જેમને જિજ્ઞાસા હોય તેઓ જોઈ શકે છે. અહીં એ બધું લંબાણને ભયે આપતો નથી.

મારા એ પુસ્તકમાં ગુજરાતના ઘણાખરા સંતકવિઓની વાણીનો પરિચય પણ કરાવ્યો છે, અને તે ઉપરાંત નિરક્ષર સંતપરંપરાનો ઉલ્લેખ કર્યો છે અને સૌરાષ્ટ્રના ભજનિક સંતોની વાણીમાંથી કેટલાંક મરમી પદો આપ્યાં છે.

ઘણાખરા સંપ્રદાયોની પોતપોતાની વાણીની હસ્તપ્રતો પણ હોય છે: દા. ત. પ્રણામી સંપ્રદાય. ગુજરાત અને સૌરાષ્ટ્ર અને કચ્છ–એમ 'બૃહદ્ ગુજરાત'માં અનેક નાનામોટા, ખ્યાત–અખ્યાત સંપ્રદાયો, પંથો છે. એમાં પણ સાંપ્રદાયિક ઉપરાંત મરમી વાણી પણ હોવી સંભવે છે. આ

બધું એકઠું કરીને સત્યશોધનની દૃષ્ટિએ સંગ્રહો પ્રગટ કરવાનો સમય પાકી ગયો છે.

ગુરુદેવ રવીન્દ્રનાથ એક વાર મૌખિક રીતે વાતવાતમાં જણાવતા હતા કે રાજસ્થાનની લોકવાણી, લોકસાહિત્ય, સંતો, મરમીઓ, અર્થાત્ આખાયે પ્રાન્તની લોકસંસ્કૃતિનું સંશોધન થાય તો એવું જાણવાની શકયતા છે કે ભારતનો આખો ઇતિહાસ કદાચ બદલવો પડે. આને માટે યુવકો કંઈક કરી શકે! યુનિવર્સિટી જેવી કે અન્ય વિદ્યાપરાયણ સંસ્થાઓ આને માટે જાગ્રત થાય તો જ કંઈક થઈ શકે.

નર્મદાના કિનારે ગરુડેશ્વરમાં દત્તના અવતારસમા શ્રી વાસુદેવાનંદ સરસ્વતી થઈ ગયા; ગંગનાથમાં યોગી બ્રહ્માનંદ થઈ ગયા, અને માલસરમાં મહાપ્રભુ ચૈતન્યની પરંપરામાં સંત માધવદાસ થઈ ગયા. એ બધાય પોતપોતાની સાધનાની પરંપરા મૂકી ગયા છે. તદુપરાંત સ્વામી સહજાનંદના પંથમાં નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ, દેવાનંદ જેવા સંતસાધુઓ થઈ ગયા. એમની પરંપરામાં ઘણી વાણી જોવા મળે અને એમાંથી મરમી અથવા તો સાહિત્યની દૃષ્ટિએ અભિવ્યકિત પામેલી ભક્તિપૂર્ણ ભાવરચનાઓ પણ મળે. બંગાળના શાક્ત કવિ રામપ્રસાદ સેનની સાથે ગુજરાતના માના ભકત વલ્લભ ધોળાને સરખાવી શકાય.

મારા ગુરુએ મને સૌરાષ્ટ્રમાં, ગુજરાતમાં તેમ જ કચ્છમાં મરમી વાણી શોધવા પગપાળા પ્રવાસ કરીને, સત્ય અને ભક્તિનો સુમેળ સાધીને, કામ કરવાનો આદેશ આપ્યો હતો. મેં આશરે ઈ. સ. ૧૯૩૩માં તે સમયે સૌરાષ્ટ્રના ભજનિક સંતોનું કાર્ય કરનારા મુરબ્બી ઝવેરચંદ મેઘાણીને આ જણાવ્યું હતું. તેઓનાં પત્ની તે સમયે ગુજરી ગયાં હતાં અને એક વર્ષ પછી તમને મારી સાથે લઈ જઈશ એમ કહ્યું હતું. પણ એમાંથી કાંઈ જ મારાથી થઈ શકયું નહિ, અને તેઓ તો ચાલ્યા ગયા! ખરી રીતે તો હું નગુણો કહેવાઉં. હવે તો કોઈ ઉપાય નથી; સિવાય કે આ કહી રહ્યો છું તે, એમની કૃપાનું ફળ! મહાપ્રભુ ચૈતન્યના જીવનનું જીવંતભાવે કરેલું તેમનું પરિવ્રજન; મીરાં, દાદૂ, કબીર, કમાલ, રજ્જબ, જ્ઞાનદાસ, પીપાજી એવા મધ્યકાળના કેટલાયે સાધુ-સંતોમાં એમના જેવા જ હાલમાં થઈને કરેલું સંશોધન, ટાંચણ, બાઉલ વગેરેનું ખરું જ. એ બધું તેઓ કોઈ કોઈ વાર સંભળાવતા ત્યારે તેમની કેટલીયે ભાષાઓનો પરિચય, પ્રાચીન વૈદિકથી

માંડીને ભિન્ન ભિન્ન ભાષ્યોનું આકંઠ પાન,–સાંભળીને આભો થઈ જતો અને રવીન્દ્રનાથની પંક્તિઓ યાદ આવતી–"તવ ગૌરવે સકલ ગર્વ લાજે જેનો સદા લાજે ગો"!

ઈ. સ. ૧૯૨૯માં કલકત્તા વિશ્વવિદ્યાલયના અધર મુકર્જી વ્યાખ્યાનોનું ગુજરાતી ભાષાંતર કર્યે આજે પચીશ વર્ષ થઈ ગયાં. એ વ્યાખ્યાનો યથાર્થ-ભાવે મધ્યયુગની સાધનાધારા હતાં. એમાં તેમણે કેટલાય સેંકડો સૂફી સંતો અને અન્ય મરમી પરંપરાનું પાન કરાવ્યું છે. દક્ષિણમાંથી રામાનંદના ઉત્તરમાં આવ્યા પછી ભક્તિનું જે મોજું આવ્યું તે સર્વત્ર ફરી વળ્યું અને તેમના શિષ્યમંડળે આખાય ભારતમાં એક નવું મરમી પુનરુત્થાન કહી શકાય તો તે આણ્યું.

ક્ષિતિબાબુએ જે બે વ્યાખ્યાનો આપ્યાં તેમાંનું પ્રથમ શાસ્ત્રને આધારે, તેને પ્રાધાન્ય આપીને જેમણે સાધના કરી, સંપ્રદાયો સ્થાપ્યા, એમનું ઇતિવૃત્ત આપ્યું છે. બીજા વ્યાખ્યાનમાં જેમણે પોતાની અનુભૂતિઓને પ્રાધાન્ય આપ્યું અને તે રીતે સાધના કરી તેમની પરંપરા વર્ણવી છે. પ્રથમને 'લોકવેદપંથી' અને બીજાને 'અનભૌસાચીપંથી' કહ્યા છે. ફારસીમાં 'બાશરા' અને 'બેશરા', અંગ્રેજીમાં 'કન્ફર્મિસ્ટ' અને 'નૉન-કન્ફર્મિસ્ટ', બાઉલોની પરિભાષામાં 'દીઘલડુરી' (એટલે કે જેમનું બંધનસ્થાન નિશ્ચિત હોય, પરંતુ દોરી મર્યાદિત સ્વાધીનતા પૂરતી હોય એવા) અને 'બેદુરી' (બંધનમુક્ત સ્વાધીન), તેમ જ 'વ્યક્ત લિંગાચારી' અને 'અવ્યક્ત લિંગા-ચારી'–એવી પરિભાષા છે. ગુજરાતમાં જે સંતો અને મરમી ભક્તો થઈ ગયા તેમને આપણે શાસ્ત્રસંમત અથવા સાક્ષર, અને શબ્દ, એટલે અંતરના અનુભવને આધારે ચાલનારા નિરક્ષર એમ કહી શકીએ, મને લાગે છે કે સઘળા દેશોમાં આવા બે વિભાગ થાય. તેમ છતાંય કોઈ ને કોઈ રીતે ગુરુનું સ્થાન પ્રાધાન્યપણે સર્વત્ર જોવામાં આવે છે. ક્ષિતિબાબુએ આખાય ભારતના સંતો—ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમના–ની યાદી આપી છે.

વ્યાખ્યાનોની શરૂઆતમાં ક્ષિતિબાબુએ જણાવ્યું છે કે "થોડા વખત પહેલાં મુંબઈ શાંતાક્રુઝમાં ભાવનગરના લાખણકા ગામના વતની વૃદ્ધ સાધુ બાબા મોહનદાસ પરલોક સિધાવ્યા. તેમને કંઠે ત્રણ હજારથી વધારે ભજનો હતાં. વાણીનો તો સુમાર ન હતો. આવા સમર્થ સાધકો, વિદ્વત્સમાજમાંથી લુપ્ત થતા જાય છે...ભારતનાં અનેક સ્થાનોમાં, ભિન્ન ભિન્ન સંપ્રદાયોના

મઠોમાં, ગાદીઓમાં અને તેમના સંગૃહીત ગ્રંથોમાં સાધકોની વાણીનો અખૂટ ભંડાર પડયો છે. એ પણ ધીરે ધીરે નષ્ટ કે દુષ્પ્રાપ્ય થતો જાય છે. કેટલાય મઠના મહંતો કે અધિપતિઓ આવી વાણીના સંગ્રહોને યક્ષના ધનની માફક ગુપ્ત રાખે છે. માથું ફૂટીને મરી જાઓ તોય જોવા મળે નહિ એવી દશા છે!...મધ્યયુગના સાધકોમાંના ઘણાખરા અત્યંત હલકા કુળમાંથી આવ્યા જણાયું છે, પરંતુ તેમની પાછળ થયેલા સંપ્રદાયોએ તેમને ઉચ્ચ જાતિના ઠરાવવા પ્રયત્નો કર્યા છે! સત્યના સંશોધકનું દૃષ્ટિબિંદુ રાખીને ચિત્તને કોઈ પ્રકારના આગ્રહ કે ગ્રંથિ કે રૂઢિમાંથી મુક્ત કરીને પ્રયાસ કરવામાં આવે તો મૂળ ઇતિહાસ મળી આવે, વાણીનું પણ એક જૂજવું સ્વરૂપ પ્રાપ્ત થાય......ભારતનો ખરો ઇતિહાસ આવા સાચા, પ્રામાણિક સાધુસંતો અને મરમીઓની વાણી, તત્ત્વદર્શન અને સંશોધિત વૃત્તાન્તમાંથી નીપજે......અને ભારતની મોટી વાત તેના ધર્મની છે. અનેક પ્રકારના ભેદ-વિભેદવાળી ભારતની ભૂમિની મૂળ વાત આ યોગસાધનાના સમન્વયની છે. (રવીન્દ્રનાથે આને 'બહુતંત્રી વીણા' કહી છે!) અહીંની મૂળભૂત સમસ્યા રાષ્ટ્રીયતા કરતાં ધર્મતત્ત્વની ખોજ અને અનુભૂતિની ભાળની છે. આની શોધ એક વિકટ કાર્ય છે; ખ્યાતિ ન મળે, અને કદાચ અપયશ પણ મળે, એવું કાર્ય છે. પરંતુ એ કર્યે જ છૂટકો છે."

બંને વ્યાખ્યાનોની સમાપ્તિ કરતાં ઉપસંહારમાં ક્ષિતિબાબુએ કહ્યું છે કે, "આ વ્યાખ્યાનોમાં નામોની યાદી અપાઈ છે. ઘણે ભાગે તેમના આદર્શો અને સાધના સરખાં જણાયાં છે. સૌની તીવ્ર ઇચ્છા ધર્મોમાં ભ્રાતૃત્વ અને યોગ સ્થાપવાની હતી. એક પછી એક સાધક આ જ પ્રયાસ કરતો આવ્યો છે. વારંવાર આંશિક ભાવે સફળ કે નિષ્ફળ ગયા છે. તોય પ્રયાસ તજ્યો નથી. આ પ્રયાસની ધારાને, સાધનાની અસ્ખલિત ધારાને, સમજાવવાના હેતુથી આટલી વાર નામો પર નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને આ પરથી સર્વે ધર્મોમાં ભાઈચારો સ્થાપવો, સઘળા પ્રકારની સાધનાને માનવીય ઐક્યસૂત્રમાં પરોવવી, – એ માટે તેમની કેટલી બધી વ્યાકુળતા હતી તે સમજાશે. મનમાં થાય છે કે આ મૈત્રી એ જ ભારતની ભગવન્નિર્દિષ્ટ ચિર સાધના છે. જ્યાં લગી એ પૂરી નહિ થાય ત્યાં લગી ભારતની મુક્તિની, તેના અંતરના ઐક્યની વાત મિથ્યા છે. આ ભાવોનો પ્રવાહ અનેક લોકોમાંથી પસાર થતો ક્યાં લગી પ્રસરી ચૂક્યો છે તે દર્શાવ્યા વિના સાધકોનાં નામ, તેમના આદર્શો, તેમની સાધના નિરર્થક બને. જે ભક્તોના અવસાન પછી

તેમનો અનુવર્તી સંપ્રદાય કે સાધકમંડળ રચાયાં ન હોય તેમનાં નામ આ વ્યાખ્યાનોમાં જણાવ્યાં નથી. એટલે કબીરપુત્ર કમાલ અને જ્ઞાનદાસ જેવા કેટલાય સ્વાધીન સાધક મરમીઓનાં નામ આમાં નહિ મળે.''

મધ્યયુગની સાધનાધારાના અંગ્રેજી ભાષાંતરની (Medieval Mysticism) પ્રસ્તાવનામાં તેમણે જણાવ્યું છે કે યુરોપનો મધ્યયુગ ભારતનો મધ્યયુગ નથી, – મરમી સાધનાની દૃષ્ટિએ... ભારતીય સાધના શ્રુતિકાળથી સમૃદ્ધ, આત્મસમૃદ્ધ, હતી, અને તેમ છતાંય ઇસ્લામના સૂફીઓના આગમન પછી તે વિશિષ્ટભાવે સમૃદ્ધ બની. એ સાધનાને એણે આત્મસાત્ કરી લીધેલી હોવાને કારણે ભારતની સુષુપ્ત શક્તિ જાગી. અહીંના મરમીઓએ એક સમન્વયનો માર્ગ શોધ્યો, સિદ્ધ કર્યો અને વિસ્તાર્યો. એમણે જીવન તરફની જવાબદારી પ્રત્યે ઉદાસીન અવગણના દાખવી નહીં. આ વાતમાં તેઓ યુરોપના ઘણાખરા ખ્રિસ્તી સંતોથી જુદા પડે છે! ભારતનો મધ્યકાલીન મરમી ભાવ આ વાતની સાક્ષી પૂરી પાડે છે.

ક્ષિતિબાબુએ ઉપર જણાવેલી વાત સમગ્રભાવે જોતાં આંશિકભાવે સાચી લાગશે. ખ્રિસ્તી ધર્મભાવી સંતો અને મરમીઓના અભ્યાસ પરથી શેલ્ડન ચેની સારાંશ રૂપે જણાવે છે કે ત્રણ વાતો સમગ્ર જગતના મરમીઓમાં જણાશે: જગતના બાહ્ય સ્વરૂપની સમજ અને તેનાથી પર થઈ જવું, અંતરમાં શાંતિને સ્થાપવી અને આત્માની સાથે પરમાત્માના યોગની અભીપ્સા રાખવી.

દાખલા તરીકે, દીનબંધુ સી. એફ. એન્ડ્રુઝ, જેઓ ક્ષિતિબાબુના પરમ મિત્ર હતા અને ગુરુદેવના નિકટના ભક્તસમા હતા, તેમણે અંગ્રેજીમાં આત્મકથાનાં બે પુસ્તકો લખ્યાં છે: ક્રાઇસ્ટ પ્રત્યે મારું ઋણ અને શાંત-જીવનમાં ક્રાઇસ્ટ. એ બંનેમાં તેમની બાહ્યાભ્યંતર અનુભૂતિ છે. પ્રથમ પુસ્તકમાં એમના આંતરપલટાનો (conversion) સુંદર પ્રસંગ છે. રવીન્દ્રનાથને કેવી રીતે તેઓ જીવનના માર્ગદર્શક ગુરુ તરીકે સ્વીકારે છે, તેનું મનોમંથન પણ જણાવ્યું છે. તેમના ગુરુદેવ પર ખૂબ પત્રો છે. તેઓ એક સાચા ખ્રિસ્તી સંત હતા, મરમી પણ હતા. આખું જીવન માનવ-સેવામાં તેમણે ગાળ્યું. આત્મોપલબ્ધિના અંતરિયાળમાં આવતી એક અંધકારની અવસ્થાનું (Dark Night of the Soul) એમણે હૂબહૂ વર્ણન કર્યું છે. એ ગાળામાં ક્ષિતિબાબુએ તેમને કબીરના એક ભજનને માર્ગે ચાલ્યા જવાનું

સૂચવ્યું હતુ, જે તેમણે અમલમાં મૂક્યું હતું. વાંસળીના અવાજને માર્ગે ગભરાયા વિના અંધકારમાં યાત્રા કરવાનું એમાં કહ્યું છે. અંગ્રેજીમાં એને કૅાલ (call) કહે છે. પરંતુ યાદ રાખવાનું એ છે કે એ ભ્રાંતિ ન હોય, કે અહંકૃત ભાવ ન હોય! એ જ છે જેને ઘણાય સમજ્યે અણસમજ્યે પણ અંતરનો અવાજ (the still small voice) કહે છે!

આ 'અંતરના અવાજ'ની સત્યતા કે અસત્યતા (ભ્રાંતિ)ના વિષય પર અલ્ હુજવિરીએ પોતાના ગ્રંથમાં ખૂબ લખ્યું છે અને લોકોને, સાધકને ચેતવ્યા પણ છે. શ્રી અરવિંદે તો વારંવાર એ તરફ સાવચેત રહેવા (vigilant) જણાવ્યું છે. એમાં આંતરશુદ્ધિ, હૃદયની સચ્ચાઈ અને નિષ્કામ ભાવ ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

આ બાબતમાં મહાન સૂફી જુનાયદનો એક પ્રસંગ છે. જુનાયદ (Junayd)ને વિષે બે મત હતા નહીં. તેમને બાહ્યવાદીઓ અને અધ્યાત્મવાદીઓ સમાન ભાવે જોતા. તેઓ વિદ્યાઓની બધી જ શાખાઓમાં પૂર્ણ ગણાતા, તેમનો બોલ પ્રમાણ ગણાતો. તેઓ સારી (Sari)ના શિષ્ય હતા. એક વાર સારીને પૂછવામાં આવ્યું કે અધ્યાત્મજીવનમાં ગુરુની ભૂમિકાના કરતાં તેમના શિષ્યની કક્ષા કદાપિ ઉચ્ચ હોઈ શકે ખરી? સારીએ ઉત્તમ આપ્યો: 'હા. આની ચોખ્ખી જાણીતી સાબિતી છે. જુનાયદની અવસ્થા મારા કરતાં ઊંચી છે.' આ સારીની અત્યંત વિનમ્રતા અને આંતરસૂઝ દર્શાવે છે. સારી જ્યાં લગી જીવતા હતા ત્યાં લગી જુનાયદ પોતાના શિષ્યોને બોધ આપતા નહીં. એક વાર રાતે તેમને સ્વપ્નામાં આવીને દેવદૂતે કહ્યું: "હે જુનાયદ, લોકોને તું કહી શકે છે; કારણ કે, માનવજાતિના અનેક લોકોને ઉપર આણવાનું તું નિમિત્ત બન્યો છે." જાગ્યા એટલે એમના મનમાં વિચાર આવ્યો કે, સ્વયં દેવદૂતે તેમને લોકોને બોધ કરવાનો આદેશ આપ્યો, એનો અર્થ એ કે, સારીના કરતાં એમના હાલ ઊંચા હોવા જોઈએ. સવાર થયું. સારીનો એક સંદેશો લઈને તેમનો શિષ્ય આવ્યો હતો. તેણે સંદેશો જણાવ્યો: "તમારા શિષ્યો તમને બોધ આપવા જણાવતા ત્યારે તેમ કરતા નહીં; બગદાદના શેખ અને હું તમને વિનંતી કરતા ત્યારે અમારી મધ્યસ્થતાને તમે નકારી કાઢતા. હવે જ્યારે દેવદૂતે તમને આદેશ કર્યો છે ત્યારે તમે એમની આજ્ઞાનું પાલન કરો છો." જુનાયદે કહ્યું: "મારા મનમાંથી એ વાત ચાલી ગઈ. હું જાણતો કે સઘળી પરિસ્થિતિમાં મારા બહારના અને અંદરના ભાવો તેઓ જાણે છે; કારણ કે, મારા ગુપ્ત વિચારોને તેઓ ઓળખી જાય છે, તેમની દશા મારા

કરતાં ઊંચી છે. હું એમના વિચારોને જાણી શકતો નથી. હું એમને ત્યાં ગયો, તેમની માફી માગી અને તેમને પૂછ્યું કે મને દેવદૂતે જણાવ્યું એ તેમને ક્યાંથી ખબર પડી! તેમણે કહેવડાવ્યું : "મેં પ્રભુને સ્વપ્નમાં પૂછ્યું. તેમણે કહ્યું કે તેમણે દૂતને, આદેશ આપ્યો છે કે તમે બોધ આપી શકો છો."

આ પ્રસંગને ટાંકીને હુજવીરીએ જણાવ્યું છે કે આવા આદેશ, આવા અંતરના અવાજ, હમેશાં દેવદૂતના જ હોય એમ માનવું નહીં; કારણ કે, કેટલીક વાર અસુરનો અવાજ પણ હોવાની શકયતા છે. ઉપરની વાત જુનાયદ જેવા સર્વોત્તમ પ્રકારના મરમી જ્ઞાની અને સારી સમા તેમના સદ્ગુરુની વચ્ચે સંભવે. માની લેવું એ એક વાત છે, હકીકત હોવી બીજી વાત છે. અંદરના અજ્ઞાનના પડદા ખૂલી ગયા ન હોય ત્યાં લગી સત્યને નામે બોલવું નહીં; કારણ કે, તત્ત્વના પર ઢાંકેલો પડદો હંમેશનો હોય છે, તેવાઓમાં સત્ય અને જૂઠાણાનો વિવેક હોતો નથી.

## ૫. જીવનને ઉજાળનારા (પૂર્વના-પશ્ચિમના)-૨

મારી પ્રથમ યોજનામાં ચોથા પ્રકરણમાં ઉપરના મથાળા નીચે પશ્ચિમના મરમીઓ સમાવી લેવા એમ હતું, પરંતુ વિચાર કરતાં એક નવું પ્રકરણ કરવું એમ થયું. આ વિચાર મનમાં ઘોળાતો હતો અને પશ્ચિમના મોટા મોટા તાત્ત્વિક પરમીઓ, સંતો મહાત્માઓનું વૃત્તાન્ત અને તેમની સાધના વાગોળતો હતો, ત્યાં એક સ્ફુરણા એકાએક થઈ આવી. એની નોંધ વિષયની દૃષ્ટિએ કદાચ તદ્દન બંધબેસતી ન લાગે, છતાંય આના અનુસંધાનમાં જ તેનો ઉદ્ભવ થયો, એટલે તેને અનુચિત નહિ ગણીને અભિવ્યક્ત કરું છું.

આ એક ભાવતું કાલ્પનિક સ્ફુરણ જણાય એવું છે. આ પ્રમાણે છે: પ્રથમ વિચાર આવ્યો ગુરુદેવ રવીન્દ્રનાથના વિશ્વભારતીના મુદ્રાલેખનો, 'યત્ર વિશ્વં ભવત્યેકનીડમ્' (જયાં આખું વિશ્વ એક માળામાં રહેતું હોય) એમ વિશ્વના માનવીઓને આવાહન હતું,—એનો, પછી એક આદ્યા શક્તિ, વિશ્વની માતા, એ જાણે કે એક બૃહત્કાય પંખી, જગતના માળા પર પોતાની બે પાંખો પ્રસારીને બેઠી હોય; એક પાંખ પૂર્વ અને બીજી પાંખ પશ્ચિમ,—એમ આખાય જગતનું સેવન કરતી, પાંખો ફફડાવતી, પોતાનાં સ્તન્ય પાનથી બધાંનું પોષણ કરતી હોય, એવું ચિત્ર ખડું થયું. એમાં તલ્લીન થઈ જવાયું. જગતનાં પ્રાણીમાત્ર એની હૂંફ તળે પોતપોતાનો ફફડાટ કરી રહ્યાં હોય એવું.

વળી જાણે શિવ અને શક્તિ, મંત્ર અને તંત્ર, પૂર્વ અને પશ્ચિમ, એમ સ્ફુર્યું. બાઉલ ગાનનું સ્મરણ થયું : 'તખન શિવ આર શક્તિ સમે મુક્તિ, એકરસે તાર સ્વરૂપ પ્રકાશે', (ત્યારે શિવ અને શક્તિની એકસાથે મુક્તિ થાય, અને એકરસમાં તેનું સ્વરૂપ પ્રકાશે.)

અને અંતે આવ્યું ચિત્તમાં શ્રી અરવિંદનાં છેલ્લાં સૉનેટોમાંનું 'શિવ' પરનું, તેની છેલ્લી પંક્તિ : 'The Spirit leaps into the Spirit's embrace.' અનિવર્ચનીય ! ... અસ્તુ !

યુરોપીય મરમીભાવની શરૂઆત ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીથી થઈ એમ માનવામાં આવે છે. કદાચ તેથીયે અગાઉ ઇજિપ્ત, હિંદ અને દૂર પૂર્વના

ઋષિઓ કે મરમીઓ કે યોગીઓની સાથે સત્સંગ થયો હોય, અને તેને લઈ ને એક કર્તા, અમરતત્ત્વ, આંતરિક અનુભૂતિનું મહત્ત્વ, સત્યને માટે અંતરની ખોજ,–એવા બધા વિચારો કે ભાવોએ ગ્રીક વિચારસરણીમાં પગપેસારો કર્યો હોય ! જેમ ભારતની મરમીધારા વેદકાળથી માંડીને મધ્યયુગ લગી વહી આવી, વચ્ચે વચ્ચેના વળાંક લેતા ગાળાઓ (curves) સાથે, તેમ યુરોપની મરમીધારા કોઈ વિશિષ્ટ બળે ઠેઠ ઈસવી સન પૂર્વેની છઠ્ઠી સદીથી લઈને અઢારમી સદી લગી, ખ્રિસ્તી સંતોની શરૂઆતના પ્રવાહને ભેળવી લેતી, વહી આવી છે.

આ પ્રાયઃ પચીસો વર્ષોના ચઢતીપડતીના, મરમી જીવનની આંતરબાહ્ય બુદ્ધિની ટોચ તેમ અંતઃપ્રજ્ઞાની અનુભૂતિના ગાળાઓને કેટલાક વિવેચકો ત્રણ રીતે દર્શાવે છે : શિષ્ટતાનો, મધ્યયુગનો અને પુનરુત્થાનનો. આ સમયમાં ઊંચાં શૃંગો લગી એ પ્રવાહની છોળો ઊછળી ત્રીજી, ચૌદમી અને સત્તરમી સદીઓમાં, અને સૌથી ઉન્નત ચૌદમી સદીમાં. પછીના કોઈ પણ સમયના કરતાં મરમીભાવના વિકાસને માટે મધ્યયુગ વધુ અનુકૂળ નીવડયો.

શરૂના ગ્રીક સંસ્કૃતિના તર્કનિષ્ઠ બૌદ્ધિકભાવને પ્રાધાન્ય આપતા સમયમાં આમ મુખ્યત્વે કરીને ચાર વ્યક્તિઓનો પ્રભાવ નજરે પડે છે. પાયથાગોરસ, સૉક્રેટિસ, પ્લૅટો અને ફિલો. પાયથાગોરસનો સમય ઈ. સ. પૂ. ૫૮૦ થી ૪૯૬, પ્લૅટોનો જન્મ ઈ. સ. પૂ. ૪૨૮–૭ થી ૩૪૭; સૉક્રેટિસનો ઈ. સ. પૂ. ૪૭૬ થી ૩૯૯ પ્રાયઃ, અને ફિલોનો જન્મ ઈસુ ખ્રિસ્તના જન્મથી વીશેક વર્ષો અગાઉ થયેલો અને મૃત્યુ ઈ. સ. ૫૦ ની આસપાસ. આ ચારેય વ્યક્તિઓ યુરોપીય સંસ્કૃતિની શરૂઆતની ગણી શકાય અને આ પાંચસો–છસો વર્ષોમાં પ્રત્યેકે પોતપોતાનો નિર્ણાયક ભાગ ભજવ્યો છે. આ ચારેય વ્યકિતઓ ભિન્ન ભિન્ન રીતે તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં જાણીતી છે : પાયથાગોરસ તત્ત્વવેત્તા, વૈજ્ઞાનિક, ગણિતશાસ્ત્રી અને મરમી, સૉક્રેટિસ ફિલસૂફ અને આત્મજ્ઞાની, પ્લૅટો આખીય યુરોપીય ફિલસૂફીના આદ્ય પિતા સમાન અને કળી ન શકાય તેવી મરમીભાવની છાયાવાળા અને ફિલો ખ્રિસ્તી મરમીપરંપરાના કેટલેક અંશે આદ્ય સ્થાપક, ફિલસૂફ અને પ્રભુના પ્રકાશને પ્રાપ્ત કરનાર યહૂદી. તે સમય એવો આદાનપ્રદાનનો હતો કે કોણ કયાંથી શું લાવ્યું એ નિશ્ચિતરૂપે કહી શકાય નહીં. ઈજિપ્ત અને એશિયાના સાધકો અને ગ્રીસના જિજ્ઞાસુઓની સાથે ઘણો સંપર્ક

હતો; તે કાળના રહસ્યમૂલક સંપ્રદાયોની અસર તત્ત્વવેત્તાઓ પર હતી. એટલે મેં આગળ સબરસનું દૃષ્ટાંત આપ્યું છે તેમ આ ચારેય ચિંતકો પર મરમીધારાની ગુપ્ત અસર એટલી બધી જણાય છે કે તે પ્રધાનપણે આગળ તરી આવતી નથી. એમનું રીઝન (તર્કનિષ્ઠ બુદ્ધિ) મરમીનિષ્ઠામૂલક જણાય છે.

આ ચારેયના તળમાં પાયથાગોરસનું જીવન અને કવન અને સાધના જણાય છે. ફિલોએ લૅટિન ભાષામાં એક પુસ્તક લખ્યું કહેવાય છે. એનું લૅટિન નામ છે. 'દી વિટા કૉન્ટેમ્પ્લૅટિવા' (De Vita Contemplativa) એમાં મરમીસાધનાનું વર્ણન આવે છે. એમાં એક સંપ્રદાયનું નામ છે. 'થેરાપ્યોઈટી' (Therapeutae). એ સંપ્રદાય ઍલેક્ઝાન્ડ્રિયાની પાસે આવેલા મ્યેરોટિસ સરોવર (Lake Mareotis)ની પાસે હતો. એમાં કડક તપશ્ચર્યા કરવામાં આવતી, સાધુજીવન ગાળવામાં આવતું. ત્યાંના સાધકોનું લક્ષ્ય હતું તનમનના શુદ્ધીકરણ દ્વારા ભગવદ્પ્રાપ્તિ. પૅલેસ્ટાઇન અને સીરિયામાં એક અતિપ્રાચીન સંપ્રદાય હતો, જેને એસેન્સ (Essenes) તરીકે ઓળખાતો. પેલા સંપ્રદાયમાં પણ યહૂદીઓનું મંડળ સંતજીવન ગુજારતું. તેઓનાં જીવનધોરણ આ પ્રમાણેનાં હતાં: સંસ્કૃતિની કૃત્રિમતાનો ત્યાગ, યુદ્ધ, ગુલામી, દમનકારી મૂડીવાદ અને વિલાસી જીવનનો વિરોધ, ઉદાર દાન દેવામાં સક્રિયતા, એકાંત અને ધ્યાનધારણામય જીવન, આનંદોલ્લાસ અને અતિગંભીરતા, ઉત્સવોની ઉજવણી અને સામૂહિક નૃત્યગાનના પ્રસંગો. આ બધું જ્યાં થતું હતું તેવો એ મઠ કે આશ્રમ તે સમયે મહત્ત્વનું એક કેન્દ્ર હોવું જોઈએ. ઉપર જે લૅટિન શબ્દ આપ્યો છે તે 'થેરાપંથી' તો નહિ હોય? એવા બૌદ્ધ સમયના મઠ કે આશ્રમ હોય પણ ખરા. આ એક સંશોધનનો વિષય ગણાય. પાયથાગોરસના પ્રમાણભૂત જીવનચરિત્ર લેખક સીરિયાના આયામ્બ્લિકસ (Iamblichus) આ પ્રમાણે જણાવે છે: 'પાયથાગોરસ અને તેમનું ભ્રાતૃભાવમૂલક મંડળ જેને પાયાના સિદ્ધાન્તો ગણતા હતા તે સૌના મૂળમાં દિવ્યતત્ત્વનું જોડાણ હતું, એને કેન્દ્રમાં રાખીને જ બધું થતું. ભગવદ્ભાવી જીવન અને તેમની ઇચ્છાને અધીન થવું, એ તેમની ફિલસૂફીનો પાયો હતો. સત્‌ની શોધ આ સિવાય એક મૂઢતા ગણાવી જોઈએ."

પાયથાગોરસની ઉપર જણાવેલી હકીકત, તેની વિશ્વબંધુત્વની ભાવનામૂલક જ્ઞાનની સાધના અને કંઈક અંશે 'મિસ્ટરી' (ગૂઢતા)નું વાતાવરણ

મને આ સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા ગૂર્જિએફ (Gurdjieff) નામની એક સમસ્યાપૂર્ણ વ્યક્તિ, જેમને તત્ત્વજ્ઞાની, મરમી, ગૂઢવાદી, રહસ્યભરી વ્યક્તિ, – એવાં અનેક સ્વરૂપે અમેરિકામાં તેમ જ યુરોપમાં ઓળખે છે, અને જેમના અનેક શિષ્યોમાંના એક, વૈજ્ઞાનિક યૂરપેન્સી, લંડનમાં એક સંસ્થા પણ ચલાવતા અને જેમના એક પુસ્તકનું પૂ. અંબુભાઈએ 'જ્ઞાનપ્રાપ્તિનું તૃતીય કરણ'ને નામે ભાષાંતર કર્યું છે, – તે ગૂર્જિએફનો એક સ્વાનુભવનો યાત્રાનો પ્રસંગ અહીં જણાવું છું.

ગૂર્જિએફ જીવનભર યાત્રિક રહ્યા છે. તેમના એક 'નોંધપાત્ર વ્યક્તિઓની મુલાકાતો' નામના પુસ્તકમાં પ્રોફેસર સ્ક્રિડલોફ નામના પુરાવિદ્યાના સંશોધક અને અભ્યાસીની સાથે કરેલી મુસાફરીનું આબેહૂબ છતાં આશ્ચર્યભર્યું વર્ણન છે. બંને મિત્રો હતા. તેમણે સાથે રહીને નાઈલ નદીના મૂળ લગી મુસાફરી કરેલી, પછી એબીસીનિયા, સીરિયા, બેબિલોન વગેરે સ્થળોએ ફરેલા. વચ્ચે થોડા સમય પછી બંનેની ધારણા બુખારા થઈને કાફિરિસ્તાન નામના પ્રદેશમાં જવાની થઈ. એ પ્રદેશમાં કોઈ પણ યુરોપીય વ્યક્તિ સ્વેચ્છાએ જઈ શકતી નહિ. તેમનો આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ ઘણી બધી વાતો અનેક લોકોની પાસેથી સાંભળીને પોતાના ઘણાખરા આંતરિક પ્રશ્નોના સમાધાનનો હતો, – ખાસ કરીને મનોવૈજ્ઞાનિક અને પુરાવિદ્યા સંબંધી. ત્યાં જવા માટે બંનેએ ઘણી પૂર્વતૈયારીઓ કરી. ફારસીના પવિત્ર મંત્રો, સ્તોત્રો, પ્રાચીન સમયના ઉપદેશો એવી ઘણી વાતો શીખી લીધી. કપડાં બદલ્યાં, સ્ક્રિડલોફ ફારસી દરવેશ (Dervish) બન્યા અને પોતે મહંમદની પરંપરામાં ઊતરી આવેલા સૈયદ (Seiid) બન્યા. ભાષાની, બોલવા-ચાલવાની, પહેરવેશની સંપૂર્ણ તૈયારી કરીને, સુસજ્જ થઈને, પ્રાચીન કાળની ઑક્સસ અને અત્યારે આમુ દર્યાન નામે ઓળખાતી નદીને તીરે તીરે મુસાફરી આદરી. અનેક પ્રકારના જીવંત અનુભવ કરતા કરતા ચાલ્યા.

આ નદી ઉપર જતાં પ્યાન્ડઝને (Pyandzh) નામે ઓળખાય છે. હિંદુકુશની પર્વતમાળામાં તેનાં મૂળ છે. રશિયા, ખિવાના ખાનાતે, બુખારીઅન ખાનાતે, અફઘાનિસ્તાન, કાફિરિસ્તાન, બ્રિટિશ હિંદ વગેરે ઘણા પ્રદેશોને સ્પર્શતી તે વહે છે. પ્રદેશ પ્રદેશના લોકોની રહેણીકરણી, વાતચીત, હલનચલન, અવરજવર, એમ બંને સૂક્ષ્મ અવલોકન કરતાં કરતાં દરવેશ અને સૈયદના પોશાકમાં ધાર્મિક મંત્રો ઉચ્ચારતા, તંબુરીન બજાવતા,

લોકોને ખુશ કરતા, ભિક્ષા માગતા ચાલ્યા જાય છે. કાફીરિસ્તાનના હાર્દમાં આવેલી અફ્રિદિઓની વસાહતમાં તેઓ આવી પહોંચે છે. ત્યાંથી ચિત્રાલ જવાના હેતુથી આગળ વધે છે. ત્યાંની એક માર્કેટમાં જતાં ત્યાંના પોશાકમાં એક વૃદ્ધ માણુસ મળે છે. તે ખૂબ પાસે આવીને શુદ્ધ ગ્રીકમાં જણાવે છે: "ગભરાશો નહીં, મને જાણવા મળ્યું છે કે તમે ગ્રીક છો. તમે કોણ છો, શાથી અહીં આવ્યા છો, એ મારે જાણવું નથી. મને તમારી સાથે મારી માતૃભાષામાં વાત કરતાં આનંદ થશે. મારા વતનના માણસને આજે પચાસ વર્ષો પછી જોઉં છું." એમનો અવાજ, આંખોની નિર્દોષતા જોતાં બંનેને તેમનામાં વિશ્વાસ બેસે છે. ગૂર્જિએફ કહે છે: "અહીં અમારે માટે તમને મળવું અને વાતો કરવી ઠીક નથી લાગતું. કોઈ એવું સ્થળ શોધી કાઢો જ્યાં આપણે એકાંતમાં મળીએ. મને ખૂબ આનંદ થશે."

પેલા ભાઈ ચાલ્યા ગયા. બંને જણ પોતપોતાને કામે ગયા. બીજે દિવસે સવારે એક માણસ આવ્યો, મધ્ય એશિયાના કોઈ મઠમાં રહેતો હોય એવા લેબાસમાં, અને તેણે એમના હાથમાં એક ચિઠ્ઠી મૂકી. ભાષા ગ્રીક હતી. ચિઠ્ઠી વાંચતાં તેમને જણાયું કે પેલા ભાઈ એક જ મઠના હતા, જેમને 'આત્મમુક્ત' (self-freed) કહે છે તેવા. તેમને ત્યાં જવાની પરવાનગી હતી; કારણ કે, જેઓ એક પ્રભુને માને છે, જેઓ બધાં રાષ્ટ્રોના અને જાતિઓના સ્રષ્ટા છે, તે સૌને એ મઠમાં જવાનો અધિકાર છે.

ગૂર્જિએફ જણાવે છે: "બીજે દિવસે મારા અધ્યાપક મિત્ર અને હું એ મઠમાં ગયા. ત્યાંના કેટલાક સાધુઓએ અમારું સ્વાગત કર્યું. એ સૌમાં પેલા ગ્રીક ભાઈ પણ હતા. સ્વાગતવિધિ પૂરી થઈ એટલે અમે ત્રણ જણ પાસેની એક ટેકરીએ ગયા, તેમણે આણેલો ખોરાક લીધો અને એક નાની નદીને કાંઠે બેઠા...વાતમાં અમને જાણવા મળ્યું કે તેઓ મૂળ ઇટાલિયન, માતૃપક્ષે ગ્રીક. નાનપણમાં ગ્રીક જ છૂટથી બોલતા." નામ ફાધર ગીઓવન્ની (Father Giovanni), ખ્રિસ્તી પ્રચારક, ભારતમાં ઘણું રહેલા. અફઘાનિસ્તાનમાં પ્રચારાર્થે ગયેલા, આફ્રિદિઓએ કેદ કર્યા, ગુલામ તરીકે રહેવું પડ્યું. ઘણે વખતે એક વ્યક્તિના ગુલામ તરીકે અહીં આવ્યા. એમના માલિકે એમને છૂટા કર્યા. 'વિશ્વબંધુત્વ'ને માનનારી સંસ્થાના દીક્ષિત બંધુનો સમાગમ થતાં આ સંસ્થામાં રહી ગયા. "અમે પણ અમારી વાત કહી, અમારો ઇરાદો જણાવ્યો અને તેથી જ છૂપા વેશે ફરીએ

છીએ. એમને અમારામાં વિશ્વાસ બેઠો અને તે જ દિવસથી એમની સંસ્થામાં, મઠમાં, રહેવાનું ગોઠવ્યું. અમે ત્યાં છૂટથી રહેતા, બધે જ જઈ શકતા. માત્ર જ્યાં મુખ્ય શેખ રહેતા ત્યાં જઈ શકતા નહીં. જેમણે પ્રાથમિક દશાની મુક્તિ મેળવી હોય એવા દીક્ષા પામેલાનો જ તેમને ત્યાં પ્રવેશ હતો. ફાધર ગિઓવન્નીએ અમને ત્યાંના આંતરિક જીવનની વાત કરી, તેમના રોજિંદા જીવન વિષે જણાવ્યું, અનેક સૈકાઓ પહેલાં એશિઆમાં સ્થપાયેલી બંધુત્વભાવની અનેક સંસ્થાઓની વાત કરી, આ વિશ્વબંધુત્વની ભાવનાવાળી સંસ્થાની વાત કરી, જ્યાં કોઈ પણ ધર્મનો મનુષ્ય રહી શકે છે, એમ જણાવ્યું. અમે જોયું તો ત્યાંના સાધકોમાં ખ્રિસ્તીઓ, યહૂદીઓ, મુસલમાનો, બૌદ્ધો, લામા અને એકાદ શમાની (Shamanist) પણ હતા. સઘળા સત્ય કે જે પરમેશ્વર છે, તેમનામાં યુક્ત હતા.

બધા જ બંધુઓ એવા એક થઈને રહેતા કે કોણ કયા ધર્મનો છે તે અમે પારખી શકયા નહોતા. ફાધર ગીઓવાન્નીએ અમને વિશ્વબંધુત્વના ભાવની એટલી બધી પ્રતીતિપૂર્વક શ્રદ્ધામૂલક વાતો કરી કે મારા મિત્રે એકાએક ઉદ્દગાર કાઢયો : 'ફાધર, તમે યુરોપમાં પાછા ફરવાને બદલે અહીં આટલી બધી શાંતિથી રહી શકો છો એ મને સમજાતું નથી. તમારું વતન, તમારાં સ્વજનો યાદ આવતાં નથી? તમારી આ શ્રદ્ધા સોંસરી ઊતરી જાય છે. એનો એક હજારમો ભાગ આપવા ત્યાં આવો તો કેવું સારું?"

ફાધરે કહ્યું : "વહાલા પ્રોફેસર, તમે જેટલું પુરાતત્ત્વનું જાણો છો, તેટલું માનવોમાં રહેલા અંતઃકરણને (psyche) જાણતા નથી, એ સ્વાભાવિક છે.

"મનુષ્યને શ્રદ્ધા દઈ શકાતી નથી. મનુષ્યમાં શ્રદ્ધાનો જે ઉદય થાય છે અને તેનામાં તે કાર્યશીલ થતી વિકસતી જાય છે. તે કોઈ સ્વયં ભણતરથી નહિ, અર્થાત્, ઊંચાઈ, પહોળાઈ, જાડાઈ, આકાર અને વજન, અથવા તો દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, ગંધ, સ્વાદની કોઈ ઇન્દ્રિયતા સંવેદનને લીધે નહિ, – પરંતુ આંતરસૂઝ (understanding)થી થાય છે. જે વ્યક્તિગત ભાવે અનુભૂતિઓ થાય છે, હેતુપૂર્વક જે જ્ઞાન આત્મસાત્ થાય છે, તેનું સારસર્વસ્વ તે આ સૂઝ, સમજ, આંતરસૂઝ....."

પછી તો એ ફાધર ઘણી ઘણી સૂક્ષ્મ વાતો કરે છે, – કંઈક મરમીભાવની, કંઈક અનિવર્ચનીય તત્ત્વની, કંઈક અદેયની. પછી કહે છે :

"આવા અમારી ભાવનાવાળા ચાર મઠો છે: એક આ, બીજો પામિરની ખીણમાં, ત્રીજો તિબેટમાં અને ચોથો હિંદમાં.

અમારા મઠના કર્તાહર્તા બે બંધુઓ છે, અત્યંત વૃદ્ધ: એક બંધુ બહલ (Ahl) બીજા બંધુ સેઝ (Sez)."

આ લાંબી કથા કહેવાનો ઇરાદો એ છે કે હજારો વર્ષોથી ચાલ્યા આવતા આ મઠોમાં કદાચ પાયથાગોરસ અને ફિલો, અને પ્લૉટિનસના ગુરુઓ રહ્યા હશે? આ આધાર વગરનું એકમાત્ર અનુમાન છે. સંશોધકોનો એ વિષય બની શકે.

મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજે 'તંત્રની સાધના'માં પોતાના ગુરુ વિશુદ્ધાનંદ ('ગંધબાવા') સૂર્યવિજ્ઞાન ભારત-તિબેટન દ્વિભેટે ક્યાંક અદષ્ટ એવા મઠમાં શીખ્યા હતા, એમ જણાવે છે. એનું નામ છે 'જ્ઞાનગંજ'.

તાત્પર્ય એ છે કે, પાયથાગોરસ અને ફિલો વિષે કહેવાય છે કે તેઓ એશિયામાં કે હિંદમાં આવેલા, અને અહીંનું જ્ઞાનવિજ્ઞાન, મરમીસાધના, ઋષિજીવન જોયેલું અને એની અભિવ્યક્તિ જીવનમાં તેમ જ કવનમાં અને અનુભૂતિમાં કરેલી,–એ એક અનુસંધાનનો વિષય ગણાય. આ બધું 'ગૂઢ' કહીને ઉપેક્ષ્ય નથી.

ગ્રીક રીતભાત જોવાને, તેનો અભ્યાસ કરવાને તે સમયે એક હિંદુ ઋષિ કે ગુરુ એથન્સમાં ગયેલા, ત્યાં તેમને સૉક્રેટિસનો મેળાપ થયેલો અને સૉક્રેટિસની વાતો પરથી તેમણે કહેલું કે પ્રથમ દૈવી જ્ઞાન થયા વગર માનવીય જ્ઞાન, તેમના વ્યવહાર શી રીતે સમજાય, પોતાની જાતને જાણ્યા વગર બીજાને કેવી રીતે સમજી શકાય. ત્યારે સૉક્રેટિસને પોતાની ભૂલ સમજાયેલી અને ગ્રીક ફિલસૂફીની માત્ર બૌદ્ધિક ઉપરછલ્લી વાતો ગળે ઊતરી ગયેલી અને પછી પોતાની જાતને પ્રથમ જાણવાનું સૂઝ્યું હતું, આ પ્રસંગ ઐતિહાસિક ગણાય છે.

સૉક્રેટિસ અને પ્લેટો અને ફિલો એ ત્રણેય ઉપર પાયથાગોરસની જ પ્રબળ અસર હતી. આ આખા સમયને પાયથાગોરિયન કહેવાય છે. એ શિષ્યો સાથે એકબંધુત્વની ભાવનાથી રહેતા અને લોકોમાં 'પાયથાગોરિયન બ્રધરહૂડ' (પાયથાગોરસનો બંધુપરિવાર)ને નામે ઓળખાતો.

પાયથાગોરસના જન્મના અરસામાં પ્રાયઃ તેમની પૂર્વે તેમના આગમનનાં ગ્રીક દેશમાં એંધાણ થઈ ગયાં હતાં. રહસ્ય-સાધનામાં દીક્ષિત હોય તેને 'મીસ્ટી' (mystae) કહેતા. આવાં દીક્ષિતોનાં મંડળો હતાં. તેમનું લક્ષ્ય હતું દિવ્યની સાથેનું ઐક્ય, અંતરમાં રહેલા દેવનો આવિર્ભાવ, માનવઆત્માની સહજભાવે દિવ્યતા, અમરતાની પ્રાપ્તિને માટે આત્મ-નિયંત્રણ અને પવિત્ર જીવન, – એ એમની સાધના હતી. એક સર્વોચ્ચ આધ્યાત્મિક ભાવ સાથે તેઓ વિધિવિધાન આચરતા. જેમ ભવિષ્યમાં ખ્રિસ્તી સંતો પ્રભુની હાજરીનો અનુભવ કરતાં દરરોજના જીવનમાં એક ઉજ્જવલતા આણતા, તેમ આ મંડળો માનતાં કે આધ્યાત્મિક ચેતનાથી સામાન્ય જીવનનું રૂપાંતર થઈ શકે છે.

પૂર્વના ઈ. સ. પૂર્વેના સમયની માફક ગ્રીકના રહસ્યવાદી મતો આત્મશુદ્ધિકરણ અને ધ્યાનધારણાને પાયાનાં તત્ત્વો તરીકે માનતા. બધું દુઃખમય છે એનો, એ મતનો અભ્યાસ, જીવનમુક્ત દશા (symbolic death and rebirth in divinity), તૃષ્ણામાંથી છુટકારો મેળવવો, સંસારી જીવનની લોલુપતાઓની મૂળગત સમજ કેળવવી, – એ બધું વાતા-વરણમાં હતું, – અલબત્ત ગુપ્તભાવે.

પાયથાગોરસના શિષ્યો સવારમાં ઊઠે ત્યારે મૌન સેવતા, ક્રમશઃ મનને શાંત કરીને અંતરની ગંભીરતા પ્રત્યે વળતા. એકાંતમાં ખૂબ ચાલીને કાં તો દેવસ્થાનોમાં, વનરાજીમાં કે પવિત્ર સ્થળોએ જતા. મનને પોતાના આંદોલનોથી ઊર્ધ્વ કરે એવું સંગીત સાંભળતા. આ બધું પાયથાગોરસની પ્રત્યક્ષ દેખરેખ નીચે થતું. પાયથાગોરસ પોતે અનાહત નાદ સાંભળતા. તેનું વર્ણન આગળ કરીશું.

કોઈ પણ અતિશયોક્તિ વગર એટલું કહી શકાય કે મરમીભાવી દૃષ્ટિએ પાયથાગોરસ આ યુગના સર્વસ્વ હતા.

સૉક્રેટિસની નીતિભાવના, પ્લૅટોની તર્કનિષ્ઠ અદ્વિતીય ફિલસૂફી, ફિલોની કોઈ કોઈ વારની ફિલસૂફીયુક્ત મરમીભાવી મસ્તી, ભાગવત ભાવમાં તલ્લીનતા અને ઠેઠ પ્લૉટિનસનું અનુભૂતિથી ભર્યું ભર્યું પ્રભુમય આધ્યાત્મિક જીવન, – આ સર્વમાં એક અદીઠ 'પાયથાગોરિયન ચેતના' સુષુપ્તભાવે હતી. સૉક્રેટિસ કહેતા : "મને સૌથી ડાહ્યા (પ્રાજ્ઞ) માણસ તરીકે બધા ઓળખે છે,

કારણ કે, સૌથી ડહાપણભરી રીતે હું કંઈ જ જાણતો નથી એનું મને ભાન છે.” તદુપરાંત, પ્રજ્ઞાના મૂળમાં જે દિવ્યતાનું જોડાણ રહેલું છે તેની ગુપ્ત સંકલના તેમના ચિત્તમાં હતી. કયા વિચારોને સંઘરવા કે ટાળવા, કયાં કાર્યોને કરવાં કે ન કરવાં, તે વિષેની પેલી પ્રજ્ઞામાંથી આવતી અંતઃપ્રેરણા, જેને તેઓ 'અંતરનો અવાજ' (the inner voice) કહેતા, એ પ્રકારનો એક સૂક્ષ્મ વિવેક તેમનામાં સહજભાવે જણાતો હતો (તાલીમ પામેલો – 'ટ્રેઇન્ડ' પૉલિશ્ડ નહીં!) તેઓ કહેતા : “તમે સૌ મને ઑરેકલ સાંભળવાનું અથવા કોઈક સ્ફુરતા અણસાર વિષે બોલતાં જુઓ છો, નહીં? બાળપણથી એવાં ચિહ્નો થતાં આવ્યાં છે. આવાં સૂચનો, ઇંગિતો, દેવો કરતા હોય છે.” એમના મૃત્યુની પળો, ઝેર પીધા પછીની પળો – એમની દિવ્ય સ્વસ્થતા, નિર્દોષ જીવન, સમભાવના દ્યોતક છે. અંતરથી મરમી નહિ તો બીજું શું હોય!

બાઉલ કહે છે : “ઓ તુઈ નૂતન લીલા કિ દેખાબિ જાઁર નિત્યલીલા ચમત્કાર?” (અરે ભાઈ, જેમની નિત્યની લીલા ચમત્કાર પૂર્ણ છે, તેમની પડખે તારી વળી નવી લીલા શી બતાવવાનો હતો?)

પ્લેટોની મરમી ભાવનાનું હાર્દ એની પ્રેમની શાશ્વત ભૂમિકામાં છે, વસ્તુગત સ્નેહમાંથી નિરપેક્ષ પ્રેમની ભૂમિકાના દર્શનમાં છે, એમના સૌન્દર્ય અને સત્‌ના ટોચ પરનાં મૂલ્યોમાં છે.

ઈસુ ખ્રિસ્તની ચોથી સદીમાં થઈ ગયેલા આયમ્બ્લિકસ જણાવે છે કે પાયથાગોરસે જે વાવેતર કર્યું હતું, તેનો પરિપાક પ્લેટોની પ્રજ્ઞાપૂત ફિલસૂફીમાંથી સંચારિત થઈને નવ-પ્લેટોવાદના આદ્ય સ્થાપક મહામરમી પ્લોટિનસની અનુભૂતિઓમાં સાક્ષાત્કારને પામશે, અને એક નવીન મરમી-ભાવના, સાધનાધારા યુગોના યુગ લગી યુરોપમાં વેરાન પડેલા ચિત્તમાંથી સોનેરી પાકની લણણી કરી શકશે. પ્લેટોના શબ્દો છે : “ભગવાનમાંથી આપણી પાસે જે આવે છે તે આપણામાંથી ભગવાન પ્રત્યે પાછું ફરે છે... કોઈ માનવ સૌન્દર્યને સાક્ષાત્ જોઈ શકે, – શુદ્ધ, નિર્ભેળ, માનવમર્ત્યતામાંથી પૂર્ણભાવે મુક્ત, તેનાં પ્રદૂષણો, દાગ અને મિથ્યા અભિમાનોમાંથી સાવ અનાવૃત, નિશ્ચલ, દિવ્ય... અને એ સાયુજ્યમાં પ્રભુનો સખા બનતો જાય, પોતે અમર... તો શું એ જીવન અવગણવા જેવું ગણાય ખરું?” આ કઈ દશા, અવસ્થિતિ, હાલ, ભૂમિકા ગણીશું?

ગ્રીક સંસ્કૃતિના ખેડાણમાંથી આ શું ઓછું પાક્યું ?

રુડોલ્ફ ઑટો આચાર્ય શંકર અને આચાર્ય એક્હાર્ટની વચ્ચે સદીઓનું અંતર છતાં બંનેને ભાવધારાની દૃષ્ટિએ સમસામયિક ગણી શકાય એમ કહે છે, તેમ ભારતની ઋષિપરંપરા અને આ પશ્ચિમની સંસ્કૃતિની ભાવધારાને, ચિત્તના ફાલને, સમસામયિક ગણી શકીએ કે નહીં ? લાઓત્સના જણાવ્યા પ્રમાણે એક જ દિવ્ય માતૃત્વશક્તિ એનાં બાળકોને પોતાના ધાવણથી પોષી, સંવર્ધી રહી નથી શું ? શિવ ઠેકડો મારતાકને શક્તિને આલિંગતા નથી શું ? (The Spirit leaps into the Spirit's embrace.)

ફિલો હતા યહૂદી, ફિલસૂફ, જીસસની પહેલાં જન્મેલા. એ પણ ઍલેક્ઝાન્ડ્રિયાના ત્રિભેટાના સંસ્કાર પામેલા. સાઈઠ વર્ષો જીવ્યા. (ઈ. સ. પૂ. ૨૦ થી ઈ. સ. ૫૦ લગભગ) પ્લૅટો અને પ્લૉટિનસની વચ્ચેના પુલ જેવા હતા. આવેશમાં આવી જતાં કોઈ કોઈ વાર યહૂદી શાસ્ત્રોનું પ્લૅટોની દૃષ્ટિએ અર્થઘટન કરતા. સોફિયા (Sophia) એટલે કે પ્રજ્ઞાને તેમણે લોગોસ કે વર્ડ (Logos, Word)ને પ્રભુના ગુણ તરીકે જણાવ્યાં. બાઈબલના મરમી ભાવની સાથે એમની ભાવધારાનું જોડાણ છે. કાબાલિઝમ (Kabbalism) નામના ગૂઢવાદ (Occult)ની સાથે એમનો યહૂદી-પરંપરાગત સંપર્ક ખરો.

અહીં એક તબક્કો પૂરો થાય છે: પાયથાગોરસ, સૉક્રેટિસ, પ્લૅટો અને ફિલોનો, – ઈ. પૂર્વે ૫૮૦ થી ઈ. સ. ૫૦ ના ગાળાનો, છ સૈકાનો આશરે. ગ્રીક, ખ્રિસ્તી અને હિંદુ રહસ્યવાદની ધારાને તુલનાત્મક દૃષ્ટિએ જોવાની ઈચ્છા રાખનારા રોમાઁરોલાઁ આ ગાળાને ખૂબ મહત્ત્વ આપે છે. તેને વિષે પછીના પ્રકરણમાં આપણે કંઈક વિગતે વિચારવાના છીએ.

*

ત્રીજી સદીની શરૂઆત થઈ. સંસ્કૃતિઓનું અને ધર્મોનું કેન્દ્ર ઍલેક્ઝાન્ડ્રિયા બન્યું. રાજ્યોની ઊથલપાથલ થઈ. એક રાજ્યનું પતન થયું ત્યાં બીજાનું અભ્યુત્થાન થયું. ઇજિપ્ત પર ગ્રીક રાજાઓ રાજ કરવા લાગ્યા. ઍલેક્ઝાન્ડ્રિયામાં ઇજિપ્તના દેવોનાં દેવળો હતાં, સંગ્રહસ્થાનો હતાં, પુસ્તકાલયો હતાં. ત્યાં ગ્રીક ફિલસૂફીનાં વિદ્યાકેન્દ્રો હતાં, યહૂદી ધર્મપ્રચારકો

હતા, શાળાઓ–મહાશાળાઓ હતાં, પૂર્વની અધ્યાત્મ-વિદ્યાના ગુરુઓના આશ્રમો હતા, ખ્રિસ્તી સંકુલો હતાં, પ્રચારકો હતા. દેશ દેશની ધાર્મિક પ્રવૃત્તિઓનો એ જાણે કે એક મધપુડો!

આશરે ત્રીજી સદીના પ્રથમ ગાળામાં ત્યાં યુવાન પ્લોટિનસ ભણવા જાય છે. એનો જન્મ ઇજિપ્તમાં ક્યાંક થયો છે, ગ્રીક કે રોમન માબાપ છે. ઈ.સ. ૨૦૪ કે ૨૦૫ જન્મસાલ. તેમના શિષ્ય પોરફીરી (Porphyry) એ ઈ.સ. ૩૦૩માં લખેલી તેમની જીવનકથા પ્રમાણે અઠ્ઠાવીસ વરસની ઉંમરે પ્લોટિનસને તત્ત્વજ્ઞાનનું ઘેલું લાગે છે. એની જ્ઞાનની પિપાસાની તૃપ્તિને માટે એક જ શાળામાંથી બીજીમાં જાય છે, એક શિક્ષા-ગુરુને છોડીને બીજાને પકડે છે, પણ અંતે અસંતોષ અને વિમાસણમાં ગરકાવ થઈ જાય છે. શું કરવું?

તે સમયે એક ઋષિ હતા. નામે ઍપોલોનિયસ ઑફ ટાયના (Appolonius of Tyana). તેઓ પ્લોટિનસના દૃષ્ટાંતસ્વરૂપ બની ગયા! તેઓ અથથી ઇતિ ગ્રીક હતા, પ્લેટોવાદી હતા. તેમનામાં પ્લેટોની અધ્યાત્મમૂલક પ્રેરણા, પાયથાગોરસના અનુયાયીઓની સાધના-સંપત્તિ અને ઋષિમુનિઓની અનુભૂતિઓ,–એ ત્રણેયનાં મૂળ નંખાયાં હતાં. ઍપોલોનિયસ મરમી હતા, તપસ્વી હતા, ફિલસૂફ હતા. ઈ.સ.પૂ.ના બીજા વર્ષની આસ-પાસ જન્મેલા. તેઓ બરાબર સો વર્ષ જીવ્યા હતા. જુવાનીમાં તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા, અને એ સમયે એમને ખાતરી થઈ કે સંતજીવન એ જ તત્ત્વજ્ઞાનીનું જીવન હોઈ શકે. પિતાની અઢળક વારસાગત મિલકતનો ત્યાગ કર્યો, અને જ્ઞાનગરીબી સ્વીકારી અને તપસ્વીનું જીવન જીવવા લાગ્યા. તેમને લોકો નવ-પાયથાગોરસવાદી કહેતા. લીનનનાં કપડાં પહેરતા, માંસ ખાતા નહિ, યજ્ઞોનો તિરસ્કાર કરતા, સાધના તરીકે એક વાર પાંચ વર્ષ લગી મૌન પાળ્યું હતું.

ઍન્ટિઓક (Antioch)માં થોડા સમય લગી ભણાવ્યું. પછી જ્ઞાનની શોધમાં પરિવ્રાજક બન્યા. નીનેવે, બૅબિલોન અને હિંદનાં શહેરોમાં યાત્રા કરી. ભારતના બ્રાહ્મણ ગુરુઓની સાથે ચાર માસ લગી તત્ત્વચર્ચા કરી. પાછા ફર્યા ત્યાં એમની આબરૂ ચારે દિશાઓમાં ફેલાઈ ગઈ. એમના ઠેર ઠેર સત્કાર થવા લાગ્યા. એમની ભગવદ્શક્તિસંચારક ઋષિ તરીકે નામના થવા લાગી. ટાયાનાના દેવળમાં એમનું બાવલું મુકાયું. પોતે બધાને જણાવતા: "હું તો, ભાઈ, પાયથાગોરિયન છું. એમણે કહેલાં વ્રતો પાળશો તો શુદ્ધ

થઈ જશો અને અંતર્યામીનાં દર્શન થશે." આવા ઍપોલોનિયસનો દાખલો પ્લૉટિનસના ચિત્તમાં અંકાઈ ગયેલો હતો.

હવે જ્યારે પ્લૉટિનસ તત્ત્વની શોધમાં વ્યાકુળ હતા ત્યારે તેમના એક મિત્રે ઍમોનિયસ સૅક્સ (Ammonius Saccus) નામના એક ફિલસૂફ ગુરુ પ્રત્યે આંગળી ચીંધી. પ્લૉટિનસ તેમને મળ્યા. એક જ પાઠ સાંભળીને તેમને લાગ્યું : "હું શોધી રહ્યો છું તે આ જ માનવ છે." પ્લૉટિનસ દશ વર્ષો લગી એમના હાથ તળે ભણ્યા.

ઍમોનિયસ 'ભગવત્પ્રેરિત જ્ઞાની' તરીકે (Theodidaktos) ઓળખાતા. તેમનાં માતાપિતા ખ્રિસ્તી હતાં. પણ એમની શ્રદ્ધા જેટલી ગ્રીક તત્ત્વવિદ્યામાં હતી તેટલી ખ્રિસ્તી સાધનામાં નહોતી. સર્વે આર્ષદ્રષ્ટાઓમાં તેઓ પ્લેટોને સૌથી શ્રેષ્ઠ ગણતા. ઘણા તો એમને જ નવ-પ્લેટોવાદના પ્રણેતા ગણતા. તેમણે ગ્રંથો લખ્યા નથી. એક વાર તેઓ પોર્ટર હતા. આપમેળે શિક્ષણ પામ્યા હતા. ભગવાન એમનું રખેવાળું કરતા. ભાગ્યે જ લોકો એમના સિદ્ધાંતો જાણતા. તેમણે પ્લેટો અને ઍરિસ્ટોટલની વિદ્યા પચાવીને પ્લૉટિનસની સમક્ષ એક વિશુદ્ધ સરળ સહજ ફિલસૂફી તરીકે રજૂ કરી.

આવા ગુરુની પાસે દશ વર્ષો રહીને પ્લૉટિનસે વિદ્યા મેળવી. માજી (Magi) અને બ્રાહ્મણોને સ્વમુખેથી એ વિદ્યાની તાજગી મેળવવા તેઓ પૂર્વદિશા તરફ વળ્યા. કદાચ તેમને કાને બુદ્ધની વાત પણ પહોંચી હોય. તે અરસામાં વાત આવી કે ગોરડિએનસ પારસના રાજાની પાસેથી મેસોપોટેમિયાને મુક્ત કરવા ચઢાઈ લઈ જવાના છે. તે સમયે પ્લૉટિનસની ઉંમર ઓગણચાલીસની હતી. તેઓ સૈનિક તરીકે જોડાયા. પરશિયન્સ હાર્યા, પણ બળવા થયા અને ગોરડિએનસની હત્યા થઈ. તેમની યોજનાઓ પડી ભાગી. હિંદ જવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો અને મહામુશ્કેલીએ ઍન્ટિઓક પાછા ફર્યા. ઈ. સ. ૨૪૪માં રોમ ગયા અને ત્યાં જ રહી ગયા.

ઍમોનિયસની રીતે શીખવવા માટે એમણે એકવીશ તાત્ત્વિક રચનાઓ કરી. વ્યાકરણનું ઠેકાણું નહીં, જોડણીની ભૂલો, એવી કાચી નોંધો કરી. એક ગુરુકુળની સ્થાપના કરી. સંતની આચારસંહિતા, પ્રભુનું સાંનિધ્ય, એવા વિષયો લીધા. આ બધું એળે ગયું હોત, જો ઈ. સ. ૨૬૩માં ગ્રીસમાંથી

પોરફીરી આવીને એમનો શિષ્ય ન બન્યો હોત. એમોનિયસનો આદેશ હતો કે અધિકારી સિવાય કોઈને એ વાતો જણાવવી નહીં. પણ એમની એક સંત ફિલસૂફ તરીકેની ખ્યાતિ જામવા લાગી, એટલે પોતાની હસ્તપ્રતો માગણીને લઈને પોરફીરીને આપી. બીજી પુસ્તિકાઓ લખી અને એમ કરીને બધી મળીને ચોપ્પન વાર્તાલાપોની રચના થઈ. એટલે જ એને નવ નવના વિભાગોમાં વહેંચવાને લઈને 'ઈનીડ્ઝ' (Enneads) કહેવાઈ.

પ્લૉટિનસની ખ્યાતિ એક ભગવાનની પ્રાપ્તિ કરેલા સંત તેમ જ ફિલસૂફ અને ઉત્તમ શિક્ષક તરીકે પ્રચલિત થઈ ગઈ હતી. ઉંમરલાયક વૃદ્ધ પણ થઈ ગયા હતા. એટલે એક કળાકાર તેમને મળ્યા અને તેમનો સ્કેચ કરવા જણાવ્યું. મિત્રોએ પણ આગ્રહ કર્યો. તેઓ હસી પડ્યા. કહે: "ભાઈ, પ્રકૃતિએ આ દેહનું વસ્ત્ર પહેરાવ્યું છે તે ધારણ કરીને વિદાય લેવી પૂરતું નથી શું ? મારા ગયા પછી આ બાવલાની પણ છાયા મૂકીને જવાની હું સંમતિ શી રીતે આપી શકું ?"

તેમના પ્રિય શિષ્ય પોરફીરી જણાવે છે: "હંમેશાં તેઓ કૃપાળુ અને સત્‌ના જન તરીકે રહેતા. હંમેશાં જાગ્રત, હંમેશાં ઉદ્યુક્ત. દિવ્ય સિવાય તેઓ રહી શકતા નહીં. સમગ્ર સતતાથી (Being) ભગવાનને ચાહતા. એમનું એકમાત્ર લક્ષ્ય હતું ભગવાનની ચેતના સાથેનો પ્રતિક્ષણનો યોગ,– તાદાત્મ્ય. હું એમની સાથે જ હતો ત્યારે મેં ચાર વાર તો તેમની આ અવસ્થા જોઈ છે; માત્ર નિમજ્જનની નિષ્ક્રિય સ્થિતિ નહીં, પરંતુ એક અવર્ણનીય સક્રિયતા રૂપે એમનું સાંનિધ્ય અનુભવ્યું છે."

એમની વાણીમાંથી ઉતારવા જઈએ તો પાર આવે એમ નથી. વિરહ અને મિલન, ચૈત્યપુરુષનાં લક્ષણો, સુખનું સૂક્ષ્મ સંવેદન, નાનામોટા વિદ્યાર્થીઓની સાથેની ગમ્મત,– એવું એવું ઘણું. એમની સાધનાના ક્રમ વિષેની કેટલીક લાક્ષણિક હકીકતો મરમી સાધનાના પ્રકરણમાં નોંધીશું.

વિદાય લેવાનો સમય તેઓ જાણી ગયા હતા. દાક્તરી વિજ્ઞાનમાં તેમને ખાસ એવી શ્રદ્ધા નહોતી. તે કહેતા: "આ બધાં દૈહિક લક્ષણોમાં એટલા બધા ગરકાવ થઈ જાય છે કે દવાઓ સિવાય તેમને કંઈ જ સૂઝતું નથી. તેમને ખબર નથી કે આત્માની સાથેના તાદાત્મ્યને લઈને રોગ મટી જાય છે. દર્દ કે દુઃખ કે વ્યાધિ એ તો માત્ર આત્માના સ્વભાવનો ભંગ

કર્યાની બાહ્ય નિશાની છે, તે દેહ આત્માના નિત્યસંયોગથી વંચિત રહે છે તેની એ જાણ છે. આત્મા તો છે નિત્યયુક્ત." અને તેમ છતાં ડૉ. યુસ્ટોબિયસ એમના શિષ્ય થઈ ગયા હતા અને એમના પ્રિય મિત્ર બની ગયા હતા. પ્લૉટિનસને છેલ્લે છેલ્લે ગળાની ગરબડ થઈ ગઈ હતી, માંદા પડી ગયા હતા. રોમ છોડીને પોતાના વસવાટમાં (કૅમ્પેનિયામાં) ચાલ્યા ગયા હતા. એમના દાક્તર મિત્રને બોલાવ્યા. પોતાની પાસે આવતાં વિલંબ થઈ ગયો. એ વખતે તે મરમી સંતે મૃત્યુને જાણે કે રાહ જોવા વિનંતી કરી. દાક્તર આવ્યા. પ્લૉટિનસની પાસે ગયા. કહ્યું: "તમારી જ રાહ જોઈ રહ્યો છું. બસ, હવે દિવ્યને મારામાં આવાહન કરું છું. આ બધું તેઓ જ છે. બધું બ્રહ્મમય છે." એમ બોલતાંકને શાંત થઈ ગયા; જીવ ચાલ્યો ગયો! એ હતી ઈ. સ. ૨૭૦ની સાલ.

એમની એકલાની એકલા તરફની મુસાફરી શરૂ થઈ ગઈ હતી. (The Journey of the Alone to the Alone) કહેતા: "તત્ત્વજ્ઞાનીઓ તરીકે આપણે એકતાની, સર્વના મૂળભૂત તત્ત્વની, સત્‌ની, આદ્યની શોધમાં છીએ. આ બહુમાંથી એક થવાનું છે, દિવ્ય પ્રત્યે આરોહણ કરવાનું છે અને સત્‌માં આત્માને પુનઃ નવીન કરવાનો છે... મુશ્કેલી એ છે કે તે એકમેવાદ્વિતીયનું સંવેદન જાણવાથી થતું નથી, પણ જ્ઞાનથી પર રહેલી તેમની પ્રત્યક્ષતામાંથી થાય છે. જાણવાની ક્રિયામાં મન વસ્તુઓનો હિસાબ, માહિતી લેતું હોય છે. તે વખતે તે એકમાંથી વિખૂટું પડી જઈને બહુમાં ગરકાવ થઈ જાય છે. હું ઇચ્છું છું, આપણે ઇચ્છીએ છીએ કે ચર્ચા, વાદવિવાદ છોડી દો અને એ દર્શનના અવાજને ઝીલો... ત્યાં આત્મા જીવન અને શક્તિના ઝરણાને નિહાળે છે, સત્તાનાં સ્રોતને ઝીલે છે અને સત્ (Goodness)ના જળને, આત્માના મૂળને પામે છે. આ બધાં ઝરણ શાશ્વત કાળ લગી વહે છે, એમાં કાંઈ ઓછું થતું નથી... હવે મનુષ્ય એ પરમમાં લીન થઈ જાય છે, તેમાં ઓગળી જાય છે, ભળી જાય છે. વિવિધતા કે વિચ્છિન્નતા વગર તે એકરૂપ થઈ જાય છે. આ આરોહણ થયું, એટલે કોઈ વિચાર રહેતો નથી, કોઈ લાગણી જણાતી નથી, કોઈ બહાર પ્રત્યેની ઇચ્છા ટકતી નથી. બુદ્ધિ અને ઇચ્છાશક્તિ અને ઇન્દ્રિયોનું ભાન લુપ્ત બની જાય છે, ક્યાંય ચાલ્યાં જાય છે. ઉદ્ધરેલો, ભગવદ્‌ભાવયુક્ત, નિશ્ચેષ્ટ સાધક ગતિહીન થઈ વિરમે છે; એ પોતે જ અવસ્થિતિ છે." નવ-પ્લેટોવાદીઓનો મુદ્રાલેખ છે: "પ્રથમથી જ સૂર્યસમ થયા વિના

આંખે કદાપિ સૂર્યને જોયો નથી; સ્વયં સુંદર થયા વિના આત્માએ અસલી સૌન્દર્યને જોયું નથી; માટે કરીને, જે માનવ સૌન્દર્ય અને પ્રભુનું દર્શન કરવા અભીપ્સા રાખતો હોય તેણે પ્રભુમય થવું જરૂરી છે, સુંદર બનવું જરૂરી છે.[1]

*

હવે આપણે એવા એક પગથિયે આવી પહોંચ્યા છીએ, જ્યાંથી આપણને એક સંકુલ વનરાજીની ઝાંખી થશે, છાયાપ્રકાશની ભુલભુલામણીનો વિસ્તૃત પગથાર નજરે ચઢશે, મરમી અને સંતનાં આગળ જણાવ્યાં તે લક્ષણોની કસોટી કરી જોવાનું મળશે. અધ્યાત્મ, નીતિ, વિનમ્રતા, સેવા, આંતરબાહ્ય સંવાદ-વિસંવાદ, આંતરપલટો (Conversion), સમૂહ અને વ્યક્તિનો અદૃષ્ટ સંગ્રામ,—એવું ઘણું ઘણું નાણી જોવાનું મળશે.

અર્થાત્, ગ્રીસની સંસ્કૃતિમાંથી જે અંતઃસ્રોત વહ્યો એમાં સ્નાન કરનાર કંઈક અંશે મુક્ત આત્માએ --મરમીએ અને ફિલસૂફો—ની પરંપરામાંથી જ ઘણે અંશે ઉદ્ભવ પામેલા અને છતાંય કોઈ બીજી ભોમકામાંથી આણેલી સાધનામાં સ્નાન કરતાં સંતોનો અતિ અલ્પ પરિચય કરીશું. એ પરંપરા તો ચાલ્યા જ કરે છે અને ચાલ્યા કરવાની છે; દુનિયાની સંખ્યાની દૃષ્ટિએ વિશાળ વડવાઈઓનો એ એક ઘટાટોપ છે, જ્યાંથી જ્ઞાનની સરવાણીઓ ફૂટી રહી છે, સેવાની જપમાળાઓ હાથમાં શોભી રહી છે, શ્વેતવસ્ત્રધારી માતાઓ અને પિતાઓ માનવબાળકોને 'પણે જાઓ' એનો માર્ગદર્શક થોભો ચીંધી રહ્યાં છે!

આ છે ખ્રિસ્તીસંતપરંપરા.

આચાર્ય ક્ષિતિમોહન સેને 'મધ્યયુગની સાધનાધારા'ના અંગ્રેજી ભાષાંતરની પ્રસ્તાવનામાં એ વાત કહી છે: અધ્યાત્મસાધનાના વિષયમાં સાંપ્રદાયિક સંસ્થા કે શાસ્ત્રમાંથી પશ્ચિમના મધ્યકાલના ઘણાખરા સંત–સાધકો મુક્ત નહોતા અને જીવન અને તેની જવાબદારીઓ પ્રત્યે એક પ્રકારની ઉદાસીન અવગણના તેમનામાં દેખાઈ આવતી. આ બંને બાબતો તુલનાત્મક અભ્યાસ માગી લે છે અને આગળ જાણી શકીશું તેમ રોમાઁ રોલાઁના એક વ્યાખ્યાનનું[2] સત્યાસત્ય પુરવાર કરશે.

---

૧. देवो भूत्वा यजेत् देवम् ।
'સૌન્દર્ય પામતાં પહેલાં સૌન્દર્ય બનવું પડે.'–(કલાપી)

૨. "Early Hellenic-Christian Mysticism and its relation to Hindu Mysticism." —'પ્રબુદ્ધ ભારત'

આની સાથે અમેરિકાના વિદ્વાન લેખક શેલ્ડન ચેનીનો અભિપ્રાય સરખાવવા જેવો છે. તેઓ જણાવે છે: "ખ્રિસ્તી મરમીભાવમાં હૃદયનો ઉદ્રેક, તેની હૂંફ અને માનવતાના અસ્વીકારનો સમાવેશ થતો નથી; એથી ઊલટું, લાગણીઓના ઊર્ધ્વીકરણને આવરી લેવામાં આવે છે અને સાથે સાથે સંસારમાંથી પાછા ફરવું, દિવ્યના પ્રકાશમાં પોતાની જાતને આણી મૂકવી એની માત્રા પ્રમાણમાં ઓછી છે; તેના કરતાં માનવની મર્ત્યતાની ક્ષિતિજ વિસ્તારવી, આ ક્ષણભંગુર માનવવ્યવહારમાં શાશ્વત જીવનને જાણવાથી થતા આનંદના આવિર્ભાવનો પ્રચાર કરવો, એ પર વધારે ઝોક મૂકવામાં આવે છે."

શ્રી એવેલિન અંડરહિલે એમના પુસ્તકમાં પ્રાય: પંદરસો વર્ષોના ગાળામાં થયેલા ઈસુખ્રિસ્તપ્રેરિત સાધુસંતો અને કોઈ કોઈ મરમીઓના આશરે એકસોનો આંકડો આપ્યો છે. આમાં ચડતી ઊતરતી કક્ષાના, એકબીજાની સાથે સંકળાયેલા, પોતાની પહેલાં થઈ ગયેલા સંતની અનુભૂતિમાં પોતાનો સ્વાનુભવ ઉમેરીને પછીની પેઢીની થાપણ મૂકનારા જોવામાં આવે છે. એમણે એમ કહ્યું છે કે આ બધા એક 'તંતુ'થી ગૂંથાયેલા છે. એ તંતુ એટલે જીસસનું ભાવસ્વરૂપ. બધાય સાધુસંતોની યાદી કરીએ તો માત્ર એક માહિતીનું સંખ્યાત્મક ખોખું થાય. આપણો એ વિચાર નથી. એટલે યથાશક્ય એ પ્રાણપ્રતિષ્ઠિત ચિન્મય પ્રતિમાને કેન્દ્રમાં રાખીને મર્યાદિત ભાવે વિચારીશું. તેમણે સૌથી પ્રથમ મોટા અક્ષરોમાં છાપેલું નામ છે ફિલો, જેમને વિષે આપણે વિચારી ગયા છીએ. સંત પૉલ, ક્લીમેન્ટ ઑફ ઍલેક્ઝાન્ડ્રિયા, પ્લૉટિનસ, પોરફીરી, સંત ઑગસ્ટાઈન અને ડાયોનીસિયસ ધી એરીઓ-પેગાઈટ (Dionysius the Areopagite ઈ. સ. ૪૭૫ – ૫૨૫), – એ બધી શરૂ શરૂની વિભૂતિઓ છે. આમાંની છેલ્લી વ્યક્તિ વિવાદાસ્પદ ગણાય છે. કેટલાક તેમને બનાવટી ગણે છે. સંત ડેનિસ (St. Denis) તરીકે એને ઓળખે છે. સંત પૉલે તેમનામાં આંતરપલટો આણ્યો અને એમણે લખેલું પુસ્તક સીરિયાના કોઈ સાધુએ લખેલું હોવાની વાયકા પ્રચલિત છે.

એવું માનવામાં આવે છે કે પ્રભુના જ્ઞાનને વર્ણવવાના બે માર્ગ છે: ભાવાત્મક (Positive–via positiva) અને નકારાત્મક (Negative–via negativa). પ્રથમ વિધાયક માર્ગ છે: એમાં પ્રભુને માનવીય ગુણધર્મની પરિભાષામાં વર્ણવવામાં આવે છે. એ પરાકાષ્ઠાએ પહોંચે છે. મનુષ્યની સમજશક્તિથી પર હોવા છતાં તે માનવીય ગુણધર્મથી

સંકલિત છે. બંનેમાં જે ફરક છે તે ગુણના કરતાં સંખ્યાને લઈને છે. ઘણુંખરું આ બાઈબલનું દષ્ટિબિંદુ ગણાય છે. મનુષ્યની પ્રતિમાનું એમના પર આરોપણ છે એવો આક્ષેપ મૂકી શકાય; છતાંય, મનુષ્યનું સર્જન પ્રભુની પ્રતિમા પરથી થયું છે એ એક બચાવ છે. આપણા ગુણો અને કૃપા તેમનાં જ પ્રતિબિંબ છે એમ ગણવાથી તે સયુક્તિક થાય છે.

બીજો પ્રકાર નકારાત્મકતાનો (નેતિ નેતિ જેવો કંઈક), પ્રભુને જાણી ન શકાય એમ માને છે. પ્રભુ પોતે પ્રકટ ન થાય તો મનુષ્ય તેમને વિષે વસ્તુતઃ કાંઈ જ જાણી ન શકે. પ્રભુ 'પૂર્ણપણે-અન્ય' ( Wholly other ) છે; તેમનાં સર્જનોથી ગુણધર્મની દષ્ટિએ ભિન્ન છે. પ્રભુ પર મનુષ્યોનો આધાર છે, નહિ કે મનુષ્યો પર પ્રભુનો. તેમની પૂર્ણતામાં સૃષ્ટિનો કશોય ફાળો નથી; તેઓ સ્વયંપૂર્ણ છે. કોઈ પણ બુદ્ધિ તેમને પામી શકે નહિ, એવા તે સૌથી પર છે. તેમનું ગમે તેવું ઉચ્ચમાં ઉચ્ચ વર્ણન હોય, તોય તે અનિવાર્યપણે માનવીય હોય. અને આને લઈને તે કદાપિ ચોક્કસ કે પૂરતું હોઈ ન શકે. આપણાં સર્વનામો કે વિશેષણો તેમને લાગુ ન પાડી શકાય. ઇષ્ટદેવને દેખીતી રીતે એમ કહી ન શકાય; કારણ કે, જે સીમાયુક્ત અને પાર્થિવ હોય તે અસીમ અને શાશ્વતને પડખે મૂકી શકાય નહીં. પ્રભુ શબ્દોની આપણી પરિભાષા પ્રમાણે મોટા કે ઊંચા કે વ્યક્તિગત કે સારા નથી.

ડાયોનીસિયસનો આ માર્ગ નકારાત્મક એ માત્ર નામનો જ છે; વાસ્તવિક રીતે એવો નથી, એ સમજી શકાય એમ છે. કારણ કે, પ્રભુ વિષેનાં સત્યો એટલાં બધાં આપણને અભિભૂત કરી દે તેવાં ભાવાત્મક છે, વાસ્તવિક છે અને એને લીધે અવર્ણનીય બને છે. પરંતુ આપણે તેનો પ્રયત્ન કરવો રહ્યો. મરમી ઘણીયે વાર આવી વિધાયક પરિભાષા વાપરે, કેટલીક વાર નકારાત્મક પણ. મરમી કદાપિ એમ નહિ કહે કે પ્રભુ જાણી ન જ શકાય એવા છે, સિવાય કે બુદ્ધિની શક્તિની દૃષ્ટિએ; અને તેય કારણે કે બુદ્ધિ મર્યાદિત છે એટલે. પ્રભુ પ્રેમથી જાણી શકાય અને પ્રેમ વડે આત્મા તેમનું ઐક્ય અનુભવે છે. પ્રાર્થનાનો એક માર્ગ એવો છે જે દ્વારા અભિવ્યક્ત થાય, તેની અનુભૂતિ થાય. પ્રાર્થના એ યોગ પ્રત્યે દોરી જતો પ્રભુનો સહયોગ છે....

ખ્રિસ્તી રહસ્યવાદની ધારાને પ્રાયઃ અગિયારસો વર્ષો વીતી ગયાં હતાં. ત્યારે સંત બર્નાર્ડે એક વાર કહ્યું : "પ્રભુ મારા વર, મારા આત્મામાં

પ્રવેશ્યા છે,.....અને મેં તેમના સૌંદર્યનું માધુર્ય જોયું છે." આ ઉદ્ગાર ખ્રિસ્તી મરમી અને પૂર્વના મરમીનો એક જોવાનો, અનુભૂતિનો ભેદ દર્શાવે છે. આ હૃદયના પ્રેમની વાત છે, આત્મામાં ક્રાઈસ્ટની મધુર અનુભૂતિની અનિવર્ચનીયતાનું વહેણ દર્શાવે છે. મરમી સાધક શાશ્વતમાં ફના થઈ ગયો છે, ચૈતન્યમાં લીન થઈ ગયો છે. શેલ્ડન ચેની કહે છે કે એક અદષ્ટ એકને ઠેકાણે પિતા એવા પરમેશ્વરની વાત થઈ; ક્રાઈસ્ટ અંતર્યામી છે, પોતાના છે એવા વિચાર દ્વારા હૃદયમાં તેમનું, દેવતાનું, જોડાણ થયું. વળી બર્નાર્ડ કહે છે: "સ્વર્ગીય માધુર્યના આંતર પ્રવાહની મીઠાશ". "ભગવાનની હાજરીનો રસ", પોતે "સ્વાદિષ્ટ પ્રેમથી તાજગી અનુભવે છે." તેમના ગાનના તાણાવાણા છે પ્રેમ અને સૌન્દર્ય. અદ્વિતીય પ્રચારક અને દેવળોને વ્યવસ્થિત કરનાર સંત પૉલ, ખ્રિસ્તી 'પિતા' રૂપે સૌથી સક્રિય સંત ઑગસ્ટાઈન, જેણે ક્રાઈસ્ટની મરમીભરી ભક્તિનો ભંગ કરીને દેવળોને વ્યવસ્થિત કરવાનું બીડું ઝડપ્યું એવી સંત કૅથેરાઈન, અને પછી સંત ફ્રાન્સિસ, મરમી એક્હાર્ટ, પ્રાયઃ નિરક્ષર બાવરો જેકબ બોઈહેમ અને જેણે સુવર્ણયુગ આણવાને પોતાનો અથાક પ્રયત્ન કર્યો એવો ખ્રિસ્તી મરમી કવિ વિલિયમ બ્લેઈક – આ સર્વેએ ખ્રિસ્તી મરમીપરંપરાને ઉજ્જવલ કરી છે.

જ્યારે તે સમયે એસીરિયા, પર્શિયા, ગ્રીસ, રોમમાં એક પ્રકારની રાજકીય અંધાધૂંધીનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું, ક્યાંય અસહ્ય યાતનાઓના બદલામાં ભગવાનની ન્યાયબુદ્ધિમાં શ્રદ્ધા રહી શકી નહોતી, જ્યારે પયગંબરે આવીને કહ્યું કે, 'પ્રભુનું સામ્રાજ્ય આવી રહ્યું છે', ત્યારે યહૂદીઓએ તેનો અસ્વીકાર કર્યો, રોમે તેમનો સામનો કર્યો. મોટા સમ્રાટ કંઈ ભગવાન નથી, લોકોની અનૈતિકતા અને હિંસા ચલાવી લઈ શકાય નહિ, – એમ એણે ઘોષણા કરી. પોતાનો તારક આવી રહ્યો છે એવી માન્યતાવાળા યહૂદીઓ એમના આગમનને ઓળખી શક્યા નહીં! એની પાસે કોઈ રાજકીય સત્તા નહોતી, એણે માત્ર રાહ બતાવ્યો સૌએ પોતપોતાની મુક્તિ શોધી લેવાનો. જે તેમને સાંભળતા તેઓ તેમના મર્મને પામી શકતા નહીં. ભગવાનનો અનુભવ થઈ શકે છે, માનવના પ્રદેશમાં પણ શાશ્વત જીવનનો આનંદ ઊતરી શકે છે, એક શુદ્ધ પવિત્ર સામ્યભાવી ભાઈચારો–ભ્રાતૃભાવ–મ્હાણી શકાય છે, – એવું એ પ્રચારવા લાગ્યો. યહૂદી પયગંબરો ત્યાં લગી જણાવતા આવ્યા હતા કે મુક્તિના દિવસો આવશે, બદલો લેવાશે, ધન સંવિભાગી થશે, જુલમીઓ નંખાઈ જશે, – એ એણે કહ્યું નહીં. કોઈ લશ્કરી ભવ્યતાની વાત ન કહી.

તેણે માત્ર એક પ્રણિધાનપરાયણતાની વાત કરી, ભગવાનમાં હલનચલન કરવાની વાત કરી! કોણ સમજે એ બધું ?

જે પેલાં રહસ્યવાદી પરંપરાવાળાં દળ હતાં તે સમજવાને ઉત્સુક બન્યાં. ભગવાનનું રાજ્ય અંદર છે, તેમનો પ્રકાશ અંદર ઝીલવાનો છે, એ વાત પેલી ફિલસૂફીની જેમને તાલીમ મળી હતી એવા ગ્રીસના કે ઈજિપ્તના કે રોમના લોકો કળી શકયા.

મરમી સંત જીવન અને કવનના સૂક્ષ્મ અભ્યાસી, કળાના મર્મજ્ઞ શેલ્ડન ચેનીએ ખ્રિસ્તી મરમીભાવધારાના વર્ણનની ભુલભુલામણીમાં મને એવો તો નાખી દીધો, અથવા કહો કે હું કયે માર્ગે પ્રવેશ્યો કે અંદર ને અંદર ચક્કર લગાવવા લાગ્યો ! પ્લૉટિનસ આવે, ફિલો આવે, સંત ઑગસ્ટાઈન આવે, સંત પૉલ આવે, બનાવટી ગણાતા ડાયોનીસિયસ આવે, સંત બર્નાર્ડ આવે, – કયાંથી નીકળવું સૂઝે નહીં. 'મહીં પડયા તે મહાસુખ મ્હાણે' એમ અંદર ભુલાઈ જતો; તત્ત્વજ્ઞાન બહાર તાણી લાવે. પ્લેટોની ઝાંખી થાય, પાયથાગોરસનો અનાહત નાદ બોલાવે, સૉક્રેટિસ 'આત્મદીપો ભવ' એમ કહે !

અને ત્યાં સંત બર્નાર્ડના પ્રેમતત્ત્વની પૂર્વભૂમિકા ખડી કરતાં જણાવે કે એ હતા ક્રાઈસ્ટ–કેન્દ્રી ( Christo-centric ) ક્રાન્તદર્શી સંત; ક્રાઈસ્ટ 'જીવના વર', 'વરની સાથે આધ્યાત્મિક એકતા', 'કોઈ પરમ માધુર્યભર્યું', ગંભીર, શક્તિસંપન્ન, આલિંગન, 'ધ્યાનભર્યાં ચુંબન', 'મરમી ચુંબન', 'આતમનું આંતરિક આલિંગન', 'ઉલ્લાસ', 'મીઠો સંભોગ', – આ બધી વાતો વાંચી, આશ્ચર્ય ન થયું ! કારણ કે, એક વાકય વાંચ્યું હતું, 'મરમી અનુભૂતિની પરાકાષ્ઠા છે આધ્યાત્મિક લગ્ન', (The spiritual marriage is the acme of mystical experience)

કલેરવોકસના મઠમાં સાધુઓની મંડળી જામી છે. સંત બર્નાર્ડ બોલી રહ્યા છે. વરનાં વાજાં સંભળાઈ રહ્યાં છે :

"હું કબૂલ કરું છું કે 'વર્ડ' (શબ્દ – Logos – ક્રાઈસ્ટ પોતે) મારી મુલાકાતે આવે છે, – ઘણી વાર આવે છે. પરંતુ જો કે મારા આતમમાં તેઓ (He) વારંવાર પ્રવેશ્યા છે, છતાંય મને કદાપિ તેમના આગમનની ચોક્કસ ઘડીની ખબર નથી પડી. તેઓ હાજર છે એ મને લાગ્યું નથી;

મને યાદ છે કે તેઓ મારી સાથે રહ્યા છે; કેટલીક વાર મને સંકોચ થયો છે કે તેઓ આવશે. પરંતુ તેઓનું આવવું કે જવું કદાપિ અનુભવ્યું નથી. કયે માર્ગે કયી રીતે તેઓ આવ્યા કે ગયા તેની આજ લગી ભાળ લાગી નથી, એ કબૂલ કરું છું......ત્યારે હું કેવી રીતે જાણી શકું કે તેઓ હાજર હતા? તેઓ જીવંત છે, શક્તિશાળી છે. જ્યારે પોતે પ્રવેશતા ત્યારે મારા સૂતેલા આતમને ઢંઢોળતા; મારા પ્રાણને, હૃદયને પ્રગટાવતા, સંકોરતા, પ્રજ્વલિત કરતા,...મારા હૃદયમાં સ્ફુરણા જાગે એટલે કળી જાઉં કે તેઓ હાજર છે; મારા દુર્ગુણોનું શુદ્ધિકરણ થાય, કામી આસક્તિઓ પર તેમની પકડ આવી જાય, ત્યારે તેમની શક્તિનો પરચો મળે.

"તેમની સારાશ અને માયાળુતા મારા જીવનના શુદ્ધિકરણમાં, પછી તે ગમે તે પ્રમાણમાં હોય, કળાઈ આવે છે. મારા જીવને, મારા 'મનના માનવ'ને નવો ઘાટ આપવાના અને પુનઃ સંસ્કાર આપવાના સમયે તેમના સૌંદર્યનું માધુર્ય કેટલેક અંશે મ્હાણી શકયો છું અને તેમના મહિમાની સઘનતાથી આશ્ચર્યથી ભર્યાભર્યો થઈ ગયો છું... જેટજેટલી વાર તેઓ જાય, તેટતેટલી વાર સાદ પાડીને પાછા બોલાવું. અને વિદાયની વેળાએ આંસુ વહે, 'તમે કયારે પાછા આવશો?' એમ બાવરો થઈને બોલી ઊઠું, "તમારામાં આનંદભરી રીતે ઉદ્ધારી લો, તમે પાછા મારામાં આવી જાઓ. હું કબૂલું છું કે ફરી ન આવે ત્યાં લગી કશામાં મને રસ પડતો નથી;—તે મારા એકના એક આનંદ!"

કોઈ કોઈ વાર એમની વાણી ધીર બની જતી, સંયત અને સૂત્રાત્મક થઈ જતી. મરમી અનુભૂતિની વાત કરતાં કહેતા: "ધ્યાને ઢૂંઢવું જોઈશે; પ્રાર્થનાએ પૂછવું જોઈશે. પવિત્રતાએ, ગુણે, શુચિતાએ શબ્દો કહી ન શકે તે મેળવવું જોઈશે." દિવ્યની અનુભૂતિ કેટલી રહસ્યમય છે કે તે વિષે કંઈ પણ કહેવું મુશ્કેલ છે, એની વાત કરતાં કહે છે: "બોલી ન શકાય તે સમજાવી શકું? એ કામ જીભનું નથી. આ શીખવે છે ભગવદ્કૃપાની બક્ષિસ. આ દુનિયાના ડાહ્યા અને મોટેરાઓથી આ બધું છૂપું છે. પણ, ભગવાન બાળકોમાં તેને પ્રગટાવે છે।"

સાવ મરમીભાવની વાત થઈ!

આ લખી રહ્યો છું ત્યાં યાદ આવે છે મીરાં,—દર્દીલી મીરાં; યાદ આવે છે મારા ગુરુએ કહેલાં મીરાંનાં ષટ્ચક્રનાં છ ગાન; યાદ આવે છે એની

લીટી, 'શૂળી ઉપર સેજ પિયાકી કિસવિધ મિલન હોય', 'કહા કહું કછુ કહત ન આવે, નયન રહે ઝરરાય, મીરાં દાસી જુગ જુગ પ્યાસી પડી તમારે પાય'; યાદ આવે છે, 'મથી મથી થાકયા તોય ન પાગ્યા એવું રામરમકડું જડિયું મીરાંને'; અને પેલા ગિરધરલાલ, કોણ એ ? એના વર! 'દૂસરા ન કોઈ'! મરમી અનુભૂતિની પરાકાષ્ઠા! આધ્યાત્મિક લગ્ન!

મારા એક તર્કનિષ્ઠ બુદ્ધિવાદી સાહિત્યિક કવિમિત્ર કહે છે: મીરાંનું ઘણુંખરું કપોલકલ્પિત પુરવાર થયું છે, ચમત્કારોનું વર્ણન ભ્રામક છે,– સંશોધન કહે છે! ભલે! મીરાં ભારતની આબાલસ્ત્રીપુરુષોની ચેતનામાં વસી ગઈ છે, તેનું શું! એમનાં ઘેલાં ચિતડાંને ખંખેરી નાખોને વારુ!

અને પેલા જર્મન રુડોલ્ફ ઑટો, આચાર્ય શંકર અને આચાર્ય (Meister) એક્હાર્ટના મરમીભાવને સરખાવતા કયાંક કહે છે કે: મીરાંમાં કામજન્ય મરમીભાવ (erotic mysticism) હતો! વિલિયમ જેઈમ્સ જેવા મનોવૈજ્ઞાનિક તેને એક મરમી અનુભૂતિ તરીકે લેશે; અને ઍડિંગ્ટન જેવા ભૌતિક વિજ્ઞાની કહેશે કે અદૃષ્ટની વાતને વિષે વિજ્ઞાન કશું જ નહિ કહી શકે!

આ વિષય જ એવો છે કે એમાં અર્થઘટન રહેવાનાં. બંગાળીમાં કહેવત છે કે, 'જાર બૂકે બાજે સેઈ બોજે' (જેની છાતીમાં વાગે તે જ સમજે!).

સંત બર્નાર્ડનું વાંચતાં અને લખતાં વિચાર આવ્યો કે પ્રેમની સાધના, તેનું તત્ત્વ, તેનું સમગ્રભાવી ભોંય પર દર્શન મરમીસાધનાના પ્રકરણમાં કરવું. એમાં કબીર, બાઉલ, સૂફીઓ, રવીન્દ્રનાથ, શ્રી અરવિંદ વગેરેની સ્વાનુભૂતિભરી અભિવ્યક્તિનો આસ્વાદ કરાવવો.

અહીં મને યાદ આવ્યા મૂળ ફ્રાન્સના અને વસેલા જીનીવામાં એવા પ્રોફેસર ફ્રેડરિક એમિયલ,– મૌલિક ચિંતક, વિવેચક, પર્યાલોચક. એમના 'જર્નલ ઈન ટાઈમ'માં ઈ. સ. ૧૮૭૦ની તેવીસમી ફેબ્રુઆરીની નોંધપોથીમાં લખે છે: "ખ્રિસ્તીતત્ત્વની વાત કરતાં કરતાં, પાપનું વિશ્લેષણ કરતાં કરતાં તેઓ જણાવે છે કે, "આપણા સૌમાં એક બર્બર રહેલો છે, એ આપણું આદિમ વસ્તુ છે. એને નિયંત્રણમાં આણવો પડશે, સભ્ય બનાવવો જોઈશે. અને એ થશે મનુષ્ય. અને એ મનુષ્યને ધીરજ રાખીને સંસ્કારી રીતે ખેડવો પડશે. એ થશે પ્રાજ્ઞ. એ પ્રાજ્ઞને કસોટીમાંથી પાર ઉતારવો પડશે, અગ્નિ-

પરીક્ષામાંથી પસાર કરવો પડશે, અને એ થશે પુણ્યશાળી. એ પુણ્યશાળીએ પોતાની વ્યક્તિગત ઇચ્છાને ઠેકાણે પ્રભુની ઇચ્છાશક્તિ પ્રતિષ્ઠિત કરવી પડશે અને આ થશે સંત (Saint). આ નવજાત માનવ એ અધ્યાત્મપરાયણ માનવ, દિવ્ય માનવ,– જેને વિષે વેદોએ કહ્યું છે, બાઈબલે દાંડી પીટાવી છે છે અને માગી (Magi) તેમ જ નવ-પ્લેટોવાદીઓએ જણાવ્યું છે." આને 'સહજ માનવ', 'મનેર માનુષ' કબીર અને બાઉલો કહે છે. આ જાણે કે પંચાગ્નિ–પરીક્ષા થઈ! ઉત્તરોત્તર પરિશુદ્ધ થતી ઉત્ક્રાંત દશા! તંત્રસાધનામાં છે પશુ, વીર અને દેવ. બંગાળના શાક્ત મરમી રામપ્રસાદ સેન કહે છે: 'હે મન, તને ખેતી આવડતી નથી લાગતી, આટઆટલી માનવ જમીન વેરાન પડી રહી છે! ખેડી હોત તો એમાંથી સોનું પાકત!"

ખેડવાની, સત્‌ની ખેતીની વાત થઈ. સંતો સત્‌ના ખેડુઓ છે, મરમીઓ સાગરમાં ઝંપલાવનારા છે. સંતો પાક આપે છે, મરમીઓ મરજીવાનો કીમિયો દર્શાવે છે. પ્લૉટિનસ મરમી હતા, સંત બર્નાર્ડ ખ્રિસ્તી મરમી હતા. પ્રેમી હતા, અલ-હલ્લાજની માફક શૂળીએ ચઢે એવા હતા. સંતોની તાલીમ હોઈ શકે, મરમી સહજ હોય,– ક્યાંક બાવરો, ક્યાંક સ્વસ્થ! ભગવાનને કહે: "તારે ડુબાડવાની ઇચ્છા હોય તો રાજી છું, પણ યાદ રાખ કે તારે સાગર થવું પડશે." એવો પડકાર મરમી કરે.

આમ બર્નાર્ડે કોઈ મરમી જીવનને વિષે પુસ્તક લખ્યું નથી, અને છતાંય ખ્રિસ્તી મરમી-વિચારધારાને એમણે અગિયારસો વર્ષ લગી પ્રગતિશીલ બનાવી છે. સંત પૉલ અને સંત જ્હોને જીસસની વાણીમાંથી, ઉદ્‌ગારોમાંથી જે રહસ્યભાવનું અર્થઘટન કર્યું હતું, અને પોતાના હૃદયના વિશિષ્ટ પ્રેમનું સિંચન કર્યું હતું, તે વિકસતું ગયું અને યુગો લગી સમૃદ્ધ થતું ગયું. બર્નાર્ડે પ્રેમ અને હૃદયની તીવ્ર ઝંખના, વ્યાકુળતા અને આત્મિક નિકટતા આપ્યાં. તેમનું મૃત્યુ ઈ. સ. ૧૧૫૩માં થયું. આમ એમણે મરમી ભાવભક્તિનું જીવન અને તત્ત્વજ્ઞાન વ્યક્ત કરનારા પયગંબરોને માટે માર્ગ મોકળો કરી આપ્યો: સંત ફ્રાન્સિસ બોલનારા ભાગ્યે જ, પણ કર્મોમાં પોતાને વ્યક્ત કરનાર; અને માઈસ્ટર એક્‌હાર્ટ અંતર્યામી ક્રાઇસ્ટના રહસ્યવાદના સર્વપ્રથમ સાહિત્યિક ફિલસૂફ. પ્રથમ સહસ્ર વર્ષો લગી પ્લૉટિનસ અને પછીનાં સહસ્ર વર્ષોના પ્રાણદાતા સંત બર્નાર્ડ અને ઑગસ્ટાઇન અને એક્‌હાર્ટ,—આમ, પેલી અંતઃસ્રોતયુક્ત સંકલનાની ધારા ચાલુ રહી. સંત ફ્રાન્સિસ ઑફ એસિસિનો

સમય ઈ. સ. ૧૧૮૨ થી ૧૨૨૬ લગીનો. દર્દી, દુઃખી માનવોને પ્રાણ અર્પવાને તત્પર એવા એ સંત, – કર્મપરાયણ દાનશીલ, રક્તપીત્તિયાની માતાસમા. ઓના વૅન્ચૂરા, સંત વિક્ટર, જેકોપોન દા શેટોડીની હારમાળા ચાલી. દાન્તેના ડિવાઇન કૉમેડી નામના મહાકાવ્ય પર પણ એમની અસર હતી. રિચાર્ડ રોલ, જુલિયન ઑફ નૉરવિચ અને કેટલીક સાધ્વી મરમીભાવયુક્ત સ્ત્રીઓ અને 'અજ્ઞાનના આવરણ'ના અજ્ઞાત કર્તા, – એ પરંપરા આગળ ચાલી. આ પરંપરાના પરિપક્વ ફળ સમા, વર્ષો લગી ભુલાઈ ગયેલા માઈસ્ટર એક્હાર્ટ, જેમના નિકટના શિષ્યો મરી પરવાર્યા હતા અને જેમનાં પ્રવચનો ટૉલર-(Tauler)ની સહીથી પ્રસિદ્ધ થતાં હતાં, તેમનો પ્રકાશ ઓગણીસમી સદીના અભ્યાસી વિદ્વાનોએ કર્યો.

માઇસ્ટર એક્હાર્ટનો સમય ઈ.સ. ૧૨૬૦ થી ૧૩૨૭ લગીનો. જર્મન ઈશ્વરવિદ્યાના પિતા, હેગલ જેવાના પ્રેરક, ઉત્તર પ્રદેશોના સુસો, રુઇઝબ્રોઈક અને બોઇહેમ જેવા મરમીઓની ટોચે આવેલા એક્હાર્ટમાં એક વિદ્વાન, અંતઃપ્રજ્ઞાયુક્ત મરમી, આંતર અનુભૂતિના સાક્ષાત્કારી પુરુષનો ત્રિવેણી સંગમ થયો છે. સંત ઑગસ્ટાઇન અને ડાયોનીસિયસ અને બર્નાર્ડ પ્રત્યે તેઓ પોતાનું ઋણ સ્વીકારે છે અને સંત જહૉન પ્રત્યે પોતાનો એક વિશિષ્ટ ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. અરબસ્તાન, પર્શિયા અને સ્પેઇનના મરમીઓની એમના પર અસર છે, – ખાસ કરીને અલ્–ગઝલીની, એવિસેના (Avicenna)ની અને ઍવેરોસની (Averroes).

શાંતિનિકેતનના મારા અભ્યાસકાળમાં જર્મન વિદ્વાન રુડોલ્ફ ઑટોનાં બે પુસ્તકો વાંચેલાં : 'આઇડિયા ઑફ ધી હોલી' અને 'મિસ્ટિસિઝમ : ઇસ્ટ ઍન્ડ વેસ્ટ'. પ્રથમમાં લેખકે હોલી (પવિત્ર) શબ્દની સૂક્ષ્મભાવે ભિન્ન ભિન્ન સ્તરે ચર્ચા કરીને જણાવ્યું છે કે એ શબ્દનો બધી રીતે વિચાર કરતાં કંઈક રહી જતું લાગે છે. એ અર્થ જે કંઈક રહી જતું એમ લાગે છે, તેને લેખકે અનિર્વચનીય (numinous) ભાવ તરીકે ઓળખાવ્યો છે. દરેક ભાષામાં આવા કેટલાક શબ્દો હોય છે, જેનો અર્થ ગમે તેટલો કરો તોય કાંઈ રહી જતું જણાય. મરમીભાવના વિષયોમાં તેમનો આ શબ્દ એક પ્રદાન જેવો છે. બીજા પુસ્તકમાં લેખક પૂર્વના મરમી પ્રતિનિધિ તરીકે શંકરાચાર્યને પસંદ કરે છે અને પશ્ચિમના મરમી પ્રતિનિધિ તરીકે માઇસ્ટર એક્હાર્ટને પસંદ કરે છે. બંનેની સરખામણી કરે છે અને જ્યાં જ્યાં ભેદ છે તે પણ

દર્શાવે છે. આનું તે વખતે મેં અવલોકન લખી રાખ્યું હતું. વર્ષો થઈ ગયાં. શ્રી પુરુષોત્તમ માવલંકર 'અભ્યાસ' નામે જે માસિક પ્રગટ કરતા હતા તેના એક અંકમાં* તે લેખ પ્રગટ થયો હતો.

પ્રથમ તો શંકરાચાર્યને મરમી ગણી શકાય કે કેમ એ નક્કી કરવું રહ્યું. કદાચ એમનાં સ્તોત્રોમાં મરમીભાવ જણાય. અદ્વૈતના મરમી એમ નામકરણ થાય! એવા ભિન્ન ભિન્ન વિષયના ભિન્ન ભિન્ન સ્તરે મરમીને જોડવાનો પ્રયાસ ડૉ. રાનડેએ એમના મહારાષ્ટ્રમાં રહસ્યવાદ નામના પુસ્તકમાં કર્યો છે. અત્યારે એ ચર્ચા અપ્રસ્તુત છે.

ઑટો એફહાર્ટના ફકરા ટાંકીને જ્યાં જ્યાં સામ્ય જણાય છે ત્યાં ત્યાં એના સંસ્કૃત સમાનાર્થ શબ્દો કે શબ્દપ્રયોગો કૌંસમાં દર્શાવે છે. તેઓ શંકરના મરમીભાવને Cool (ઠંડું, સાત્ત્વિક?) કહે છે, સૂફીવાદ કે ભક્તિ-તત્ત્વને Hot (રાજસિક, ગરમ?) કહે છે. ફારસી મરમીભાવને તેમ જ સૂફી મરમીભાવને ગરમ અને જુસ્સાવાળું જણાવે છે. જલાલુદ્દીનના મરમીભાવને મસ્તીભર્યો કહે છે. અલ્ હલ્લાજના મરમીભાવને ઉત્કટ કહે છે, પ્લૉટિનસના મરમીભાવને તેના ઐક્યની અનુભૂતિનાં અબૌદ્ધિક ઊંડાણોથી તરબોળ, આનંદપૂર્ણ ગણાવે છે. માઇસ્ટ એફહાર્ટના ભાવને અંતઃકરણના ઊંડાણમાં (gemiit) ખૂપેલો કહે છે અને સંત જહૉનના મરમીભાવને ઊર્મિપૂર્ણ ગણે છે. એફહાર્ટને ગૉથિક માનવ કહે છે. જેમ ગૉથિક શૈલીના ચણતરની બન્ને બાજુની કમાનો એક કેન્દ્રમાં મળી જઈ જાણે અનંતનું સૂચન કરતી જણાય છે, તેમ એફહાર્ટના જીવનમાં પણ બાહ્ય અને આંતરિક જીવન અનંત નિર્વિશેષ બ્રહ્મમાં (modeless godhead) મળી જાય છે.

શ્રી રુડૉલ્ફ ઑટો બંનેને માન્ય મુદ્દા આમ જણાવે છે: (૧) શુદ્ધ વિવેકયુક્ત ઉપદેશાત્મક મરમીભાવ (teaching mysticism), (૨) અમૃતત્વ પ્રાપ્ત કરવાની ઝંખના: તેને માટે અંતર્દૃષ્ટિ (mysticism of introspection) અને ઐક્યદૃષ્ટિ (mysticism of unifying vision). આ બંને માર્ગોમાંના પ્રથમમાં મનુષ્ય આત્માને આત્માથી આત્મામાં અનુભવે છે (आत्मनि आत्मना आत्मानम्). બીજો માર્ગ લેખક પ્લૉટિનસના શબ્દો દ્વારા જણાવે છે: "પ્રત્યેક માનવસતૃતા પોતાનામાં આખીય જણાતી સમજાતી સૃષ્ટિ નિહાળે છે." આ માર્ગની ત્રણ ભૂમિકાઓ છે: એકમાં, અનેકનું એકમાં

* રહસ્યવાદ: પૂર્વનો અને પશ્ચિમનો – 'અભ્યાસ', ફેબ્રુઆરી, ૧૯૬૭.

દર્શન (the Many in One); બીજામાં, 'એક' અને 'અનેક'નું સમીકરણ (equation); ત્રીજામાં, કાં તો એક અનેકમાં લય પામે છે (એક્હાર્ટમાં), કાં તો એક જ કેવળ સત્ય, અનેક મિથ્યા (શંકરમાં) એવું દર્શન થાય છે. સારાંશમાં, સંયુક્તમાંથી માત્ર એક, સર્વ–એકમાંથી એકલ (out of the united, the One only, out of the All-One Alone). એક્હાર્ટ આ એકને બ્રહ્મનું શાંત શૂન્ય (Silent void of the god-head) કહે છે. આ શૂન્ય અભાવાત્મક નથી, પરંતુ તે એક બૃહત્તા છે, જે અંતિમ મરમી અનુભૂતિ છે અને જે વિચારના વિક્ષેપમાંથી પર થઈને રણપ્રદેશની શાંતિને પામે છે. અહીં મધ્યયુગના મરમીઓના શૂન્યવાદને આ શૂન્યતત્ત્વની સાથે સરખાવવા જેવો છે. ઑટો જણાવે છે કે, ભક્તિભાવી મરમીભાવ (illuministic mysticism), લાગણીપ્રધાન અનુભૂતિઓમાં માનનારાઓનો મરમીભાવ (mysticism of experimentalism), અને પ્રકૃતિ-મરમીભાવ (nature – mysticism),–આ ત્રણેયના કરતાં એમનો મરમીભાવ જુદો છે. તેઓ જણાવે છે : "ધર્મનાં વિવિધ પાસાં છે : પ્રકૃતિ અધ્યાત્મભાવી અને અન્ય આ બધાં પાસાં પૂર્વ અને પશ્ચિમમાં વરતાય છે. એમાં કોઈ પૂર્વ અને પશ્ચિમનો ભેદ નથી... આ બધું માનવ–આત્મા જેવી રીતે એક છે, તે કેવી રીતે જાતિ, વાતાવરણ અને આબોહવાથી અતીત છે, તે દર્શાવે છે. આને લેખક અનેક પ્રકારોનું મિલન, સમવાય (convergence of types) કહે છે. શંકર અને એક્હાર્ટ બંનેના જ્ઞાનને આત્મબોધિ કહે છે. આ જ્ઞાન મેળવવાને માટેની સાધના બંનેની એકસરખી જણાવે છે : દેહાભિમાન દૂર થયે, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરેના સંયમથી આત્માના ઊંડાણનું જ્ઞાન થાય છે. અહંકારનો ત્યાગ, મમત્વનો ત્યાગ (Poverty) થયે આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશે છે.

વળી, બ્રહ્મ (Godhead) ઈશ્વર (God) થી પર છે. ઈશ્વર લય પામીને બ્રહ્મમાં ભળી જાય છે. આત્મા અને બ્રહ્મ એક છે. મોક્ષ એટલે આત્મા અને બ્રહ્મનું ઐક્ય. બ્રહ્મ નિર્ગુણ છે, નિર્વિશેષ છે. મિથ્યા જગત માયા અને અવિદ્યામાં અસ્પષ્ટ તરે છે. પ્રહ્લાદની અનુભૂતિની તેઓ સમત્વનો ભાવ (mysticism of the poise) કહે છે. મહાપ્રભુ ચૈતન્યની ભક્તિમાં માદકતા હતી, લાગણીનું પ્રાધાન્ય હતું એમ કહે છે. પ્રહ્લાદની ભક્તિ પ્રભુનાં ચરણમાં જઈને શાંત અચલ થઈ જાય છે; તેમાં પ્રેમ, શ્રદ્ધા સાથે મળીને પ્રભુમાં સ્થિરતા (composure) પામે છે. પ્રહ્લાદની ભક્તિમાં સંયમ છતાં રસનો અભાવ જણાતો નથી. બંનેનું સુંદર એકીકરણ છે.

એકહાર્ટમાં પ્રાણવાન ગતિ છે, તેની પ્રબળતા છે, અનંત જીવન-ધારાનો અસ્ખલિત પ્રવાહ છે, શંકરનું શાંત સત્ છે (resting). ઉપર જણાવ્યો તે પ્રવાહ બ્રહ્મની ઉપલબ્ધિમાં ભળી જાય છે. પરિણામે એમનાં વાક્યો સૂત્રાત્મક લાગે છે: દા. ત. નદી પોતામાં વહી રહી છે (The River flows into itself), પોતામાંથી ફરતું ચક્ર (the wheel revolving out of itself). સરખાવો, મહાયાન માર્ગનું વાક્ય: 'નિર્વાણ સંસાર છે.' એકહાર્ટનું 'શાંત મૌન સક્રિય સર્જકતા છે' (Quietism is active creativity) એકહાર્ટમાંથી લેખક કેટલાક ઉતારાઓ આપે છે, જે મરમીભાવના દ્યોતક છે:

"તેઓ ચાહવા માટે જ ચાહે છે, સર્જન કરવા માટે જ સરજે છે. અને તેથી તેઓ સતત ચાહે છે, સતત સર્જે છે. કર્મ તેમનો સ્વભાવ છે, અસ્તિત્વ છે, જીવન છે, સુખ છે......જ્યારે તેમણે બધાં પ્રાણીઓને સર્જ્યાં, ત્યારે મને પણ સરજી રહ્યા હતા, બીજાં પ્રાણીઓની સાથે બહાર વહ્યો હોવા છતાં હું તેમની અંદર જ રહ્યો. હમણાં હું જે બોલી રહ્યો છું તેના જેવું આ છે: પ્રથમ મારામાં તે વિચાર રૂપે સ્ફુરે છે, પછી તેમાં જરા થાસું છું (pause), પછી તે બોલાય છે. તમે તેને ગ્રહણ કરો છો, છતાં તે શબ્દ (word) મારામાં રહેલો છે. આ રીતે હું પણ તેમનામાં છું......સમજાવું. બારણું મિજાગરા વડે ઊઘડે છે, નહીં? એટલે, આ બારણું તે સ્થૂલ માનવ. મિજાગરો તે સૂક્ષ્મ માનવ. બારણું ઊઘડે છે અને વસાય છે; એટલે કે, આમતેમ હલેચલે છે. મિજાગરો અચલ છે; તેને આ હલનચલનની અસર થતી નથી, સમજ્યા?" (There shall have a flaming spirit bathed in a void and silent.) ઉપરની સમજૂતી આ વાક્યની છે.

એકહાર્ટને સમજવા આટલું પૂરતું છે. આમાં મરમીસાધના, મરમી-તત્ત્વ અને મરમીદર્શન સમાઈ જાય છે. લેખકે એમણે જ જણાવેલા અનિ-ર્વચનીયને (numinous) એકહાર્ટની ભાષામાં અભિવ્યક્ત કર્યું છે.

માર્ટિન લ્યૂથરે 'થિયોલોજિકા જરમેનિકા' (Theologica Germanica)ની પ્રથમ આવૃત્તિ છપાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "સંત ઑગસ્ટાઈન અને બાઈબલ પછી મને જે કાંઈ ભગવાનને વિષે અને માનવને વિષે અને સર્વે પદાર્થો વિષે જાણવા મળ્યું તે ઉપરના પુસ્તકમાંથી જાણવા મળ્યું છે." શુદ્ધીકરણ, પ્રકાશ અને એકતા એ ત્રિમાર્ગને માટે તેઓ વારંવાર

એનું અધ્યયન કરતા. મધ્યયુગના ખ્રિસ્તી મરમીઓનો એ પ્રજ્ઞાયુક્ત શાંત નિષ્કર્ષ છે. ઈ. સ. ૧૨૦૨માં સંત ફ્રાંસિસનો જે આંતરપલટો થયો અને ત્યાર પછી ઈ. સ. ૧૪૫૦માં ભગવાનના સખાઓનું (Friends of God) જે ક્રમિક પ્રસરણ થયું તેનો તે એક છેલ્લો અને અતિ ઉત્તમ નમૂનો છે,– તે અદ્વિતીય વિકાસ પામેલાં પુષ્પોમાંની જાણે એક સુંદર કળી!...

* * *

હવે આપણે જર્મનીના એક ગામના વતની જેકબ બોઈહેમના જીવન વિષે વિચારીએ. તેમનો સમય ઈ. સ. ૧૫૭૫–૧૬૨૪નો છે. એમનો ધંધો મોચીનો હતો અને થોડુંઘણું લખતાંવાંચતા જાણતા હતા. આમ તો નિરક્ષર ગણાય. આપણી અહીંની સામાજિક રૂઢિ પ્રમાણે તેઓ હલકી જાતિના ગણાય. નાનું ગામ એટલે ધર્મનો પાદરી ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે. આચાર્ય ક્ષિતિમોહન સેને મરમીઓના જે બે મુખ્ય ભાગ પાડ્યા છે તે મુજબ જેકબ અનભૌસાચપંથી હતા. એમનો ઉગમ પણ અંદરથી જ થયો. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે પશ્ચિમના ચિદાકાશના એ એક પરમ જ્યોતિ સ્વરૂપ મરમી હતા. એમનું વાચન માત્ર લ્યૂથરનું બાઈબલ હતું. નાનપણથી જ એમને અવનવાં દર્શન થતાં. જેકબને એના ગોઠિયા બાળ-મિત્રો ખેતરોમાં ઢોરોને ચરાવવા લઈ જતા.

એક દિવસે બપોરે જેકબ એક નાનકડી ટેકરી પર જઈ ચઢ્યો. ત્યાં તેણે એક ગુફા જોઈ. જેવો એ ગુફાના દ્વાર પાસે આવ્યો ત્યાં તેણે સોનાથી ઉભરાતું એક પાત્ર જોયું. એ તો આભો બની ગયો! એને મનમાં થયું કે આ કોઈ શયતાનનું કામ હશે અને ભડકીને ઘેર દોડી ગયો. પછી જ્યારે મિત્રો સાથે ફરીથી ત્યાં ગયો ત્યારે જોયું તો કંઈ જ નહોતું. વારંવાર તપાસ કરી પણ એ જગ્યા જેવું કંઈ જ ન જણાયું!

શરીર ખેતીનું કામકાજ કરી શકે એવું ખડતલ નહોતું. એટલે ચૌદ વરસની ઉંમરે પાસેના એક ગોઅરલિટ્ઝ નામના નાનકડા શહેરમાં મોચીને ત્યાં તેને શીખવા મૂક્યો. ત્યાં બાઈબલ ખૂબ ઉત્સાહપૂર્વક વાંચવાનું શરૂ કર્યું. ગામના જુવાનિયાઓમાં જેકબ એક દૃષ્ટાંત સમાન ગણાતો. પાછો સ્વપ્નદ્રષ્ટા, એટલે વ્યવહારમાં સફળ ન થઈ શકે. એના કામકાજમાં પ્રામાણિક, તત્પર, કાર્યપરાયણ અને વિનયશીલ. એના માલિકની એક જ

ફરિયાદ રહે કે જેકબ બીજાઓને સુધારવાની વાત કરે, એમને ઠપકો દે અને માલિક જ્યારે અપશબ્દો બોલે ત્યારે તેમને એ શબ્દો કહે.

એક વાર એના માલિક જેકબને દુકાન સોંપીને ગયા. ઘર ખાલી હતું. ત્યાં કોઈ અજાણ્યો માણસ આવ્યો : દેખાવે અસામાન્ય, આંખોમાંથી પ્રકાશ ઝરે. એને જોડા ખરીદવા હતા. જેકબે ખૂબ ઊંચી કિંમત બતાવી: પેલા માણસે જોડા ખરીદ્યા અને ચાલતો થયો. શેરીમાં જઈને તેણે જેકબને મળવા બોલાવ્યો, કહ્યું, "જેકબ, બહાર આવ" જેકબ આશ્ચર્ય પામી ગયો, એને નામની કેવી રીતે ખબર પડી ! ગયો તો તેણે જેકબને આમ કહ્યું : "જેકબ, તું હજી સાવ નાનો છું. પણ તું એક મહાન થવાનો છું,–એવો અસામાન્ય રીતે મહાન કે દુનિયા ચકિત થઈ જશે. પ્રભુ પ્રત્યે વફાદાર રહેજે, એમના પ્રત્યે સદ્ભાવ રાખજે. પવિત્ર ગ્રંથોમાં એમની વાણી વાંચજે, એમાંથી તને જ્ઞાન લાધશે, ગરીબાઈમાં આશ્વાસન મળશે, અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થઈ શકીશ. હિંમત રાખજે, ખંતીલો થજે. ભગવાન તને ચાહે છે, તારા પર એમની અનહદ કૃપા ઊતરશે." હસ્તધૂનન કરતો અને આંખમાંથી પ્રકાશ ઝરતો એ ક્યાંય ચાલ્યો ગયો, અદૃશ્ય થઈ ગયો !

જેકબ ભગવાન તરફ વળ્યો, લોકોનો અને ધર્મપુરુષોનો દંભ જોઈને ચીડાઈ જતો. એના માલિકને આવું વર્તન ગમ્યું નહીં, એટલે જેકબને છૂટો કર્યો.

જેકબની ઉંમર સત્તર વર્ષની હતી. આ તકનો લાભ લઈને તે ત્રણ વર્ષો લગી દેશમાં મોચીનું કામ કરતો, ફરતો, સમાજનું નિરીક્ષણ કરતો એક ઠેકાણેથી બીજે, એમ દિવસો ગાળવા લાગ્યો. જોયું તો સઘળે રાગદ્વેષ, ઢોંગ, ચર્ચમાં ભંગાણ, ખટપટ, અંદર અંદરના ઝઘડા. ખૂબ નિરાશ થઈ ગયો. પાછો આવ્યો.

લોકોનાં જીવનમાં નિરાધારતા અને અન્યાય જોયાં. ભદ્ર વર્ગમાં ખટ-રાગ અને દબાણ જોયાં. ખ્રિસ્તીભાવ ભાગ્યે જ જણાયો, સઘળા સ્વાર્થમાં મશગૂલ. એના ગામનો પાદરી પણ ક્ષુદ્ર સ્વભાવનો અને હલકટ, ઝનૂની. ક્યાંય ગોઠે નહીં, ધર્મપુસ્તકો વાંચવામાં ચિત્ત ચોંટે નહીં. તેને એક ભ્રષ્ટ અને પાપગ્રસ્ત જગતનું દર્શન થયું. ભગવાને એને ઊંચકી લીધો. પ્રાર્થના, ધ્યાન, પર્યાલોચનમાં ગરકાવ થઈ ગયો. ભગવાનની સહાય માગી અને તેઓ હાજર થઈ ગયા.

પ્રથમ ભગવાનમાં જાગૃતિનો અનુભવ થયો. "માનસિક દુઃખથી ઘેરાયેલો મારો આત્મા પ્રભુ પ્રત્યે જાગ્યો. એની સાથે મારાં હૃદય અને મન ખુલ્લી રીતે મોકળાં થઈ ગયાં. મારા સર્વે વિચારો, મારી સર્વે ઇચ્છાઓ તેમને સમર્પી દીધાં. પ્રભુના પ્રેમની અને દયાની માગણી અત્યંત આર્દ્રતાથી સતત ચાલ્યાં જ કરી, ત્યારે મારો આત્મા ઘેરાયેલાં વાદળોમાંથી નીકળી ગયો, વાદળો વીખરાઈ ગયાં, પ્રકાશ મારા પર પથરાઈ ગયો. મારા ઉત્સાહમાં નરકનાં બારણાં તોડી નાખ્યાં, મારા જીવનને હોડમાં મૂકી દીધું. છેલ્લી અટકાયતો દૂર થઈ ગઈ. ભગવાનની પડખે જઈ ઊભો ! એ દિવ્ય સત્તાનું મૂળ તત્ત્વ પામી ગયો. તેમનો પ્રેમ મને વીંટળાઈ વળ્યો." આ અપાવરણ થયું. સર્વત્ર તેમને ભગવાનની હાજરીનો અનુભવ થવા લાગ્યો,–સર્વે પ્રાણીઓમાં, વનસ્પતિમાં. આખા વર્ષ લગી આ અનુભૂતિનો પ્રભાવ એટલો જીવંત, એટલો જાજ્વલ્યમાન રહ્યો કે મર્ત્ય માનવ તેને સમજી શકે નહીં.

ઈ. સ. ૧૫૯૫માં એમનાં લગ્ન થયાં, ચાર દીકરા અને બે દીકરીઓ થઈ. અને ત્યાર પછી વીસ વર્ષ લગી તેમની પત્ની સદાય તેમનાં સહચરી રહ્યાં તેમના દુઃખી દિવસોમાં, તેમને વતનની બહાર કાઢી મૂકવામાં આવ્યા ત્યારે પણ, ગરીબાઈની હાલતમાં એમના પત્નીત્વમાંથી વિચલિત થયાં નહીં.

સોળ વર્ષોનો ગાળો પ્રભુના આદેશથી અભ્યાસમાં, એકાંતમાં અને તેમને અંતરમાં ધારણ કરી રાખવામાં પસાર કરે છે. ચારે બાજુની અંધાધૂંધીમાંથી પસાર થઈ જાય છે અને એક શ્રદ્ધા જાગે છે કે બધીયે સમસ્યાઓનો ઉકેલ છે, સર્વેને માટે મુક્તિનો માર્ગ પણ છે. બધાય વિષયો, જ્યોતિષશાસ્ત્ર કે રસવિદ્યા કે અન્ય ખૂલે છે અને આ માનવતાને એમાંથી ઉદ્ધરવાની છે એમ દિવ્યશક્તિના કેન્દ્રમાંથી પ્રતીત થતું અનુભવે છે. ઈ. સ. ૧૬૦૦માં આગલા પ્રકરણમાં વર્ણવેલો સૂર્યનો અનુભવ થાય છે. બાર વર્ષો પ્રાયઃ મૌન રહે છે, પ્રભુના દરેક પદાર્થ પર સહી છે એ પ્રત્યક્ષ જુએ છે. અંદર ચાલતા સંગ્રામ, દર્શન, ઉઘાડ, માનવમાનવના સંબંધોનું સહજ જ્ઞાન–એ બધું ભગવાન ખુલ્લું કરતા જાય છે. અંદરથી કંઈક લખવાનો આદેશ થાય છે; ઈ. સ. ૧૬૧૨માં તેમનું પ્રથમ લખાણ 'ઑરૉરા' (ઉષાનો આવિર્ભાવ) સ્ફુરે છે. ભાવ, શબ્દો, રચના આવે છે; સુંદર ફકરાઓ પ્રગટે છે. જેકબની શ્રદ્ધાની સંહિતા, પ્રભુનાં દર્શનનું વર્ણન, સૃષ્ટિ, જીવનનાટકનો ઉદ્ભવ એ બધું લખાઈ જાય છે. કોઈ બહારથી થયેલા જ્ઞાનનો એમાં નિર્દેશ નથી, અંદરથી પુસ્તક પ્રગટ્યું,--બાળકને મા જેમ હુલાવે તેમ બધું થતું ગયું.

એમનાં પુસ્તકોનાં ભાષાંતર પ્રાપ્ત નથી એમ શૅલ્ડન ચેની જણાવે છે.

નવું જગત એટલે પ્રભુનું હૃદય, પ્રકાશ એમ એ કહે છે. આધ્યાત્મિક જીવનનો આવો ઉઘાડ ક્યાંય જોવા મળે નહીં, – નહિ ઍરિસ્ટોટલમાં, નહિ મહંમદમાં, નહિ દાન્તેમાં, નહિ ક્યાંય. કેવળ અનુભૂતિમાંથી પ્રકટ થયેલા એ પુસ્તકનો સંક્ષિપ્ત સાર વાંચતાં શ્રી અરવિંદની અનુભૂતિ જેવું પાંચસો વર્ષો પહેલાંનું પ્રાકટ્ય છતું થાય છે. એમના મિત્રને સારરૂપે લખેલા લખાણમાંથી નીચેનો ઉતારો આમ છે :

"સર્વે સત્તાઓની મૂળ સત્તા, ઉપરના અને નીચેના લોકો, ત્રિમૂર્તિ - (Holy Trinity)નો ઉદ્‌ભવ એ મેં જોયું. બધું સમજાઈ ગયું. પ્રાણીમાત્ર અને વિશ્વનો પ્રથમ આદિ નિહાળ્યો. આખી સૃષ્ટિને મારામાં જોઈ, તેની વ્યવસ્થા સાથે, ગતિ સાથે, પ્રથમ જોઈ દિવ્ય સૃષ્ટિ, પછી જોઈ અંધકારમય સૃષ્ટિ, પ્રજ્વલતા પ્રદેશો. ત્રીજી જોઈ આપણી દુનિયા, દષ્ટ અને સ્પર્શ્ય. પ્રથમ બે સૃષ્ટિઓ અંતરની, ગુપ્ત હતી, તેમનું આ દુનિયાનું પ્રકટરૂપ, અભિવ્યક્તિ. તદુપરાંત પાપ અને પુણ્યના ઉદયનું સ્વરૂપ, તેની આખીયે સત્તા ખૂલી ગયાં."

આ ઉપલબ્ધિ પછી જેકબના જીવનમાં ઊથલપાથલ કરનાર વિરોધી તત્ત્વો જાગે છે. રાગદ્વેષયુક્ત તેજોદ્વેષિલાં એ તત્ત્વો એટલે ગોરલિટ્ઝના ચર્ચનો, ધર્મગુરુ રિસ્ટર. જેકબ પર ભયંકર આક્ષેપો કરે છે, હલકો પાડે અને ગામમાં તેની વિરુદ્ધ વાતાવરણ ફેલાવે છે. ગામ છોડીને નીકળી જવું પડે છે. જર્મનીના અન્ય પ્રાંતોમાં એનું સ્વાગત થાય છે. એનાં લખાણથી મોટા મોટા તત્ત્વવિદો આશ્ચર્ય પામે છે. એમના જીવનમાં એટલું બધું બને છે, એમનાં લખાણ એવાં માર્મિક અને ઉચ્ચ કોટિનાં હોય છે કે એમની પ્રતિષ્ઠા જર્મનીમાં અને યુરોપમાં એક અગ્રગણ્ય વિશિષ્ટ વ્યક્તિ તરીકે પ્રસરે છે.

એમની ઉપલબ્ધિઓ, અનુભૂતિઓ, સાક્ષાત્કારો એટલા બધા સચોટ અને માર્મિક છે કે એમને વિષે થોડુંક લખવા જતાંય લંબાણ થઈ જાય. મારા નમ્ર મત પ્રમાણે જાણે કે કોઈ ભારતીય વિભૂતિ મરમી, ઋષિ, સંત કે બાઉલ પશ્ચિમના લેબાસમાં, ત્યાંના વાતાવરણમાં, રહેણીકરણીમાં જન્મ્યો ન હોય! અહીંના મધ્યયુગના મરમીઓ અને સંતોની સાથે તેમનું ઘણુંખરું સરખાપણું

જણાય છે અને છતાંય કોઈક વિશિષ્ટતાનાં દર્શન થાય છે. જૅકબનો ચરિત્ર-લેખક હોધામ જણાવે છે કે પાયથાગોરસ, સૉક્રેટિસ, ઍરિસ્ટોટલ, પ્લૅટો, પ્લૉટિનસ, - એ બધાયની વિશિષ્ટતાઓનો બોઈહેમમાં સમાવેશ થાય છે.

સોફિયા (Sophia) દિવ્ય પ્રજ્ઞાશક્તિ છે. ભગવાનનાં આશ્ચર્યોને એ પ્રકટ કરે છે. સર્જનનો તે એક નમૂનો છે. શાશ્વત કુમારી સોફિયા ભગવાનની જોડીદાર છે તે પ્રજ્ઞામયી સ્ત્રીશક્તિ છે, જે પુરુષની ઈચ્છાશક્તિનો પ્રત્યુત્તર વાળે છે. મહાન આદ્યશક્તિની સમકક્ષ છે. પ્રભુમાંથી બધું મેળવે છે, તેમની સત્તાના એક પડખાનું પ્રતિબિંબ છે. તે જળદેવતા છે, જળને જૅકબ ખરી નમ્રતા, પ્રેમના પ્રકાશનો આત્મા ગણે છે. સોફિયાના વર્ણનથી ઘણી વાર આપણી સરસ્વતીનો ખ્યાલ આવે છે. કોઈ કોઈ વાર મહેશ્વરી જેવી પણ જણાય છે. જૅકબનું આ દર્શન એક વિશિષ્ટ ભગવદ્પ્રેરિત દર્શન છે. લખવા ખાતર એ લખતો નથી, અનુભૂતિમાંથી જ લખે છે; એટલે સોફિયા જાણે કે શક્તિસ્વરૂપિણી હોય એમ લાગે છે.

શૉપનહાવર, શેલિંગ, હેગલ બધા મહારથીઓ તેનો ભક્તિભાવે સ્વીકાર કરે છે. નૉવેલિસ તો મહાન ગટેને 'વાઈમરનો બોઈહેમ' કહે છે.

રવિવારની એક રાત્રિએ પથારીમાં જૅકબ સૂતા છે. ત્યાં એને સુંદર સંગીત સંભળાય છે. પોતાના દીકરાને પૂછે છે તો ખબર પડે છે કે એ તો કશું સાંભળતો નથી. મેડાનાં બારણાં ખોલાવી નાખે છે. સંગીત ચાલુ જ છે. કેટલા વાગ્યા છે એમ પૂછે છે. તે વખતે બે વાગ્યા હતા. એમની પત્ની સતીસમી પતિપરાયણા છે. કૅથેરિનને બોલાવીને તેમની હસ્તલિખિત પ્રતોની વિગતો સમજાવે છે, મિલ્કત વિશે જણાવે છે. બે વાર તે પ્રાર્થના કરે છે. ત્રણ ચાર કલાકમાં તે વિદાય લેશે એમ કહે છે. પરોઢિયે છ વાગ્યે તેનો સમય થવા લાગે છે. પડખું ફેરવે છે, તલ્લીન થઈ જાય છે. "ભગવાનને ત્યાંનો સમય થયો છે" કહેતાંકને દેહ છોડી દે છે. એને પચાસ વર્ષ થયાં હતાં. એક વર્ષ પછી કૅથેરિન પણ તેની પાછળ સીધાવે છે!

સમગ્ર જગતનો તેણે સ્વીકાર કર્યો હતો. ભગવાનના સ્વર્ગનો પ્રકાશ, દિવ્ય પ્રકાશ, અહીં આણવો હતો. જૅકબને એક શબ્દમાં વર્ણવો હોય તો 'પ્રકાશ, દિવ્ય પ્રકાશ' કહી શકાય. તેમણે કહ્યું : "તમારી આંખો ખોલો અને જુઓ ભગવાન સર્વત્ર હાજર છે."

શેલ્ડન ચેનીએ તેમના 'ભગવાનના સાથીદારો' (Men who have walked with God) નામના પુસ્તકમાં જેકબના ગ્રંથોમાંથી એટલા માર્મિક સુંદર ઉતારાઓ આપ્યા છે કે કયો લેવો, કયો નહિ એ વિવેક ભૂલી જવાય એવું છે. ખરેખર, આ જ સમયમાં ભારતના મધ્યયુગના મરમીઓ થઈ ગયા. એ સઘળાઓનો જૅકબ સમકાલીન ગણાય. એને વિષે જેટલું લખીએ એટલું ઓછું ગણાય, એવો એ સૌથી પર (Wholly other) જણાતો !

આપણે પ્રાર્થીએ: "હે જૅકબ, પ્રભુમાંથી પામેલા તારા પ્રેમળ પ્રકાશ વડે અમારો જીવનપંથ ઉજાળ!"...

બ્રધર લૉરેન્સ ઈ. સ. ૧૬૧૧-૧૬૯૧ના સમયમાં થઈ ગયા. તેઓ ફ્રાન્સના હતા. એક સામાન્ય સાધુ હતા, પરંતુ મરમી જીવન ગાળી ગયા. તેમની અઢાર વર્ષની ઉંમરે એક ઠૂંઠા ઝાડને જોઈને તેમનામાં પરિવર્તન થયું. એ ઝાડના નિમિત્તે તેઓ દીક્ષિત થયા. ભગવાનની લીલાનો તાદૃશ ચિતાર તેમના ચિત્તમાં ખડો થયો. પોતે નવપલ્લવિત થવાનો નિર્ધાર કર્યો અને ભગવાનની હાજરી અનુભવવા પ્રયત્નશીલ રહ્યા. તેમની પુસ્તિકા 'ભગવાનની હાજરાહજૂરી અનુભવવાનો અભ્યાસ' ખૂબ જાણીતી છે. તેઓ સાદાસીધા ભગવાનના માણસ હતા. એમની સાધનાનો ક્રમ આમ મૂકી શકાય: ભગવાનને સર્વસ્વનું સમર્પણ, તેમના પ્રત્યે અનહદ પ્રેમ, તેમની હાજરીમાં ચેતનાને સ્થિર કરવી, ભગવાનની સાથે આત્માનું જોડાણ કરીને આનંદાનુભૂતિ મ્હાણવી. આ એમની સાધનાનો નિષ્કર્ષ છે. તેમના સમયના પાસ્કલ જેવા મોટા માણસની સરખામણીમાં લૉરેન્સ અતિ સામાન્ય ગણાય; પણ તેઓ આપણા અહીંના સંત જેવા પરોપકારી સાદાસીધા સંત થઈ ગયા...

ઇંગ્લૅન્ડના કવિ, ચિત્રકાર વિલિયમ બ્લેઇક ઈ. સ. ૧૭૫૭-૧૮૨૭ના સમયમાં થઈ ગયા. તેઓ મુખ્યત્વે સ્વપ્નદ્રષ્ટા (Visionary) હતા, પરંતુ મરમીનો સ્ફુલિંગ સદાય એમના હૃદયમાં ચેતતો હતો. એમની મરમી પ્રતિભાનો ખ્યાલ બ્રિટનને ઘણો મોડો થયો. એમની પ્રખ્યાત પંક્તિઓ અમર થઈ ગઈ છે:

To see a World in a Grain of Sand,
And a Heaven in a Wild Flower,
Hold Infinity in the palm of your hand
And Eternity in an hour.

(રેતીના રજકણમાં વિશ્વનું દર્શન કરવું, જંગલના પુષ્પમાં નંદનવન જોવું અનંતતાને હસ્તામલકવત્ ધારણ કરવી, શાશ્વતીને કલાકમાં મ્હાણવી.)

એમના 'જેરુસલેમ' નામના કાવ્યમાં વ્યક્તિ સ્વર્ગને દ્વાર કેવી રીતે પહોંચી શકે તેનો પાંચ પગથિયાંનો ક્રમ તેમણે નોંધ્યો છે.

પહેલું પગથિયું દર્શનમાં જાગૃતિ. બીજું પગથિયું દર્દમાંથી પસાર થવું તે; અર્થાત્, બુદ્ધિવાદ અને ભૌતિકવાદની મોહક જાળમાં ફસાઈ જવું તે છે દર્દ. ક્યાંય દિવ્ય પ્રકાશ ન મળે તેની બેચેની. ત્રીજે પગથિયે ક્ષમા હૃદયમાં જાગે છે, જીસસના ગુણોનો વિકાસ થાય છે. ચોથે પગથિયે, પથિક માનવમાં દિવ્યને ઓળખતો થઈ જાય છે, વૈશ્વિક વાત્સલ્યભાવ, પ્રેમ જાગે છે, વિશ્વબંધુત્વનું દર્શન કરે છે. પાંચમે પગથિયે સહજ ભાવે, આપમેળે, અવશ્યમેવ, તેને સમજાય છે કે વિશ્વબંધુત્વ ત્યારે જ ટકે જ્યારે એક-બીજાને માટે રહસ્યપૂર્ણ અર્પણ કરે (ત્યાગ કરે), પોતાપણું ચાલ્યું જાય (ફના). આત્મા ક્રાઈસ્ટને (પ્રભુને) પામે.

પથિકને અંતે સમજાઈ જાય છે કે ભગવાન આપણા જેવા થતા જાય છે, જેથી કરીને આપણે તેમના જેવા થઈએ. પંથ ત્યાં પૂરો થાય છે, પ્રભુને પોતાના અંતરમાં પામે છે.

I am in God's presence night and day,
And He never turns His face away.

(રાત-દિવસ પ્રભુના સાંનિધ્યમાં છું. તેઓ પોતાનું મોઢું ફેરવતા નથી.)...

અહીં આપણે પશ્ચિમના મરમી સંતોનું સંક્ષિપ્ત દર્શન કર્યું, અથવા કહો કે ઝાંખી કરી. મને લાગે છે કે જાણે કે એક જ માનવ-આત્માની ગુપ્તધારા સર્વત્ર, શું પૂર્વમાં શું પશ્ચિમમાં, માનવના અંતઃસ્તલને ભીંજવતી અણદીઠી વહી રહી છે; અને એ જ છે મરમી ભાવધારા, સંતપ્રસાદી, ઋષિનું ક્રાંતદર્શન. એક આશ્ચર્ય એ જણાયું છે કે પશ્ચિમના મરમી સંતોએ પોતાની અભિવ્યક્તિ ગાનોમાં કરી નથી – સિવાય બ્લેઈક કે અન્ય ખ્રિસ્તી થોડાઘણા સંતો. હિંદમાં તો એમની રચનાનો પાર નથી, બધું જ ગાનોમાં, ભજનોમાં વહ્યું છે. એને સંતો 'શબ્દ' કહે છે. 'ધી ઑક્સફર્ડ બૂક ઑફ ઈંગ્લિશ મિસ્ટિકલ વર્સ' (અંગ્રેજી મરમી સંતોનું સંકલન)ના સંપાદકો નિકોલસન અને લી જણાવે છે કે નહિ કલ્પેલું એવું આધ્યાત્મિક નવ-પલ્લવિત પ્રાણનું સ્પંદન જાગી રહ્યું છે. યુગે યુગે આંતરજ્યોતનો જે પ્રકાશ ઝીલાતો આવ્યો છે, તે આ યુગને પણ અજવાળવાનો જ છે; તે એક પરમ સાહસ – ચેતનાનો કોઈ નવો ઉન્મેષ – અણધાર્યો થઈને જ રહેવાનો છે. કાવ્ય એનો લય ઝીલશે, એનો ભભકો પ્રસારશે.

## ૬. મરમીસંતોનો સાધનાપથ

મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેન ઘણી વાર મને બંગાળના શાક્ત કવિ રામપ્રસાદ સેનની પ્રખ્યાત પંક્તિઓ સંભળાવતા; કોઈ કોઈ વાર ઢંઢોળતા, ઠપકો આપતા અને વઢતા પણ. તેઓ મારા મંત્રદાતા પિતા હતા અને હું એક અજ્ઞાન બાળક હતો. તેઓ મને ચાહતા, એટલે એ એમનો અધિકાર હતો.

પેલી પંક્તિઓ છે :
મન રે કૃષિકાજ જાનો ના !
એમન માનવજમીન રઈલો પતિત
આબાદ કરલે ફલત સોના !

"હે મન, તને ખેતી આવડતી નથી. આવી માનવની ભોંય પડતર રહી, તેને જો ફળદ્રૂપ કરી હોત તો સોનું પાકત." રામપ્રસાદ કાલીને નામે વાડ બાંધવાની વાત કરે છે. સૌ પોતાના ઈષ્ટને નામે એનું રક્ષણ કરે. બીનું વાવેતર ગુરુએ કર્યું છે, તેના પર ભક્તિરૂપી જળનું સિંચન કરવાનું છે.

ઘણાં વર્ષો પહેલાં હું નાનો હતો ત્યારે બગલાની પાંખ જેવાં ધોળાં વસ્ત્રો ધારણ કરીને એક બ્રાહ્મણ મારી શેરીને નાકે ઊભા રહીને લલકારતા :

હે...દેહલપુરના જીવા પટેલિયા રે, તું સતની ખેતી કરજે.

ખેતી કેટલો બધો પરિશ્રમ માગી લે છે ? ટાઢ, તડકો અને વરસાદ વેઠીને જેવી જમીન તેવું ખાતર નાખીને, જમીન ઉપરતળે કરીને, પાણી સિંચીને જમીન તૈયાર રાખવી પડે છે. જેવું વાવવાનું તેવું ખાતર. જેવી ભોંય તેવો પાક. આ બધી સાધના જ થઈ. કેટકેટલી માનવની જમીન પડતર છે તેનો હિસાબ નથી. એને બરાબર ખેડી હોય તો સુંદર પાક થાય. પેલા ભજનમાં સતની ખેતીની વાત કરી છે. ઋષિઓ સતની ખેતી કરે, મરમીઓ અને સંતો પણ ઘણાખરા સતની ખેતી કરે.

આપણા આદિ કવિ નરસિંહ મહેતાએ પણ આ જ વાત કરી છે. સાધ્યની ખાતરી વગર માત્ર સાધના શા કામની ? સ્નાન અને પૂજા, સેવા,

દાન, જટા વધારવી, ભસ્મ ચોળવી, વાળ ચૂંટવા, તપ કરવાં, તીર્થ કરવું, માળા પર જાપ કરવો, કપાળમાં તિલક કરવું, તુળસીની માળા પહેરવી, ગંગાજળ પીવું, વેદવ્યાકરણભરી વાણી કહેવી, રાગરંગ જાણવા, છ દર્શનોનો અભ્યાસ કરવો, વર્ણના ભેદ રાખવા, – આ બધું પેટ ભરવાના પ્રપંચને લઈને છે! પરબ્રહ્મને તો જોયા નથી ? એમ તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જેવો માનવજન્મ ખોયો. જ્યાં લગી આત્મા તત્ત્વની પિછાન ન કરે ત્યાં લગી સઘળી સાધના જૂઠી છે! અર્થાત્ ઉપર જણાયો તે થયો બાહ્યાચાર. એને લોકો ધરમકરમ કહે છે. એ જ જાણે કે સાધના !

સર્વત્ર આમ જ છે. બાહ્યાચાર ન કરે એને ઘણા નાસ્તિક પણ કહે છે. એની નિંદા કરે છે. પરિણામે ચલાવી લેવાની વાત આવે છે, ભેળસેળ થાય છે, આચાર ઘણી વાર અજ્ઞાનીને ઘમંડી પણ બનાવે છે.

ત્યારે કરવું શું ? સમજ કેળવવી. આપણે શેને માટે આ બધું કરીએ છીએ, તેનો મનમાં ચોક્કસ ખ્યાલ હોવો જોઈએ.

મરમી કે સંત ભગવાનની ઝાંખી કરવા સાધના કરે છે. સાધના મહત્ત્વની ખરી, છતાં ગૌણ છે. સાચો મરમી કે સંત એ જાણતો હોવો જોઈએ.

ગુરુદેવ રવીન્દ્રનાથે વર્ષો પહેલા હાર્વર્ડ યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. છપાવ્યાં તેનું નામ રાખ્યું 'સાધના'. એમાં એમણે મૂળ બંગાળી પ્રવચનોનો ઘણોખરો આધાર લીધો. કેટલાંક ભાષાંતર જેવાં પણ છે. 'સાધના' શબ્દ પછી છપાવ્યું છે, 'જીવનનો' સાક્ષાત્કાર. અર્થાત્, સાધના જીવનનો સાક્ષાત્કાર કરાવે છે. તેઓ કવિ હોવા છતાં જણાવે છે કે સંતો, મરમીઓ અને ઋષિઓના હૃદયમાંથી નીકળેલી અનુભવની વાણી અને તેમાં આપમેળે અભિવ્યક્તિ પામેલા શબ્દો કોઈ પણ પ્રકારની તર્કનિષ્ઠ અર્થઘટનાની પકડમાં આવી શકતા નથી. તેમને વારંવાર મરમીઓ કે સંતો જે પ્રકારનું જીવન જીવી ગયા તેના સંદર્ભમાં સમજાવવા પડે છે; અને આશ્ચર્ય એ છે કે જેમ જેમ સમજતા જઈએ તેમ તેમ નવા ભાવ, નવા વિચાર સ્ફુટ થતા જાય છે. એ વાણી હમેશાં તાજી રહે છે, વાસી થઈ જતી નથી બાઉલોની વાણી, કબીરની વાણી; દાદૂની ને રજ્જબની વાણી અને ખુદ રવીન્દ્રનાથની વાણી વિષે પણ ક્ષિતિબાબુ ઉપર જણાવેલી વાત વારંવાર કરતા હતા. એ ચિરંતન વાણી છે.

ઉપર જણાવ્યા પ્રમાણે જીવનનો સાક્ષાત્કાર કરાવનારા વિષયો કયા કયા હોઈ શકે, સાધના ઘણે ભાગે પૂર્ણ થઈ કયારે ગણાય એ દષ્ટિએ ગુરુદેવે એ પ્રવચનોના વિષયો લીધા છે. પ્રથમ છે વ્યક્તિનો વિશ્વની સાથેનો સંબંધ, પછી છે આત્મચેતના, પાપની સમસ્યા, આત્મતત્ત્વ, પ્રેમમાં સાક્ષાત્કાર, કર્મમાં સાક્ષાત્કાર, સૌન્દર્યનો સાક્ષાત્કાર અને અનંતનો સાક્ષાત્કાર. આ થઈ ઋષિની જીવનસાધના, તેનો મર્મ. બહારનું જીવન અને અંદરનું જીવન, એ બંનેમાં ઘણી વાર સાધકના દિલમાં સંઘર્ષ જાગે છે અને સંઘર્ષમાંથી કંઈક પરિણમે છે. મીરાં કહે છે તેમ 'ભીતર બાહિર તિમિર નિરંતર' છે.

ગુરુદેવ તો ઋષિકોટિના મરમી કવિ, એટલે તેમનાં વ્યાખ્યાનોમાં નાનપણથી ઘૂંટેલી ઉપનિષદની માત્રા અને તેનું રસાયણ આપોઆપ વરતાય, એ સ્વાભાવિક છે. વસ્તુતઃ તેમનું બધું સર્જન ઉપનિષદની વ્યાખ્યા જેવું છે.

પરંતુ અહીં એક બીજો દાખલો લઉં. ઈ. સ. ૧૯૦૧-૦૨ની સાલમાં વિલિયમ જેઈમ્સે આપેલાં ગિફર્ડ વ્યાખ્યાનો, જેનું મથાળું તેમણે 'ધાર્મિક અનુભૂતિનું વૈવિધ્ય' આપ્યું છે અને સાથે સાથે 'માનવસ્વભાવનો અભ્યાસ' એમ પણ કહ્યું છે, તેમાં જાણ્યેઅજાણ્યે મરમીલક્ષી માનવના ચૈતન્યની ભૂમિકાઓ બીજી રીતે રચાઈ ગઈ છે, એમ મને લાગે છે. વીસ પ્રકરણોના એ બૃહત્ ગ્રંથમાં એમણે જે એક પછી એક છણાવટ કરી છે તેની ફલશ્રુતિ મરમીસાધનામાં, દર્શનમાં થાય છે. ધર્મના પાયામાં લાગણી, લાગણીનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ, અદૃષ્ટની વાસ્તવિકતા, ધર્માનુભવનાં બે પાસાં – સ્વસ્થ ચિત્ત અને તનમનસંઘર્ષ – (The Sick Soul – 'The Spirit willeth, but the Flesh is weak', એનું આબેહૂબ દર્શન) છિન્નભિન્ન મનોદશા અને એમાંથી બંનેને ઐક્યમાં જોડવાની મથામણ, આંતરપલટો, સંતપણું, મરમીભાવ, દર્શન (ફિલસૂફીના અર્થમાં)—આમ લાગણીના પ્રાથમિક ધૂંધળા સ્વરૂપમાંથી દર્શન લગીનો (emotional integration કહીશું?) બૃહદ્ વ્યાપ વ્યાખ્યાતાએ અત્યંત સુંદર રીતે સર કર્યો છે અને અંતે તેઓ જણાવે છે કે આપણે આપણાથી જે કાંઈક બૃહત્તર છે તેની સાથેનું જોડાણ અનુભવીએ, અને એમ કરતાં શાંતિ પામીએ. ફિલસૂફી, જે એકતા માટે મથે છે, અને મરમીભાવ જે એકતત્ત્વભાવ પ્રત્યે વળે છે, અને બંને એક મર્યાદાએ જઈને પહોંચે છે એ 'કાંઈક બૃહત્તર'ને તેઓ પ્રભુ તરીકે સંબોધે છે, જેઓ આ વિશ્વાત્માનું સર્વ કાંઈ છે. અન્ય રીતે આ પણ એક સાધના થઈ, – મનોવૈજ્ઞાનિક સ્તર પર, પરંતુ લાગણીમૂલક, ધર્મ-

લક્ષી. હિંદની દૃષ્ટિએ અને પશ્ચિમની દૃષ્ટિએ એક ઊંચા સ્તર પરની આ વાત થઈ. ઉપર જણાવેલાં બંને વ્યાખ્યાનોમાં અષ્ટાંગ વિચારણા થઈ છે. આ પણ રાજયોગની માફક આડકતરી રીતે અષ્ટાંગયોગ થયો ગણાય. બંનેય વિશ્વવ્યાપી ચેતનાનું જોડાણ સાધ્ય ગણે છે. મૂળમાંથી ફળ લગી–(from the root to the growth, fruit)નું એક ચૈતસિક દર્શન છે.

આટલી ભૂમિકા પછી આપણે વિષય પર આવીએ.

સૌરાષ્ટ્રમાં મરમી સંતોની, એક વિશિષ્ટ ભજનિક સંતોની પરંપરા છે, તેમાં લાખા–લોયણનાં ચોર્યાશી ભજનોને મેઘાણી સૌરાષ્ટ્રની મહામૂલી સંપત્તિ ગણતા. અને ખરેખર છે પણ તેમ; કારણ કે, લોયણે એમાં ઉત્તરોત્તર રીતે ક્રમશઃ સાધનાનું માર્ગદર્શન કરાવ્યું છે. આવુ ક્રમપૂર્વકનું ભજનોમાં થયેલું દર્શન, તેની સાધના મેં ક્યાંય જોયાં નથી.

સૌરાષ્ટ્રના જૂનાગઢ પાસેના આટકોટ ગામમાં લુહાર જ્ઞાતિમાં લોયણનો જન્મ. વીરા ભગત પિતાનું નામ. સાધુસંતોની સેવા કુટુંબધર્મ. દરરોજ ભજનકીર્તન થાય, સાધુસંતો આવે ને જાય.

આટકોટનો રાજા લાખો સ્વભાવે દુષ્ટ અને વિલાસી. વીરા ભગતને હેરાન કરે, સાધુસંતોની ઠઠ્ઠામશ્કરી ઉડાવે.

તે સમયે ઉગમશી બાવા નામે એક સમર્થ સંત. તેમના શિષ્ય શેલર્ષિ. આ બંને સંતોની આટકોટમાં પધરામણી થઈ. ભજન થયાં. વીરા ભગતે પોતાને ઘેર પધારવાનું કહ્યું, બંને પધાર્યા.

લોયણ નાની. તેણે ઉગમશીને ગુરુ થવા વિનંતી કરી. તેમણે શેલર્ષિને સોંપી. શેલર્ષિ મહારાજ યોગવિદ્યાના અભ્યાસી અને સમર્થ પુરુષ તરીકે જાણીતા. લોયણને યોગ્ય પાત્ર તરીકે સ્વીકારી. ખૂબ રાજી થયા. શેલર્ષિ ગુરુ અને લોયણ તેમની ચેલી. લોયણ સતી થયાં, સત્‌ની ખેતી કરીને, એટલે. લોયણનો લાખા અને તેની રાણી સાથે ભજનો દ્વારા સત્સંગ થયો. બંને શિષ્યો થયાં. ચોર્યાશી ભજનો લાખાને ઉદ્દેશીને છે. એક પછી એક પાઠ આપતાં આપતાં ઠેઠ લઈ જાય છે. લાખો શરણાગતિ કરે છે. આવાં ભજનોનો આખોય ગુચ્છ કેમ કરીને સંઘરાયો, પ્રસિદ્ધિ પામ્યો, તે વિષે અભરામ ભગતે ટાંચણ કરી છે. ઉદેસિંહભાઈની નોંધપોથીમાંથી આ ભજનો મળેલાં છે.

આપણે કોઈ પંથ કે સંપ્રદાયની વાત કરવી નથી.

એ ચોર્યાશી ભજનોમાં વ્યક્ત થયેલી સાધના અંતે લાખાનું પરિવર્તન કરે છે, એ કાંઈ નાનીસૂની વાત નથી. આપણે એને વિશદતાથી જોતા જઈએ.

ભારતીય સાધનામાં ગુરુનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. આ ભજનોમાં ઠેઠ લગી સૂત્રરૂપે ગુરુ અને 'ગુરુગમ'નો ઉલ્લેખ થયા જ કરે છે. શરૂમાં ગુરુનો મહિમા કેવો છે તે તરફ લોયણ લાખાનું ધ્યાન દોરે છે, ગુરુમાં સ્થિર થવાનું જણાવે છે, સદ્‌ગુરુનાં ચરણનું પૂજન કરવું જરૂરી છે. ગુરુને તન, મન અને ધન અર્પણ કરવાનાં છે. લાભ અને હાનિનો વિચાર દૂર કરીને મોહનિદ્રામાંથી જાગવાનું જણાવે છે. બધું ભગવાનનું છે, તો એમને સોંપવાનું છે. માનવજન્મ એળે ન જાય એ તરફ ધ્યાન દોરે છે.

ગુરુનો સ્વીકાર કરવાથી અને ભગવાનને માર્ગે જવાથી જે મુશ્કેલીઓ ઊભી થશે તે તરફ લાખાનું ધ્યાન દોરે છે. મિત્રો મનમાં ને મનમાં બળશે, સગાંવહાલાં, કુટુંબ, મોટા મોટા રાજમિત્રો, એ બધાં વિઘ્નો ઊભાં કરે.

લાખો જણાવે છે કે, 'હે લોયણ, મારે હવે રાજનીતિનું કામ નથી, પછી સગાં કે કુટુંબ મને શું કરવાનાં છે? મારાં બાળકો ઋષિની આગતાસ્વાગતા કરશે, ભગવાનનું ધ્યાન ધરતાં થશે.'

પછી લોયણ એને 'નિજિયા પંથ'ની ઓળખ આપે છે. સદ્‌ગુરુ અભયપદ અપાવશે, નયનોમાં નૂર વરસશે. ગુરુનું વચન પાળો, તેમનો હુકમ માનો. અનુભવીનું મહત્ત્વ સમજાવે છે. સદ્‌ગુરુના અધિકારમાં આવ્યા પછી આવરણ નહિ આવે. સત્સંગનો મહિમા સમજાવે છે. સદ્‌ગુરુ સુરતાને શૂન્યમાં સ્થાપી આપે છે. નુરતસુરતનો સુમેળ સાધીને બ્રહ્મરસનો આસ્વાદ ચાખો. સંકલ્પવિકલ્પની ગાંઠ છૂટી જશે. હરિ એ જ ગુરુ અને ગુરુ એ જ હરિ એમ માનો. ત્રિગુણી માયા, ત્રિવિધ તાપ એમાંથી તરી જશો. ભીતર અને બહાર બ્રહ્મ ભાસશે. મતમતાંતર છોડી દો. સદ્‌ગુરુના ઘરની રમતો ઊંડી ઊંડી હોય છે. વિવેકમાં વરતીને ઘરમાં રહો.

લોયણ મનની શુદ્ધિને માટે યોગની બાર ક્રિયાઓ શીખવે છે.

(અહીં યાદ રાખવું જરૂરી છે કે લોયણ લાખાને એક પછી એક ક્રમમાં શીખવતી જાય છે, પોતે જ ગુરુ છે. આ તો ભજનની રીતે કહ્યું

છે, પણ છે જાણે કે ક્રિયાયોગ!) એ બાર ક્રિયાઓ બતાવે છે : ગુરુનું વચન, પાલન કરવાથી શુદ્ધિ, બ્રહ્મચર્ય, અમીરસનું પાન, ઇન્દ્રિયો પર વિજય, પવન થોભાવવો, મનને જીતવું, વાણી-સંયમ, સુરતાની સ્થિરતા, બધાં દ્વાર પર નિયંત્રણ મૂકી દેવું, સૂર્ય-ચંદ્રની સાધના, પ્રેમની જાગૃતિ.

લોયણ ચેતવે છે કે જેઓ કપટી હોય, કૂડાં હોય તેમની આગળ આ જણાવવું નહિ, આ બધું પાત્રને માટે છે, ચારે પહોર ખુમારીમાં રહેવાનું છે. પાપપુણ્યનો સ્પર્શ તજી દો, મનની ભ્રાંતિ છોડો, નિદ્રામાંથી જાગો, નાદ-બિંદુનો અનુભવ કરો. તેજમાં તેજ ભેળવો.

જીવદશા દૂર થશે એટલે અનુભૂતિનું સુખ મળશે. સુરતાને તખત પર રાખવાની છે. નિર્ગુણનું પદ લોયણ સમજાવે છે. ગુરુગમ એ મોટી વાત છે. અજપાજાપમાં સુરતાને લઈ જવાની છે. પછી દૈવી અને આસુરી જીવોની સમજ આપે છે. આસુરી જીવો આવરણમાં રહે છે, પોતે ભરમાયેલા બીજાને ભરમાવે છે. આસુરી જીવોનો સંગ છોડો, મોટા પુરુષની નિંદા કરનારા હોય છે. દૈવી જીવો ભવસાગરમાંથી તારનારા છે. એ હોય છે તેજસ્વી, તેજમાં લઈ જશે.

પછી લોયણ એમના 'નિજિયા ધરમ'ની વાત કરે છે. વૈશંપાયને માર્કંડેય ઋષિને નિજિયા ધર્મ સમજાવવા કહ્યું. આ ધર્મ આદિ-અનાદિનો છે. શિવ-શક્તિએ ચલાવ્યો છે. નેણમાંથી સૃષ્ટિ ચલાવી છે. શ્વાસ અને ઉચ્છ્વાસ, નુરતા અને સુરતા સમજાવે છે. શ્વાસ શિવ છે, ઉચ્છ્વાસ શક્તિ છે. નુરતા અને સુરતાને સાધ્યે અજપાજાપ પમાય છે.

અલખ પુરુષની આરાધના સમજાવે છે. ગુરુની કૃપાથી ગુપ્ત રસને સાધક ચાખે છે. અધિકારી લક્ષ્યાર્થ મનમાં લે છે. નાભિકમળમાંથી પવનને ઉલટાવવાનો છે, એટલે સુરતા શૂન્યશિખર પર જશે. સંકલ્પવિકલ્પ ચાલ્યા જશે, વૃત્તિ એકાગ્ર થશે. લોયણ ભક્તિયોગની, નવધા ભક્તિની વાત કરે છે. ગીતાના બારમા અધ્યાયનું રહસ્ય સમજાવે છે. લોયણ કહે છે : જેમ પુરુષ વિનાની નારી, તેમ યોગ વિનાની ભક્તિ સમજવી. રહસ્ય છે પુરુષ વિનાની નારી કે નારી વિનાનો પુરુષ, એનો અનુભવ કરવો તે. પ્રેમલક્ષણા ભક્તિની વાત કરે છે. પ્રાણ અને અપાનની ગતિનો સુમેળ થતાં મન બ્રહ્મમાં લીન થઈ જાય. આસન જીત્યું એટલે સમાધિ થઈ સમજવું. શુકદેવે બ્રહ્મરસ પીધો હતો, કપિલ મુનિએ દેવહૂતીને બતાવ્યું હતું તે, મૈત્રેય ઋષિએ વિદુરને

જે યોગ બતાવ્યો હતો તે,–એની સમજ આપે છે. ગુરુ એ જ સાધન છે, એ જ શરણ છે.

લોયણ કાયરપણાને તજીને શૂરવીર થવાનું કહે છે. 'ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચડવું છે' એ ધીરાના પદના જેવી વાતો કરે છે. આ તો મેદાને પડીને મોરચો માંડવાનો છે. ભ્રમણાના કોટને ભજનભડાકાથી તોડવાનો છે. અખંડવૃત્તિ ધારણ કરવાનું ઉપદેશે છે.

લાખાને લોયણ યોગમાં લઈ જવા માગે છે એ જાણીને મહેલમાંથી રાણીઓ આવી કહેવા લાગી: "હે લોયણ સતી, રાજાને તો રાજનીતિ સંભાળવાની છે. એને વૈરાગી થયે કેમ ચાલશે? રાજ ઉપરથી એનું મન ખાટું થઈ જાય એવો ઉપદેશ કેમ આપો છો? પછી રાજ્યનું શું થશે? એ અમારા પ્રાણ છે, એમના વિના અમારા દિવસો કેમ કરીને જશે? અમને સમજાવો, બોધ આપો, અમારું અજ્ઞાન ટાળો. આ ભવસાગરમાંથી બચાવો, મનના સંશય દૂર કરો."

લોયણ ધારણા રાખવા કહે છે, ધીરેધીરે સમજાઈ જશે. પછી રાણીને સમજાવે છે, ઉપદેશે છે, પડળો ખોલે છે. લાખાને કહ્યું હતું તે બધું અલખના આરાધનું રહસ્ય જણાવે છે. ખાસ કરીને ઝીણા થઈને સમજવાનું, કરવાનું કહે છે. માર્ગ ઝીણાપણાનો છે. દ્વિધાના દાધને ભૂંસી નાખવાનું, મોહમમતાને દૂર કરવાનું, અભેદ દૃષ્ટિ રાખવાનું શીખવે છે; જ્યાં લગી જીવની જાત જણાય નહિ, ત્યાં લગી અભિમાન રહ્યા કરે. વિષયના સુખનો અભાવ થાય ત્યારે ગુરુ આસન બતાવે. સત્સંગનો મહિમા જણાવે છે. બંધન શામાં, મોક્ષ શું છે, એ બધાનો વિવેક બતાવે છે. શુદ્ધ સ્વરૂપમાં લક્ષ રાખવું, ધ્યેય, ધ્યાતા અને ધ્યાન સમજાવે છે, અખંડ ધ્વનિની વાત કરે છે. ઉન્મુનિ અવસ્થા જણાવે છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી, એ વાણીનો ખ્યાલ આપે છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ એ ત્રણ દેહ કહે છે; ઉપરના ભાવોનું અલગપણું સમજાવે છે. દ્વૈતભાવ તજીને અખંડ સુખમાં અલમસ્ત થવાનું જણાવે છે. આપમાં આપ સમાઈ જવાની વાત કરે છે.

"હે રાણી, જગત એટલે સંકલ્પવિકલ્પ. એ સૃષ્ટિ. એમાં મરમી લીન થતા નથી. કર્મ અને અકર્મ બ્રહ્માગ્નિમાં હોમવાં, ચક્રભેદની ગતિ, સુરતાને લક્ષ્યાર્થમાં પરોવવી,–એ યોગની રીતો કરાવે છે. જેની મૂળ વાસના બ્રહ્મમાં ભળી એ જીવનમુક્ત. જેના સંકલ્પવિકલ્પ સમાઈ ગયા એ થાય

બ્રહ્મરસના ભોગી, અભ્યાસથી સમજાશે. સમાધિ આઠે પહોર ચાલે. જેના ચિત્તનું સંવેદન શમી ગયું એ અક્ષરાતીત. વાદવિવાદ મટી જવા જોઈએ. ઘરે અભયપદ હોય, અજપાજાપ થતા હોય, ઘરથી ન્યારો હતો તે ઘરમાં આવે, ભવનો ફેરો ટળી જાય" — એ બધું રાણીને સમજાવે છે.

પંચમહાભૂતમાં જે રમે તે કૈવલ્યરસના ભોગી. અવિદ્યા માયાથી ન્યારા, તુરિયાની સાથે તાલ મિલાવે, પોતે અકર્તા રહે, સંસારના વૈભવમાં અટકી ન પડે, નિર્વાણપદને સમજે, પ્રકૃતિ અને પુરુષથી જુદાપણાનો વિવેક થઈ જાય, છ ઊર્મિઓને જાણે, સચ્ચિદાનંદ રૂપનું અવિનાશીપણું પામે, અગમ અકર્તા, અભોગી થઈ જાય, નિરાલંબ, નિર્ગુણ યોગી, અલૌકિક સુરતાનું ધ્યાન—આ બધું થાય એટલે જીવબુદ્ધિ જાય.

જ્યાં નથી થાપ કે ઉથાપ, એવા અક્ષરાતીત અખંડ બ્રહ્મ છે. મોટી દશાવાળા યોગીની વાત કરે છે. અંતરના તાણાવાણા ટળી જાય તો સુખ થાય. આઠે પહોર અડોલા રહે, અલમસ્ત રહે. સાક્ષાત્કારનું ભાન પ્રકટાવે છે. નિર્ગુણ બ્રહ્મ વિષે કહે છે. માયાના પ્રપંચની ગ્રંથિ છૂટી જવી, ચેષ્ટાથી પર અચેષ્ટાની દશા, નહિ ધૂપ નહિ છાયાનો પ્રદેશ, – એ બધું સમજાવે છે. રાણીને મેદાનમાં આવવાનો પડકાર કરે છે, ભવનો ફેરો મટાડવાનું કહે છે.

રાણી કહે છે : સંસાર સ્વપ્નવત્ થઈ ગયો છે, વૈભવ જણાતો નથી, રાજ્યસુખનો સ્વાદ ચાલ્યો ગયો છે, બ્રહ્મરસ જ ભાવે છે. રાણીનાં આવાં વચનો સાંભળીને લોયણે રાણીને સન્મુખ લીધાં. "હે લોયણ, હુકમથી પવન ઉલટાઈ ગયા. પલકમાં સમાધિ કીધી." "હે રાણી, પ્રેમથી પ્રકાશપૂર્વક કુંડલી જગાડી. સુરતા શૂન્યમાં સ્થાપી. અભયને યથાર્થ જાણ્યો. વિષયવાસના વામી ગઈ. ઈડા, પિંગલા અને સુષુમણા સાધી, તુરિયાવસ્થા થઈ. પ્રકૃતિ-પુરુષથી સુરતા પાર ગઈ, સાતમી ભૂમિકા ભાળી."

રાણી સમાધિમાંથી ઊતર્યાં, લોયણને પગે લાગ્યાં. અખંડલીલાનું દર્શન કરાવ્યું. "હે લોયણ, તમે જે સુખ કહેતાં હતાં તેમાં ક્યાંય ખામી નથી. અખંડ પરમાત્માને શૂન્યમાં ભાળ્યા, ઘટોઘટ અંતર્યામી જોયા."

લોયણ : "જો તમે કહો છો તેમ હોય તો ચૂપ થઈ જજો. આઠે પહોર ચિત્તને એ દશામાં રાખજો. કાયમની ઉન્મુનિ દશા રહેશે."

હવે લાખાને જણાવે છે. "કશું જ ગુપ્ત રાખવાની નથી. મારા ગુરુએ મને બતાવ્યું, એ તમને બતાવું છું. અસંગ થઈને અભ્યાસ આદરો.

એકાંતમાં જઈને આસન લગાવો. નુરત–સુરત લાધશે. નાભિકમળમાંથી પ્રવન ઉલટાવો, હવે વાંધો નહિ આવે. ઘટમાં અખંડ છે, અનભે રમતો છે. કર્મનાં બીજ જ્ઞાનાગ્નિમાં બાળી નાખો. ધ્યાનમાં બેસીને ધણીને આરાધો. નુરતે નીરખો, સુરતે પરખો. સુરતાને શૂન્યમાં સાધો. ત્રિવેણીના તમાશા જુઓ, જ્યોતમાં જ્યોત મિલાવો. અભયપદ પામીને એણી પેરે જાઓ, જ્યોત ઓળંગી જાઓ, અકર્તાના ઘરમાં પ્રવેશો. વાસણ નાનુ ને વસ્તુ મોટી. અધિકારની વાત છે. ખૂબ ધીરજ રાખો, નહિ તો વસ્તુ એળે જશે. ગુપ્ત સ્થળે જઈ ભજન કરો, કોઈને કહેવું નહીં. વાત ગુપ્ત, ભજન ગુપ્ત. હરિને મળવું હોય તો દંભ કરવો નહીં. એકાંતમાં રહો. જગતની સાથે લપ્પનછપ્પન નહીં, એવી રહેણી રાખો, કહેણી ખપ પૂરતી, ગુણગ્રહણ કરો. હેતે આવો ને સદા મન ભાવો, આવરણ દૂર થઈ જશે. બ્રહ્મવેત્તા આગળ જઈને વિનીત વચન કહેજો. અજ્ઞાન–જ્ઞાનનો વિવેક રાખો, પાત્ર–કુપાત્ર સમજો. હે લાખા, જેનું મન અડગ (અક્કડ?) હોય, તેનો સંગ કરશો નહિ. અકર્તા થઈ જાઓ. અખંડ ધણીને ઓળખો. શ્વાસ–ઉચ્છ્વાસને એક કરો, ભીતરની ભ્રમણા ભાંગો, મનના મેલ ધોવાઈ જશે. ખટસહસ્ર બંક નાડીને ભેદીને શૂન્યમાં વૃત્તિ ઠેરવો, સાતમી ભૂમિકાની ગલી ઝીણી ઝીણી છે, તેને સુરત નુરતથી પિછાનો. ગુરુગમથી ઘરને જાણી લ્યો. તન, મન, વચન બદલાઈ જશે. જેણે શુદ્ધ યોગ સાધ્યો હોય એ સાધુ, તીવ્ર વૈરાગ્યમાં પાકા હોય. લાખા, છ માસ લગી કોઈની સાથે બોલો નહિ, પદાર્થભાવને પડતો મૂકો. હું રાજા છું, આ બધી મારી રાણીઓ છે, એ બધું ભૂલી જાઓ. નિ:શંક થઈને એકાંતમાં રહો, તો સાધુપણું આવી જશે. ત્રાટક સાધો, એટલે દૃષ્ટિ બદલાઈ જશે. યોગમુદ્રા પાકી કરો. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિને પાર થઈને તુરિયાનો મેળ સાધો. આઠે પહોર અખંડ ઘરમાં રહો, માયા ત્યાં નહિ આવે. પછી તો કાળ પણ નહિ ફાવે. હે લાખા, સમાધિ બે પ્રકારની છે, તેને વિવેકથી સમજાવું, બ્રહ્મરસના ભોગી બનાવું. વાયુ નાભિમાં સમાવવો, અજપાજાપ થાય, સુરતા જ્યોતને જગવે, — એ એક સમાધિ. બીજી સમાધિ પછમ પડદો ખોલે, બંકનાળમાં પવન ચલાવે, છ ચક્રો ભેદી બારમે આવે, – ત્યારે શૂન્ય સમાધિ થાય. ગુરુગમ વિના આવે નહીં. એમાંથી જાગ્યા પછી જો માયાનું આવરણ વ્યાપશે તો ફરીનો જન્મ સમજવો.

હે લાખા, એકાંત વિના પ્રેમ નહિ જાગે અને પ્રેમ જાગ્યા વિના બધું ખોટું. પ્રાણચક્રથી પ્રેમ જાગે એ બધી ખોટી વાત છે. પ્રેમને જગાડવાનો

એક જ ઉપાય છે, — ગુરુની અઢળક કૃપા. હદ-બેહદને ઓળંગી જાઓ, અખંડ ઘરમાં આવો. અનુભવી ઓળખાણ કરાવશે, પછી રસને ચખાડશે. સદ્‌ગુરુ વૃત્તિને જ્યોતિ રૂપે બતાવે. ત્યાં મુક્તિ પાણી ભરે છે. પંડિતો–પુરાણકારો ત્યાં અટકી જાય છે. ત્યાં વેદ ને વાણી પહોંચતાં નથી. અકર્તાપણું સહેજે થઈ જાય, ઝીણી ઝીણી રમતો ભળાય. શૂન્ય મંડળમાં ગેબી રમે છે, તેને ગુરુગમથી નિહાળો. સાચી રહેણી પાળો.

હિંમત સાધો, દેદાર રાખો, મસ્તાના રહો. એક વાર ભ્રમરમાં ભાણ ઊગ્યો પછી હરિની માયા લેપશે નહીં.

હે લાખા, આ નગરનો અવનવો ખેલ તો જુઓ. બાવન બજાર ચોર્યાશી ચૌટાં, દ્વાદશ ઉપર ચઢીને નીરખો બધો તમાસો. નખશિખ નગરને જોઈ લ્યો, આઠે પહોર ત્યાં વસો. દ્વાદશ ઉપર ચઢીને જુઓ, પછી ગગનમંડળમાં વિચરો. હે લાખા, ત્યાં વાદળ વગર મેઘ વરસતો હશે, ઝીણી ઝીણી વાદળી ચમકતી હશે. આવું કોણ બતાવે ? એ તો ગુરુગમ ! બ્રહ્મનું હાર્દ ગુરુ પમાડશે.

સમદર્શીપણું કેળવો. સદ્‌ગુરુની સાન હૃદયમાં ધારણ કરો. નિત્યના અભ્યાસી થાઓ. લક્ષ–અલક્ષને ઓળખો. નિર્વાણની એક વાર મોજ મ્હાણશો, પછી બીજી બધી વાતો ફિક્કી લાગશે. બુદ્ધિ ત્યાં લોટી રહેશે. મન અમન થઈ જશે.

લાખા, કાર્યકારણની શૃંખલામાં બંધાયેલું જગત એટલે માયા. તમને બહારની ક્રિયાઓ અત્યાર લગી બતાવી. હવે અંતરની ક્રિયા તરફ વળીએ. મન ભટકેલ છે, ઘણાં જન્મોથી ભટકતું આવ્યું છે, એને સ્થિર કરીને સ્થાપું છું. ધારણા, ધ્યાન અને પ્રાણાયામ — એ ત્રણ ક્રિયાઓ છે. ચોથી અંતર્મુખ ક્રિયા છે, જેને વિરલા યોગી જાણે છે. આ ચારેમાંથી એકની પણ ખામી એટલે વિષયભોગી ગણાય. બધી બાર ક્રિયાઓ આ ચારમાં સમાણી છે. એ યથાર્થ જાણો.

લાખા, અધ્યાત્મભાવ અટપટો ખેલ છે. વિરલ યોગી એ જાણે. વેરાગી હૃદયમાં નીચેનાં દશ લક્ષણો આવે, સ્થપાય, ત્યારે યોગના અધિકારી થવાય. એકની પણ ખામી એટલે ત્રૂટિ. વિષયભોગનો ત્યાગ, ગુરુવચનમાં ગતિ, ચૌદ લોક તૃણસમાન, વૈભવસુખ મનમાં આણવું નહિ, પક્ષાપક્ષ નહિ, ઇન્દ્રિયવિજય, ઇન્દ્રની સભા લલચાવે તોય અડોલ સ્થિતિ, અંગાંગમાં

ધીરજ, હૃદયમાં દયા, સમદર્શિતા ખરા. – વૈરાગી આવા હોય. અહંભાવ વિદારી નાખવો જોઈએ.

પછી લોયણ ગીતાના આહારવિહારની વાત કરે છે. આહારવિહારમાં વિવેક યુક્તિયુક્ત કેળવવો જોઈએ. પછી, મરજીવાપણું સમજાવે છે, આત્માની અપરોક્ષાનુભૂતિ વિષે કહે છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરે તે મુમુક્ષુ. ખટ સંપત્તિ યથાર્થ જાણે ત્યારે સાક્ષાત્કાર થઈ જાય. પછી લાખાને જ્ઞાનની સાત ભૂમિકાઓ જણાવે છે : શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસા, સત્વાપત્તિ પદાર્થભાવની, અસંશક્તિ અને તુરિયાવસ્થા. જાતિ, ભાતિ, વર્ણાશ્રમ ત્યજો. પરોક્ષ, અપરોક્ષનો ભેદ મટે એટલે નિરાલંબ નિર્ગુણ થવાય. સ્વરૂપમાં ચિત્ત જોડી દો.

હવે લાખો લોયણને પ્રશ્ન કરે છે : “હે લોયણ, તમે આત્મા અભેદ અખંડ કહો છો, તો તેને જીવબુદ્ધિ કેમ કરીને આવે? જો અવિદ્યા-માયા જડ પ્રપંચી હોય તો આત્માને કેમ કરીને ભરમાવે? આત્મા જ્ઞાની છે, તો જ્ઞાની અજ્ઞાની કેમ કહેવાય? દૈવી અને આસુરીની ખાતરી શી રીતે થાય?”

“હે લાખા, જેણે મનથી જીવપણું માન્યું તે અજ્ઞાની કહેવાય. જડ પ્રપંચી અવિદ્યા એ માયા ખરી, પણ એ મનને કેવળ ભમાવે. જેમ રજ્જુમાં સર્પ ભળાય, વસ્તુતઃ સર્પ ન હોય, તેમ જીવ માની બેસે. આત્મા સનાતન હોય તેને માયા બાધક થાય નહીં. આવા બધા ભેદ પૂર્ણયોગી જાણે.

બ્રહ્મરસને પૂર્ણયોગી જાણે. પરમપદમાં જેની સુરતા લાગી તે અધ્યાત્મયોગી.

વેદ વેદાંતનો ભેદ ટળી જાય ત્યાં બંધન અને મોક્ષ ન હોય. જેને સમ્યક્ જ્ઞાન થયું હોય એ અચેષ્ટ અદ્વૈત કહેવાય. તુરિયાતીત બ્રહ્મ અગ્નિ પ્રકટાવે અને કર્મબીજને બાળી નાખે.

જીવ ચાર પ્રકારના : પામર, વિષયી, જિજ્ઞાસુ અને મુમુક્ષુ. જીવન-મુક્ત અને વિદેહમુક્ત એ ગુરુગમથી સમજાય. હે લાખા, અસ્તિ, ભાતિ, પ્રિયરૂપ આત્મા મેં સભરભર્યો ભાળ્યો છે. સદ્‌ગુરુના વચનનો આધાર લઈને મોહરૂપી શત્રુને મેં ખાળ્યો છે. સૂત્રમાં જેમ બધા મણકા પરોવાઈ

જાય, તેમ જગત આત્મામાં રહ્યું છે. પિંડે બ્રહ્માંડે પરિપૂર્ણ પોતે છે, પણ વસ્તુમાં મન ભમ્યું છે. મન ટળ્યું ત્યારે અમન થઈ જવાય. વૃત્તિ વિલય પામે. જડ ચેતનની ગ્રંથિ છૂટી જાય, અકર્તાપણું આવે. ચિદાભાસ પદ અધ્યાત્મ પોતે, આકાશવત્ અવિનાશી છે. હે લાખા, કૃષ્ણમાં પોતે અને પોતાનામાં કૃષ્ણ એ અધ્યાત્મયોગી કહેવાય. પોતે અખંડ બ્રહ્માનંદમાં રમે છે, એ વિરાગીને આવરણ નથી. ખટદર્શનના પાખંડમાં ભળે નહિ એ જીવનમુક્ત યોગી. સાતમી ભૂમિકાની પાક અવસ્થા એ કૈવલ્યપદ ભોગવે.

લાખા, ગુરુના બે ભેદ ગણાય છે: બ્રહ્મશ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ. બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ યોગી ગણવા, કેવળ શ્રોત્રિય નરકગામી ગણવા. બ્રહ્મ-નિષ્ઠને ચરણે જાય તેને અખંડ સમાધિ રહે.

સદ્ગુરુના વચનને બ્રહ્મવાક્ય ગણો, એમાં ભેદાભેદ જુઓ નહીં. તને આજ લગી જ્ઞાન દીધું છે, તો, હે લાખા, તું પૂરો યોગી થઈ જા. આસન સાધ, મૂળ દ્વાર બાંધ, મેરુ દંડને સીધો બનાવ. સ્વરૂપમાં આવી જા.

હે લાખા, ચાર વેદનું ભાવન છે ઉપનિષદ. યોગીઓ એથી ન્યારા છે. ઉપનિષદમાં ભાગત્યાગ લક્ષણા આવે, અકર્તા પદ નજરે આવે. એક સામાન્ય અર્થ, બીજો લક્ષ્યાર્થ, પંડિત એને ન જાણે. જે વેદના બળથી વિવાદ કરે એ સ્વરૂપનું સુખ ન પામે. યોગીઓ ઘટાકાશ, મઠાકાશ, મહદાકાશ, જાણે છે. એ બધાના ભેદ, રહસ્ય અનુભવી જાણે. સોળમું શૂન્ય તે અતિશૂન્ય છે. એમાં આત્મા પોતે વસે છે. સચ્ચિદાનંદ અમર અને અરૂપી છે. એ ઉજાગરના ઉરમાં આવે. જે ત્રિગુણાતીત નર નિરંતર ખેલે તે અનાદિ યોગી છે. એ સમજમાં ન આવે. અગમની ઓળખાણ સદ્ગુરુ કરાવે. શાસ્ત્રવેત્તા નિરૂપણ કરીને કહે, પણ એ પ્રીછે કોઈ પૂરા વિરલ હોય તે.

હે લાખા, ધ્યાનધારણામાં ગુરુગમ રાખો. ચંચળ વૃત્તિ સ્થિર થઈ જશે. યોગની સાધનાથી તિમિર ભાગી જાય.

પછી લાખાને અષ્ટાવક્ર અને જનકનું દૃષ્ટાંત આપીને જેમ છે તેમ સમાધાન કરવાનું કહે છે. જનકને જ્ઞાનરસ ચખાડે છે, પાસે લઈને પ્રેમદૃષ્ટિથી સંશય દૂર કરે છે (દૃષ્ટિદીક્ષા). જનકના પ્રશ્નોનું અષ્ટાવક્ર સમાધાન કેવી રીતે કરે છે, એ બધું ટૂંકમાં લોયણ લાખાને સમજાવે છે,

શાસ્ત્રાર્થ થાય છે, અગમનિગમના ખેલ ભજવાય છે. અલૌકિક વાતો સ્પષ્ટ થાય છે. આત્માની ઓળખ કરાવે છે.

યોગના પ્રકારો–રાજયોગ અને હઠયોગની વાત કરે છે. હઠયોગ કઠણ સાધના માગી લે છે. રાજયોગનાં આઠ અંગો જણાવે છે. સહજ સમાધિની વાત કરે છે. ષટ્ચક્રો અને તેમનું કાર્ય સમજાવે છે. હું કરું તેમ કરતો જા. બધા માર્ગ સમજાઈ જશે. કહેવાનું કહેવાઈ જાય છે, થવાનું થાય છે. લોયણ ગુરુ બને છે અને અંતે લાખો લોયણને પગે પડે છે. કહે છે :

'જી રે લોયણ, તમારાં ચરણનો દાસ બન્યો છું, મારી અવિદ્યા દૂર થઈ ગઈ છે. હે માતા, ભ્રમ ને ભેદ ગળી ગયાં છે, મધુરી મુક્તિ મળી છે. હે મા, મારા અપરાધ ક્ષમા કરો, હે મારા આત્માનંદનાં દાતા ! મારા મનના મનોરથ ફળ્યા છે, હવે આત્મદર્શન થવામાં છે. હે માતા, તમારા હાથ મારે માથે મૂકો, મને પૂર્ણ કૃતાર્થ કીધો. તમારાં ચોર્યાશી બોધવચનોથી મને ચોર્યાશીથી તાર્યો ! શું બોલું, મા ? શું દઉં, મા ? માયાથી અળગો થઈ ગયો છું."

'જી રે લાખા, ધન્ય તને, ને ધન્ય રાણીને. આત્મસ્વરૂપને વળગી રહેજો. સમજીને મનમાં ચૂપ થઈને રહેજો. અધૂરાંને કદી નવ કહેજો. શેલર્ષિની ચેલી સતી લોયણ બોલ્યાં, આત્માનંદમાં સદાય રહેજો."

આ થયો ચોર્યાશી મહામૂલી સંપત્તિનો સાર. ભાષા સરળ રાખી છે, ભજનની ઘણીખરી. લોયણે લાખાને તાર્યો, રાણીને તારી. આ પંથને લોયણ 'નિજિયા ધર્મ' કહે છે, કોઈ 'ધૂનો' પણ કહે છે.

ગમે તે હો, લોયણ મરમી સંત સતી અને આ તેણે ક્રમે ક્રમે કરાવેલી, દર્શાવેલી સાધનામાં લાખાને પારંગત કર્યો. ઘરની એક દીવડી ઘરને ઉજાળી ગઈ ! સાધના તો કરવા માટે છે; બોલવા, લખવા, વાંચવા માટે નથી. ચૂપ થઈને રહેવાની વાત એ કેવળ મરમી વાત, સો ટચ સાચી વાત. ઉગમશી બાવા કોણ, શૈલર્ષિ મહારાજ કોણ ? કહે છે કે મોરબી–ઢેલડી નગરના. વીરસિંહને ત્યાં ભજન થાય, ત્યાં સતાર બાપુ આવે, ઢસાથી બાપારામ આવે, પ્રેમદાસ બાપુ પધારે. પિતાની વારસાગત ભજનસમૃદ્ધિમાંથી આ ભજન છપાવ્યાં શ્રી અભરામ ભગતે. ધન્યવાદ !

સાધના શબ્દ સાંભળતાં વેંત કેટલાકના મનમાં ન સમજી–સમજાવી શકાય એવા ખ્યાલો આવે છે. અહીં આપણે ભગવાનની પ્રાપ્તિની માટેનો, અથવા આત્માને ઓળખવા માટેનો, અથવા સાચા આંતરિક જીવન જીવવા માટેનો, અથવા સત્યની ખોજ માટેનો સહૃદય પ્રયત્ન,– એવો સામાન્ય અર્થ લેવાનો છે. સાચા મરમીઓ અને સંતો શ્રી અરવિંદે જણાવેલી ત્રિવિધ વાતોની સાથે સંકળાયેલા હોય જ છે. પ્રથમ અભીપ્સા, અર્થાત્ તીવ્ર ઇચ્છા, ઉત્કટ ભાવના. બીજું, પોતાની ઇષ્ટ સિદ્ધિને માટે માર્ગમાં જે આડ વાતો આવતી હોય તેનો અસ્વીકાર, અને અંતે શરણાગતિ. ઉપર લોયણે જે સાધના લાખાની પાસે કરાવી, સમજાવી, ઉદ્બોધી, તેમાં આ ત્રણ વાતો સ્પષ્ટ આવે છે. લાખાએ લોયણની પાસે માગણી કરી જીવનપરિવર્તનને માટે, તેનામાં ઉત્સાહ આવ્યો ઉચ્ચ જીવન જીવવા માટેનો, એના અનુસંધાનમાં એણે પોતાના વિલાસી જીવનને ક્રમશઃ તજવાનું હતું, અને છેવટે શરણાગતિ સ્વીકારી. મારી નમ્ર દૃષ્ટિએ, ઐતિહાસિક રીતે ગમે તે હોય, આ ભજનો ખરેખર એક અમૂલી સંપત્તિ ગણાય. આવાં સળંગ, આખીયે સાધનાનો ક્રમ સમજાવતાં, બંનેયના ઉત્તરોત્તર સુમેળ સાથેનાં ભજનો મારી જાણમાં નથી. અને એટલે જ મેં આપણા ભણેલાગણેલા આ વિષયમાં રસ લેતા સાહિત્યકારો કે સાધકો કે તત્ત્વજ્ઞોની પાસે આ એક ગુજરાતની અણમોલી પ્રસાદી ધરી છે. રાજા અને રાણી બંનેમાં લોયણ સતીએ પરિવર્તન આણ્યું એ આમ કાંઈ નાનીસૂની ઘટના ન ગણાય. માત્ર ધ્યાન દોરવા માટે આ લખ્યું છે, આ કોઈ અર્થઘટનની વાત નથી, દલીલની વાત પણ નથી !

એક વાર યુરોપના મહામરમી એક્હાર્ટને કોઈએ પ્રશ્ન કરેલો. એક્હાર્ટ પ્રવચનો કરે, કોઈ સમજે છે કે નહીં, એવી સમસ્યા એક શિષ્યના મનમાં થઈ. તેણે એક્હાર્ટને ખુલ્લે દિલે જણાવ્યું. એટલે એક્હાર્ટે આ રીતે જણાવ્યું : "જેમને મારાં પ્રવચનો સમજવાની તાલાવેલી હોય તેમણે પાંચ વાતો પાયાની સાધેલી હોવી જોઈએ. પ્રથમ, તેણે બધી પ્રકારના માનસિક વિક્ષેપો અને આગ્રહો તજી દીધેલા હોવા જોઈએ. બીજું, સૌથી ઊંચામાં ઊંચું શ્રેય કયું હોઈ શકે તે તરફ તેનું ધ્યાન સદાય રહે. ત્રીજું, ભગવાનની ઇચ્છાશક્તિને પોતાની ઇચ્છાશક્તિ આધીન થવી જોઈએ. ચોથું, તદ્દન શરૂઆત કરનારાઓમાં પણ પોતે બાળપોથીમાં છે, એવી વૃત્તિ ધારણ કરવી જોઈએ. પાંચમું, ક્રોધને તેણે જીતેલો હોવો જોઈએ, પોતાની જાત પર કાબૂ હોવો જોઈએ. આ પ્રકારનું પ્રભુત્વ તેણે સાધ્ય

કરેલું હોવું જોઈએ." કોઈ કહેશે આ જ અઘરું છે! હા, આ જ સાધના થઈ. બંને સાથે સાથે થાય, થયાં કરે. નરસિંહે તત્ત્વની ચિહ્નવાની વાત કરી છે, તે આ પાંચમાં અન્ય રીતે આવી જાય છે. નહિ તો, માવઠાની વૃષ્ટિ નકામી જાય એમ એક્હાર્ટનાં પ્રવચનો કે કોઈ સંતસાધુનાં, યોગીનાં, મહાત્માઓનાં પ્રવચનો, ઉપદેશ વ્યર્થ જાય. ન લાભ શ્રોતાઓને, ન લાભ વક્તાને, – સિવાય કે વક્તાને કાંઈક ભલું કરવાનો, કાંઈક સામાજિક ઉદ્ધારનો, કાંઈક પોતાનું જ્ઞાન વિતરવાનો અભરખો હોય!

ઉપરના એક્હાર્ટે જણાવેલા પાંચ મુદ્દા દરેક સાધકને માટે લાલબત્તી જેવા છે.

ક્ષિતિબાબુએ 'મધ્યયુગની સાધનાધારા' એ એમનાં બે વ્યાખ્યાનો આપ્યાં હતાં, ત્યારે જણાવેલું કે આ માત્ર એક યાદી છે, કાંઈક તે સમયના હિંદુ મુસલમાન સાધુસંતોએ કરેલું તેનો અણસાર છે. સાધના સાચા અર્થમાં લખવા જતાં ગ્રંથો થઈ જાય! છતાં તેમણે જણાવ્યું હતું, દરેક સંત કે મરમીની વાણી છે, એ વાણીમાંથી તેની સાધના શોધી શકાય. જેમ એકનો જોડો બીજાને ફાવે નહિ, કે બંધ બેસે નહિ, તેમ એકની સાધના અન્યને માફક ન પણ આવે. માત્ર એની સામાન્ય રૂપરેખા હોઈ શકે.

ભારતીય કે અન્ય દેશીય સાધકને માટે શ્રી અરવિંદે તેના ચાર પાયા (Four Aids) બતાવ્યા છે: શાસ્ત્ર, ઉત્સાહ, ગુરુ અને કાળ. ભારતીય સાધના ગુરુગમ પર રચાયેલી છે, અન્ય દેશોમાં પણ ક્યાંક ક્યાંક ગુરુગમ જણાય છે (જેમ કે, યુરોપના એક શ્રેષ્ઠ મરમી પ્લૉટિનસને એમોનિયસ સૅકસ અને એપોલોનિયસ મળી ગયા હતા). ક્ષિતિબાબુએ દાદૂની વાણી આ રીતે ગોઠવી છે: જાગરણ, ઉપદેશ, તત્ત્વ, સાધના, પરિચય અને પ્રેમ. સાધના સાધકની અંગત મર્યાદાઓને કારણે એટલી બધી અંગત, એટલે ગુપ્ત પણ, થઈ જાય છે કે તેને સર્વેને માટે રજૂ કરી ન શકાય. એની ગુપ્તતા, ગુપ્તતાને ખાતર નથી હોતી, પરંતુ હકીકતે એમ જ હોય, એ રીતે સમજવાનું છે. વાસ્તવિક રીતે, એ સાધકના જીવનથી વિચ્છિન્ન કરી શકાતી નથી; કારણ કે, જીવંત (organic) છે.

દાખલા તરીકે, રજ્જબની વાણીમાંથી તેમણે જે ઉતારાઓ આપ્યા છે તે આ દૃષ્ટિએ જ. રજ્જબ કહે છે:

"ચારે બાજુના અંધકારમાં જે દીવો પ્રકાશ આપે છે તે આપણા અંતરમાં રહ્યો છે. દેહને નાહક કષ્ટ દઈને શુષ્ક વૈરાગ્યથી તમારા અંતરના શત્રુઓનું શું દમન કરી શકશો? કે કોઈ પ્રકાશ મેળવી શકશો?... જીવનરૂપી મસ્જિદમાં નમાજ અને પ્રણતિ કરો. ત્યાં મન વારંવાર અનેક પ્રકારની ગડમથલ લાવીને બધું અસ્તવ્યસ્ત કરી દે છે. તો, એ શાંત ભજનાલયમાંથી કાફર મનને બહાર કાઢી મૂકો...જીવનની બધી દિશાને, બધા ભાવોને પૂર્ણ કરીને સાધના પૂર્ણાંગ કરો. વાઘ, બિલાડી વગેરે પ્રાણીઓ નાનાં બચ્ચાંને જન્મ આપે છે. જેમ તેમાંના એકાદને પ્રબળ બનાવવાના ઇરાદાથી બીજાને મારીને ખવરાવવામાં આવે, તેમ સાધનામાં એકાદ ભાવને પુષ્ટ કરવાને માટે બીજા ભાવોને હણવામાં આવે તો તે પ્રકારની સાધના વાઘબિલાડીની સાધના ગણાય. દયાને પુષ્ટિ આપવા જતાં જો કોઈ પૌરુષને હણે અને પરિણામે કાયર બની જાય, તો તે સાધનાને કેવી ગણવી? સંસારની નવસર્જનની જવાબદારી હંમેશાં વીરોના ઉપર હોય છે. કાયર પુરુષો આ જગતમાં શું સરજી શકવાના હતા?...

જેટલા માનવો એટલા સંપ્રદાયો. વિધાતાએ આવી વિવિધતા રચી છે! અને આમ છતાં બધાના પ્રણામ મળીને એક મહાન પ્રણામની ધારા હરિસાગરમાં વહી રહી છે...

ગંગા નારાયણના પગમાંથી ઉદ્દભવી છે. જો પ્રત્યેક ભક્તના હૃદયમાં ભગવાનનાં ચરણ હોય તો બધાંય હૃદયોમાંથી એક એક ભાવની ગંગા પ્રકટી રહે. જગતની આ બધી ગંગાઓના મિલનનું જે મહાતીર્થ છે, ત્યાં સ્નાન કરવાથી મુક્તિ મળે છે....પ્રત્યેક બિંદુમાં સિંધુની હાકલ છે, પણ જો એકલું એકાદ બિંદુ વિખૂટું પડીને સાગર તરફ જાય તો વચ્ચે જ તે સુકાઈ જાય. બધાં બિંદુઓ એકઠાં થઈને જે ભક્તિની ગંગા થાય છે, તેનાથી માર્ગની સઘળી મુસીબતો અને શુષ્કતા દૂર થઈ જાય છે. જગતના બધા ભાવોની ધારા એકત્ર કરવામાં આવે તો માનવની શુષ્કતા દૂર થઈ જાય...

આખી પૃથ્વી વેદ છે, પરિપૂર્ણ સૃષ્ટિ કુરાન છે. કેટલાક શુષ્ક કાગળોના જથ્થાને પરિપૂર્ણ જગત માનીને પંડિત કે કાજી લોકો નકામા પીડાય છે. સાધકનું અંતર કાગળ છે. તેમાં પ્રાણના અક્ષરોથી સત્ય ઝળહળી રહ્યું છે. સર્વે હૃદયોના મિલનથી જે વિરાટ માનવબ્રહ્માંડ રચાય છે, તેમાં

પરિપૂર્ણ વેદ ને કુરાન ઝળહળે છે. બહારની કૃત્રિમતાની અટકાયત દૂર કરીને એ પ્રાણ-કોટિ બ્રહ્માંડનું સત્ય જુઓ. જગતમાં તો છે કાગળના પ્રાણવિહોણા અક્ષરોના પાઠકો ! હે રજ્જબ, જીવને જીવને જે પ્રાણમય વેદ છે તે જ તું પઢ.''

મધ્યયુગના બીજા એક મરમી સંત થઈ ગયા. તેમનું નામ બાબાલાલ. ઈ. સ. ૧૫૯૦ની આસપાસ ખત્રીકુળમાં માળવામાં તેમનો જન્મ. દારા શિકોહની સાથે તેમનો ગાઢ સંબંધ હતો. ઈ. સ. ૧૬૪૯માં દારાની સાથે તેમની જે ગંભીર ધર્માલોચના થઈ તેનું સુંદર વિવરણ 'નાદિર-ઉન-નિકાત' નામના ફારસી ગ્રંથમાં થયું છે. તેઓ સૂફીભાવી હતા. ધર્મસાધનાની ઉત્કટતાથી પ્રેરાઈને તેઓ લાહોર ગયા અને ત્યાં ચૈતન્ય સ્વામી કે બાબા ચેતનનો સત્સંગ થયો. પોતે વિશુદ્ધ એકેશ્વરવાદી હતા. કબીર, દાદૂ વગેરે સંતોના જેવો જ તેમનો ધર્મસાધનાનો ખ્યાલ હતો. શમ, દમ, ચિત્તશુદ્ધિ, દયા, પર-સેવા, સહજભાવ, સત્યદૃષ્ટિ, અહંનો ક્ષય વગેરે દ્વારા ભક્તિ કર્યે પ્રેમને પંથે ભગવાન મળે છે. ભગવાનના પ્રેમથી જીવન ભર્યું ભર્યું થઈ જાય છે. ભગવાનની સાથેનો પ્રેમયોગનો આનંદ વર્ણનાતીત છે. તેમને કોઈએ પ્રશ્ન કર્યો : ''એ યોગાનંદ કેવો હોય ?'' બાબાલાલે કહ્યું : ''જો તે વાણી દ્વારા સમજાવી શકાય તેવો હોત તો તેને માટે સાધના કરવાનો કોઈ અર્થ જ રહેત નહીં.'' વિષયવિરતિને માટે તેઓ ખાવાપીવા કે પહેરવા ઓઢવાનો ત્યાગ કરીને દેહને દુઃખ દેવામાં માનતા નહીં. જણાવતા : ''વિસ્મૃતિ અને મોહ-અચેતનતાનો ત્યાગ, એ જ છે વિરતિ. ભગવાન આનંદસિંધુ છે. પ્રત્યેક જીવ તેમનું એક એક બિંદુ છે. આ જે દરેકની વચ્ચે જુદાપણું જણાય છે, તેના મૂળમાં જીવનો 'આધાર ઘટાત્મક' અહં રહ્યો છે. મૃત્યુથી આ વિચ્છેદમૂલક ઘટનો લોપ થતો નથી. એટલે, તેને દૂર કરવો હોય કે તેનો ક્ષય કરવો હોય તો સાધનાથી થઈ શકે.''

અહંની આ સાધનાની બાબતમાં બાઉલની એક સરખામણી ખૂબ સરસ છે, જેને પ્રત્યેક સાધકે, કોઈ પણ દેશના કે કોમના કે પંથના કે સંપ્રદાયના સાધકે, મનમાં રાખવી જરૂરી છે. આપણે જાણીએ છીએ કે નાનાં બાળકો કેરીના ગોટલામાંથી નીકળતી ગોટલીમાંથી સિસોટી બનાવે છે. એને વાગતી કરવા ઘસવી પડે છે. આમ ઘસતાં ઘસતાં તેમાં એક એવું પડ આવે છે કે જો એ પડ ઘસાઈ જાય તો તે વાગી શકે નહીં. તેવી રીતે અહંના ક્ષયની વાત તો ઠીક છે, પણ તેનો આત્યંતિક ક્ષય થવાથી ધર્મજીવનનો, સાધક-

જીવનનો, લાભ અનુભવી શકાતો નથી. અર્થાત્, અહંના પૂર્ણ વિલોપનના કરતાં તેનું પ્રાબલ્ય ઘટાડવાની જ માત્ર જરૂર છે.

સાધનાનું એક બીજું પાસું વિચારવા જેવું છે. અધ્યાત્મસાધના કે મરમી સંતની સાધના સ્વતંત્ર હોય તો જુદી વાત (જેમ જેકબ બોઇહેમની); પણ જો ગુરુની નિકટમાં, સાંનિધ્યમાં થવાની હોય તો એક વાત મનમાં રાખવા જેવી આ પણ છે.

કેટલાક લોકો સાધનાના ગાળાને શુષ્ક કે કઠોર, મરુભૂમિના જેવો માને છે. પરંતુ ભૂલવું ન જોઈએ કે તેની બીજી બાજુ કોમળતાની, નાજુક સમયની પણ છે. જેમ સૂર્યના પ્રકાશની જરૂર છે, તેમ ચંદ્રની શીતળતાની પણ જરૂર છે. પ્રાચીન કાળમાં બ્રહ્મચર્યાવસ્થાના સાધનાકાળ દરમિયાન ગુરુ અને ગુરુપત્ની બંને મહત્ત્વનો ભાગ ભજવતાં. ગુરુ જ્ઞાન આપે, વિદ્યાભ્યાસના કઠિન માર્ગે શિષ્યને લઈ જાય, અને ગુરુપત્ની તે જ્ઞાનને જીવંત, સુકોમળ અને સુંદર બનાવવાનું કામ માતાના હૃદયની હૂંફથી કરતાં. તે રીતે સાચા ગુરુ, અધ્યાત્મ ગુરુ, પણ માતાના હૃદયનો સ્નેહ આપી શકે છે; સાધકને તેની સાધનામાં પ્રોત્સાહન, પ્રેમ આપી શકે છે. જ્ઞાન-પ્રાપ્તિમાં અહંભાવનો અભાવ સહાયક છે; કારણ કે, જ્યારે અહં ક્રમશઃ પક્વ થતો જાય છે ત્યારે એનું પડ કઠણ થઈ જાય છે અને પછી તેમાંથી કોઈ બીજ અંકુરિત થઈ શકતું નથી. એટલા માટે બેન્જામિન ફ્રેન્કલીનના જેવી આત્મપરીક્ષણ કરીને નોંધ કરવાની રીત વ્યવહારપક્ષે કદાચ સારી જણાતી હોય, પણ આધ્યાત્મિક જીવનની દૃષ્ટિએ એ આત્મઘાતી નીવડે છે. કારણ કે, સાધનાનું જીવન આપણામાં નાળિયેરના પાણીની જેમ ધીરે ધીરે સંચાર પામતું જાય છે. સત્યની સાથે શ્રદ્ધા અને ચેતનાના ડીંટાથી જીવન યુક્ત હોવું જોઈએ. આમ થાય ત્યારે જ અજ્ઞાતભાવે હૃદયની શૂન્યતાને એ સત્ય પરિપૂર્ણ રીતે ભરી દઈ શકે. જો નાળિયેરને જિજ્ઞાસા થાય કે મારામાં આ જળ કેવી રીતે ભરાય છે એ મારે જોવું છે અને એમ કરવાને જો એ પોતાનું ડીંટું ભાગી નાખીને કુતૂહલ સાર્થક કરે, તો તત્કાળ પૂરતી એની જિજ્ઞાસા સંતોષાય, પણ એની આત્મપરિપૂર્ણતાની ધારા હંમેશને માટે ખંડિત થઈ જાય!

સાધના ગમે તેવી પણ જીવનલક્ષી કે બ્રહ્મલક્ષી કે પ્રભુલક્ષી હોય તો તેના ગમે તેટલા નિયમનો કે આચારસંહિતાઓ હોય તે પરિણામે સાધકના

કરતાં બાધક નીવડે છે; કારણ કે, જે ગૌણ છે એ જ પ્રધાન બની જાય છે અને અધ્યાત્મસાધનામાં આ પરિસ્થિતિ ભુલાઈ જવાને કારણે માઠાં પરિણામો પણ આવે છે.

બાઉલની એક વાત છે. એક ગામમાં એક બાઈ રહેતી. તે પરણેલી નહિ. એને લોકો ગાંડી કહેતા. એ બાઈ રોજ જુવે કે બધી સ્ત્રીઓ પતિના આવવાના સમયે સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરે છે: કપાળમાં ચાંલ્લો, હાથમાં ચૂડીઓ, પગમાં મેંદી, ફૂલના ગજરા વગેરે. એક વાર એ બાઈ પણ આવાં બધાં ઉપકરણોથી સજ્જ બનીને ગામમાં ફરવા લાગી! એવામાં એક મંદિર પાસે તે ગઈ. એ વખતે કપાળમાં તિલક, ગળામાં માળા, વગેરે ધારણ કરેલા પુરોહિત મંદિરમાંથી બહાર નીકળી રહ્યા હતા. એમણે એ બાઈને જોઈને પૂછ્યું: "અરે પગલી, આ બધી ધામધૂમ શાની છે?" ગાંડી કહે: "કેમ, જાણતા નથી કે મારા સ્વામી આવવાના છે?" પુરોહિત કહે: "પણ તારાં તો લગ્ન જ ક્યાં થયાં છે કે પતિ આવવાની વાત કરે છે?" પેલી પગલીએ જવાબ આપ્યો: "સ્વામી આવવાના હોય ત્યારે બધી સ્ત્રીઓ આવાં સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરે છે. એટલે મેં પણ વિચાર્યું કે આ બધું કરું તો મારા પતિ પણ આવે; કેમ, શું ખોટું છે?" "અરે ગાંડી નહિ તો! તારા પતિ જ ક્યાં છે તે આવે?" ગાંડી બોલી: "મહારાજ, તમે જ ખરા પાગલ છો; કારણ કે, જેના હૃદયમાં પ્રભુ સ્વામી, આરૂઢ હોય તે તમારા જેવો વેષ રાખે તો ચાલે, પરંતુ તમે તો ઊલટું આનો ભેખ-દેખાવ ધારણ કરીને ભગવાનને હૃદયમાં સ્થાપવાની આકાંક્ષા સેવો છો! હું તો ધારો કે કદાચ આવા કૃત્રિમ ઉપાયો દ્વારા પણ કોઈ મનુષ્ય દેહધારી સ્વામીને પ્રાપ્ત કરી શકું, પણ જેઓ ઘણી કઠોર સાધનાથી પ્રાપ્ત કરી શકાય એવા વિશ્વના સ્વામીને તમે આવા ભેખથી શી રીતે મેળવશો?"

ખરી વાત છે સાહજિક જીવન. કોઈ સાધનપ્રણાલી કે એવું ગમે તે માત્ર ગૌણ છે. આવા જીવનથી બધાં જડ ઉપકરણો સચેતન થઈ જાય છે. દીવાનાં પાત્ર, તેલ, દીવેટ બધું અર્થહીન છે. જેવી શિખા પ્રગટી કે તરત એ પાત્ર તેલ, દીવેટ ચેતનવંતાં બની જાય છે. જ્યાં લગી એ જ્યોત પ્રગટી ન હોય ત્યાં લગી એક નવટાંકને બદલે મણ તેલ વાપરો, નાનકડી દીવેટને ઠેકાણે રૂનો જથ્થો લઈ આવો, તોય શું? અરે, એક ચિનગારી પણ પ્રગટે નહીં! એ તો જ્યોતિના સ્પર્શમાત્રથી બધું ઝળહળી ઊઠે, પ્રાણવાન બની જાય, પ્રકાશ આપે!

બીજી રીતે વિચારીએ. આ બધો કર્મકાંડ, જીવનની સાધનાનાં અંગો – સંધ્યા, ઉપાસના, નામજપ, તપ વગેરે શા કામનાં? કંઈ થતું તો નથી? નથી ભગવાન તરફ જવાતું, નથી કોઈ સિદ્ધિ જણાતી? તો શા કામની આ સાધના? એક બાઉલે બીજા બાઉલને ઉપર મુજબ પ્રશ્ન કર્યો. બાઉલે કહ્યું : "એમ કરવાથી કોઈ જ લાભ નથી. સંધ્યાપૂજા વગેરે માર્ગ છે. એ માર્ગે ચાલતાં ચાલતાં સાચા જીવનની રાહ જો. એ બધું કાંઈ કામમાં આવતું નથી એ સાચું; પણ એમ એ બધું તરછોડ્યે નહિ ચાલે! નદીમાં પાણીનું પૂર આવે નહિ ત્યાં લગી ઊંડા ખાડા નકામા છે. પાણી આવ્યું નથી એમ માનીને એ ખાડા પૂરી દઈએ તો જ્યારે ચોમાસાના પાણીનું ઐશ્વર્ય વરસશે ત્યારે તેને ઝીલનારો આધાર ક્યાંથી લાવશો? આપણે પ્રવાહનો માર્ગ બંધ કરી દઈએ તો પછી જ્યારે ભગવતકૃપાથી ધારા પ્રવાહિત થાય ત્યારે એ ધારા ક્યાંથી વહેશે? એ વખતે પેલા નકામા લાગતા ખાડાનું મહત્ત્વ પણ સમજાય છે!

સાધનાનાં આવાં ઘણાં પાસાં છે. ભગવાનની કૃપા ઊતરી એટલે નિરર્થક જણાતું સાર્થક થઈ જાય, નિરક્ષર બાઉલ રવીન્દ્રનાથને પણ ડોલાવે એવું ગાય, કહેવાય તરણું પણ કામ કરી જાય તલવારનું, કહેવાતો પાગલ બની જાય પરમ ભક્ત! પેલો જેકબ ક્યાં ભણ્યો હતો અને બની ગયો જર્મનીનો મહાન મરમી, તત્ત્વવેત્તા, કેટલાકને હિસાબે સર્વશ્રેષ્ઠ ફિલસૂફ!

ઈ. સ. ૧૯૪૭માં મેં એક આવો પ્રયત્ન કરેલો. 'સંદેશ' દૈનિક તરફથી એક ધાર્મિક ગ્રંથમાળાની શ્રેણી શરૂ થઈ હતી. તેમાં મારો કંઈક ફાળો આપવા મારા સ્નેહી શ્રી પુષ્કરરાય દેસાઈએ મને જણાવ્યું. એ નિમિત્તે શોખની ખાતર રવીન્દ્રનાથનાં ગુજરાતીમાં ભાષાંતર કરેલાં પ્રવચનો યાદ આવ્યાં. મારા મનમાં સ્પષ્ટ ખ્યાલ આવ્યો સાધના જેવું કંઈક કરવાનો. મનમાં ને મનમાં ક્રમ ગોઠવાઈ ગયો. નામ સ્ફુર્યું : 'બ્રહ્મચર્યા', અને એ જ રાખ્યું. મારા મનમાં હતું બ્રહ્મમાં ચર્યા એ રીતે. એ રવીન્દ્રનાથનાં ભિન્ન ભિન્ન કાળનાં પ્રવચનો કે વ્યાખ્યાનોનું સંકલન છે. એનાં પ્રકરણ આમ છે : ઊઠો, જાગો, પ્રાર્થના, નિષ્ઠા, મંત્રનું બંધન, ઓમ્, બ્રહ્મની ઉપાસના, બ્રહ્મવિહાર, ભૂમા અને સોહમ્. રવીન્દ્રનાથનાં જીવનના સાક્ષાત્કારલક્ષી જે ધર્મપ્રવચનો હતાં, તેમાંથી કરેલું મારું આ આચમન છે. મારા ગુરુ ક્ષિતિબાબુને એ ગમ્યું હતું; અને સદ્ગત પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીને તે સમયે મારું ઘણુંખરું લખાણ મોકલતો હતો તે મુજબ આ પુસ્તિકા પણ

મોકલાવી હતી. તેમણે ખુશ થઈને એક ચિઠ્ઠી મોકલાવી હતી, જેમાં ઘણું પ્રોત્સાહક કહ્યું હતું. અત્યારે આ અપ્રસ્તુત હોવા છતાં સ્મરણમાં આવ્યું એટલે નોંધ્યું છે.

*　　　*　　　*

હવે આપણે સૂફી સાધનાનો કંઈક પરિચય કરીએ. શરૂમાં ઉલ્લેખેલા અલ્ હુજવીરીના 'કશ્ફ-અલ્-મહજૂબ' નામના ગ્રંથને આધારે ચાલીએ છીએ. એનો અર્થ છે આવરણનું ઉન્મોચન અથવા ગૂઢ અર્થને પ્રકટ કરવો તે. એમણે આ ગ્રંથને એક શાસ્ત્ર ગ્રંથ,– સાક્ષાત્કાર, અનુભૂતિ અને ઉપલબ્ધિથી પૂર્ણ ગ્રંથ બનાવ્યો છે. મતમતાંતર, તેમનું યથાતથ સમાધાન, તુલનાત્મક નોંધો અને આશ્ચર્યકારક રીતે પૂર્વપક્ષ-ઉત્તરપક્ષની માંડણી, અનુભૂતિની છણાવટ – એ સઘળું હોવા છતાં, એનું મરમીપણું ક્યાંય ખંડિત થતું નથી. તેમના ગ્રંથનાં આમ તો પચીશ પ્રકરણો છે. છેલ્લાં અગિયાર પ્રકરણનાં મથાળાં સૂફી સાધનાની વિગતોનાં છે. અગિયાર આવરણો અને એમનું અનાવરણ (The Uncovering of the Veil) એમ અગિયાર મુદ્દા લીધા છે. એ અગિયાર મુદ્દાઓ આ છે: પરમાત્માનું જ્ઞાન (Gnosis of God), ઐક્ય (Unification), શ્રદ્ધા (Faith), અશુદ્ધિઓનું શુદ્ધિકરણ (Purification from Foulness), બંદગી (Prayer), ભિક્ષા કે ફકીરી હાલ (Alms), ઉપવાસ (Fasting), તીર્થયાત્રા (Pilgrimage), સમૂહજીવનની આચારસંહિતા (Companionship with Rules and Principles), પરિભાષા (Phrascology), શ્રવણશક્તિ (Audition).

આ ઉપરાંત ભાવાત્મક જ્ઞાન, ગરીબાઈ, સૂફીવાદ, થીંગડાંવાળાં કપડાં પહેરવાં, ગરીબી અને પવિત્રતા વિષેનાં મતમતાંતર, અપવાદ, ઈમામ, વરંડાના લોકો, અનુયાયીઓના ઈમામ, વર્તમાનકાળ લગીના ઈમામ, વર્તમાન કાળના સૂફીઓ, અન્ય દેશોના સૂફીઓ, ભિન્ન ભિન્ન સૂફી સંપ્રદાયોના સિદ્ધાંતો,– આમ થઈને સૂફીવાદ અને તુલનાત્મક સાધનાનો એક બૃહદ્ ગ્રંથ બને છે.

પહેલું પગલું છે પરમાત્મજ્ઞાન. લેખક કહે છે કે પરમાત્મા દ્વારા હૃદયનું જીવન એ આત્મજ્ઞાન છે. ભગવાન સિવાયની વાતોમાંથી આંતરિક વિચારને લઈ લેવો એ જરૂરી છે. પછી આવે છે ઐક્યબોધ. એકતાનો

ભાવ રાખવો એ ઐક્યબોધ. ભગવાન એક જ છે, મરમીએ પણ એ એકતાનું તત્ત્વ જાણવું અને તે પ્રમાણે વર્તવું. પછી આવે શ્રદ્ધા (ઈમાન). દેહને મલિનતામાંથી, પ્રદૂષણમાંથી વિશુદ્ધ કરવો. એને માટે બંદગી જરૂરી છે. વિશુદ્ધિ બે પ્રકારની છે: બાહ્ય અને આંતરિક. પ્રાર્થનાથી દેહના મળ શુદ્ધ થાય, આત્મજ્ઞાનથી હૃદયની વિશુદ્ધિ થાય. આ બંને ક્રિયાઓ એક સાથે જ ચાલે, એનું સાતત્ય જાળવવું જરૂરી છે. પશ્ચાત્તાપ પણ શુદ્ધિકરણની ક્રિયાનો એક ભાગ છે. મરમી ધૂલ નૂન જણાવે છે કે સામાન્ય લોકો પોતાના પાપનો પશ્ચાત્તાપ કરે છે અને દીક્ષિત લોકો પ્રમાદનો, બેદરકારીનો પશ્ચાત્તાપ કરે છે. સામાન્યજનો બેદરકારીમાં ખુશ થાય છે, પણ દીક્ષિતને માટે એ આવરણ છે. નમાઝ ભગવાનનું સ્મરણ છે. હુજવીરી એનાં વિગતે ક્રિયાત્મક સ્વરૂપો ચર્ચે છે. પછી આવે છે પ્રેમ (મહબ્બત). એને વિષે જુદું લખવાના છીએ: 'પ્રેમનો સાક્ષાત્કાર અને તેનું દર્શન' એ મથાળે. ધર્મદાન એ સૂફી સાધનાની પ્રક્રિયાનો એક ભાગ છે. ઉદારતાનું પૃથક્કરણ સાધનાની દૃષ્ટિએ લેખકે કર્યું છે. ઉપવાસ એ પણ સાધનાનો ભાગ છે. જીભને વશમાં રાખવી અને પાંચે ઇન્દ્રિયોને કેદ કરી લેવી. લેખક સ્પર્શને ઘણું પ્રાધાન્ય આપે છે, કારણ કે એ સમગ્ર દેહની સાથે યુક્ત છે. ભૂખ એ સમજવા જેવી વસ્તુ છે. દેવદૂત કહે છે: "તમારા પેટને ભૂખ્યું રાખો, જઠરને તરસ્યું રાખો અને શરીરને નગ્ન રાખો, જેથી કરીને કદાચ તમારાં હૃદય આ જગતમાં પ્રભુને જોઈ શકે." આપણી યાત્રા, એમનું હજ્જ. ખરા સૂફીઓ હૃદયમાં હજ્જ કરવાની છે એમ માને છે, કારણ કે ખુદા ત્યાં નિવસે છે. ધ્યાન પણ આવે છે. સમૂહભાવ, સખાભાવ એ પણ એ એક અગત્યનું અંગ છે. એમાં શિસ્ત જરૂરી છે. – આંતરિક શિસ્ત, વર્તનની રીત-ભાત, હુજવીરી આખી આચારસંહિતા ગોઠવે છે. સાથે સમૂહમાં રહેવું, મુસાફરી કરવી, ખાનપાન, ચાલવાની ક્રિયા, ઊંઘ, વાણી અને મૌન, પ્રશ્નોત્તરી કરવી, લગ્ન અને બ્રહ્મચર્ય, – આ બધાંયની કેન્દ્રસ્થભાવે, એટલે સાધનાની દૃષ્ટિએ, પરમાત્મભાવની દૃષ્ટિએ, જુલાબી સુંદર છણાવટ કરે છે. પછી સૂફીસાધનાના સાંકેતિક શબ્દો, તેના અર્થ, તેની પરિભાષા વ્યુત્પત્તિ સહિત સમજાવે છે. આવાં ઘણાં જોડકાં તેઓ આપે છે. આ બધાં સાધનાનાં અંગો છે. આપણે અહીં દાખલા તરીકે બે શબ્દો લઈએ: વખત (વક્ત–waqt) અને હાલ.

"'વખત' એટલે સમય (Time). આ શબ્દથી સૂફીઓ પરિચિત છે. આ વિષે અધિકારીઓએ ઘણું કહ્યું છે. મારો હેતુ સત્ય દર્શાવવાનો છે,

લાંબી સમજૂતીઓ આપવાનો નથી. જેને લઈને માનવ ભૂતકાળ અને ભાવિ-કાળથી સ્વતંત્ર થઈ શકે તે છે વખત. દાખલા તરીકે, જ્યારે ભગવાનની અસર (influence કૃપા ?) માનવના આત્મામાં ઊતરે છે અને તેના હૃદયને એકાગ્ર (Collected) કરે છે, ત્યારે તેનામાં ભૂતનું સ્મરણ રહેતું નથી, ભાવિમાં શું થનાર છે તેનો વિચાર હોતો નથી. બધાં જ મનુષ્યો અહીં થાપ ખાય છે : ભૂતમાં શું થયું અને ભાવિમાં શું થનાર છે, તેની તેને જાણકારી હોતી નથી. માત્ર વખતના જાણકાર જ એ જાણે છે : 'અમારું જ્ઞાન ભૂત અને ભાવિને પહોંચી વળે એવું નથી. વર્તમાનમાં પ્રભુમાં અમે સુખી છીએ. જો અમે આવતી કાલમાં પરોવાઈ જઈએ, અથવા તો એ વિષેના કોઈ વિચારને મનમાં સ્થાન આપીએ, તો અમે (ભગવાનના) આવરણમાં આવી જઈએ, અને એ આવરણ મોટો વિક્ષેપ થઈ જાય'. જે પ્રાપ્ત થઈ શકે એમ નથી એ વિષે વિચારવું એ નિરર્થક છે." આ ઉપર હુજવીરી ઘણું વિવરણ આપે છે. અહીં લંબાણ થઈ જાય.

" 'હાલ (અવસ્થા) વખત પર ઊતરી આવે છે, તેને અલંકૃત કરે છે, – જેમ જીવ દેહને અલંકૃત કરે છે. વખતને હાલ જરૂરી હોય છે; કારણ કે, હાલથી વખત સુંદર બને છે, તેને લઈને એ ટકે છે. જ્યારે વખતનો માલિક હાલને પામે છે, ત્યાર પછી તે પરિવર્તનને આધીન રહેતો નથી, અને પોતાની અવસ્થામાં (ભૂમિકામાં) દૃઢ થાય છે. કારણ કે, હાલ ન હોય પણ વખત હોય, તો તેને ગુમાવે છે. પણ હાલ જ્યારે હાલ સંલગ્ન થાય ત્યારે તેની અવસ્થા વખત બની જાય. એ ગુમાવાતી નથી. જે આવતું અને જતું જણાય છે એ ખરેખર, બનવાની ક્રિયાનું અને આવિર્ભાવનું પરિણામ છે. જેમ કે, આ પહેલાં, જેની પાસે તે છે તેના પર વખત ઊતર્યો હતો. જે થવાની ક્રિયામાં છે (state of becoming) તે વિસ્મૃતિમાં જઈ શકે; અને જે આમ વિસ્મૃતિમાં છે તેના પર હાલ ઊતરી આવે છે અને વખત સ્થિર થાય છે. વખતનો માલિક વિસ્મૃતિ પામી શકે, પણ હાલનો માલિક ઘણે ભાગે વિસ્મૃતિને પામે નહીં. હાલ જેનામાં છે તેની તે વિષેની જીભ મૌન થઈ જાય છે; પણ એની ક્રિયાઓ એના હાલને વ્યક્ત કરે છે. એટલે જ ગુરુએ (spiritual director) કહ્યું છે : 'હાલને વિષે પૂછવું એ કઢંગું છે.' કારણ કે, હાલ વાણીને નિર્મૂળ (annihilation) કરે છે."

આ બે શબ્દોના વિવરણ ઉપરથી લેખકનું સૂફીભાવી ઊંડાણ, તેની સ્પષ્ટતા આપણે જોઈ શકીએ છીએ. આ એક કેવળ મનોવૈજ્ઞાનિક નહિ, પરંતુ આધ્યાત્મિક સાધનાની આંતરસૂઝ દર્શાવે છે.

અગિયારમું અનાવરણ છે શ્રવણ. જુલાબી શરૂમાં આપણી પાંચે જ્ઞાનેન્દ્રિયોની વાત કરે છે. તેઓ કહે છે કે ચાર ઇન્દ્રિયોને પોતપોતાનું નિર્ણિત સ્થાન છે, પરંતુ 'સ્પર્શ' આખાય દેહને સ્પર્શે છે, તેઓ કહે છે કે ચારે ઇન્દ્રિયો 'સ્પર્શ'ની ભાગીદાર બને એ શક્ય છે.

કાવ્યના શ્રવણની મર્યાદાઓને વિષે જુલાબી ઘણું જણાવે છે. પછી અવાજો, રાગ એ બધાના શ્રવણ વિષે ચર્ચા કરે છે. મસ્તીમાં આવેલા અનુભવી સૂફીઓની વાણીનો માત્ર બાહ્યાર્થ કે તેની આકૃતિ પકડીને જે મૂર્ખ લોકો તેનો ભાવાર્થ ગુમાવે છે, તેઓ પોતે પડે છે અને બીજાને પણ પાડે છે.

હુજવીરી શ્રવણના મતમતાંતરોને ચર્ચીને વિવેકી ન્યાય આપે છે. શ્રવણની ભિન્ન ભિન્ન ભૂમિકાઓની સમજ આપે છે. અપાર્થિવ મસ્તી (Ecstasy)ની ચર્ચા કરે છે. નૃત્યની પણ ચર્ચા કરે છે. વસ્ત્રોને ફાડવાં એની ચર્ચા પણ કરે છે. આવા અનેક પ્રકારના નાનામોટા મુદ્દાઓને વિષે શાસ્ત્ર ટાંકીને, અનુભવીઓના મતમતાંતરના પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ કરીને અંતે અત્યંત નમ્રતાથી પોતાનો મત દર્શાવે છે. અહીં લગી અલ્ હુજવીરીના ગ્રંથને જોયો.

એસ. બૉગ્દાનોફે ફારસી મરમીઓને વિષે રશિયાના અભ્યાસી વી. ઝુકોવ્સીના લેખનું ભાષાંતર અંગ્રેજીમાં કર્યું છે. તેમાં પ્રાયઃ ઘણુંખરું આવી જાય છે. તેમણે પોતાના લેખને અંતે જણાવ્યું છે કે આખોયે સૂફીવાદ ત્રણ મુદ્દામાં સમાઈ જાય છે : (૧) આત્મજ્ઞાન, (૨) પાર્થિવ તપસ્યાથી હૃદયને સંપૂર્ણપણે વિશુદ્ધ કરી દેવું, (૩) એક શાશ્વત સત્ય પ્રત્યે તેને ખુલ્લું કરવું, જેથી સઘળું જૂઠાણું ચાલ્યું જાય. સૂફી સાધનાનું હાર્દ છે :

"સત્યને માર્ગે બે કાબા છે (મંદિરો છે); એક છે બહારનું મંદિર, બીજું છે હૃદયનું મંદિર. તારાથી શક્ય હોય ત્યાં લગી હૃદયની યાત્રા કરજે; કારણ કે, એક જ હૃદયની યાત્રા હજારો મંદિરોની યાત્રા કરતાં અધિક છે."

સૂફીવાદ અને સૂફીસાધના એટલાં ઊંડાણવાળાં છે કે તે વિષે આટલું લખાણ દરિયાની એક લહેર જેટલુંય નથી. પરંતુ એ લહેરમાં દરિયાની મસ્તી અનુભવાય તો ઘણું થઈ ગયું. મારા પૂજ્યશ્રી ગુરુદયાલ મલ્લિક પોતે પણ સૂફી, શાંતિનિકેતનમાં મારી રૂમમાં આવીને સૂફી સંતોનાં ગાનો સંભળાવતા, એ યાદ આવે છે. સિંધના સૂફીઓનાં કેટલાંય ગાનો મને ગાતાં શીખવાડેલાં.

"પ્રેમપિયાલા પીયા સાધુ રે" એ મુબારકઅલીનું ગાન, "જિસ પ્રેમરસ ચાખ્યા નહિ અમૃત પીયા તો ક્યા હુઆ" એ સ્વામી રામતીર્થને પ્રિય ગાન, તેમનાં પોતાનાં ગાનો અને નમાઝની વાતો, પ્રસંગો કહેતા, પોતે પણ મસ્તીમાં આવી જતા. એક સૂફી સંતને પ્રત્યક્ષ જોવાના લાભને લઈને ધન્ય થયો છું. સૂફી સાધનાનું ફના અને પ્રેમનું તેઓ જીવતું ઉદાહરણ હતા.

મારા ગુરુ ક્ષિતિબાબુ અને ગુરુદયાલ બંને કેટલીયે વાર હસાહસમાં આવી જતા. કોઈ વાર હજારીપ્રસાદ (અમે પંડિતજી કહેતા) પણ જોડાતા. મલ્લિકજી બાબુજીને પત્ર લખે તેમાં 'મારા વહાલા ઠાકુરદા' એમ સંબોધે, અને ક્ષિતિબાબુ મલ્લિકજીને 'મારા વહાલા 'ક્ષેપા (પાગલ)' એમ સંબોધે. એક જ્ઞાની મરમી, બીજા અનુભવી મરમી સૂફી. એ દૃશ્ય જ મરમીભાવને સમજવાનું દૃષ્ટાંત થતું !...

અહીં ચીનના સર્વશ્રેષ્ઠ મરમી કવિ લાઓત્સેએ કરેલો સાધનાનો નિર્દેશ કરી લઉં. તે આમ છે :

Void the Mind.
(મનને શૂન્ય કરો.)
Open the being to God.
(સતતાને પ્રભુ પ્રત્યે ખુલ્લી કરો.)
Abide in stillness.
(શાંતિમાં વસો )

Life arises and passes.
(જીવન ઉદય પામે છે અને ચાલ્યું જાય છે.)
Birth, growth and return.
(જન્મ, વિકાસ અને પ્રત્યાવર્તન.)

A rhythmic arc from Source to Source.
(એક મૂળથી બીજા મૂળ લગી એક લયયુક્ત સેતુ.)
In the rhythm is quietude.
(એ લયમાં નીરવ શાંતિ.)
A tranquil submission.
(સહજ સમર્પણભાવ.)

In the soul's submission is peace.
(આત્માના સમર્પણમાં શાંતિ.)
Absorption in Eternity.
(શાશ્વતીમાં લીન થઈ જવું.)
And so, the Great Light!
(અને આમ, મહાન પ્રકાશ!)

આની સાથે કબીરની 'સહજ સમાધિ' અને 'પૂર્ણ કુંભાવસ્થા' સરખાવવા જેવાં છે. લાઓત્સેએ અત્યંત સૂત્રાત્મક ભાષામાં (વાક્યોમાં) કંઈક અંશે 'અમનનો યોગ' આપી દીધો છે!

"મુક્ત થઈને અનંતતાના ઝરણામાં શાંત ચિત્તે નિમજ્જિત થઈ જવું, એ જીવનનો સૌથી મોટો લ્હાવો છે. જગતના રહસ્યવાદનાં એ લક્ષ્યો અહીં જોવા મળે છે: જીવનમાં જે શાશ્વત છે તેને શોધવું, પ્રત્યેક આવિર્ભાવ પામેલી વસ્તુમાં જીવનો ઉદ્‌ગમભાવ જોવો; અને આતમના પ્રવાહને સમજવો, ધારવો, દેવતાના વહેણની ચેતનામાં અવગાહન કરવું, સઘળા આત્માની સાથે પરમાત્માનું ઐક્ય સાધવું......માનવનો જીવ શિવ પ્રત્યે પાછા ફરવા ઝંખે છે, એ એનું મૂળ (Source) છે. એ મૂળમાં પહોંચીને સ્વેચ્છાએ પ્રભુની સાથે મનુષ્ય વિહરી શકે છે......પાપ ત્યાં પ્રવર્તતું નથી. મૃત્યુ પણ નથી. દિવ્યની સાથે સાયુજ્યમાં સર્વે બંધુઓ હોય છે. જ્ઞાનને ઠેકાણે પ્રજ્ઞા અને સૂઝ-સમજ જન્મે છે. અખંડ શુચિતા એ સહજ અવસ્થા હોય છે...

મનુષ્યમાત્રને લાઓત્સ મરમીભાવયુક્ત ચેતના કે આંતરસૂઝ પામવાનું જણાવે છે. એમના તાઓનું હાર્દ છે આત્માનો સહજ પ્રવાહ, જીવનનું લયવાહી તત્ત્વ અને એ સર્વેનું સઘળા પદાર્થોમાં જોડાણ. ક્ષણિકમાં શાશ્વતનું દર્શન, જીવન અનંતતાની અભિવ્યક્તિ છે, તેની અનુભૂતિ. પ્રત્યેક જન્મ એટલે વિકાસ, સાર્થકતા અને વિલય. મૃત્યુની આગળ અમરતા પહેરો ભરી રહી છે. ક્ષણિક પળે પળે ગતિ કરે, પરિવર્તન પામે, અસ્ખલિત ભાવે એક વ્યવસ્થાને ખુલ્લી કરે. આ બધી ધબકારા લેતી, વારાફેરા કરતી દ્વૈતતાની પાછળ; સ્વર્ગીય તાઓ, પાર્થિવ તાઓ અને માનવીય તાઓની પાછળ સર્વેને આલિંગતો અસીમ તાઓ છે. એ જીવનું ખરું ઘર છે. તમારી જાતમાં એનો માર્ગ ખોળો. ત્યાં આરામ કરો. તેની ભરતી અને ઓટનો આસ્વાદ મ્હાણો. એની અનંતતામાં ડૂબી જાઓ." અમેરિકન વિદ્વાન શેલ્ડન ચેનીએ

લાઓત્સને વિષે ઘણું લખ્યું છે, – અર્થઘટનની વ્યર્થતામાં ગયા વગર. સઘળા મરમીઓને એ કાંટેકાંટ સમજે છે, – જાણે કે ત્રાજવામાં તોળીને!...

* * *

હવે આપણે ખ્રિસ્તીસાધના તરફ નજર કરીએ. શેલ્ડન ચેનીએ ઘણાય ખ્રિસ્તીસંતોનાં જીવન અને તેમની આંતરિક વિશેષતાઓ પર પ્રકાશ પાડ્યો છે. તદુપરાંત રોમાં રોલાંએ પણ ખ્રિસ્તી રહસ્યવાદને વિષે મૌલિક લખ્યું છે. ચૌદમી સદીમાં લખાયેલું 'અજ્ઞાનનું આવરણ' (The Cloud of Unknowing) પણ કંઈક અંશે સાધનાલક્ષી ગ્રંથ ગણાય. તેના લેખક વિષે કંઈ નક્કી થયું નથી. એ પુસ્તકના ઉપોદ્‌ઘાતમાં ખ્રિસ્તીમાર્ગને વિષે એક ટૂંકું છતાં સારગ્રાહી લખાણ છે. આ બધાં ઉપરથી તારવણી કરીને મેં નીચે પ્રમાણે લખ્યું છે. સૂફીસાધનાનો જુલાબીનો ગ્રંથ એ મને લાગે છે કે એક અજોડ ગ્રંથ છે; એટલે કે લેખક પોતે પણ મહાન સૂફી સાધક, તત્ત્વજ્ઞ, દાર્શનિક પણ, અને ભિન્ન ભિન્ન મતોની સાધનાની, પરિભાષાની તુલનાત્મક આલોચના, – એ બધું એને પ્રમાણભૂત ગ્રંથ બનાવે છે, કદાચ, એ રીતનો બીજા કોઈ ધર્મનો સાધનાગ્રંથ હોય તો તેની ખબર નથી. એક એવો ગ્રંથ બુદ્ધધર્મ વિશે અંગ્રેજીમાં, અલબત્ત, બૌદ્ધ સાધનાની અનુભૂતિ કરનારે લખેલો નહિ, – મેં શાંતિનિકેતનમાં જોયેલો, હું ભૂલતો ન હોઉં તો તેનું નામ હતું 'બુદ્ધિઝમ ઈન ટ્રાન્સલેશન્સ'. એના સંપાદક વોરન હતા અને હાર્વર્ડ યુનિવર્સિટીએ એ પ્રકટ કરેલો એમ સ્મરણ છે. અસ્તુ!

તો આપણે ખ્રિસ્તીસાધનાની વાત કરીએ. જેમ હિંદુયોગમાર્ગમાં જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ, એમ ત્રણ ભાગ કરીએ છીએ, તેમ ખ્રિસ્તીપંથમાં પણ ત્રણ રીતો જણાવી છે : શુદ્ધિકરણ (Purgation), પ્રકાશપ્રાપ્તિ (Illumination) અને ઐક્ય (Union). ખ્રિસ્તી સાધનાપંથની તેમ જ તેમના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોની એક પરંપરા છે. આ બધી પરંપરાએ જેને તેઓ ચર્ચ (church) કહે છે, તેનું સ્વરૂપ આપ્યું; અર્થાત્, તેનો એક સમૂહગત આવિર્ભાવ થયો. એ સઘળી સાધનાપરંપરા, જેમ બીજા બધા પંથોમાં બને છે તેમ તેનાં શાસ્ત્રોમાં, માન્યતાઓમાં, વિધિવિધાનોમાં અભિવ્યક્તિને પામી. ખ્રિસ્તી અધ્યાત્મભાવનાં મૂળ નવા કરારમાં રહ્યાં છે; જોકે, કેટલીક વાર નવ-પ્લેટોવાદી અનુભૂતિનું સિંચન તે પર કરવામાં આવ્યું છે. તેની શરૂઆતથી અત્યાર લગી ઘણાય પ્રખ્યાત સંતો અને સાધકો થઈ ગયા છે. એમના ઘણાયની ખ્યાતિ એમના લખાણને

લઈને ઊતરી આવી છે. પરંતુ કેટલાક એવા પણ થઈ ગયા છે જેમણે કંઈ લખ્યું ન હોય, લખી શકયા ન હોય, અને તેમણે એ ચર્ચને ખડું કરવામાં પોતાનો યથાશક્તિ ફાળો આપ્યો હોય. આમ પરંપરા બે પ્રકારની થઈ : લિખિત અને લખ્યા વગરની. ભિન્ન ભિન્ન સ્તર પર જણાવેલા ત્રણેય માર્ગે પોતાનાં શક્તિ, સંસ્કાર અને સ્વભાવ પ્રમાણે સાધના થઈ છે.

સામાન્ય રીતે એમ કહી શકીએ કે ખ્રિસ્તીધર્મની શરૂઆતમાં હજાર વર્ષો લગી આધ્યાત્મિક જીવનનું જે માર્ગે જોડાણ થયું તે ભાવાત્મક માર્ગે (via positiva) થયું છે. ધ્યાનમૂલક સાધના પ્રકાશ, સૌન્દર્ય, જ્ઞાન, પ્રેમ, શક્તિ અને પૂર્ણતાના આવિર્ભાવ પ્રત્યે અનુભવાઈ.

પ્રાર્થનામય જીવનનું વર્ણન કરનારો જે ભાવાત્મક માર્ગ હતો તેમાં પાછળથી બે ધારાઓનો ઉદ્ભવ થયો : એક શાસ્ત્રોક્ત ધારા અને બીજી ડાયોનીશિયસમૂલક ધારા. પ્રથમ ધારાનો ઉગમ થયો દશમી સદીમાં અને તેરમી સદીમાં, થોમસ એક્વિનાસના આગમનથી તે બૃહદ્ બની ગઈ. આ વિકાસ તદ્દન સ્વાભાવિક હતો. એ ધારા કેટલાંક બૌદ્ધિક નિયંત્રણોના કડક પાલનથી ખ્રિસ્તીશ્રદ્ધાનું ઊંડાણ ટકાવી રાખી શકી. તેણે ધર્મની વ્યાખ્યા કરી, પૃથક્કરણ કર્યું અને તેનાં સાધનોને સંયોજિત કર્યાં. એમાંથી જે પરિણામ આવ્યું તે પર તત્ત્વાલોચના કરી. જે કાંઈ ખ્રિસ્તી હતું તે તેની નજરમાં આવી ગયું અને એમાંથી એક ભવ્ય સમગ્રભાવી સ્વરૂપ ઘડાયું.

પ્રાર્થનામય જીવનને તેમણે આ પૃથક્કરણની અને પદ્ધતિકરણની દૃષ્ટિએ તપાસ્યું. તેમણે જોયું કે મરમીઓ પોતાની ખંડિત છતાં અત્યંત સૂચક પરિભાષામાં પોતપોતાની અનુભૂતિઓ વર્ણવતા, તેની પાછળ અમુક સમાન તત્ત્વો રહ્યાં છે. શરૂશરૂનાં વર્ષોમાં ઘણાખરા એ જ સાધનપંથે ચાલ્યા હતા. લખી શકે એવા મરમીઓ જ માત્ર પદ્ધતિસર અભિવ્યક્તિ કરી શકે એમ કહેવાનો આશય નથી. અનુભૂતિની અભિવ્યક્તિમાં એક પ્રકારની અનિર્વચનીયતા જણાતી.

આ પછી ડાયોનીશિયસની જાણ થઈ. તેનું મરમીઓની ઈશ્વરી વિદ્યા (Mystical Theology) પુસ્તક જાણીતું હતું, પણ માત્ર વખાણ પૂરતું. એની કોઈ અસર નહોતી.

એ પુસ્તકનું ગ્રીકમાંથી લૅટિનમાં આયર્લૅન્ડના એરિજેના (Erigena)-એ નવમી સદીમાં ભાષાંતર કર્યું, તેની ઊંડી અસર થઈ, તેની સાધના

ખૂબ થવા લાગી. એમાં શંકાકુશંકાનાં વાદળો ઘેરાણાં, લેખકને વિષે ભ્રાંતિઓ ખડી કરવામાં આવી, પણ તેની અસર નિશ્ચિતરૂપે કાયમી રહી. એની અસર ગમે તેટલાં કડવાં વિવેચનો છતાં વધતી જ ગઈ, એ એક હકીકત છે. એણે સૂચવેલી સાધનાને સમજવા અને આચારમાં ઉતારવા માટે કેટલીક પ્રાથમિક વાતો જરૂરી છે. તે આ પ્રમાણે છે. ભગવાન મુખ્યત્વે અવર્ણનીય છે, – આપણી સમજશક્તિથી પર. તેમ છતાં તેઓ ન જાણી શકાય એમ નથી; કારણ કે પ્રેમના યોગથી ('oned with') તેઓ જાણી શકાય છે. તેમને ચાહવાની આ શક્તિ, તેઓ પણ આપણને પ્રથમથી જ ચાહતા હોવા જોઈએ, એ બતાવે છે. આપણે તેમનું સાંનિધ્ય પામી શકીએ છીએ એ એમની કૃપાને લઈને, એ એમની અહેતુકી બક્ષિસ છે.

પ્રાર્થનાના સામાન્યત: બે પ્રકાર છે : મોઢે બોલેલી અને માનસિક. ઘણાખરા માણસો શબ્દોથીજ વિચારે છે, પછી ભલે તેઓ વાપરતા ન હોય. પણ એમાં એક વાત જણાય છે કે એના ઉચ્ચારણમાં એક પ્રકારની 'કંપમાન ઝલક' હોય છે. આપણે એને વ્યક્ત નથી કરી શકતા, પણ એ હોય છે, જે આપણે જોઈએ છીએ અને જાણીએ છીએ. મૌખિક કરતાં માનસિક પ્રાર્થના ઉચ્ચ કક્ષાની છે.

મૌખિક પ્રાર્થનામાં જે શબ્દો આપણે વાપરીએ છીએ તેના પાંચ પ્રકાર ગણાવાય : પૂજા દર્શાવતા, કૃતજ્ઞતા દર્શાવતા, કબૂલાત દર્શાવતા, મધ્યસ્થતા દર્શાવતા (બીજાઓને માટે), અને આજીજી દર્શાવતા (પોતાને માટે). ઉદ્ગારવાચક પ્રાર્થના પણ હોય છે, જેમાં ટૂંકા અને ગુપ્ત શબ્દો હોય, – વાક્યો જાણે કે પ્રભુ પ્રત્યે છૂટતાં હોય, અને ઘણે ભાગે ઉપાસનાની બહારના ગમે તે સમયે વ્યક્ત થતાં હોય.

આમ તો સઘળી પ્રાર્થના માનસિક ગણી શકાય, – મરમીભાવની પણ. પરંતુ આને પ્રાય: ધ્યાન શબ્દથી ઓળખવામાં આવે છે, ધર્મશાસ્ત્રના કોઈ ફકરા કે સત્ય પર એકાગ્રચિત્ત થવાની ચોક્કસ ક્રિયા તેને ધ્યાન કહેવાય. તેના ત્રણ હેતુઓ હોય છે : મનને તાલીમ આપવી, ઇચ્છાશક્તિને સંચાલિત કરવી અને પ્રાર્થનાને માટે હૃદયને તૈયાર કરવું. બધા સંતો અને મરમીઓ પ્રાર્થનામય જીવનની તૈયારીને માટે ધ્યાનને આવશ્યક પગલું ગણે છે.

આમ કરતાં કરતાં ભગવાનની વાતોમાં એક વાર મન પરોવાઈ જાય અને હૃદય તેને અભિમુખ થઈ જાય, પછી ધ્યાન ખૂબ જરૂરી ન રહે;

કદાચ, અનાવશ્યક પણ થઈ જાય, – કોઈ વાર અવરોધમૂલક પણ લાગે. આમ ભગવાનના સાંનિધ્યનો અનુભવ કરતો જતો આત્મા શરૂશરૂની પ્રાથમિક ક્રિયાઓનો આધાર ન પણ લે, અને સીધેસીધો પરમાત્મામાં પહોંચી જાય. પરમાત્માના વધતા જતા નિકટના પરિચયને લઈને પ્રાથમિક અવસ્થાઓની સ્વાધીનતા સુકાઈ જાય; પરમાત્માની સાથે સીધીસાદી વાણીમાં વાતો કરતો થઈ જાય. વાક્યો કે શબ્દો પૂરા અભિવ્યક્ત ન પણ થાય. દાખલા તરીકે, એકબીજાને ચાહતાં સ્ત્રી અને પુરુષ પ્રાથમિક અવસ્થામાં ઘણું ઘણું બોલે, પણ જેમ જેમ તેમનો પ્રેમ ઊંડો થતો જાય તેમ તેમ તેમના ભાવ અને વાણી પૂરતી અભિવ્યક્તિને ન પામે. વાણીનો વિલાસ ચાલ્યો જાય, સાર્થક શબ્દોવાળા ઉદ્‌ગાર નીકળી જાય, બોલવાનું ચાલ્યું પણ જાય, માત્ર ઇશારો રહે. આ જ પ્રમાણે પ્રાર્થનાની વ્યાકુળતા વધતી જાય તેમ વાણી ગૌણ બની જાય. ભગવાનની સાથે એકતા પામતો જતો આત્મા મૂગો થઈ જાય છે. આ પ્રકારની પ્રાર્થનાની અવસ્થાને અસરકારક કે પ્રભાવશાળી (Affective) કહેવાય છે. પ્રાર્થનાની ભૂમિકા પ્રેમળ પાયા પર આવી જાય છે અને તેથી તે ઉજ્જવલ જણાય છે.

એમ કરતાં કરતાં એવો પણ સમય આવે જ્યારે પ્રાર્થના બંધ થઈ જાય, કંઈ સમજાય નહીં. આ અવસ્થાને મરમી પ્રાર્થનાની શરૂઆત ગણાય છે. આમાં આમ બને છે: આત્મા સર્વસ્વ દઈ દેવાની, સમર્પણની અવસ્થામાં આવતો જાય છે, ભગવાનને માટે જ કેવળ ઝંખતો હોય છે. ભગવાનને ન કંઈ કહેવાય, તેમના વિના ન રહેવાય! આ સ્થિતિમાં એક અકલ્પ્ય દર્દ થાય છે. એકલવાયો, અટૂલો થઈ જાય છે. ક્યાંય કંઈ ગોઠતું નથી. આને ઘણા 'ઇન્દ્રિયોની રાત્રિ' (night of the senses) કહે છે. સરખાવો મીરાંની 'ભીતર બાહિર તિમિર નિરંતર, બિન પિયા નાહિ ઉપાય', એ પંક્તિ. ભગવાનની સાથે સંતાકૂકડીની રમત શરૂ થાય છે. ઉપોદ્‌ઘાતના લેખક શ્રી ક્લિફ્ટન વોલ્ટર્સ વિરહમિલનની પરિભાષા વાપરે છે, અને એને વર્ણવવામાં ઝીણું કાંતે છે. જે અહીં બિનજરૂરી છે. એ તો 'કહા કહું કછુ કહત ન આવે' એ દીવાની અવસ્થા છે! એને 'આત્માની અંધારી રાત્રિ' ('Dark Night of the Soul') પણ કહે છે.

આ અનુભૂતિઓ વધુ ગાઢ બનતી જાય છે, વારંવાર તે અવસ્થા આવે છે. પરિણામે સાયુજ્ય (full union) થાય છે. એમાંથી પરિણમે છે

આનંદપૂર્ણ ઐક્ય (Ecstatic Union). આ અવસ્થા ('હાલ') સમજાવી શકાતી નથી, ગેરસમજ ઊભી કરનારી પણ નીવડે છે. આમ અંતે આત્મા પરમાત્માનું ઐક્ય માનવી પરિભાષામાં, ખ્રિસ્તી ધર્મની પરિભાષામાં, આધ્યાત્મિક લગ્ન કહેવાય છે. આને મરમી અનુભૂતિની પરાકાષ્ઠા કહે છે. (The Spiritual Marriage is the acme of mystical experience.) આનું દૃષ્ટાંત સંત બર્નાર્ડ છે, જેનો ફકરો આપણે આવતા પ્રકરણમાં લેવાના છીએ. લેખક કહે છે કે ભાગ્યે જ કોઈ આ અવસ્થાને પહોંચે છે.

આ સાધનાની ઝાંખી કરાવતો, કંઈક અંશે દર્શન કરાવતો એક ફકરો લેખક લખે છે. તેમનો વાણીમાં દર્શાવવાનો પ્રયત્ન પ્રશંસનીય છે. ગુજરાતીમાં બરાબર તે રજૂ થઈ શકે છે કે નહિ તે જોઈએ. "એક બાજુ છે પરમાત્મા અણસર્જાયેલ પારમાર્થિક પદાર્થ. બીજી બાજુ છીએ આપણે સૌ, માનવો, સર્જાયેલા, પૂરા આધ્યાત્મિક નહીં. આપણા મૂળગત સ્વભાવે કરીને જ આપણે માનવી ભાષામાં, સર્જેલી પરિભાષામાં વિચારીએ છીએ. બીજું કાંઈ થવું અશક્ય છે; અને તેમ છતાં જ્યાં લગી આપણે એ સઘળું બાજુ પર મૂકી ન દઈ શકીએ, તેમની કૃપાથી તૈયાર અને શુદ્ધ થયા ન હોઈએ, ત્યાં લગી આપણને સમજાતું નથી હોતું કે જે 'કાંઈ નહિ' (Nought) અને 'કયાંય નહિ' (Nowhere) લગી આપણી યાત્રા આપણને લઈ આવી છે, એ તો છે ભગવાનની હાજરાહજૂરી! કારણ કે, તેઓ 'કાંઈ નથી' (No-thing) અને 'કયાંય નથી' (No-where), તેમની સાવ અજાણકારી, 'પૂરી આંજી નાખતી અને પૂરી અંધકારમય', એ આ જીવનમાં તેમની જાણકારી છે, અને 'ગૂઢ પ્રકાશની અતિશયતા'ને લઈને એ બની આવે છે. અને ધ્યાનપરાયણ મગ્ન જીવન તે આ 'અજાણ જ્ઞાન' (un-knowing knowledge), 'આ અંધ દર્શન', 'આ અણસ્પર્શી હાજરી' છે, ભાવિમાં આવનાર અવર્ણનીય આતુરતા, અનિર્વચનીય ગૌરવ છે.

એક બાજુથી ચર્ચની બંધારણીય પરંપરા, અને બીજી બાજુથી મૂળમાંથી ઉદ્‌ભવતી અનુભૂતિની ઊર્ધ્વગામી અભિપ્સા, – એ બંનેમાંથી એક પ્રકારનો ન સહેવાય – ન રહેવાય એવો સંઘર્ષ જામે, જેનું આબેહૂબ વર્ણન દીનબંધુ સી. એફ. એન્ડ્ર્યુઝે તેમની કાઈસ્ટની બાહ્યાંતર અનુભૂતિયુક્ત આત્મકથામાં કર્યું છે, – એ એક મરમી સંતની કરુણ કાહિની છે. એમાંથી

ઊગરવાનો એક જ ઉપાય છે,–કૃપાની ભભૂતિ ચોળીને અહાલેક પોકારવાનું સામર્થ્ય ! અને સઘળાંને ઓછું તે પ્રાપ્ત થાય છે ? પેલો જૅકબ પોકારી ઊઠયો તો થવું પડયું વતન બહાર, વેઠવી પડી અનેક યાતનાઓ, સહન કરવાં પડયાં આક્ષેપ, અપવાદ, જૂઠા પ્રહાર, પ્રચાર !

આ બધાને માટે શ્રી અરવિંદે એક શબ્દ વાપર્યો છે : વૈષ્ણવી લીલા !

આ બધી સૂફી સાધનાને, ખ્રિસ્તી સાધનાને અ તે ફળરૂપે આવે છે પ્રેમ. એ પ્રેમની વાત હવેના પ્રકરણમાં આપણે કરીએ.

## ૭. પ્રેમનો સાક્ષાત્કાર: અનુભૂતિ અને દર્શન

ખ્રિસ્તી મરમીધારાને અગિયારસો વર્ષો વીતી ગયાં છે. અને ત્યાં આવીને એકાએક સંત બર્નાર્ડ કહે છે: "મારા સ્વામી, મારા વર આત્મામાં પ્રવેશ્યા છે. મેં એમનું માધુર્ય જાણ્યું છે." એમણે આત્મિક લગ્નની વાત કરી છે. આત્મા અને પરમાત્મા (અહીં ક્રાઇસ્ટ)નું લગ્ન–ઐક્ય–થઈ ગયું છે. સંત બર્નાર્ડ જણાવે છે: "આ પ્રેમ જો પૂર્ણતાએ પહોંચશે તો આત્મા શબ્દબ્રહ્મ (Word, Logos – અહીં ક્રાઇસ્ટ)ની સાથે જોડાઈ જશે. ઐક્યતા કરતાં વધુ આનંદ કયો હોઈ શકે?...એક આધ્યાત્મિક અને પવિત્ર લગ્નનો આ કરાર છે. આ એક એવું આલિંગન છે, જેમાં કામનાઓનું પૂર્ણ જોડાણ બંનેને એક કરી દે છે. ગભરાશો નહિ કે બંનેનું અસમાન-પણું આ ઐક્યને અપૂર્ણ કરી દેશે, અથવા તો એની નિષ્પત્તિને બાધારૂપ નીવડશે. પ્રેમ આદરની રાહ જોતો નથી. પ્રેમ પ્રેમમાંથી જાગે છે, સંમાનમાંથી નહીં. પ્રેમ સ્વયં ભરપૂર છે. જ્યાં પ્રેમ આવ્યો એટલે સઘળા ભાવો, ઊર્મિઓ, લાગણીઓ, રેલંછેલ થઈ જશે, બદલાઈ જશે. પ્રેમ સ્વયંપૂર્ણ છે, આત્મભર્યો આનંદ છે, પોતામાં જ ઔચિત્યપૂર્ણ છે. એ એક ગુણ છે, પોતે જ પોતાનો બદલો છે...પ્રેમ એક મહાન વાસ્ત-વિકતા છે. આત્માનું હોવાપણું, તે નવવધુ છે, એ છે. તેની એકમાત્ર આશા પ્રેમ છે. આનાથી વર સંતુષ્ટ છે...ધન્ય છે એ આત્માને જેને આવા મહાન આનંદોલ્લાસનો આશીર્વાદ મળ્યો! ધન્ય છે એ આત્માને જેને આવું મધુર આલિંગન મળ્યું; કારણ કે, એ એક પવિત્ર પ્રેમ છે, સતીત્વભાવસંપન્ન છે, સુસંવાદી છે, આનંદમૂલક છે, પ્રશાંત છે, ગંભીર છે. પરસ્પર અનુભવાતો એ પ્રેમ છે, ગાઢ છે, બંધનકર્તા છે, – એક દેહની સાથે દેહ જોડનારો નહીં, આત્માની સાથે આત્માને જોડનારો છે, બંનેનું અદ્વૈત સાધનારો, સંત પૉલની ભાષામાં 'એક જીવ' કરનારો છે.

"આપણામાંના કોઈને લાગે કે પરમાત્માની નિકટ જવું છે, તેમના મિલનને ઝંખે, ક્રાઈસ્ટમાં ઓગળી જઈ ભળી જવું છે, તો એ જો ઉત્સાહપૂર્વક તૃષાતુર થઈ જાય, નિરંતર એ ભાવને જ સેવ્યા કરતો થઈ જાય, તો એ વર્ડને (વરને) પામશે જ. આતમનો વર આવી પહોંચ્યો સમજવું. એટલે કે, તે અંદરથી આલિંગન અનુભવશે, જાણે કે પ્રજ્ઞાના બાહુમાં લપાઈ જતો ન હોય! અને

પછી... દિવ્ય પ્રેમના માધુર્યમાં એ તરબોળ થઈ જશે. તેના હૃદયની કામના આ રીતે ફળશે, જોકે તે દેહમાં હશે તો પણ... આ પૃથ્વીનો એક યાત્રિક હશે તોય, થોડા વખતને માટે પણ...તેને બાથમાં લઈ લીધો હશે, અને એકાએક તે ક્યાંય સરકી જશે...ફરી પાછો એ વર પુનઃ પ્રાપ્ત થવાનું પસંદ કરશે, સંઘરી રાખવાનું નહીં...અને જોતજોતાંમાં એય ચાલ્યો ગયો...આમ, આ દેહમાં છતાંય, વરની હાજરીનો આનંદ વારંવાર મ્હાણી શકાય; પરંતુ તેમની હાજરીનું ભરપૂરપણું નહિ; કારણ કે, જોકે તેમનું આવાગમન હૃદયને આનંદ આપે છે, તેમની ગેરહાજરીના ગાળા દર્દ આણે છે. આ ખોળિયામાં છીએ ત્યાં લગી એ પ્રિયતમના પ્રિયે સહન કર્યે જ છૂટકો છે."

મહામરમી પ્લોટિનસ જણાવે છે: "જેઓ આ શરાબમાં ચકચૂર થઈ ગયા છે, આ અમૃતમાં ગળાબૂડ થઈ ગયા છે, જેમના આત્મા આ સૌન્દર્યથી ઓતપ્રોત થઈ ગયા છે, તેઓ માત્ર જીવનને ઉપરછલ્લી રીતે જોઈ શકે નહીં...તેમનું આંતરદર્શન ગભીર હોય, –એ દિવ્ય તત્ત્વનું... આ રીતે પરમાત્માથી અભિભૂત થયેલાએ પોતાની અંદર રહેલી દિવ્યતાની પ્રતિમાને જોવી જોઈએ, અને એને જણાશે કે એક ઉદાત્ત સૌન્દર્યને લઈને પોતે કેવો ઊંચે પહોંચ્યો છે, કૃપાન્વિત થયો છે! અને આ પ્રતિમા ભલે ગમે તેટલી સુંદર હોય, તોય તેને અળગી કરવી જોઈશે; કારણ કે એ છે વિયોગની, વિરહની દુનિયા. એના કરતાં એ દિવ્યતત્ત્વમાં ડૂબી જવું ભલું! ત્યારે પરમાત્માની સાથે તે એક થઈ શકશે, – તેમની પ્રત્યક્ષતાને મૌનમાં અનુભવતો!...

જો એ સર્વોપરી સુંદર, એ દિવ્ય, હયાત ન હોત, જો એનું સૌન્દર્ય સર્વે ભાવોથી, વિચારોથી પર ન હોત, તો આપણે જે બધું આ દેખીએ છીએ તેનાથી વધુ મધુર શું હોઈ શકત? સાચે જ, આ જગતની સામે કોઈ જ ઠપકાનું કારણ નથી, – માત્ર તે જગત તત્ (That) નથી એ સિવાય!"

ઉપરના સંત બર્નાર્ડના પ્રેમના સાક્ષાત્કારમાંથી આપણે એટલું જાણી શકીએ છીએ કે સાધનાને અંતે અથવા તો એકાએક એની અનુભૂતિ કોઈ ને કોઈ સ્વરૂપે થાય જ છે. આધ્યાત્મિક લગ્નનું એમનું જીવતુંજાગતું દૃષ્ટાંત છે. પ્રેમના સ્વરૂપની કેટલીક માર્મિક રસધર્મી વાતો એમણે ખૂબ ટૂંકમાં છતાં તાદૃશ ચીતરી છે.

અહીં મને કવિ નાનાલાલના જયાજયંતમાં જે સૂત્ર આપ્યું છે તે યાદ આવ્યું : "જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં શરીર, નથી એવું કાંઈ બ્રહ્માંડ-મીમાંસાનું ન્યાયસૂત્ર." જયા અને જયંત માનવી વ્યક્તિઓ છે, એટલે કદાચ એને આ સૂત્ર બંધબેસતું આવે કે નહિ એ પ્રશ્ન ખરો. એ સાહિત્યિક ચર્ચા અહીં પ્રસ્તુત નથી. પરંતુ મરમીભાવની ધારામાં એ શક્ય હોઈ શકે છે. આ જાતનો યોગાનુયોગ જોવાની શુચિ દૃષ્ટિ હોય તો જ એ પરખી શકાય.

પ્લૉટિનસની ભૂમિકા ખૂબ ઉચ્ચ છે. એણે પ્રેમનું આધ્યાત્મિક દર્શન ટૂંકમાં કરાવ્યું છે. પ્લૉટિનસનું જીવન મારી નમ્ર દૃષ્ટિએ મરમીઓને માટે પણ દીવાદાંડીરૂપ છે.

આપણે સૌ જાણીએ છીએ કે સૂફીવાદમાં પ્રેમનું સ્થાન ઘણું વ્યાપક છે. ઇશ્ક, મહબ્બત એ શબ્દો પ્રચલિત છે. હુજવીરીએ એની ઠીક ઠીક ચર્ચા કરી છે. એણે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની રીતે શાસ્ત્રમૂલક તેમ જ અનુભવમૂલ પ્રકાશ નાખ્યો છે. પરંતુ આશ્ચર્ય એ છે કે તેમણે પોતે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય આ બાબતે વિગતે આપ્યો નથી. પ્રથમ તો મહબ્બત એ અરબી શબ્દ છે, આપણે ગુજરાતીમાં મહોબત કહીએ છીએ. હુજવીરી એની ભિન્ન ભિન્ન પ્રકારની વ્યુત્પત્તિ કરીને ભિન્ન ભિન્ન અર્થો દર્શાવે છે. 'રણપ્રદેશમાં પૃથ્વી પર વેરાયેલાં બી' એવો એક અર્થ છે. જેમ વનસ્પતિનાં બી તેમનું મૂળ છે, તેમ જીવનનું મૂળ પ્રેમ છે. બી જ્યારે રણમાં આમતેમ વેરાયેલાં હોય છે, ત્યારે તે બધાં જમીનમાં અગોચર રહે છે; તેમના ઉપર વરસાદ વરસે, સૂર્યનો તાપ પડે, ઠંડી અને ગરમી તેમના પરથી પસાર થઈ જાય; અને છતાંય પરિવર્તન પામતી ઋતુઓમાં એ બગડતાં નથી. તેઓ ઊગે છે અને એમાંથી ફૂલ અને ફળ મળે છે. એ રીતે પ્રેમ હૃદયમાં પોતાનો નિવાસ કરે છે. ત્યાં તે હાજરી કે ગેરહાજરી, સુખ કે દુઃખ, વિયોગ કે સંયોગથી વિકૃતિને પામતો નથી. "શિબ્લી એમ કહે છે કે પ્રેમ મહબ્બત કહેવાય છે, કારણ કે પ્રિયતમ સિવાયની બધી જ વસ્તુઓ તે ભૂંસી નાખે છે." મહબ્બત શબ્દનાં આવાં ઘણાં અર્થઘટન હુજવીરી દર્શાવે છે.

પ્રભુનો માનવ પ્રત્યેનો પ્રેમ અને માનવનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ, — એ બે પ્રકારની કંઈક નાનકડી મીમાંસા પણ કરે છે. હુજવીરીના લખાણથી પ્રેમનું વાઢકાપ (dissection) કરતા હોય એમ જણાય છે. રુડૉલ્ફ ઑટોની ભાષામાં તેઓ ઠંડા (Cool) મરમી જણાય છે. ઇશ્ક મહબ્બતની અતિશયતા

છે. એક ઠેકાણે તેઓ જણાવે છે : મહોબ્બત એ દિવ્ય બક્ષિસ છે, એ પ્રાપ્ત થઈ શકતી નથી. શ્રી અરવિંદ નિમ્ન પ્રાણના સ્વરૂપની વાત કરે છે, તેમ હુજવીરી નિમ્ન પ્રાણનો પ્રેમ કેવો હોય તેનો નિર્દેશ કરે છે.

શેખ અબૂ સૈયદની પંક્તિઓ તેઓ ટાંકે છે :

The clouds of seperation have been cleared
away from the moon of love,
And the light of morning has shone forth
from the darkness of the Unseen.

(પ્રેમના ચન્દ્રમાંથી વિરહનાં વાદળાં વિખરાઈ ગયાં છે, અને અદૃષ્ટના અંધકારમાંથી સવારનો પ્રકાશ પ્રકટ્યો છે.)

મધ્યકાળના શિરોમણિસમા કબીરની વાણીમાં મરમીભાવની સઘળી વાતો એમનાં ગાનોમાં આવી જાય છે. બીજા મુખ્ય સંતોમાં રવિદાસ, દાદૂ, પીપો ભગત વગેરેને ગણાવી શકાય. પ્રાંત પ્રાંતના પણ અનેક મરમી સંતો થઈ ગયા. એ સૌની વાણી શીખના 'ગ્રંથસાહેબ'માં સંકલિત કરી છે. જોકે એમાં મૂળની ભાષા ક્યાંક ક્યાંક પરિવર્તિત જોવામાં આવે છે, છતાં એવા સંકલન-ગ્રંથો ભારતનું સંતધન છે. આખી પ્રજાના પ્રાણને અંદરથી પોષનારું, પ્રોત્સાહન દેનારું અને દુઃખને સમયે આશ્વાસન દેનારું એ જ ધન છે, વારસો છે. બધી જ વાણીમાં મરમીભાવ નથી હોતા. અમુક પ્રકારની પરિભાષા પણ એની હોય છે. ગોરખનાથના કાયાયોગની પરિભાષા ઘણાખરા સંતોની વાણીમાં જોવામાં આવે છે. 'ષટ્ચક્રભેદ'ની સૂક્ષ્મ ક્રિયાના શબ્દો પણ જોવામાં આવે છે. ક્ષિતિબાબુએ એક વાર મને મીરાંબાઈનાં છ ગાનો બતાવીને કહ્યું હતું કે એ છ ગાનોને સાધુસંતો મીરાંનું ષટ્ચક્ર કહે છે. આવી પરિભાષા ઘણીવાર અસલી અને નકલીની ભ્રાંતિ પણ ઉપજાવે છે. સૂક્ષ્મ વિવેક, અભ્યાસ અને મૂળ સાથેનો આંતરિક પરિચય હોય તો આ ભ્રાંતિ નડતી નથી કે સમજવામાં બાધક થતી નથી.

આપણે વાત કરતા હતા પ્રેમની સાધનાની. એક વાર ધર્મશાસ્ત્રના એક દાર્શનિકે કબીરને પ્રશ્ન કર્યો : "તમારી સાધનાનો માર્ગ મને સમજાવી શકશો ?" કબીરે કહ્યું : "માર્ગ મેં જોયો નથી." પછી એમણે ગુરુ વિષે પ્રશ્ન કર્યો, પ્રેમ વિષે પૂછ્યું. કબીરે કહ્યું : "પંથની મને ખબર નથી. વાંસળીના

અવાજે ચાલ્યો છું અને એ વાંસળીએ મને બોલાવ્યો ત્યારે રાત્રિ અંધારી હતી,– મેઘાચ્છન્ન. મારો ગભરુ પ્રાણ પોકારી ઊઠયો : માર્ગ તને કોણ બતાવશે ? જે સઘળા સાધુસંતો, મરમીઓ, ભક્તો થઈ ગયા હતા એ તો વાંસળીનો અવાજ સાંભળીને બહાર નીકળી પડ્યા હતા, એ બધા પોતપોતાના આંગણાનો દરવાજો ખોલીને ઊભા રહ્યા હતા. મેં પણ માર્ગ માટે પૂછ્યું. તેમણે કહ્યું : અમને સૌને જે બતાવી રહ્યા એ જ તમને પણ બતાવશે. ચાલ્યા જાઓ વાંસળીને સૂરે સૂરે, જીવનવલ્લભ તમને બોલાવી રહ્યા છે. પ્રેમનો દિવસ છે ને ? એમની સાથે તમારું મિલન થશે. બાબા, એવો કોણ બેશરમ હોય, જે, આજે જ્યારે પ્રિયતમની સાથે તમારું મિલન થવાનું છે, ત્યારે તમારી સાથે માર્ગ બતાવવા આવે ? રાત અંધારી છે. દિવસ હોત તો રસ્તો જણાત. શું થાય ? એ બાંસરીને સૂરે જ જવાનું છે. "બાઁસરી સુનત કબીરા બઢ જાઈ; ડર નાહિ કુચ્છો, ડગરા ન પુચ્છો,– બાલમ પુકારત આન્હેરીકી પારસે." પ્રિયતમ બોલાવી રહ્યા છે. પ્રેમનો માર્ગ છે, પ્રેમની સાધના છે.

આ પછી કબીરજીની સાથે તેમની પ્રશ્નોત્તરી થઈ હતી. એને સાધનાની પરિભાષામાં 'બહસ' કહે છે. કબીરની પ્રેમસાધનાને અંગે એક ઉલ્લેખ કરવા જેવો બહસ છે. ભગવાનને પ્રેમદ્વારા સાધવા જોઈએ એમ વાત છે, ત્યારે પેલા પંડિત પૂછે છે : "જેમની સાથે તમારો પ્રેમનો સંબંધ બાંધશો તેમનું સ્વરૂપ કેવું હશે ? કયાંના હશે એ ? તેઓ શી રીતે પ્રકટ થાય ?" કબીરે કહ્યું : "તેઓ કોઈ એક ઠેકાણે છે એમ માનીશું તો ભૂલ થશે. તેઓ આવા છે કે તેવા છે, એમ કહીશું તોય ભૂલ થશે. તેઓ કેવા છે એ શી રીતે કહું ? વાત ગંભીર છે ! જો એમ કહું કે તેઓ ભીતર છે, તો બધું બહારનું જગત લજવાઈ જાય; જો એમ કહું કે બહાર છે, તો ભીતરનું જગત લજવાઈ જાય ! તેઓ બહાર અને ભીતર બંનેને વ્યાપી રહ્યા છે. ભીતર અને બહાર, એ બંને તેમની પાદપીઠ છે. તેઓ દેખાય છે એમ પણ કહી શકતો નથી, નથી દેખાતા એમ પણ કહી શકતો નથી !"

આ તો એક મૂંઝવણ થઈ. શું કરવું ? કબીરે એક સુંદર દૃષ્ટાંત આપ્યું :

> જલભર કુંભ જલૈ બિચ ધરિયા, બાહર ભીતર સોઈ ।
> ઉનકા નામ કહન કો નાઈ, દૂજા ધોખા હોઈ ॥

પાણીથી ભરેલો ઘડો પાણીમાં ડૂબી ગયો ! અંદર પાણી, બહાર પાણી ! આને શું કહેવું ? કહીએ તો ધોકો થાય.

વળી પ્રશ્ન કર્યો પંડિતજીએ : "આપને જે તત્ત્વ પ્રત્યક્ષ થયું છે તેનો આપ પ્રચાર કેમ કરતા નથી ?" કબીરે કહ્યું : 'ધર્મનો પ્રચાર કરવો એ મારું કામ નથી... અરે ભાઈ, પાણીનો ઘડો લઈને 'પાણી લો, પાણી લો' એમ પોકાર કરું ? એથી કોઈ કામ સરે એમ માનો છો ?'

પાણી માટે ફરવાની શી જરૂર છે, ભાઈ ? દરેકના અંતરમાં અનંત રસનો સાગર ભર્યો છે ! તાલાવેલી જાગશે, તૃષા લાગશે, એટલે પોતે જ પાન કરી શકશે, – કેમ નહીં ?

'તૃષાવંત જો હોઈગા પીવેગા જખ મારી ॥'

તરસ લાગવા દો, તલપ થવા દો, જે દિવસે પ્રેમ જાગશે તે દિવસે તાલાવેલી આપમેળે જ થશે. વૈરાગ્ય પણ જાગશે. અને છતાંય સંસાર પ્રત્યે નીરસતા (વિરાગ) જન્મશે નહીં. સંસારમાં પ્રેમથી ભર્યા ભર્યા થઈને રહેવું. કબીરે સંસારને પિતાનું ઘર કહ્યું છે, બ્રહ્મધામ સાહેબનું ઘર છે, માલિકના ઘરને ચાહવાને કારણે પિતાના ઘર પ્રત્યે વિદ્વેષ ઉત્પન્ન થવા દેવો નહીં. આ સંસારમાં જ તેમને જાણ્યા છે. જેમ સ્વામીને ઘેર ગયા વિના સ્ત્રીના જીવનની સાર્થકતા નથી, તેમ પરમાત્માને જાણ્યા વિના જીવાત્માની કોઈ સાર્થકતા નથી. સ્વામીને જોયા ઓળખ્યા (ચીન્યા), તેની સાથે જ પિતાના ઘરનું આકર્ષણ સહજભાવે ઓછું થઈ જશે, ઓસરી જશે. ક્યાંય નહિ રહે વિદ્વેષ, ક્યાંય નહિ થાય ઘૃણા ! આ બધું થાય છે પ્રેમના બળથી.

તો સર્વ પ્રથમ જાગ્રત કરો પ્રેમને. આ પ્રેમને પ્રતાપે જ બાલિકા મા બને છે ! નાનકડી એ બાળા સંધ્યા થતાં ન થતાં ઊંઘી જતી, તે પ્રેમને પ્રતાપે ઊંઘ્યા વગર મોડી રાત લગી જાગશે. ભગવાને આ પ્રેમરસ રેડ્યો છે. કેવું આશ્ચર્ય ? કોઈ પણ ઉપદેશ વિના બાલિકા કન્યા મા બની ગઈ ! પ્રેમ જાગ્યો, અને બધું પતી ગયું. એક પ્રેમની ખાતર મા સર્વ સુખ જતું કરવા તૈયાર થઈ જાય છે, પતિની ખાતર પ્રાણ હોમવા રાતદિવસ ઝંખે છે. 'પ્રેમકો કૌન શિખાવતા ત્યાગમહીં ભોગ પાના જી!' આ એક પંક્તિમાં કેવી મોટી વાત કરી દીધી! ત્યાગ દ્વારા ભોગ ! પ્રેમ એકલામાં જ એ તાકાત છે, ત્યાગ દ્વારા ભોગવવાની. કશું જ રહ્યું નહિ, અને બધું જ મળ્યું ! આ

અનુભવમાં કેવી ગંભીરતા છે, કેવું માધુર્ય છે! કેવું સૌન્દર્ય છે! આ તો માત્ર એ જ વેરાગી જાણી શકે જેણે વૈરાગ્ય દ્વારા પ્રેમ મ્હાણ્યો હોય. ભગવાન આ વૈરાગ્યયુક્ત પ્રેમનું રહસ્ય જાણે છે, અને તેથી જ વિશ્વમાં જેમ પ્રેમની ભરતી ઊછળે છે, તેમ વૈરાગ્યમાં બધું પરિપૂર્ણ થાય છે. નરસૈંયો આ જાતનો ભોગી હતો.

આ પ્રેમમાં કોઈ કાયદો નથી. અમૃત દેવોનું પીણું છે. દાનવ એ પીવા આવે તો શું થાય? અમૃતનો આનંદ દાનવ જાણતો નથી. કામના મ્હાણનારને પ્રેમના રસની ગતાગમ ક્યાંથી હોય?

જ્યાં સૂર્યનો પ્રકાશ હોય ત્યાં રાત્રિ કેવી રીતે હોઈ શકે? જ્યાં રાત્રિ હોય ત્યાં સૂર્ય કેવી રીતે હોઈ શકે? જ્યાં જ્ઞાનનો પ્રકાશ હોય ત્યાં અજ્ઞાન ન હોય, જ્યાં અજ્ઞાન હોય ત્યાંથી જ્ઞાન નાસી છૂટે. જ્યાં કામ પ્રબળ હોય ત્યાં પ્રેમ કેવી રીતે સંભવે? જ્યાં પ્રેમ હોય ત્યાં કામ કેવી રીતે હોય? કબીર જણાવે છે કે આ સાચી વાત છે, હકીકત છે; ઉપદેશની વાત નથી. સૌ પોતપોતાના અંતરમાં વિચારી જુએ : સત્ય ક્યાં છે? 'સમજ વિચાર દેખ માંહી'.'

પ્રેમની સાધનાની એક બાજુ જેમ સુંદર છે, સુંવાળી છે, તેમ બીજી બાજુ ભીષણ અને કઠોર પણ છે. તે એક અગ્નિપરીક્ષા છે. સતી સ્ત્રીનું શીલ અને લડવૈયાનું જે પૌરુષ છે, તે બંને પ્રકારનાં લક્ષણો આવા પ્રેમીને પસાર કરવાં પડે છે. કાં તો વિજય, કાં તો મૃત્યુ, – એ જ વિકલ્પ! નિર્ણાયક કસોટી આવે છે. "સાધ સંગ્રામ હૈ રૈન દિન ઝૂમના, દેહ પર્યંતકા કામ, ભાઈ!" "નિઃસાર કામનાઓને ક્રમશઃ ક્ષીણ કરતાં કરતાં આગળ ચાલ્યા જવાનું હોય છે. પેલી વાંસળીનો જે અવાજ આવે છે, તેને અનુસરતા રહેવાનું હોય છે, – એ અવાજ અંદરથી તેમ વિશ્વના અદૃષ્ટમાંથી પણ આવે છે. કામનાના દાગ જણાય ત્યાં લગી જ માત્ર, તેથી આગળ નહીં. એની એક માત્રા આવી જાય એટલે બસ. આ જે કામવાસનાને ક્ષીણ કરતા જવાની અને એમાંથી પ્રેમ પ્રગટાવવાની સાધના છે, તે ઘણી જ કપરી છે. આ પૃથ્વી પર આવ્યા અને પ્રેમ પ્રગટ્યો નહિ, પશુ થઈને આવ્યા અને વીર થયા નહીં, તો જીવતર શા કામનું? આનંદના સાગરની પાસે ગયા અને તરસ્યા મર્યા, વાંક કોનો? આ શ્વાસે શ્વાસે પ્રેમરસ ઉછાળા મારી

રહ્યો છે! પેલી લોયણની સાધના - શ્વાસોચ્છ્વાસ એટલે શિવ અને શક્તિની સાધના – સરખાવો.

ઘણું અઘરું કામ છે, ભાઈ! ગાન ગાયે નહિ ચાલે, કબીરજીનું નામ લીધે નહિ ચાલે. કેટકેટલા આક્ષેપ, અનાદર, અપવાદ, કટુતા, ક્રૂર મશ્કરી! આ પ્રશ્નનું યોગ્ય સમાધાન, બીજા બધા સંકળાયેલા પ્રશ્નોને બરાબર વિચાર કરીને, તેમાંથી જે તારતમ્ય આવે અને આખી માનવજાતિ અંદરથી સ્વીકાર કરે તો જ થઈ શકે તેવું છે. સત્ય પર પ્રતિષ્ઠિત હોવા છતાંય આ વાત અંગત જ રહે છે, એ પર ખૂબ ધ્યાન રાખવું જરૂરી છે.

આવો માનવજન્મ મળ્યો અને આત્મા પરમાત્માનો કોઈ યોગ જ ન સધાયો! આ માન, આ યશ, આ ધન, – એ બધાંની તૃપ્તિને માટે આ અમૂલ્ય જીવન વેડફી દેવાનું? કેમ કંઈ જ થતું નથી? સાગરના બુંદે બુંદનો સહયોગ જોઈએ. છે એ?

"સુખસાગરમેં આપકે મત જારે પ્યાસા!
નિર્મલ જલ ભરેવ તેરે આગે પીલે શ્વાઁસો શ્વાઁસા॥"

કબીર કહે છે કે પોતે ભગવાનની સાથે પ્રેમની બાજી રમી રહ્યા છે: પોતે હારે તોય ભગવાનના, ભગવાન હારે તોય ભગવાનના! કબીરને તો કશું જ ગુમાવવાપણું નથી!

"યહ જીયરા અનમોલ હૈ ભયો કોડીકા ફેકારે."

સ્વામીએ કશી મણા રાખી નથી. હું જ એવી અભાગણ કે સુખ છોડીને દુઃખે મરું છું! પ્રિયતમને ધામ ગઈ, ત્યાં મિલન ન થયું! હે સ્વામી, યુગે યુગે તમારું જ રાજત્વ છે. તેમને પામ્યા વગરની બીજી બુદ્ધિ એ દુર્બુદ્ધિ નહીં?

"કહે કબીર સમજાય સમજ હિરદે ધરો।
જુગન જુગન કરો રાજ ઐસી દુર્મતિ પરિહરૈ॥"

યૌવન જાગ્યું છે. પ્રિયતમના વાવડ આવી રહ્યા છે. વરમાળા એમને જ પહેરાવવાની છે. જ્ઞાને એ બધી બાતમી મને આપી છે. એથી તો તેમનો પત્ર છે. આકુળવ્યાકુળ થઈ ગઈ છું. હે અવિનાશી, મારા પ્રિયતમ! હું કેમ કરીને પ્રતીક્ષા કરી શકું? વિરહ સતાવી રહ્યો છે. શું મારે જ્ઞાનની ગલીએ

ગલીએ ભટકવાનું ? હા, પત્ર મળી ગયો છે. અજબ છે! હવે હું મરણથી ડરતી નથી.

"સખિયાઁ, હમહુ ભઈ બલમાસી।
આયો જોબન વિરહ સતાયો, અબ મૈં જ્ઞાન ગલી અઠલાતી ॥
જ્ઞાનગલી મૈં ખબર મિલ ગયે, હમે મિલી પિયાકી પાતી।
યા પાતી મૈં અજબ સંદેશા, અબ હમ મરનેકો ન ડરાતી।
કહત કબીર સુનો ભાઈ સાધો વર પાયો અવિનાશી ॥"

ભગવાનનું કાળનું ગણિત કેવું છે? એમને તો કશી ઉતાવળ નથી! શાશ્વતી છે ને? પણ મનુષ્યનું શું? એનો કાળ તો પરિમિત છે. જીવન તો કમળની માફક વિકસી રહ્યું છે. આ તો છે અસ્થાયી સૌન્દર્ય,—આજે ખીલી રહ્યું છે, કાલે કરમાઈ જશે. ભગવાન જો એને સાફલ્યનું પ્રદાન ન કરે, તો પછી! શું? આ ખંડિત કાળ, પરિમિત કાળ! ઉપાય શો? કરવું શું? કબીર નિવેદન કરે છે ભગવાનની પાસે જઈને: ભમરાને કમલની પાસે જવાનું. કમલ તો ઉદાસ થઈ ગયું છે. વારંવાર શોધી રહ્યું છે. તેની કુંજેકુંજ લચી રહી છે. પણ એ તો ચાર દિનની ચાંદની! વેદના તો જાગી ગઈ છે! જીર્ણતા આવી કે સુકાઈ જવાનું! અરે હે ભ્રમર, તારું દુઃખ કેમ કરીને ટળશે?

"ચલ ચલરે ભઁવરા કમલ પાસ।
તેરા કમલ ગાવૈ અતિ ઉદાસ ॥
ખોજ કરત રહ બાર બાર।
તન બન ફૂલ્યો ડાર ડાર ॥
દિવસ ચારકી સુરંગ ફૂલ।
વહિ લગ મનમૈં લાગત શૂલ ॥
પુહુપ પુકારૈ જૈવે સુખ।
તબ ભૌંરા કહાઁ સમાવે દુઃખ ॥"

આ જ તો સીમાનું અસીમ માટેનું ક્રંદન છે. જો તેઓ વૈરાગી થઈને અનાસક્ત થઈ ગયા હોત, તો કશી જ પંચાત નહોતી! હું છું સીમા, તેઓ છે અસીમ. અહીં તો પ્રેમનું શાસન છે. કોઈ નાનું નહિ, મોટું નહિ! મારા વગર તેમનું કેમ ચાલશે? જોઈએ તો ખરા!

રવીન્દ્રનાથે નાનપણની ડાયરીની નોંધમાં પ્રેમને 'અસીમાયતન' (infinite dimension વાળો) કહ્યો છે!

"વિવિધ રચના કરી અનેક રસ લેવાને
શિવ થકી જીવ થયો એ જ આશે."

ભગવાન છે અખિલના સ્વામી, વિશ્વપ્રકૃતિના વિરાટ પુરુષ અને હું છું એક માનવ! મારા વિના તેમનું પ્રેમસ્વરૂપ અપૂર્ણ રહેવાનું છે! મારા વિના તેમનું ચાલશે? આ જે ભાવતત્ત્વ મધ્યકાળના સાધકોમાં, મરમીઓમાં પ્રબળ હતું. અરે, રવીન્દ્રનાથનું 'તોમાય નતૂન કરે પાવો બોલે,' એ પ્રેમની સાધનાનું એક અપૂર્વ ગાન, એમાં પ્રભુને 'ભાલોબાસાર ધન' – 'પ્રેમનું ધન' કહ્યા છે.

મધ્યયુગની સાધનાધારાનો ઉપસંહાર કરતાં ક્ષિતિબાબુ જણાવે છે કે માત્ર બે જ સાધકો એવા થઈ ગયા, જેઓ પાછળ કોઈ સાધકમંડળી (movement), સંપ્રદાય કે એવું કાંઈ જ મૂકી ગયા નથી! એ બે છે: કમાલ, કબીરના પુત્ર અને જ્ઞાનદાસ બાઘેલી. આ બેની વાણી કોણ સંઘરે? કબીરની પુત્રી કમાલી પણ મહાન સાધિકા થઈ ગઈ, બીજી ક્ષેમશ્રી પણ. બાબુજીએ એમની વાણી મળી આવી તે નોંધી છે. પ્રકટ થાય ત્યારની વાત!

ઉપર જણાવેલી સીમા – અસીમની વાત જ્ઞાનદાસે એક સુંદર પદમાં વ્યક્ત કરી છે. આ લોકલોકાંતરના અધીશ્વર પોતાના મહોત્સવમાં રત છે. પ્રકૃતિ છે તેમની દૂત. હું એકમાત્ર છું તેમનો અતિથિ. એ દૂતી એટએટલો આડંબર રચે છે કે એમનું ઐશ્વર્ય જોયા જ કરું, જોયા જ કરું! પેલા હિરણ્મય પાત્રનો શો ઝગઝગાટ! શું ઝળકળાયું તેજ! અંજાઈ ગયો. પાત્ર ખૂલે નહિ ત્યાં લગી શું સમજાય? એ દૂતીનો આડંબર જ એક મોટી બાધા થઈ પડી! એટલે જ્ઞાનદાસ જણાવે છે:

"હે દૂત! તું જ્યારે પ્રભાતમાં આવ્યો ત્યારે તારો પ્રકાશ સોનેરી હતો. ફૂલના પરિમલથી ભરેલા વાયુએ નિસાસો નાખીને આ ચિત્તને ઢંઢોળ્યું બપોરના તડકાએ મને ઉદાસ બનાવી દીધો. ગગનના દિગંતવ્યાપી ક્ષિતિજમાં કોણ જાણે કયી વ્યથા તમે ભરી દીધી છે! પ્રભાતના તમારા પોશાકથી અને પુષ્પના પરિમલથી મુગ્ધ થઈ ગયો! પણ તમારા સમાચાર સાંભળવાનો અવસર મળ્યો નહીં! બપોરે ઉદાસ આકાશ જોવા લાગ્યો. મનમાં વૈરાગ્ય

છવાઈ ગયો! સંધ્યાને સમયે ગરવો સાંધ્ય રાગ પશ્ચિમના ગગને ગાયો. પછી આવી રાત્રિ,—મૃત્યુ સમી! ત્યારે તેં એક પત્ર પાઠવ્યો: એનો કાગળ હતો સાવ કાળો અને અક્ષરો અગ્નિ જેવા,—જ્યોતિષ્કોમાં ઝળહળતા. શો વિરાટ એ પત્ર! હે દૂત, તારો આ બધો આડંબર શાને લઈને છે? તને જોઈને મારું મન ભોળવાઈ ગયું. તું જેનો દૂત છે તેની વાત તો સમજાઈ નહીં!"

દૂતે કહ્યું: "તેમણે વિરાટ સભા યોજી છે. મોટો ઉત્સવ આદર્યો છે. એમાં તું એક માત્ર જ અતિથિ છે. એટલે જ લોકલોકાંતરમાં પત્રને પ્રસારિત કર્યો છે, જેથી તારી નજર એ પર પડે. તારા જેવો અતિથિ પામીને ગૌરવ અનુભવું છું. અને એને લઈને જ છે આ બધો આડંબર! શું તારી પાસે હું દીન વેશે આવું?"

શી જ્ઞાનદાસની વાણી? સાધનાની વાણી છે,—માત્ર સાહિત્યિક નહીં. અનુભૂતિ છે, સાક્ષાત્કાર છે, દર્શન પણ છે. આટલી સુંદર અભિવ્યક્તિ કરી શકયા, હે જ્ઞાનદાસ! ધન્ય છે તમને!

હા, સમજાયું! એમનો વિશ્વવ્યાપી સમારોહ મારા વિના પણ આગળ ચાલનાર નથી. મારે માટે તેઓ વ્યગ્ર છે! અરે, મારે માટે ભિખારી થઈને આવ્યા? કબીર કહે છે: "હે ફકીર! તારે અને મારે એકબીજાની લગન લાગી છે! હું તો મારા મંદિરમાં સૂતો હતો, ત્યાં સૂરના આઘાતે જાગી ઊઠયો! અરે મારા ફકીર, ભવસાગરમાં ગળાબૂડ થઈ ગયો હતો, ત્યાં બાંય ઝાલીને મને બહાર આણ્યો! બંધનમાંથી મુક્ત કર્યો! હે ફકીર, તેં મારા પ્રાણની સાથે પ્રાણ જોડી દીધો!

> "તોહી મોહિ લગન લગાયે રે ફકીરવા।
> સોવત હિ મૈં અપને મંદિરમૈં શબ્દ માર જગાવે રે ફકીરવા!"

તેમને તો મેં જોયા નથી! તેમના સૂર સાંભળીને મન ઉદાસ થઈ ગયું. મારો ફકીર મારે માટે ભિખારી થઈને નીકળી પડ્યો છે! અરે, કેમ એને ટાળી શકું? તેને કાજે શું અદેય હોય? અરે, એ તો ચાલ્યો ભિક્ષા લઈને! કયાંય જણાયો નહીં. ભિક્ષુકની પાસે ભિક્ષા! વણમાગ્યું દઈ દે એ!" કબીર કહે છે: "હું તેનો થઈ ગયો. થવાનું હોય તે થાય.

> "કહે કબીર મૈં હોં વાહીકો, હોની હો સો હોય!"

તમે તો મારું બધું જ લઈ લીધું! મને પણ ભિખારી બનાવી દીધો? તોય ભિક્ષા? આજે તો મારી પાસે કાંઈ જ નથી! મારે પોતાને દઈ દેવો પડશે. યુગયુગથી બારણું ખખડાવીને ભિક્ષા માગતા આવ્યા છો. હવે છુપાઉં ક્યાં?"

ફ્રાન્સિસનું 'હાઉન્ડ ઑફ હેવન' (Hound of Heaven) યાદ આવે છે.

જીવનમંદિરમાં શિવ અતિથિ થઈને આવ્યા છે. શાનો ફરે છે ઉન્મત થઈને? દેવ પધાર્યા છે, કરી લે તેમની સેવા, રાત આવી રહી છે. યુગયુગથી રાહ જોતા રહ્યા છે. ચિત્ત લાગ્યું હશે તેથી જ ને? પ્રેમવૈરાગ્ય વગર તેમને કેમ પમાય? સોહાગનો અવસર છે, ટાણું છે!

ગડમથલ કરવાનો વખત નથી. તેમની સેવા કરો. જ્યોતિને પોતાનું સર્વસ્વ દઈને પ્રદીપ ધન્યતા અનુભવે છે, સમુદ્રમાં ડૂબકી દઈને નદી કૃતાર્થતા મ્હાણે છે, પરિમલ પસારીને ફૂલ ખીલી રહ્યું છે, જ્યોતિનું પ્રદાન કરીને સૂર્ય ઝળહળી રહ્યો છે. આજે સર્વસ્વ દેવાની પળ આવી છે,– પ્રભુની પળ!

"આજ કે દિન મૈં જાઉઁ બલિહારી ॥
પ્રિતમ સાહબ આયે મેરે પહુના
ઘર આઁગન લગૈ સુહોના ॥
સબ પ્યારા લગૈ માઁગન ગાવન,
ભયે મગન લખિ છબિ મનભાવન ॥
ચરન પખારું, વદન નિહારું,
તન મન ધન સબ સાઁઈ પર વારું ॥
સુરત બની સત્તનામકી આસા
કહૈ કબીર દાસનકે દાસા ॥"

આ છે પ્રેમની સાધના. મારો પ્રેમ તેમના પ્રેમથી પૂર્ણ છે અને તેમનો પ્રેમ મારા પ્રેમ વિના અપૂર્ણ છે, અને એટલે જ તેઓ પ્રતીક્ષા કરી રહ્યા છે મારે બારણે. ક્યાં લગી ઊભા રાખીશું એમને? જુઓ તો, મારો ફકીર મને જ ભિક્ષા તરીકે માગતો, ગાન ગાતો ગાતો એય ચાલ્યો: મારા અંતરના અંતરમાં એના ભણકારા વાગી રહ્યા છે!

* * *

હવે આપણે બાઉલની પ્રેમસાધના જોઈએ. એક વાર પ્રેમતત્ત્વની ચર્ચા ચાલતી હતી. ત્યાં એક બાઉલ મરમી આવી પહોંચ્યા. સૌએ એ બાબતમાં તેમનો અભિપ્રાય પૂછ્યો, તો તેમણે કહ્યું: "તમે આ બધી ચર્ચાવિચારણા કરો છો એ વ્યાકરણ જેવી છે. આવું બધું બાહ્યપંથાઓને માટે હોઈ શકે, અનુભવીઓને એ નિરર્થક લાગે. પ્રેમતત્ત્વની યથાતથ પરખ શી રીતે કરશો?" એમ કહીને એમણે બાઉલ-પંક્તિઓ ટાંકી: 'અરે, આ કયો-સોનાનો ઝવેરી અમારી ફૂલવાડીમાં ઘૂસી ગયો છે? જુઓ તો ખરા, એ કમળને સોનાના કસોટી પથ્થર પર કસી રહ્યો છે?"

બાઉલો મુખ્યત્વે કરીને મનુષ્યના અંતરમાં રહેલા સાચા માનવને ઝંખી રહ્યા હોય છે, એમને કોઈ સ્વર્ગીય અમૃતના કરતાં માનવીય પ્રેમરસ મહત્તમ લાગે છે. એટલે તેઓ ગાય છે:

> પ્રેમ આમાર પરશમણિ ।
> તા'રે છૂઁઈલે જે કામ હય રે સેવા ।।

પ્રેમ અમારો સ્પર્શમણિ છે, જેના સ્પર્શથી કામ સેવામાં પરિણમે છે. કેવી મોટી વાત આ નિરક્ષર ગાયકે કહી! કામ અને પ્રેમને ઓળખવાની ખરી કસોટી આપી દીધી. કદાચ આવી કસોટીની વાત કોઈએ કરી હશે કે નહીં એ ખબર નથી.

આનું જીવંત દૃષ્ટાંત આપું. એક વાર શાંતિનિકેતનમાં દીનબંધુ સી. એફ. એન્ડ્રુઝ આવેલા. તેઓ ભારતમાં આવે ત્યારે થાણું ત્યાં જ નાખતા. એમની સાથે વાતચીત ચાલતી હતી. એમનું વક્તવ્ય પૂરું થયું એટલે કોઈએ પૂછ્યું: "આપ પરણ્યા કેમ નથી? આપને કોઈ સ્ત્રીએ આકર્ષ્યા નથી?" તેઓ હસી પડ્યા, બે ઘડી શાંત થઈ ગયા અને કહ્યું: "જુઓ ભાઈ, હું આફ્રિકાની ઝુલુ જાતિમાં, એમના પ્રશ્નોમાં એટલો બધો ઓતપ્રોત થઈ ગયો છું કે તમે મને જે પ્રશ્ન પૂછ્યો એ મારા દિલમાં કદાપિ ઉદ્ભવ્યો જ નથી. એમની સેવામાં રચ્યોપચ્યો રહેવાને કારણે પરણ્યો કે ન પરણ્યો એ વિચાર આવ્યો નથી, વાત આમ છે." પેલી પંક્તિઓનું સીધું ઉદાહરણ.

બાઉલો જ્ઞાનના કરતાં પ્રેમને વધુ મહત્ત્વ આપે છે. તેમની પંક્તિ છે; 'જ્ઞાનેર અગમ્ય તુમિ પ્રેમેતે ભિખારી.' ભગવાન જ્ઞાનથી અગમ્ય છે,

પણ પ્રેમના ભિખારી છે. પ્રેમની સાધનામાં નારીને વર્જ્ય શી રીતે ગણાય? નર કે નારી પ્રેમહીન હોય તો એમાં પૂર્ણતા ક્યાંથી આવે? પ્રેમથી યુક્ત અને પ્રેમમાં મુક્ત થયે જ નરનારી પૂર્ણ કળાએ વિકસી શકે.

મહાપ્રભુ ચૈતન્ય અને ત્યાંના સહજિયા સંપ્રદાયના સાધકો આને વિશિષ્ટ ભાવે જુએ છે. કામવાસના એકબીજાને ભરખી જનારી પ્રાણની વૃત્તિ છે. એમાં નર અને નારીનો સાચો સંયોગ શી રીતે સંભવે? કામની આણ તળે વિશુદ્ધ પ્રેમની પરિપૂર્ણ મુક્તિ સંભવી જાણી નથી. પ્રેમની સાધનામાં સ્ત્રીપુરુષના આંતરિક મુક્ત ભાવની જરૂર હોય છે. આને લઈને બાઉલને સમાજનાં બાહ્ય વિધિવિધાનોમાં આસ્થા નથી. લોકાચાર કે વેદાચાર એવો કોઈ બાહ્યાચાર પ્રેમની સાધનામાં મૂલગતભાવે સહાયક થઈ શકે નહીં.

સામાજિક નિયમોને અનુસરીને આપણે ભલે એકબીજાની સાથે હળીએ-મળીએ, પણ એથી કાંઈ અર્થ સરતો નથી, કોઈ કોઈના મર્મને પામી શકતું નથી. સ્ત્રીપુરુષનાં બંધનમાં અધ્યાત્મયોગ સિવાય બીજા કોઈ પ્રકારનું બંધન સાચું બંધન નથી.

જીવનનું સારભૂત તત્ત્વ પ્રેમ અને પ્રેમની વ્યાકુળતા છે. પ્રેમ કોઈ તત્ત્વવાદ નથી. એનો સ્થૂળ માર્ગ કાયાસાધન છે; કેટલાક સંપ્રદાયોમાં એવાં કેટલાંક પ્રતીકો યોજવામાં આવ્યાં છે, જેની જો ઊંડી અને સાચી સમજ ન હોય તો પતન થવાનો સંભવ રહે છે. ખરું એ કે વિશ્વનો પરિચય અને એની સાથેનો યોગ એ સાચું તત્ત્વ છે.

નદીનાં ત્રણ સ્વરૂપો છે: પર્વતમાંથી નીકળતી નદીનું પ્રથમ પાર્વતી રૂપ, સમતલભૂમિ પર વહેતી નદીનું બીજું ગંગા રૂપ અને સાગરમાં મળતી નદીનું ત્રીજું મિલન રૂપ. પ્રેમની સાધનામાં પણ સાધકનાં આવાં ત્રણ રૂપ હોય છે: પ્રવર્તરૂપ, સાધકરૂપ અને સિદ્ધરૂપ. આ ત્રણેય અવસ્થાનાં અવલંબન છે: નામમંત્ર, ભાવપ્રેમ અને અસીમ રસમાં મુક્તિ,– આનંદ.

ભગવાનને મેળવવા માટે તેમનું કોઈ ને કોઈ પ્રકારનું ભાવરૂપ મનમાં હોવું જરૂરી છે. એને આપણે કોઈ વાર પ્રભુ ભાવે, કોઈ વાર માતાપિતાના ભાવે, કોઈ વાર બંધુભાવે, કોઈવાર પ્રિયભાવે ઓળખીએ કે સંબોધીએ છીએ. પ્રભુની સાથે કોઈ ને કોઈ પ્રકારનો માનવીય ભાવ (anthropo-

morphic attribute) આવશ્યક છે. આ સૃષ્ટિમાં અનંત ઐશ્વર્ય અને સ્વરૂપો વિલસી રહ્યાં છે. પરંતુ આપણને મળી છે માત્ર પાંચ ઇન્દ્રિયો જ. એટલે તેમને આંખ દ્વારા, કાન દ્વારા, નાક દ્વારા, ત્વચા દ્વારા તથા જિહ્વા દ્વારા પામી શકીએ. તો પછી આ પંચેન્દ્રિયનાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ કે શબ્દ સિવાય અનુભવનો કયો માર્ગ? આ પંચેન્દ્રિયસાધનાની વાત થઈ. તદુપરાંત શાંત, હાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર ભાવ સિવાય શી રીતે પમાય? આ ભાવોમાં શ્રેષ્ઠ અને ઘનિષ્ઠ ભાવ છે મધુર ભાવ.

આ મધુર ભાવની સાધનામાં મિલનના કરતાં વિરહની દશામાં ચિન્મય પ્રકાશ વધુ ઘેરો હોય છે. જ્યાં લગી પ્રિય જન સન્મુખ હોય છે ત્યાં લગી આપણે તેનો 'મર્મ' પામી શકતા નથી. અહીં આપણને અથર્વની પંક્તિ યાદ આવે છે: 'નવો નવો ભવસિ જાયમાનઃ'. રવીન્દ્રનાથ પણ એ જ જણાવે છે: 'તમે નવે નવે રૂપે આવો પ્રાણે.'

પામવા માટે થોડા દૂરપણાની જરૂર હોય છે. પોતે પોતાને પામે શી રીતે? પોતાને 'પર' કરીને વળી 'સ્વકીય' કરવાનું રહે છે. આ દૃષ્ટિએ એકને બે થવાનું રહે છે. આમાં અદ્વૈત અને દ્વૈતની વાત આવે છે, જ્ઞાનની ચર્ચામાં કે સાધનામાં આ દ્વૈતાદ્વૈતનો ઝઘડો શમતો નથી. તે શમે છે એકમાત્ર પ્રેમની સાધનામાં; કારણ કે, એમાં બે જોઈએ અને પછી થવાનું બેમાંથી એક! એટલે, 'નિત્ય દ્વૈત નિત્ય ઐક્ય પ્રેમ તાર નામ' એમ 'ચૈતન્ય ચરિતકારે' કહ્યું છે. પ્રેમ એટલે નિત્ય દ્વૈતમાં નિત્ય ઐક્ય. આમ ભગવાનના અરૂપને પ્રેમ દ્વારા રૂપ આપ્યું અને વળી પાછા પ્રેમ દ્વારા જ અરૂપ થઈને રૂપસાગરમાં ડૂબી ગયા!

પ્રેમનો મહિમા એવો છે કે તે પારકાને પોતાનું કરી શકે છે અને ભેદમાં એક મીઠા અભેદને સાધે છે. પોતાના સિવાય અન્યને કે પરને કે ભિન્નને સ્વીકારવાનું સામર્થ્ય માત્ર પ્રેમમાં છે. જ્યાં પ્રેમનો જ અધિકાર હોય ત્યાં તેની સ્વીકૃતિમાં પ્રેમનું મહત્ત્વ ક્યાં રહ્યું? જે મારું નથી એને મારું કે પોતાનું માનીને સ્વીકાર કરવો, એમાં છે પ્રેમનું પ્રેમત્વ.

આ રીતે બાઉલ 'પરકીયા'નો સ્વીકાર કરે છે. એમ કરવામાં એનામાં સમાજનો વિદ્રોહ કરવાનો કે નીતિનો ભંગ કરવાનો ભાવ નથી હોતો. પ્રેમનો મહિમા પાળવા ખાતર તે આમ કરે છે. લોઢાને સોનું બનાવે તો

જ પારસમણિ ! અન્યને પોતાનો બનાવે એ પ્રેમ. આમ પ્રેમનું મહત્ત્વ પ્રમાણિત થાય છે. આ એક અહેતુક પ્રેમની વાત થઈ.

પ્રેમ બેમાં થાય. બંનેમાં સમાન રીતે મુક્ત ભાવ જોઈએ, એટલે પ્રેમમાં બંને પક્ષે સ્વાધીનતા જરૂરી છે.

પ્રેમનું એક આશ્ચર્યકારક તત્ત્વ એની અનિશ્ચિતતા છે. પામીશ કે નહિ, એ પ્રકારની દોલાયમાન અવસ્થા – દ્વિધાવૃત્તિ ન હોય તો પામ્યે આનંદ શી રીતે અનુભવાય ? હાથમાં આવેલી વસ્તુને પામવાથી આનંદ નથી થતો. અનિશ્ચિતતામાં પ્રેમને સાધવો, પામવો એ પરમ માધુર્ય છે.

આ પ્રકારના પ્રેમની સાધનામાં બાઉલ ઘણો સાહસિક હોય છે. જ્યાં જ્યાં સમાજના દૃષ્ટિબિંદુની – વૈધીભાવે, – સામે પ્રેમસાધનાનો વિરોધ જણાય છે, ત્યાં ત્યાં બાઉલે પ્રેમનો માર્ગ – રાગાનુગાભાવ – સ્વીકાર્યો છે. અને છતાંય ધર્મ અને સમાજના વિધિવિધાન વગર ગાર્હસ્થ્ય હોવું મુશ્કેલ છે. આ મુશ્કેલીને વેઠીને પોતાના આંતરિક ભાવના શીયળનું તે રક્ષણ કરે છે. આપણે એને પ્રેમમરમી કહી શકીએ. બાઉલ પ્રેમમરમી (Mystic of Love) છે.

આમ એક બાજુએ સ્વકીયા – પરકીયાભાવ અને બીજી બાજુએ ગૃહસ્થધર્મનો વિધિવિધાનમૂલકભાવ, – એ બંનેનું સામંજસ્ય હોઈ શકે ? બાઉલ જણાવે છે : “વિધિવિધાન કે મંત્ર દ્વારા અમે અધિકારનો નિર્ણય કરતા નથી. વિધિને સમય પૂરતું માન આપીને અમે દેહની પાસે દેહ દ્વારા સંસાર-યાત્રા ચલાવીએ છીએ. એમ કરતાં કરતાં કોઈક વાર ભગવાનની કૃપાથી એને પ્રેમમાં પામી શકીએ તો જીવનને ધન્ય ગણીએ છીએ. આ પ્રકારનું સૌભાગ્ય કોઈ પ્રકારના મંત્રને બળે કે સામાજિક વિધિવિધાનના બળે સાંપડતું નથી હોતું. ભગવાનની વિશેષ કૃપા હોય, અંતરનો વિશુદ્ધ ભાવ હોય, એને માટે તીવ્ર ઝંખના હોય, તો જ એવું સૌભાગ્ય પ્રાપ્ત થાય ! નહિતર, આખું જીવન એળે પણ જાય ! સ્વકીયા એટલે કે શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પ્રાપ્ત સ્ત્રી, અને છતાંય પ્રેમની અહેતુકી દૃષ્ટિએ તે પોતાની ન બની શકે, – અર્થાત્, શુદ્ધ પ્રેમનો સંચાર તેનામાં ન થાય, તોય પરકીયાભાવે પ્રેમસાધના થઈ શકે છે; કારણ કે, એક વાર એ પણ ભિન્ન જ હતી. સામાન્ય રૂઢ ભાષામાં કહેવું હોય તો સ્વકીયાભાવ સંસારીભાવ થયો અને પરકીયાભાવ પ્રેમમૂલક અહેતુકભાવ થયો.

હવે જરા આગળ જઈએ. પ્રેમની આ અનુભૂતિ પ્રકૃતિભાવે કે સખી-ભાવે થઈ. એટલે કે, જ્ઞાન, કર્મ અને પ્રેમ એમ ત્રિવિધ ભાવે જે થાય તે પ્રકારની સાધના. જ્ઞાન અને કર્મ દ્વારા આપણે દિવસે દિવસે, ક્રમશઃ શિક્ષણ પામતા જઈએ છીએ, તેમ તેમ જે સ્વીકારને માટે યોગ્ય છે કે નહિ તેનો પણ આડકતરી રીતે તાળો મેળવતા જઈએ છીએ. આ વાત વ્યવહારુ જીવનમાં જોવામાં આવે છે, એ ભૂમિકાએ તે એક હકીકત બની રહે છે.

પરંતુ એક બીજું આયતન (dimension), દૃષ્ટિબિંદુ છે. પ્રેમ એક એવું અસીમ આયતન છે કે તેમાંથી એક ફણગો ફૂટે છે અબઘડીનો, એકાએકનો. જેવો અંતરાત્મા જાગ્યો કે તરત જ સમર્પણની વ્યાકુળતા જન્મે છે. મીરાં કહે છે તેમ 'તલપ તલપ જીવ જાય' એવા હાલ થઈ રહે છે. અહીં જાગે છે એક સંઘર્ષ. સામાન્યતઃ પુરુષ એને માર્ગે, કર્મને માર્ગે કે જ્ઞાનને માર્ગે કે અન્ય માર્ગે, આગળ વધતો હોય છે. અને નારીને માટે તાત્કાલિક માર્ગ એક જ છે, – પ્રેમનો માર્ગ. અને એમાં ક્રમશઃમાં જે 'ક્રમ' કહીએ છીએ તે ક્યાં? પ્રેમમાં ક્રમ કે યોજના જણાય છે? એ તો એક એવી ઘટના છે, એવી ક્ષણ છે, જે 'તત્ક્ષણાત્' (immediate) હોવી ઘટે!

પુરુષ લગ્ન કરીને પત્નીને ધીરે ધીરે ઓળખતો થતો જાય, નારી લગ્ન થતાં વેંત જ સર્વસ્વ તજીને પતિના નવા સંસારમાં, વાતાવરણમાં ઝંપલાવે. જીવનમાં પિતા થાય એટલે પોતાના સંતાનને ક્રમશઃ ચાહતો થાય, ઓળખતો થાય, પામતો થાય તો કોઈ મુશ્કેલી જણાતી નથી. પણ મા? બાળકને જન્મતાં વેંત જો સ્વીકારી ન શકે તો? ચાહે નહિ તો? બને એમ? સંસાર થંભી જાય! જીવધર્મની (biologically) દૃષ્ટિએ વિધાતાએ નારીને સબૂર રાખવાનો સમયનો ગાળો દીધો નથી! અને તેથી જ નારીને 'બેસબૂરી'માં કેટકેટલી ભૂલભ્રાંતિ વેઠવી પડે છે? અને તોય એ બેસબૂરીનો – અબઘડીનો – સ્વીકાર નહિ કર્યે ચાલશે? કબીરે કહ્યા પ્રમાણે એ 'અઢી અક્ષરો'નો મહિમા પિછાન્યો છે? કોઈ વિકલ્પ છે? એ થઈ કટોકટીની પસંદગીની વાત (crucial choice)!

આ એક સમસ્યા થઈ! નીતિમૂલક સમસ્યા, પ્રેમમૂલક સમસ્યા, કર્તવ્યમૂલક સમસ્યા, શ્રેય-પ્રેય-મૂલક સમસ્યા! ઉત્તર? શ્રી અરવિંદના 'યોગ-માર્ગોના સમન્વય'ના ભક્તિમાર્ગના છેલ્લા પ્રકરણમાં 'પ્રેમનું રહસ્ય' પ્રકરણ

છે, એ જોઈને સમજાશે કે વાતો કરવા જેવો, વિદ્વત્તા દર્શાવવા જેવો, સમાજના હિતચિંતકની દૃષ્ટિએ સૈદ્ધાન્તિક સમત્વ જેવો, ઉપરછલ્લો કોઈ ઉકેલ નથી! આ પ્રકરણને અંતે એનો ઉતારો આપીશું. પેલા એફ્રહાર્ટે નિર્દેશેલા પાંચ મુદ્દાઓને આધારે, ખુલ્લા થઈને જોઈશું તો 'મર્મ' સમજાઈ જશે,– પણ પોતાના પૂરતો જ!

બલા નામનો એક બાઉલ હતો. તે માછીમારોનો જાણે કે રાજા! મેઘના નદીના ઉપરગાળામાં એનો લાગો હતો. જુવાનીમાં તેને સ્ત્રીનો વિયોગ થયો. એક વાર ઉદાસ ભાવે નૌકામાં તે જઈ રહ્યો હતો. ત્યાં લગ્નપ્રસંગ વીતી ગયા પછી માતા કન્યાને વિદાય દઈ રહી હતી. આ દૃશ્ય બલાએ જોયું. કન્યાની નૌકા આગળ ધપી રહી હતી. કન્યાએ માછીમારોને અને ઢોલીડાઓને ગાનવાદન બંધ કરવા કહ્યું. પોતાની ધ્રૂસકે ધ્રૂસકે ક્રંદન કરતી માનું રુદન તેને માટે અસહ્ય થઈ પડ્યું, ઢોલ–ગાન–વાદન વિક્ષેપ થયાં!

આ દૃશ્ય જોયું કે બલાના મનમાં ભાવ સ્ફુરી આવ્યો. પોતે દૂર જઈ રહ્યો છે. માતાનું ક્રંદન કન્યાના વિયોગથી સચરાચર વ્યાપી ગયું છે. એના અંતરમાં વ્યાકુળતા જન્મી, કંઈક થઈ રહ્યું! કેમ એમ થાય છે, સમજાયું નહીં. ગયો ગુરુ નિત્યનાથની પાસે. બધી વાત કરી. કહે છે: "દીક્ષા આપો, ગુરુ!" નિત્યનાથે કહ્યું: "બલા, તને હવે શી દીક્ષા આપું? જગતજનની સ્વયં તને માતૃવિચ્છેદ વ્યાકુળતા કન્યારૂપે દીક્ષા દઈ ગઈ છે. તારા અંતરની આ જે વેદના, આ દર્દ, આ વ્યાકુળતા, આ બાવરાપણું, એ જ થયો દીક્ષાનો સૂક્ષ્મ મંત્ર..."

આચાર્ય ક્ષિતિમોહન સેન પ્રેમની સાધનાને વિષે લખતાં જણાવે છે: "પોતાના જીવનમાં ઘણાએ જોયું હશે કે પ્રેમના માર્ગમાં શું શું છે. અને છતાં પ્રેમ પામીને જે વેદનાનો અનુભવ થાય છે, તેના કરતાં પ્રેમની-વ્યથા પામ્યા વગર જીવનમાં જે સંઘર્ષ થાય છે, તેમાં થતી વેદના ઓછી નથી જણાતી! અને આમ પ્રેમની સાચી અણિશુદ્ધ વેદના ન અનુભવ્યા છતાંય તેનું જે દરદ છે તે દર્શાવવા નવલકથાઓ, વાર્તાઓ, નાટકો, કાવ્યોનો કેટકેટલો આડંબર મચે છે!" એટલે જ બાઉલ, વાણીને ગુપ્ત રાખવા ઇચ્છે છે,– કદાચ નજરાઈ ન જાય, કદાચ માત્ર સાહિત્યિક વાહવાહમાં ઇન્દ્રિયોપભોગનું સાધન બનીને છેતરાઈ ન જાય!

બાબા કહે છે: "પ્રેમની સાધનામાં રૂપમાં (Form) પ્રવેશ કરવો પડે છે; રૂપ એટલે સુંદર કે અસુંદર નહિ, માત્ર આકાર (Being). જો રૂપમાં જ મશગૂલ થઈ ગયા તો તેની ઊર્મિઓની સાથે પડવા-ઊપડવામાં ચઢવાનું-પડવાનું થવાનું. દુર્દશા થઈ જાય, બેહાલ બની જવાય, એમાં ડૂબકી મારવી પડે. કેમ કરીને ડૂબકી મરાય? એ શીખવે સદ્‌ગુરુ. કેટકેટલાં જળચર પ્રાણીઓ હોય,–નાનાંમોટાં, રાક્ષસી, અષ્ટપદી! સદ્‌ગુરુની ગમ (ગુરુગમ) કામગરી થાય,–શરણાગતિ!" પેલી લોયણ કહે છે તેમ 'ચૂપ'!

અહીં માત્ર ઇન્દ્રિયોની દૃષ્ટિ કે સ્પર્શ કામમાં નથી આવતાં. ચર્મ-દૃષ્ટિને ઠેકાણે મર્મદૃષ્ટિ જોઈએ. એક 'મટકુ' માંડો એટલે સમજાઈ જશે!

બાબા કહે છે: "પ્રેમની આ સાધના વિરાટ છે. જો આ સાધના અસાધ્ય હોત તો ભગવાન તેમાં સાથ ન આપત. તેઓ તો અરૂપ છે. આપણે રૂપવાળાં (રૂપાળાં?) છીએ. તેઓ અરૂપ છે, તેથી જ તો રૂપમાં પ્રકટ થવા માગે છે, ચાહે છે; આ વૈવિધ્યનું રસપાન કરવા–ભોગ મ્હાણવા ઇચ્છે છે."

મીરાં કહે છે: 'મીરાં દાસી જુગજુગ પ્યાસી, પડી તમારે પાય.'

આ થઈ બાઉલની પ્રેમસાધના.

* * *

ગુરુદેવ રવીન્દ્રનાથ બં. સં. ૧૩૮૫ની પોષ માસની સત્તરમી તિથિએ પ્રાર્થનામંદિરમાં પ્રાર્થના કરે છે: "ગઈ કાલે રાતે આ ગાન મારા મનમાં ગૂંજ્યું: 'હે નાથ, પ્રેમને પંથે બધી બાધાઓ દૂર કરી દો, વચ્ચે કાંઈ જ રાખો નહીં, તમે દૂર ના રહો. નિર્જનમાં કે જનસમાજમાં, અંતરમાં કે બહાર, રોજ તમને જોયાં કરું?'

અરે, આ વળી કેવી પ્રાર્થના! કોની સાથે આ પ્રેમ? મનુષ્ય શી રીતે કલ્પના કરી શકશે કે મોઢેથી ઉચ્ચારી શકશે, કે વિશ્વભુવનના ઈશ્વરની સાથે એ તો વળી પ્રેમ કેવો? ક્યાં વિશ્વભુવનેશ્વર અને ક્યાં એક ક્ષુદ્ર માનવ?...

આશ્ચર્ય એ છે કે પોતાની જાતને જેટલા પ્રમાણમાં દીન જાણીએ તેટલા પ્રમાણમાં તેમનો પ્રેમ વિશાળ જણાતો જશે. તેમના પ્રેમના ઐશ્વર્યની

ઉપલબ્ધિમાં તેમના પ્રેમને જ અનંત રૂપે જાણીશું, પોતાની જાતને વચ્ચે આણીશું નહીં. જ્ઞાન પામ્યા એટલે જ્ઞાની છીએ એવો ગર્વ થાય, પણ પ્રેમ પામ્યા એટલે પોતાને અધમ ગણીને પણ આનંદ પામીએ. પાત્ર જેટલું ગંભીરભાવે શૂન્ય તેટલું તે વધારે સુધારસથી ભરાઈ જાય...હે પ્રભુ, આ જગતમાં હું જેટલો ક્ષુદ્ર, જેટલો દીન, દુર્બળ, પોતાના મારાપણામાં ('આમિનિકેતન'માં), તેટલો તેમના પ્રેમે પરિપૂર્ણ અને તેટલો કૃતાર્થ."

નિરક્ષર ચમાર મરમી સંત રવિદાસની વાણી તો જુઓ :

સાઇઁ, તેરી પ્રીતસમાધિ લાગી।
દહિ અનંગ ભસમ અંગ સંતત બૈરાગી॥
અનલ નૈન દીપ્ત બૈન સમ જટાધારી।
કોટિ કલ્પ ધ્યાન અલ્પ મદન અંતકારી॥

પરમ તત્ત્વ ધ્યાન મત્ત કોટિ સૂરજ માલા।
પ્રેમ મગન નૃત્ય ગગન બૈરી બહ્નિજવાલા॥

અસ મહેસ રુદ્ર ભેસ અજહુઁ દરસ આસા।
કૈસે સાઁઇ મિલૌ તોહીઁ ગાવૈ રૈદાસા॥

"હે સ્વામી! તમારી પ્રેમસમાધિમાં યુક્ત થઈને યોગેશ્વર મહેશે અનંગને ભસ્મ કરીને, અંગે ભસ્મ ચોળીને, શાશ્વત વૈરાગ્ય ધારણ કર્યો છે. એ મદનભસ્મકારી આંખોમાં અગ્નિ છે, તેમનું વદન ઝળહળતું છે, માથે છે જટાનો ભાર, કોટિકલ્પ ધ્યાન પણ તેમની આગળ અલ્પમાત્ર છે. તેઓ પરમ તત્ત્વના ધ્યાનમાં મસ્ત છે, કોટિ સૂર્યની માળા તેમને કંઠે શોભી રહી છે, તેમનું પ્રેમનિમગ્ન નૃત્ય નિરંતર ગગનમાં થઈ રહ્યું છે. એ નૃત્યની આસપાસ વહ્નિની જ્વાળાઓ જળી રહી છે. જેમનો આવો રુદ્ર વેશ છે, એવા તમારા દર્શનની આશાએ આકુળ છું. રવિદાસ ગાય છે કે હે સ્વામી, ક્યારે તમારી સાથે મિલન થશે" ?

આપણો ભક્ત કવિ ભોજો કહે છે :

"ગગન ગાજે ત્યાં અનહદ બાજે, સદગુરુ સાન શિખાયા,
ભોજો કહે પ્રેમપ્યાલો પીતાં નયને નીર છલકાયાં."

કબીર ગાય છે :

"ન પલ બિછુડે પિયા હમસે, ન હમ બિછુડે પિયારેસે ।
ઉન્હીસે નેહ લાગા હૈ, હમનકો એકરારી ક્યા ?
કબીરા ઇશ્કકા માતા, દુઇ કો દૂર કર દિલસે ।
જો ચલના રાહ નાજુક હૈ, હમન સર બોઝ ભારી ક્યા ?"

વળી મીરાં :

"સૂલી ઉપર સૈજ હમારી સોવન કિસવિધ હોય ।
ગગનમંડળ પર સેજ પિયાકી કિસવિધ મિલન હોય ॥"

(આ ગાનમાં પાઠાંતર પણ છે.)

અહીં ઉપર જણાવેલા શ્રી અરવિંદના પુસ્તકમાંથી ઉતારો કરીને 'પ્રેમનું રહસ્ય' શું છે તે જોઈએ. સૂચન એ છે કે શ્રી અરવિંદનું નામ સાંભળીને રખેને કોઈ શુષ્ક યોગસાધનાની વાત માની લે. એમણે પ્રેમની સઘળી અવસ્થાઓનું, ભૂમિકાઓનું, સંક્ષિપ્ત તાદૃશ વર્ણન કર્યું છે. જરા ધીરજ રાખીને સમજવાનો પ્રયત્ન કરવાથી લાગે છે કે આવું ક્યાંય ભાગ્યે જ કોઈએ લખ્યું હશે. શ્રી અરવિંદ કહે છે :

"દિવ્ય પ્રેમની વધારે વિવિધ અને પૂરી ગાઢ અનુભૂતિ માત્ર વ્યક્તિત્વ-હીન અનંત બ્રહ્મનું અનુસરણ કરવાથી મળતી નથી; એને માટે તો આપણા આરાધ્ય દેવે આપણી સાથે નિકટ અને અંગત બનવું જ પડે...હૃદય જે ઝંખે છે તેની સમસ્ત અને સંપૂર્ણ સમગ્રતાને પહેલેથી જ પકડી પાડવાનું શક્ય ના પણ બને. હકીકતમાં તો, જો આપણા પૂર્વજીવનના પરિણામે આપણી બુદ્ધિ, મનોવૃત્તિ અને ઊર્મિભર્યું ચિત્ત વિકાસ સાધીને વિશાળ અને સૂક્ષ્મ બનેલાં હોય તો જ એ શક્ય છે...ભક્તિદ્વારા થતા પૂર્ણયોગની રીત આવી છે : ઇષ્ટ-દેવતા અંગેના આ ખ્યાલને પૂરો વ્યાપ્ત બનાવવો; તેની સાથે અનેકગણો અને સર્વાંગી સંબંધ બાંધીને તેને અતિ ગાઢ રીતે અંગત બનાવવો; આપણી જાત સમક્ષ તેને સતત રીતે ધ્યાનમાં રાખવો તથા આપણી સમસ્ત જાત તેને જ અર્થે વાપરવી, તેને સોંપી દેવી, તેને સમર્પણ કરવી, કે જેથી તે આપણી સમીપ અને આપણી અંદર નિવાસ કરે અને આપણે નિવાસ કરીએ તેની સમીપ, તેની અંદર...તે સ્વામી પણ છે જ. બિલકુલ શરૂઆતથી પણ પ્રેમી અને પ્રિયતમાનો આ ગાઢ સંબંધ

સંભવિત છે....દિવ્ય પ્રેમી પ્રત્યક્ષ થાય છે જ અને જીવનને તે પોતાને કબજે પણ કરે છે; છતાં અસલ સંબંધ તો રહેશે પ્રેમનો જ, – એવા પ્રેમનો કે જેમાંથી અન્ય સર્વ બાબતો ઉદ્ભવશે, એવો પ્રેમ કે જે હશે આવેગપૂર્ણ, પરિપૂર્ણ સાર્થકતાના સેંકડો માર્ગ શોધતો, પરસ્પરના કબજાના દરેક સાધનને હાથ કરતો, અદ્વૈતના આનંદના લખ લખ રસ્તા અજમાવતો. આવો પ્રેમ મનઘડ્યા સર્વે ભેદભાવોને, તેના સર્વે અંતરાયોને 'આમ તો બને જ નહીં' એવા તેના સર્વે સિદ્ધાંતોને તો હસી કાઢશે, અથવા તો તેમને અદ્વૈતની કસોટીઓ અને ક્રીડાંગણો અને પ્રવેશદ્વારો બનાવી મૂકશે. પ્રેમ તો આપણને અનેક રીતે આવી મળે છે: પ્રિયતમના સૌન્દર્યના ભાનરૂપી જાગી ઊઠે, તેની આદર્શ મૂરત કે મૂર્તિરૂપે દર્શન દે, દુનિયાના હજારો વસ્તુ-મુખની પાછળથી પોતાનો ટહુકાર સંભળાવે, હૃદયની ધીરે ધીરે ઊઘડતી કે ઓચિંતી ઊઘડી જતી ભૂખરૂપે જાગી જાય, આત્મામાં કોઈ અસ્પષ્ટ તૃષ્ણા જગાડે, આપણી પાસે ઊભું રહીને કોઈક આપણને પ્રેમપૂર્વક બોલાવી રહ્યું છે કે પાછળ પડી રહ્યું છે, આપણે જેને શોધવી જ પડશે એવી કોઈક આનંદ-મૂર્તિ કે સૌન્દર્યમૂર્તિ પાસે જ ફરી રહી છે, એવું ભાન જગાડે.

આપણે એને ઊછળતા આવેગથી શોધીએ અને એ વણદેખ્યા પ્રિયતમનો પીછો પકડીએ તે શક્ય છે; પરંતુ એય શક્ય છે કે જેનો આપણે વિચાર સરખોય ન કરતા હોઈએ તેવો પ્રેમી પોતે પણ આપણને શોધતો ફરતો હોય, અને દુનિયાના ભરબજાર વચ્ચે આપણને પકડી પાડે, અને પહેલાં તો આપણને ના પણ ગમે (કે ગમેય ખરું) તોય આપણને બાઝી જ પડે. અરે, એ તો આપણી સમક્ષ એક દુશ્મન તરીકે પણ આવે-ક્રોધથી ધૂંઆંપૂઆં થયેલો-પ્રેમનો ક્રોધ, અને આપણો તેની સાથેનો સંબંધ શરૂ થાય ઝપાઝપી અને મારામારીથી! અને પ્રેમ અને આકર્ષણથી શરૂઆત થઈ હોય તો પણ ભગવાન સાથેના આત્માના સંબંધમાં ગેરસમજૂતી અને રીસ, ઈર્ષ્યા અને ક્રોધ, તકરાર અને પ્રેમકલહ, આશા અને નિરાશા, અદર્શન અને વિરહની વેદના ઘણા વખત સુધી વચ્ચે આવ્યાં કરે પણ ખરાં! આપણે આપણા હૃદયના સર્વે આવેગોને તેની તરફ ઉભરાવા જ દઈએ કે જેથી છેવટે તેઓ આનંદ અને અદ્વૈતની નરી મસ્તીનું શુદ્ધ સ્વરૂપ ધારણ કરી લે. પણ તોય તે બની રહે છે એક એકધારી અવસ્થા! દિવ્ય પ્રેમના આનંદમાં જે સમગ્ર નિરપેક્ષ અદ્વૈત તથા જે સનાતન વિવિધતાઓ રહેલી છે, તેનું વર્ણન કરવું એ માનવવાણી માટે અસંભવિત છે. આપણા ઊર્ધ્વ તેમ જ

નિમ્ન, બંને પ્રકારનાં અંગો તેનાથી ઊભરાઈ જાય છે; અને આત્માના કરતાં મન અને પ્રાણ કાંઈ ઓછાં ઊભરાઈ જતાં નથી; ખુદ ભૌતિક દેહને પણ એ આનંદનો ભાગ મળે છે, તે પણ તેનો સ્પર્શ અનુભવે છે, તેનાં સર્વે અંગો, રગે રગ, નાડીએ નાડી, તેના આનંદના સોમરસથી, અમૃતથી ચકચૂર થઈ જાય છે. પ્રેમ અને આનંદ એ જ છે અસ્તિત્વની આખરી વાત, એના ભેદનો પણ ભેદ, રહસ્યનું પણ રહસ્ય!"*

આપણા ભક્ત કવિએ ગાયેલા ગીતની પ્રથમ પંક્તિ યાદ આવે છે:

"જે કોઈ પ્રેમ–અંશ અવતરે
પ્રેમરસ તેના ઉરમાં ઠરે."

---

*Love and Anand are the last word of being, – the secret of secrets, the mystery of mysteries.

# ૮. મરમી એંધાણ

આ પ્રકરણનું મથાળું શું રાખવું એ વિષે વિચાર કરી રહ્યો હતો. મૂળ વાત એ હતી કે પૂર્વમાં અને પશ્ચિમમાં જે વ્યક્તિઓએ, પછી તે મરમી હોય, સંત હોય, તત્ત્વજ્ઞ હોય, વિજ્ઞાની હોય, કવિ હોય, સાહિત્યકાર હોય,–પોતાના જીવનમાં મરમી જીવનના સ્પર્શની નાની મોટી અનુભૂતિ થઈ હોય, તેમનાં તે લખાણુમાંથી પ્રામાણિક ફકરો કે ઉતારો લેવો, બની શકે તો આત્મકથામાંથી. એટલે કે, મરમી જીવનનો જાણ્યેઅજાણ્યે સ્પર્શ તો થયો જ હોય છે ઘણાયના જીવનમાં; પરંતુ બધાય તેને વાચા આપી શકતા નથી હોતા. અને જેઓ અભિવ્યક્ત કરે છે તેઓ પણ તેની ભાષામાં સ્પષ્ટ અભિવ્યક્તિ નથી કરી શકતા, એવો ઘણાખરાનો એકરાર હોય છે. તો આવા ફકરા આ વિષયના દૃષ્ટાંતરૂપ બને. એને માટે કોઈ નિશ્ચિત ધોરણે મથામથ કરી નથી, જે મળી આવ્યું તેમાંથી વસ્તુ લીધું છે, એટલે સહૃદય વાચક અમુકને કેમ ન લીધા કે અમુકને કેમ લીધા, એવી ભાંજગડમાં ન પડે એ વિનંતી છે.[૧]

**ગોરખનાથ**ના ભજનની એક પંક્તિ મારા મનમાં આવી :

'જીવતા નર પૂજીએ રે ભાઈ
બોલતા નર પૂજીએ
જેને મળે નિરંજન રાય.'

નાનપણથી આ ભજન મને મોઢે હતું. એટલે મેં 'જીવતા અને જાગતા નર' એવો શબ્દપ્રયોગ કરવાનું વિચાર્યું, –(Living and Awakened Souls) પણ એમ કરતાં કરતાં ઉપરના શબ્દો મનમાં સ્ફુર્યા તે રાખ્યા છે. જેઓ 'મર્મની એંધાણી' પોતાના જીવનમાં મૂકી ગયા છે એવી ભિન્ન ભિન્ન પ્રકારની વ્યક્તિઓનાં લખાણમાંથી ભિન્ન ભિન્ન ભૂમિકાઓ વ્યક્ત કરતું લખાણ લેવું, એવો ખ્યાલ છે. મથાળાની આ સમજૂતી થઈ.

પ્રથમ લઉં છું ગુરુદેવ **રવીન્દ્રનાથની** વાણીમાંથી[૨]: "મારો જન્મ જે કુટુંબમાં થયો હતો તે કુટુંબની ધર્મસાધના એક વિશેષ પ્રકારની હતી.

૧. સરખાવો : 'નકશા હુકુમ ઇમારત ચલે, વૃક્ષ ચલે નિજ લીલા.'
૨. 'માનવ ધર્મ', ગુ. વ. સો., અનુ. જયંતીલાલ આચાર્ય, પૃ. ૭૨, વ.

ઉપનિષદ્ અને પિતૃદેવનું અનુભવલબ્ધ જ્ઞાન, રામમોહન અને બીજા બધા સાધકોની સાધના વગેરે અમારી કૌટુંબિક સાધના હતી. હું પિતાનો કનિષ્ઠ પુત્ર હતો. જાતકર્મથી માંડીને મારા બધા સંસ્કાર વૈદિક મંત્રો દ્વારા થયા હતા; અલબત્ત, બ્રાહ્મમતમાં હળીમળીને. હું નિશાળમાંથી પલાયન કરનારો વિદ્યાર્થી હતો. જ્યાં જ્યાં સીમા (બંધિયાર) જોતો, ત્યાં ત્યાં મારે બને નહીં. જે અભ્યાસ બહારથી લાદવામાં આવતો તે ગ્રહણ કરવાની મારી શક્તિ નહોતી. પરંતુ પિતૃદેવ કદાપિ તે માટે મને ધમકાવતા નહીં. તેઓએ પોતે પણ સ્વાધીનતા ઉપર આધાર રાખીને પૈતામહિક સંસ્કારો ત્યજ્યા હતા. ગભીરતર જીવનતત્ત્વ વિષે વિચારવાની સ્વાધીનતા મારી પણ હતી. એટલું જરૂર કે મારી આ સ્વાધીનતાને લીધે તેમને કોઈ કોઈ વાર દુઃખ થતું હતું. પણ તેઓ કાંઈ જ બોલતા નહીં.

બાલ્યકાળમાં ઉપનિષદનો ઘણોખરો ભાગ વારંવાર રટવાથી મને કંઠસ્થ થઈ ગયો હતો. બધું જ કંઈ ધ્યાનપૂર્વક ગ્રહણ કરી શક્યો નહોતો; શ્રદ્ધા હતી, શક્તિ કદાચ નહોતી.

એવે વખતે જનોઈ આવી. ઉપનયનના સંસ્કારને ટાણે મને ગાયત્રી-મંત્ર આપવામાં આવ્યો. તેનો કેવળ લપલપ કરીને જપ કરતો તેમ નહોતું. વારંવાર સુસ્પષ્ટ ઉચ્ચારણ સાથે રટણ કરતો. વળી પિતાની પાસેથી ગાયત્રીમંત્રનો ધ્યાનનો અર્થ પણ મળ્યો. તે વખતે મારી ઉંમર લગભગ બાર વર્ષની હશે. આ મંત્રનો વિચાર કરતાં કરતાં થતું કે જાણે આ વિશ્વભુવનનું અસ્તિત્વ અને મારું અસ્તિત્વ એકાત્મક છે. આ ભૂર્લોક અંતરિક્ષ છે, હું તેની સાથે એક છું. આ વિશ્વબ્રહ્માંડના આદિમાં અને અંતમાં જેઓ છે, તેઓ જ આપણા મનમાં ચૈતન્યને પ્રેરે છે. એ ચૈતન્યની અને વિશ્વની, એમ બંને સૃષ્ટિની ધારાઓ બહારથી તેમ જ અંદરથી એક ધારામાં મળે છે.

આ રીતે ધ્યાન દ્વારા જેમની ઉપલબ્ધિ કરું છું, તેઓ વિશ્વાત્મામાં, મારા આત્મામાં, ચૈતન્યના યોગથી જોડાયેલા છે. આવા વિચારોના આનંદથી મારા મનમાં એક પ્રકારનો જ્યોતિ પ્રગટ્યો! આ વાત મારા મનમાં અત્યારે પણ સુસ્પષ્ટ છે.

જ્યારે ઉંમરલાયક થયો, અઢાર કે ઓગણીશ વર્ષનો, વીશ પણ કદાચ હોય, ત્યારે ચૌરંગીમાં ભાઈની સાથે હતો. આ ભાઈ મારા એકી સાથે મિત્ર અને સહયોગી હતા.

તે વખતે પરોઢિયે ઊઠવાનો રિવાજ હતો. પિતા પણ વહેલા ઊઠી જતા. યાદ આવે છે કે એક વાર ડેલ્હાઉસી પહાડ ઉપર પિતાની સાથે હતો. ખૂબ ઠંડી હતી. એવી ઠંડીમાં હાથમાં દીવો લઈને પિતા આવીને મને પથારીમાંથી ઉઠાડતા. એ અભ્યાસ પ્રમાણે વહેલો ઊઠીને એક દિવસ ચૌરંગીવાળા મકાનના છજ્જામાં ઊભો હતો. પાસે એક નિશાળ હતી. પૂર્વમાં જોયું તો સૂર્ય ઊગી રહ્યો હતો. જેવો સૂર્યનો આવિર્ભાવ પેલા ઝાડની પાછળથી થયો કે તરત જ મનનો પડદો ખૂલી ગયો! સૂર્યોદયની સાથે મારા મનનું આવરણ ખૂલી ગયું! સત્યને મુક્ત દૃષ્ટિથી જોયું, મનુષ્યના અંતરાત્માને જોયો...આ મારી પ્રથમ સૌન્દર્યાનુભૂતિ હતી. આસપાસમાં બધું જ કોઈ અનિર્વચનીય આનંદમાં જણાયું. રોજબરોજનાં દશ્યો બદલાઈ ગયાં અને તેમનામાં જે ચિરકાળનો માનવ રહેલો છે તેને જોયો."

રવીન્દ્રનાથની કવિતાનો ઉઘાડ આ પછી થયો. તેઓ જણાવતા કે ગાયત્રીમંત્રનું રહસ્ય અને ઉપનિષદનો સ્વાધ્યાય – નિદિધ્યાસન – આના ફળરૂપે નવાં સ્વરૂપો ધારણ કરવા લાગ્યાં...

ડૉ. **આર. એમ. બક** (Bucke) કેનેડાના મનોવૈજ્ઞાનિક ચિકિત્સક (psychiatrist) હતા. એમણે વૈશ્વિક ચેતના (Cosmic Consciousness) નામનું પુસ્તક લખ્યું છે. એ પુસ્તક પશ્ચિમમાં જાણીતું છે. શ્રી અરવિંદે પણ તેનો સાંજના વાર્તાલાપોમાં ઉલ્લેખ કરેલો છે. તેમને એક વિશ્વચેતનાની અનુભૂતિ થાય છે. તેઓ જણાવે છે: "એક મોટા શહેરમાં મેં મારા બે મિત્રો સાથે સાંજ ગાળી. તે વખતે અમે કવિતા અને તત્ત્વજ્ઞાનની ચર્ચા-વિચારણા કરી. મધ્યરાતે અમે છૂટા પડ્યા. મારે સ્થાને જવા માટે લાંબો રસ્તો કાપવાનો હતો. પેલી વાતચીત અને વાચનના ફળરૂપે ઘણા વિચારોમાં, લાગણીઓમાં અને કલ્પનાઓમાં મન પરોવાઈ ગયું હતું. મન શાંત હતું, નિઃસ્તબ્ધ હતું. હું તે વખતે નિશ્ચેષ્ટ અવસ્થામાં હતો, એક પ્રકારની નિષ્ક્રિય ખુશીની સ્થિતિમાં. ખરી રીતે વિચારની ક્રિયા ચાલતી નહોતી, – બધું વહી જતું, વહી જવા દેતો. અને એકાએક કોણ જાણે કેવી રીતે એક જ્વાલાના રંગથી ભરેલા વાદળમાં વીંટળાઈ ગયો! ઘડીભર એમ લાગ્યું કે ક્યાંક આગ લાગી છે, શહેરમાં ક્યાંક મોટી જ્વાળાઓ ભભૂકી રહી છે. બીજી ક્ષણે લાગ્યું કે એ આગ મારામાં પ્રકટી હતી. થોડી જ વારમાં મારામાં એક આહ્‌લાદ પ્રકટ્યો, એક ભરપૂર આનંદની અનુભૂતિસંપન્ન. એને પરિણામે બુદ્ધિને એક પ્રકાશ

લાધ્યો, જેનું વર્ણન કરવું અશક્ય છે. એક એવી માન્યતા મનમાં થઈ આવી; અરે, જોયું કે આ વિશ્વ કોઈ મૃત પદાર્થનું બનેલું નથી; ઊલટું, એક જીવંત હાજરીથી (Presence) ભરેલું છે. મારી જાતનું મને ભાન થયું અને એક શાશ્વત જીવનનો હું ભાગીદાર છું એમ લાગ્યું. શાશ્વત જીવન મને પ્રાપ્ત થશે એવી એ પ્રતીતિ માત્ર નહોતી, તે એક એવી ચેતના હતી કે હું તે સમયે શાશ્વતીમાં છું. મને લાગ્યું કે બધા જ મનુષ્યો અમર છે; આ વૈશ્વિક વ્યવસ્થા એવી છે કે પ્રત્યેક પદાર્થ બીજાના ભલાને માટે કાંઈ મુશ્કેલી વગર ગતિશીલ થઈ રહ્યો છે; આ સૃષ્ટિનો પાયો, અરે, બધી સૃષ્ટિઓનો, પ્રેમ પર રચાયેલો છે; અને લાંબે ગાળે સર્વનું કલ્યાણ નિશ્ચિત છે. આ પ્રકારનું દૃશ્ય, અનુભૂતિ થોડી સેકન્ડો ચાલી અને પછી બધું ચાલ્યું ગયું! પરંતુ એની સ્મૃતિ અને તેણે જે દર્શાવ્યું તેની વાસ્તવિકતા પછીનાં પચીશેક વર્ષો લગી અકબંધ રહ્યાં. મેં જાણ્યું હતું કે એ જે જણાયું તે સાચું હતું. અને હું એક એવા દૃષ્ટિબિંદુમાં દીક્ષિત થયો કે તે સાચું હોવું જ જોઈએ. એ દૃષ્ટિબિંદુ, એ પ્રતીતિ, એમ પણ કહું કે એ ચેતના, ગમે તેવા ઊંડા વિષાદના ગાળામાં પણ મેં ગુમાવ્યાં નથી."...

**શ્રી અરવિંદના** બંગાળીમાં લખાયેલા પુસ્તક 'કારાવાસની કહાણી'માંથી થોડુંક જોઈએ. એમાં એમણે જેલમાં થયેલા અનુભવ નોંધ્યા છે, જેમાંથી કેટલાક પૂર્વજીવનના નોંધવા જેવા લાગ્યાથી લીધા છે. એમાં એક ખેડૂતના જીવનનો જાત અનુભવ ઉપરથી જે ચિતાર તેમણે આપ્યો છે, તે અવિસ્મરણીય છે. હું ધારું છું કે ભારત શું છે તે સમજવામાં એ ઉપકારક નીવડશે. ભણેલાગણેલા સિવાય જે અસંખ્ય લોકોમાં કેવી કેવી વ્યક્તિઓ રહી છે તેનું આ દૃષ્ટાંત છે.

"'એક વર્ષનો જેલનિવાસ' શબ્દો વાપર્યા છે પણ તેને 'એક વર્ષનો વનવાસ' અથવા એક વર્ષનો આશ્રમવાસ કહેવું જોઈએ. બહુ દિવસથી હું હૃદયવાસી નારાયણનાં સાક્ષાત્ દર્શન કરવાનો પ્રબળ પ્રયત્ન કરી રહ્યો હતો. મારા હૃદયમાં તીવ્ર ભાવના થયાં કરતી હતી કે જગદાધાર પુરુષોત્તમને બંધુભાવથી અથવા પ્રભુભાવથી પ્રાપ્ત કરું. પણ સંસારની હજારો વાસનાઓનું બંધન, અનેકાનેક કામની જંજાળ અને અજ્ઞાનરૂપી અંધકારને લીધે સફળતા મળી શકતી ન હતી. અંતે પરમ દયાળુ મંગળમૂર્તિ શ્રી હરિએ તે સર્વે શત્રુઓનો એક સામટો જ અંત લાવી, મારો માર્ગ ખુલ્લો કરી દીધો. પ્રભુએ મને યોગાશ્રમ બતાવ્યો, અને પોતે ગુરુરૂપે, સખારૂપે, તે કંગાળ કોટડીમાં

આવી પ્રત્યક્ષ થયા ! અને તે યોગાશ્રમ એટલે અંગ્રેજોની જેલ !...... મને સમજાયું કે ભગવાન મારી સાથે ફક્ત રમત રમી રહ્યા છે, અને એ રમતના બહાના તળે મને ઉપયોગી તાલીમ દઈ રહ્યા છે. પહેલી વાત એ કે દૃઢ મનના કેદીને એકાંત કેદમાં જીવનના રહસ્યના વિચારો આવવા માંડે છે....ભગવાનની બીજી મરજી મને એકાંતવાસની ટેવ પડાવવાની હતી. જે માણસ યોગસાધના ઇચ્છે છે તેને એકાંતવાસ કે વસ્તીમાં વાસ બંને સરખાં લાગવાં જોઈએ, અને બન્યું પણ એવું જ કે મારી નબળાઈ થોડા જ દિવસોમાં ચાલી ગઈ. મંગળમૂર્તિ ઈશ્વર અમંગળમાંથી પણ મંગળ પેદા કરે છે. ત્રીજી શિખામણ એ હતી માત્ર મારા પ્રયત્નથી યોગસાધના થાય નહીં. ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને તેને ખોળે બધું ધરી દેવું, એ જ સિદ્ધિ મેળવવાનો ઉપાય છે. ભગવાન પોતે પ્રસન્ન થઈ જે બળ, સિદ્ધિ અથવા આનંદ આપે તેનો ઉપયોગ કરી, તેના જ કામમાં મંડ્યા રહેવું એ મારા જીવનનો હેતુ હોવો જોઈએ. જ્યારથી અજ્ઞાનનું અંધારું ઘટવા માંડ્યું, ત્યારથી જ હું જગતની ઘટમાળ જોઈ, મંગળમય શ્રી હરિનું આશ્ચર્યમય, અનંત, મંગળ સ્વરૂપ સમજવા લાગ્યો. જગતનો કોઈ બનાવ એવો નથી – ચાહે તે નાનો હોય કે મોટો – કે જેની મારફત કોઈ શુભ કાર્ય થતું ન હોય..

એક દિવસ સાંજે હું કાંઈ વિચાર કરતો હતો. મારા મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. ધીમે ધીમે એ બધા વિચારો એવા મેળ વિનાના થવા લાગ્યા કે એમની ઉપર બુદ્ધિનો કાબૂ મને નાશ પામતો જણાયો. મન જરા ઠેકાણે આવ્યું ત્યારે મને યાદ આવ્યું કે બુદ્ધિનો કાબૂ લોપ થવા છતાં બુદ્ધિ તો ઘડીવાર પણ લોપ અથવા ચલિત થઈ ન હતી. પણ શાંત રીતે મનની આ નવાઈની પ્રવૃત્તિ જોઈ રહી હતી. હું ગાંડો થઈ જઈશ એવી બીકથી ગભરાઈ ગયેલો હોવાથી મને તે વખતે આ વાત સમજાઈ ન હતી. મારી બુદ્ધિને બહેકી જતી બચાવી, તે ખાતર મેં અંતઃકરણપૂર્વક પ્રભુની પ્રાર્થના કરી. બરાબર તે જ વખતે મારા સમસ્ત અંતરમાં એક એવી શક્તિ ફેલાઈ કે મારું આખું શરીર શીતળ થઈ ગયું. મારા બળતા હૈયામાં સુખ, આનંદ અને શાંતિનો સંચાર થયો, અને મને અપૂર્વ આનંદનો અનુભવ થયો. જેમ એક બાળક બેફિકર અથવા નીડર થઈ પોતાની માની ગોદમાં સૂઈ જાય છે, તે પ્રમાણે હું પણ જગદંબાની ગોદમાં સૂવા લાગ્યો. તે દિવસથી મારાં જેલનાં દુઃખોનો અંત આવ્યો. ત્યાર પછી કેદની અશાંતિ, એકાંત અને નવરાશથી થતી મનની બેચેની તથા

શારીરિક ક્લેશ અને વ્યાધિથી હું કોઈ કોઈ વાર કાયર થઈ જતો હતો, પણ તે દિવસે ભગવાને ઘડીવારમાં મારા અંતરાત્માને એવું બળ આપ્યું કે બધાં દુઃખ મારા હૃદયમાં આવી જતાં રહેતાં, પણ તેની કાંઈ નિશાની મારા મનમાં રહેતી નહીં. દુઃખમાં રહેતી વખતે પણ હું બળ અને આનંદ અનુભવતો હતો. મારી બુદ્ધિ પણ મનના આ દુઃખનો નાશ કરવા લાયક બની ગઈ હતી. આ બધાં દુઃખ અને કષ્ટ કમળપત્રને પાણીમાં રહેવા છતાં જેમ પાણી ચોટતું નથી, તેમ મારા હૃદયને અસર કરી શકતાં નહિ. પાછળથી મારાં પુસ્તકો આવ્યાં ત્યારે તેની જરૂર બહુ જ ઘટી ગઈ હતી. તે પુસ્તકો ન આવ્યાં હોત તો પણ હું રહી શકત. આ લખવાનો હેતુ જો કે આંતરિક જીવનનો ઇતિહાસ લખવાનો નથી, તો પણ આ વાતો લખ્યા વિના રહી શકતો નથી; કારણ કે, તેને લઈને હું કેવી રીતે ઘણા દિવસો લગી કાળકોટડીમાં આનંદથી રહી શક્યો તેનો ખુલાસો થઈ જાય છે.

ઈશ્વરે મને ગાંડો ન બનાવી મૂક્યો, પણ કાળકોટડીમાં કેવી રીતે ધીમે ધીમે ઉન્મત્ત દશા ઉત્પન્ન થાય છે તે ખેલ મારી બુદ્ધિ સાબૂત રાખી મને બતાવ્યો; તે જોવાથી મને બળ મળ્યું, તથા જુલમ અને નિષ્ઠુરતાથી પીડિત માણસો પર મને વધારે ને વધારે દયા અને લાગણી થવા લાગ્યાં. પ્રાર્થના કરવાની અસાધારણ શક્તિ તથા સફળતા વધવા લાગ્યાં...

કારખાનાથી ગૌશાળા અને ગૌશાળાથી કારખાના સુધી આંટા મારતો અને આમ આંટા મારતાં મારતાં ઉપનિષદોના ગંભીર વિચાર જગાડનાર અને અક્ષય શક્તિ આપનાર મંત્રો યાદ કરતો, અથવા કેદીઓનું કામકાજ અને તેમની અવરજવર જોઈ 'ઘટમાં ઘટમાં વ્યાપક રામ' એ તત્ત્વ સમજવાનો પ્રયત્ન કરતો. ઝાડ, મકાન, દીવાલ, માણસ, પશુ, પક્ષી, ધાતુ, માટી 'સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ' આ મંત્રનો મનમાં ને મનમાં ઉચ્ચાર કરતો, અને તે પ્રમાણે અનુભવવાનો પ્રયાસ કરતો. આમ કરતાં કરતાં મારી એવી સ્થિતિ થઈ જતી કે જેલ મને જેલ લાગતી નહીં. ચાર ઊંચી દીવાલો, લોઢાના સળિયા, સૂર્યના તેજમાં ચળકતાં ઝાડપાન – સર્વે વસ્તુઓ જાણે કે મારે માટે જડ રહ્યાં નહિ, પણ સર્વવ્યાપી ચેતનરૂપ ધારણ કરી સજીવ થઈ રહ્યાં ન હોય! મને લાગતું કે તે સર્વે પદાર્થો મારા પર પ્રેમ કરતાં; અને મને ભેટવા તૈયાર થતાં. માણસ, ગાય, કીડી સર્વે ચાલતાં, ઊડતાં, ગાતાં, વાત કરતાં, પ્રકૃતિનો ખેલ ખેલી રહ્યાં છે! તે સર્વેની અંદર એક મહાન, નિર્લેપ, શાંતિમય અને ચિદાનંદ આત્મા

વસે છે; કોઈ કોઈ વાર એમ લાગતું કે જાણે ભગવાન ઝાડ નીચે આનંદમાં વાંસળી વગાડે છે, અને સ્વરની મધુરતાથી મને ખેંચી રહેલ છે; મને સર્વદા એમ લાગતું હતું કે કોઈ મને આલિંગન કરી રહેલ છે, કોઈએ મને ગોદમાં રાખેલ છે, મારાં સમગ્ર મન અને પ્રાણ આ ભાવનાને વશ થઈ ગયાં. મારા હૃદયમાં એવી નિર્મળ શાંતિ નિવાસ કરવા લાગી કે જેનું વર્ણન કરવું મારી શક્તિની બહારની વાત છે! મારા હૃદયનાં કમાડ ઊઘડી ગયાં! સર્વે જીવો પ્રત્યે પ્રેમની ધારા વહેવા લાગી. પ્રેમની સાથે દયા, કરુણા, અહિંસા, ઇત્યાદિ સાત્ત્વિક વૃત્તિઓએ આવી, મારી રાજસી વૃત્તિને ઢાંકી દીધી અને પોતાનો અધિક ફેલાવો કરવા લાગી. જેમ જેમ આ ભાવોનો પ્રકાશ થવા લાગ્યો, તેમ તેમ આનંદ વધવા લાગ્યો અને નિર્મળ શાંતિનો ભાવ ગંભીર થવા લાગ્યો. મુકદ્દમાની ચિંતા તો ક્યારનીયે અદૃશ્ય થઈ હતી. હવે તો મારા મનમાં ખાતરી થઈ ગઈ કે ભગવાન મંગળમય છે, મારું મંગળ કરવા માટે જ મને કેદખાનામાં લાવેલ છે; નક્કી નિર્દોષ ઠરીને છૂટી જઈશ, મુક્ત થઈ જઈશ.''

શ્રી અરવિંદની આ અનુભૂતિ વિસ્તારમાં વર્ણવતી અહીં રજૂ કરી છે, તેની સુજ્ઞ વાચક નોંધ લેશે એમ આશા રાખું છું. હવે આપણે જેલમાં એક નિરપરાધી વ્યક્તિની વાત કરી છે, ભારતના સેંકડો માણસો કેવા હશે તેનો ખ્યાલ એ પ્રસંગ આપે છે. તેથી તે ઉતારીને સમાપ્ત કરીશ.

“અલીપુરના એક નિરપરાધીની વાત જણાવું. એ માણસ લૂંટ કરવાની બાબતમાં ફસાઈને દશ વરસની સખત જેલ ભોગવી રહ્યો હતો. જાતે ખેડૂત, અશિક્ષિત, લખવા–વાંચવાની વાત નહીં. ધર્મ એ એક તેનું ભાથું, ભગવાનમાં આસ્થા અને આર્ય શિક્ષણને સુલભ એવું ધૈર્ય અને બીજા કેટલાક સદ્‌ગુણો તેનામાં હયાત હતા. એ વૃદ્ધનો ભાવ જોઈને મારી બધી વિદ્યા અને સહિષ્ણુતાના ચૂરેચૂરા થઈ ગયા! એ વૃદ્ધની આંખોમાં હંમેશાં સરળ મૈત્રીભાવ ઝળહળતો, તેના મોંમાંથી સદાય નિર્દોષ પ્રીતિપૂર્ણ વાતો નીકળતી. ઘણી વાર તેઓ અપરાધ વગર કષ્ટ ભોગવવા પડતાં તેની વાતો કાઢતા, છોકરાંછૈયાંની વાતો થતી, ભગવાન ક્યારે મુક્ત કરીને સ્ત્રી અને સંતાનોનું મોઢું જોઈ શકશે એ પ્રકારના મનોભાવ જણાવતા. પણ મેં કદાપિ એમને નિરાશ કે અધીરા જોયા નથી. ભગવાનની કૃપાની પ્રતીક્ષા કરતા ધીરભાવે જેલનાં કાર્યો કરતા, દિવસો વિતાવી રહ્યા છે. એ વૃદ્ધના

જે સઘળા પ્રયત્નો કે ભાવના હતાં તે પોતાને માટે ન હતાં, પણ પારકાની સુખસગવડની ખાતર થતાં. તેમની વાતે વાતે દયા અને દુઃખી પ્રત્યેની સહાનુભૂતિ પ્રકટ થતાં. બીજાની સેવા કરવી એ તેમનો સ્વભાવગત ધર્મ હતો. આ બધા ગુણો તેમની નમ્રતાને લઈને ઓર દીપી ઊઠે છે! મારા કરતાં હજારગણું ઉચ્ચ હૃદય જોઈને હું લજવાઈ જતો, તેમની સેવા સ્વીકારતાં સંકોચ થતો. પણ એ કાંઈ છોડે એવા નહોતા! મારી સુખ-સગવડ વિષેની ચિંતા તેઓ દરરોજ કરતા, જેવી મારા પ્રત્યે તેવી સૌ પ્રત્યે એક જ દૃષ્ટિ! કોઈ ખાસ નિરપરાધીને કે દુઃખીને જોઈને દયા વરસાવતા, તેમનું સેવાસન્માન ખૂબ કરતા અને છતાં વાણીમાં અને આચરણમાં શું સહજ પ્રશાંત ગાંભીર્ય! શો મહિમાનો પ્રકાશ! દેશ તરફનો પણ તેમનો અનુરાગ ઘણો હતો. એ વૃદ્ધ કેદીની દયા અને ઔદાર્યપૂર્ણ શ્વેતશ્મશ્રુમંડિત સૌમ્ય મૂર્તિ ચિરકાળને માટે મારા સ્મૃતિપટ પર અંકાયેલી રહેશે. આવા અવનતિના દિવસોમાં પણ ભારતવર્ષમાં એક ખેડૂતમાં, જેને આપણે નિરક્ષર 'છોટા લોક' કહીએ છીએ. – આવું હિંદનું એક સંતાન જોઈને ભારતના ભાવિની આશા પ્રબળ બને છે. શિક્ષિત યુવકગણ અને અશિક્ષિત કૃષિ લોકો, – આ બંનેમાં ભારતનું ભાવિ રહેલું છે. આ બંનેના મિલનથી ભવિષ્યની આર્ય જાતિ સુગઠિત થશે."...

આધુનિક યુગના મહાન વૈજ્ઞાનિક **આઇન્સ્ટાઇનનું** દૃષ્ટિબિંદુ જોવા જેવું છે. તેઓ જણાવે છે:

"આપણામાંનો દરેક જણ એક ટૂંકી મુદત માટે અહીં આવે છે. શા માટે આવે છે એની એને ખબર હોતી નથી, તેમ છતાંય કેટલીક વાર કોઈક હેતુનું અનુસંધાન કરે છે.

આપણે સૌથી સુંદર એવી અનુભૂતિ કરી શકીએ તે છે એક રહસ્યમયની અનુભૂતિ. જીવનના આ ગૂઢ તત્ત્વનું આંતરદર્શન ભયસહિત થતું હોય, તોય તેણે રિલીજિયનને (ધર્મને) જન્મ આપ્યો છે. આપણે જેનો પાર પામી ન શકીએ એ ખરેખર હયાતી ધરાવે છે એ જાણવું, જેમને આપણી મંદ બુદ્ધિશક્તિ તેમના અત્યંત પ્રાથમિક અવસ્થાનાં સ્વરૂપો તરીકે પિછાની શકે એવાં સર્વોપરી પ્રજ્ઞા અને ઝળહળતા સૌન્દર્ય તરીકે તેનો આવિર્ભાવ થવો, – આ પ્રકારનું જ્ઞાન, આ પ્રકારની લાગણી સાચી ધાર્મિકતાના કેન્દ્રમાં

રહેલાં હોય છે. આ જ અર્થમાં અને એ રીતે જ હું ખરેખર એક ધર્મ-પરાયણ વ્યક્તિઓની હરોળમાં આવું છું.

જે પ્રભુ પોતાના સર્જનોને બદલો આપતો હોય અને શિક્ષા કરતો હોય, જેના હેતુઓ આપણા માનવીય હેતુઓના ગજથી મપાતા હોય, એવા પ્રભુમાં હું માનતો નથી; અર્થાત્, એવા પ્રભુ જે આપણી નબળાઈઓનું પ્રતિબિંબ હોય અથવા તો પોતાનું શરીર છૂટયા પછી વ્યક્તિ પુનઃ અસ્તિત્વ ધરાવતી હોય,—એમ હું માનતો નથી; જોકે, દુર્બળ આત્માઓ ભયના માર્યા કે એક હાસ્યાસ્પદ અહંકારને લઈને આવા વિચારો ધરાવતા હોય છે. સમગ્ર શાશ્વતીમાં થઈને જાગ્રત જીવન સતત ચાલ્યા કરતું હોય છે, એના રહસ્યનું નિદિધ્યાસન કરવું, આ વિશ્વનું ભવ્ય માળખું જેની આપણે આછીપાતળી એક ઝાંખી કરી શકીએ તેનું ચિંતન કરવું, અને આ વિશ્વપ્રકૃતિમાં ખુલ્લી થતી બુદ્ધિ-શક્તિનો એક અનંતગણો ક્ષુદ્રતમ અંશ પણ સમજવાને નમ્ર રીતે પ્રયત્નશીલ થવું,—આટલું મારે માટે પૂરતું છે.

પ્રત્યેક સાંસ્કૃતિક પ્રવૃત્તિ, પછી તે ધાર્મિક હોય કે વૈજ્ઞાનિક, અંતરાત્માના કેન્દ્રને સ્પર્શતી હોય છે, અહંકારમાંથી મુક્ત થવાની ધારણા રાખતી હોય છે,—આ અહંકાર માત્ર વ્યક્તિનો નહિ પણ સમગ્ર માનવજાતિનો અહં હોય છે. આમ કરતાં કરતાં માનવમાં એક વિશ્વધર્મી ચેતનાનો વિકાસ થાય છે, જેને એ અનુભવી શકતા ન હોય તેવાઓને ગળે ઉતારવી મુશ્કેલ પડે. આવી ચેતના ભગવાનના માનવીય બીબામાં ઢળાયેલી ન હોવાને કારણે, વ્યક્તિ મનુષ્યની ઇચ્છાઓ અને તેનાં લક્ષ્યોની એક વ્યર્થતા અનુભવે, વિશ્વપ્રકૃતિમાં આવિર્ભાવ પામતાં, વિચારોની દુનિયામાં પ્રકટ થતાં ઉચ્ચ પ્રકારનાં અને ભવ્ય વ્યવસ્થાનાં દર્શન કરે. તે વ્યક્તિગત નિયતિને એક બંધનકારક કારાવાસ સમી ગણે, અને સમગ્ર અસ્તિત્વની અનુભૂતિને સમજાવવાને મથામણ કરતી આ અસ્તિત્વની એક મહત્ત્વપૂર્ણ એકતા બની રહે,—એ મારું દૃષ્ટિબિંદુ છે, મારી માન્યતા છે."

એક વૈજ્ઞાનિકની આ પ્રકારની અભિવ્યક્તિને સમજવાનો પ્રયત્ન કરતાં જણાશે કે બીજી રીતે તેઓ વિશ્વના મર્મને પામવા કોઈ મરમી કરતાં ઓછા સાધનાશીલ નથી, માત્ર એમનું જીવનકાર્ય આપણે જેને ભૌતિક ગણીએ છીએ એવી સત્‌ની સાધના, તપસ્યા છે...

હવે આપણે આપણા ગુજરાતના એક મરમી સંત (જોકે એમણે પોતાની અનુભૂતિઓને ભાષામાં અભિવ્યક્ત કરવાનો સતત પ્રયત્ન કર્યો છે.) અથવા સાક્ષાત્કારી પુરુષ **શ્રી મોટાની** વાણીમાંથી એક ભાગ જોઈએ.

"મને સાધનાકાળમાં કે તે પછી સંન્યાસ લેવાનો વિચાર કદીયે ઊઠેલો નહિ. શરૂથી જ જીવનનો સ્વીકાર એ મારું ધ્યેય હતું... સાધનાની આગલી કક્ષામાં જ્યારે અજપાજાપ થતા ત્યારે કાનને આંતરિકપણે સ્પષ્ટ રીતે સંભળાતા. અજપાજાપ સર્પદંશ પછી, એટલે કે ઘણુંખરું ૧૯૨૮ પછીથી શરૂ થયેલા. મનની નીરવતા ૧૯૩૦ની આસપાસમાં પ્રાપ્ત થઈ. તે વેળા નિદ્રા નહિ જેવા આવતી. આખી રાત ને રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષોનાં વર્ષો તેવાં પસાર થયાં છે... દ્વૈતનો સાક્ષાત્કાર ૧૯૩૪માં થયા પછી પાંચ વરસે ૧૯૩૯માં અદ્વૈતનો સાક્ષાત્કાર થયેલો. અદ્વૈતના સાક્ષાત્કારની ક્ષણથી મુક્તની દશા પ્રવર્તી છે...

સગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં મને કૃષ્ણનાં બે ત્રણ વાર દર્શન થયાં હતાં, તે કૃષ્ણ મોરલીધારી કે પાર્થિવ શરીરના તત્ત્વોના નહિ, છતાં પરમ સૌન્દર્યથી છલોછલ અપાર તેજના અંબારથી ભરેલા સદેહી કૃષ્ણનાં તે દર્શન હતાં. બધું સૌન્દર્યમય હતું, સૌન્દર્ય જ સૌન્દર્ય ! તે અવર્ણનીય દર્શન હતું. તે સ્વરૂપ એવું મનોહારી અને હૃદયાકર્ષક હતું કે જેની તોલે બીજાની કલ્પના આવવી શકય નથી. તે મુલાયમ, આરપારદર્શક, સ્ફટિક જેવું ખૂલતું, નીલવર્ણરંગી, જીવંત દર્શન હતું. દર્શન સ્થિર નહોતું, રમતું, હાલતું, ચાલતું, પળમાં પાસે આવતું ને પળમાં થોડેક દૂર જતું લાગતું, તો વળી પળમાં શરીરની અંદર પણ પેસી જતું અનુભવાતું, આધારનાં જુદાં જુદાં મનાદિ કરણોને સ્પર્શતું ને ત્યાં કાંઈક સૂક્ષ્મ પ્રક્રિયા કરતું હોય એવું લાગ્યા કરતું હતું. ક્યાંક ક્યાંક તે અંદર પ્રવેશી તેનું સમારકામ કરતું પણ અનુભવાતું. ભ્રૂકુટિ ને બ્રહ્મરંધ્રના ભાગમાં પોતાને પ્રસ્થાપિત કરતું ને હૃદયમાં બિરાજેલું પણ અનુભવાતું હતું. સમગ્ર આધાર તપ્તવર્ણી ને પૂર્ણ પ્રકાશથી આલોકિત થયેલો જણાતો હતો. પોતે પોતાને પણ અનુભવી શકાય એવી ભૂમિકા પણ અનુભવાતી હતી, તો કોઈક પળોમાં તેનો વિસ્તાર પણ અનુભવાતો હતો. શ્રીકૃષ્ણનું અલૌકિક દર્શન એટલું અદ્ભુત, રોમાંચક, મુગ્ધ, સ્નિગ્ધ, કોમળ હતું કે ન પૂછો વાત ! સમગ્ર શરીર વજન વગરનું બની ગયેલું હોય એવું લાગતું હતું તે અધ્ધર હોય એવું લાગતું. તેની અસર

ચિરસ્થાયી સમગ્ર આધારમાં ને તેનાં કરણોમાં રહ્યા કરેલી અનુભવાયા કરેલી છે...

આ અનુભવ પછીથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દિવ્ય પ્રદેશોનાં વિઘ્નો નહોતાં પ્રકટેલાં એવું કશું નથી. પણ દિવ્યકૃપાની મદદથી તેનું નિવારણ થઈ શક્યું હતું. તેનાં આવાં કૃપામય મંગળ દર્શન – અનુભવ પછીથી આધારના કેન્દ્રમાં કંઈક અવર્ણનીય પલટો આવી ગયેલો અનુભવાતો હતો ને પછી તે કાયમ જ્વલંત પ્રકટતો રહ્યા કર્યો હતો.

એવાં પરમ દર્શનની પ્રાપ્તિ પછીથી તેના મુગ્ધ અને આહ્લાદકારક પરમ ચૈતન્ય સજીવ અને ચેતનાત્મકપણે જીવનમાં પ્રકટેલા છે, કે જેનું સાતત્ય કદી પછી તૂટી શકતું નથી. એવા આકર્ષણનો ભાવ ઉત્તરોત્તર એટલો બધો ગાઢ પ્રકટ્યા કરે છે કે આપણે તેનાથી કરીને ભાવની સહજ અવસ્થામાં પ્રકટી જતા હોઈએ છીએ. એવો ભાવ જે પહેલા દર્શનની સર્જન અવસ્થામાં જે એકમાં એકાગ્ર અને કેન્દ્રિત હતો, તે ભાવ તેની એકાગ્ર અને કેન્દ્રિતતામાં સંપૂર્ણ ટોચે પહોંચે છે, તે બાદ તે જ ભાવને વિસ્તારની પાંખો પ્રકટે છે. તેવો ભાવ પછીથી તો કોઈ સુંદર રમણીય દૃશ્ય, કુદરતનું નૈસર્ગિક સૌન્દર્ય, કોઈક નદીનું ખળખળ વહેતું દૃશ્ય, નવપલ્લવિત થતું વૃક્ષ, સુંદર આરોગ્યપૂર્ણ બાળકનું દૃશ્ય કે એવું સ્થૂળ રૂપનું દૃશ્ય, કોઈ ભાવાત્મક વિચારનું વક્તવ્ય કે એવું કોઈક ભાવાત્મક ભજન, – આવા આવા પ્રકારનું નિમિત્ત પ્રકટતાં તેવો ભાવ તેવાં તેવાં દર્શનથી કરી ઉત્કટપણે જેને પ્રકટે છે, એવા જીવાત્માને આપમેળે ભાવસમાધિ પ્રકટી જતી હોય છે અને તેનાથી તે ધન્ય બનતો હોય છે; તેની અસર પણ તેને લાંબા ગાળા સુધી દિવસના કર્મવહેવારમાં અને રોજિંદા વર્તનમાં પણ જીવંત ચેતનાત્મકપણે રહ્યાં કરે છે..."

**પાયથાગોરસ** આજથી પચ્ચીસસો વર્ષો પહેલાં થઈ ગયા. તેમણે પોતે લખેલું પ્રાયઃ નહિવત્ મળે છે. તે સમયે અને ત્યાર પછી પણ તેમની અસરો ગ્રીક ફિલસૂફી પર, સાધના પર હજારો વર્ષો લગી રહી છે. ઘણે ભાગે એમણે જીવનની સાધના ક્યાંક કરેલી હશે એમ જણાય છે. તેઓ ઘણે ભાગે આશ્રમ કે મઠ જેવું કંઈક વિશ્વબંધુત્વની ભાવનાથી ચલાવતા. શિષ્યો ત્યાં રહેતા. તેમનું ઘડતર પોતે કરતા. પોતે તો ઉચ્ચ કોટિના સાધક હતા જ. શિષ્યોને સવારે ઉઠાડવામાં, સાંજે સુવાડવામાં, ખાતી વખતે, હલનચલન કરતી વખતે તેઓ એક લયપૂર્ણ સંગીત કરતા, જેની અસર બહારથી તેમ જ અંદરથી શિષ્યે

પર થતી. એમના ચરિત્રકારે એમની મહાનુભાવતા વિષે ઘણું લખ્યું છે, નોંધ્યું છે. એમાં એક હકીકત એમના અનાહત નાદના શ્રવણની છે. આપણે જેને નાદબ્રહ્મ કે શબ્દબ્રહ્મ કહીએ છીએ એ તેમણે, એમ લાગે છે કે, સિદ્ધ કર્યું હતું. આ વિષે આપણે નીચે પ્રમાણેની નોંધ ઉતારીએ છીએ. "મનુષ્યોમાં થતી ગેરવ્યવસ્થાને (શારીરિક તેમ જ માનસિક) તેમ જ ઉત્કટ લાગણીના પ્રવાહને સંગીતના રાગો તેમ જ તેના તાલ–લયથી તેઓ લયયુક્ત કરતા, મટાડતા, બુદ્ધિની શક્તિઓની સાહજિક સંવાદિતા આણતા, શરીરને સંતુલિત કરતા અને આત્માની વિષમતાને સમમાં આણતા... રાતે જ્યારે તેમના અનુયાયીઓ ઊંઘવા જતા ત્યારે પાયથાગોરસ સંગીતના સાધનથી દિવસભરની ઉત્તેજનાઓને અને વિક્ષેપોને શાંત કરતા, વિચાર અને શ્રમના પ્રવાહને લઈને થતી ચિત્ત ને દેહની અશુદ્ધિમાંથી ચેતનાને પરિમાર્જિત કરતા, ઊંઘમાં શાંતિનું સ્થાપન કરતા અને સ્વપ્નો આનંદમય હોય, ભાવિસૂચનયુક્ત હોય એની પ્રેરણા કરતા. જ્યારે બધા સવારે ઊઠે ત્યારે પણ એ જ રીતે તંદ્રાને, આળસને, તમસને સંગીતથી દૂર કરતા, સમયને અનુરૂપ વાજિંત્રોથી કે કંઠસ્વરથી પ્રોત્સાહિત કરતા, જાગ્રત કરતા. તેમની આ અસર કોઈ વાજિંત્ર કે કંઠ્ય સંગીતના સાધનને લઈને થતી એમ નહોતું; પરંતુ એક દિવ્ય અને અવર્ણનીય વાતાવરણ સૂક્ષ્મમાં જમાવવાની તેમનામાં એક વિશિષ્ટ શક્તિ હતી. આપણે જોકે સમજી કે સમજાવી શકીએ નહીં, તેમ છતાં તેમણે પોતાની અંતરની શ્રુતિની શક્તિ એટલી બધી સૂક્ષ્મ રીતે સિદ્ધ કરી હતી કે વિશ્વમાં સતત ચાલી રહેલી ભવ્ય સુરસંવાદિતા ( Symphony )નાં કંપનની અસર પોતે ઝીલીને વ્યક્ત કરી શકતા. ગગનમંડળમાં જે સ્વરસંગતિ અને સુમેળયુક્ત વ્યવસ્થા છે, તેને તેઓ સાંભળીને સંચારિત કરતા. ગ્રહો, નક્ષત્રો અને તારાગણો એ સૂક્ષ્મ-તિસૂક્ષ્મ સુરાવલિને જે સાથ આપતા, તેમાં ઓતપ્રોત થઈને પાયથાગોરસ કોઈ દિવ્યતાથી પરિપૂર્ણ અને ગંભીર રાગાવલિ ઉદ્ભાવી શકતા.... પાયથા-ગોરસને પ્રતીતિ હતી કે તેમનું આ સંગીત, સ્વરાવલિ, સ્વરસંગતિ, વિશ્વના મૂળગત કેન્દ્રીય ઝરણમાંથી આંદોલિત થતાં હતાં..."

**મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર** રવીન્દ્રનાથના પિતા થાય. રાજા રામ-મોહન રાય પછી મહર્ષિજી બ્રાહ્મોસમાજના પ્રાણ હતા. દિવસનો ઘણોખરો સમય ઉપનિષદના તેમ જ શાસ્ત્રોના અભ્યાસમાં, ધ્યાનધારણામાં અને પ્રાર્થનામાં તેઓ ગાળતા. વ્યવસાય તરીકે કારઠાકુર કંપનીનું (પેઢીનું) સંચાલન કરતા. તે સમયમાં તેમની તેમ જ પેઢીની ઘણી પ્રતિષ્ઠા હતી, કદાચ આર્થિક દૃષ્ટિએ

પણ તેનું કલકત્તામાં અગ્રણી સ્થાન હતું. દેવેન્દ્રનાથ ઘણી વાર પ્રાર્થનામાં કહેતા કે, 'હે ભગવાન, મને નિઃસ્વ બનાવો, નિષ્કિંચન બનાવો.' પૂર્ણ શ્રદ્ધાથી એ પ્રાર્થના કરતા.

તેમની ઉંમર ત્રીસ વરસની થઈ હતી. એક વાર એક વેપારી ત્રીસ હજાર રૂપિયાની હૂંડી લઈને આવ્યો. બધે તપાસ કરી પણ હૂંડી વટાવાઈ નહીં. પરિણામ એ આવ્યું કે ઑફિસને બંધ કરી દેવી પડી. પેઢીની આબરૂ રહી નહોતી એમ પુરવાર થયું. તે સમય ઈ.સ. ૧૭૬૯નો હતો. પ્રધાન કર્મચારી ગૉર્ડનની સાથે વાટાઘાટ કરીને લેણદારોની એક સભા બોલાવવામાં આવી.

મહર્ષિની 'આત્મકથા'માંથી હવેનો ભાગ તેમને મુખેથી સાંભળીએ. "ગૉર્ડને લેણદારોનો હિસાબ સભા સમક્ષ રજૂ કર્યો. હિસાબમાં દર્શાવવામાં આવ્યું કે અમારા હાઉસનું દેણું એક કરોડ રૂપિયાનું હતું. સિત્તેર લાખ રૂપિયા લેણા નીકળતા. આમ ત્રીસ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવાની હતી. તેમણે સભાને બધી હકીકત જણાવી. તેમણે કહ્યું: 'હાઉસના અધિકારીઓ પોતપોતાની જે સંપત્તિ છે તે અને તદુપરાંત જમીનદારીનુ જે કાંઈ છે તે બધું આપ સૌના અધિકારમાં સોંપવા તૈયાર છે. માત્ર એક વસ્તુ જે બાપદાદાની વારસાગત મિલ્કતનું ટ્રસ્ટ છે તેમાં આપ હસ્તક્ષેપ કરી શકો નહીં.' ગૉર્ડનની આ જાહેરાત સાંભળીને મેં ગિરીન્દ્રનાથને કહ્યું, 'ગૉર્ડનસાહેબ લેણદારોને ભય દેખાડી રહ્યા છે કે આપણી ટ્રસ્ટની સંપત્તિમાં કાયદેસર કોઈ હસ્તક્ષેપ કરી શકે નહીં. તેમ છતાંય આપણે આ ટ્રસ્ટને ભાંગીને તે દ્વારા ઋણ ચૂકવી શકીએ, જેથી કરીને આપણે પિતૃઋણમાંથી બિલકુલ મુક્ત થઈ જઈએ, એ તરફ જવું એ શ્રેયસ્કર છે. જો બીજી બધી સંપત્તિમાંથી પણ ઋણ પૂરું ન થઈ શકે તો ટ્રસ્ટની સંપત્તિ પણ વેચી નાખવી.' પછી અમે લેણદારોની સમક્ષ આ વાત રજૂ કરી કે સ્વેચ્છાએ અમે અમારી સઘળી સંપત્તિ આપ સૌની સમક્ષ રજૂ કરીએ છીએ. એમ કહેતાની સાથે અમે જોયું કે ઘણાંની આંખમાં આંસુ આવી ગયાં હતાં. અમારી આ આવી પડેલ વિપત્તિ જોઈને બધા વિષણ્ણ થઈ ગયા. તેમણે જોયું કે આ હાઉસની ચઢતી અને પડતીમાં અમારો હાથ નથી, અમે નિર્દોષ છીએ, નિષ્કામ છીએ. નાની ઉંમરે અમારે માથે આ વિપત્તિ આવી પડી છે. આજે અમારું આ ઐશ્વર્ય છે, વૈભવ છે, કાલે અમારું કશું જ નહિ હોય! એ વિચારે બધા દયાર્દ્ર થઈ ગયા. એમની કર્યા ક્ષતિ થઈ છે તે જાણીને ક્રોધ કરવાને બદલે બધા દયાર્દ્ર-

હૃદય થઈ ગયા. આ વખતે એમના સૌમાં આ દયા ક્યાંથી આવી? જે મારા ચિરજીવનના સખા છે તેણે એ સૌમાં દયાનો ભાવ પ્રેર્યો."

મહર્ષિને વર્ષે પચ્ચીસ હજાર રૂપિયા આપવાનો ઠરાવ કર્યો. આમ કરીને સભા પૂરી થઈ ગઈ. "અમે બે ભાઈઓ ઘર તરફ ચાલ્યા. ગાડીમાં જતાં જતાં મેં ભાઈ ને કહ્યું : 'આપણે તો વિશ્વજિત યજ્ઞ કરીને બધું જ દઈ દીધું.' ભાઈએ કહ્યું : 'હા. ભલે લોકો જાણે કે અમે અમારે માટે કાંઈ જ રાખ્યું નથી. તેઓ ભલે કહે, એમણે બધું જ ધન દઈ દીધું : 'સર્વવેદસમ્ દદૌ.' મેં કહ્યું : લોકોને કીધે શું વળશે? અદાલત એ સાંભળવાની છે? લેણદારોમાંથી કોઈ એક જણ ફરિયાદ કરશે એટલે આપણે સોગંદ ખાઈને કહેવું પડશે કે અમે સઘળું દઈ દીધું છે. હવે અમારી પાસે કાંઈ જ નથી.' તે સિવાય અદાલત આપણને છૂટા નહિ કરે, પરંતુ જ્યાં લગી શરીર પર એક કાપડ રહેશે, ત્યાં લગી રાજદ્વારે ખડા રહીને સોગંદ ખાઈને કહી નહિ શકીએ કે બધું આપ્યું છે! આમ સઘળું દઈ દઈશું, પણ સોગંદ ખાઈ નહિ શકું. ઈશ્વર અને ધર્મ આપણું રક્ષણ કરશે, જેથી કરીને નાદારીના કાયદા પ્રમાણે આપણે માથું નમાવવું ન પડે.'

આમ વાતો કરતાં કરતાં અમે ઘેર આવ્યા. મેં જે ઇચ્છયું હતુ તે જ થયું. વિષયસંપત્તિ હાથમાંથી ચાલી ગઈ! મારા મનમાં જેમ વિષયની અભિલાષા નથી તેમ વિષય પણ નથી. બધું સરસ મળી ગયું...મેં કહ્યું : 'હે ઈશ્વર, મારે તમારા વિના કાંઈ જ ન જોઈએ.' ભગવાને પ્રસન્ન થઈને મારી પ્રાર્થના સાંભળી, મારી પ્રત્યક્ષ થયા અને બીજું બધું જ લઈ લીધું...'

દાદીમાના સ્મશાનમાં તે દિવસ હતો, આજે આ દિવસ આવ્યો! એક પગથિયું ચઢયો. નોકરચાકરો ઓછા કરી નાખ્યા, ગાડીઘોડા ઠેકાણે કરી દીધા, ખાવાપીવાનું માપસર કરી દીધું. ઘરમાં રહ્યાં રહ્યાં સંન્યાસી થઈ ગયો. કાલે શું ખાઈશ, શું પહેરીશ, તેની કશી જ ફિકરચિંતા નહીં. કાલે આ ઘરમાં રહીશ કે બીજે ક્યાંક જવાનું થશે એનો વિચાર સરખોય નહીં. સાવ નિષ્કામ! નિષ્કામ યુવકમાં કયાં સુખશાંતિ હોય છે તે ઉપનિષદમાં (તૈત્તિરીય અને બૃહદારણ્યક) વાંચ્યું હતું. જીવનમાં આજે એનો અનુભવ થયો. ચંદ્ર જેમ રાહુથી મુક્ત થઈ જાય તેમ મારો આત્મા વિષયમાંથી મુક્ત થઈને બ્રહ્મલોકનો અનુભવ કરવા લાગ્યો : 'હે ઈશ્વર, અપાર ઐશ્વર્યમાં તમને ન પામીને મારો પ્રાણ ગળે આવી ગયો હતો; હવે તમને પામીને હું બધું જ પામી ગયો છું.'

કદાચ ભાગ્યે જ આવો પ્રસંગ કોઈ ઠેકાણે જોવામાં આવે. બધું જ લઈ લેવાની પ્રાર્થના કરવી એ એક વાત છે, અને હકીકતમાં બધું ચાલ્યું જવાનો પ્રસંગ આવે ત્યારે એ જ પ્રસન્નતાથી, સમતાથી રહેવું એ બોલવાની વાત નથી. દેવેન્દ્રનાથ મહર્ષિ કહેવાતા તે ખરા મહર્ષિ થયા. આપણને જનકનું સ્મરણ કરાવે એવું જીવન તેઓ જીવી ગયા. એમના દીકરા રવીન્દ્રનાથ ઠાકુર, જેમને આપણે ગુરુદેવ કહીએ છીએ, તેઓ નાનપણમાં આ સંપૂર્ણ દઈ દેવાની નિષ્કિંચન થવાની આબોહવામાં ઊછર્યા હતા; એટલે તેમનાં કેટલાંક ગાનોમાં 'બાકી આમિ રાખબો ના કીછુઈ' એવાં ઘણાંમાં સર્વસ્વ દઈ દેવાની વાત આવે છે. ઈશોપનિષદનું - 'તેન ત્યકતેન ભુંજીથા:', સૂત્ર એમનામાં વણાઈ ગયું હતું, – આખો પ્રથમ શ્લોક પણ. રવીન્દ્રનાથ મારી નમ્ર મતિએ એનું મૂર્તિમંત સ્વરૂપ (embodiment) હતા. ...

હવે આપણે જેમના જીવનમાંથી ઉતારો લેવાના છીએ તે **બનિયન** (Bunyan) અંગ્રેજી ભાષાના એક અમર લેખક ગણાય છે. તેમનું પુસ્તક 'યાત્રાળુનો પ્રગતિપંથ' (Pilgrim's Progress) એક સર્વમાન્ય શિષ્ટ ગ્રંથ ગણાય છે. એમના આંતર જીવનમાં મોટો સંઘર્ષ ચાલતો હતો, વ્યક્તિત્વ 'છિન્નભિન્ન' જણાતું હતું, એટલે કે અંદર અને બહાર બે જુદાં વ્યક્તિત્વો હતાં (Divided self). એમાંથી વ્યક્તિ ક્રમશઃ પસાર થઈ જાય તો તેનામાં આંતરપલટો (conversion) આવે છે. બનિયન એક અત્યંત સંવેદનશીલ વ્યક્તિ હતા. આપણે તેમના શબ્દોમાં જોઈએ: “એક જ દિવસમાં મારી શાંતિ અનેક વાર આવતી અને ચાલી જતી: ઘડીકમાં સુખ, ઘડીકમાં દુ:ખ; હમણાં શાંતિ હોય અને થોડે જાઉં ત્યાં માનસ ગુનાહિત થઈ જાય, ભય વ્યાપી જાય, હૃદય એનાથી છવાઈ જાય... કોઈ સદ્‌વાચન આવી જાય, તો બે ત્રણ કલાક લગી પ્રોત્સાહન મળી જાય, મનમાં થાય આજનો દિવસ સારો ગયો, યાદ રહી જાય એવો... લખાણનું ગૌરવ એટલું બધું વ્યાપી જાય કે જાણે મૂર્છિત થઈ જાઉં, દુ:ખ ચાલુ રહે, મુશ્કેલી પણ ખરી એમ નહીં, એક નક્કર આનંદ અને શાંતિ લાગે...શાસ્ત્રનું એકાદ લખાણ મારા જીવનને પકડમાં લઈ લે, એક પ્રકારનો પ્રકાશ આવે, વિચારોનાં તોફાન મટયાં હોય તેના પર શાંતિનું વાતાવરણ જામી જાય, – જાણે કે નધણિયાતા નરકના શિકારી કૂતરાઓ ભસ્યાં કરે, મારા અંતરને ભયગ્રસ્ત બનાવી મૂકે. તે સમયે લાગે કે જીસસ ક્રાઈસ્ટે મારા આત્માને તરછોડી મૂક્યો નથી, ત્યજ્યો નથી!” આમ અંદર

ધમાસણ મચે. વળી પાછું : "અને હવે તોફાનનો છેલ્લો તબક્કો શરૂ થાય. ગર્જના ચાલી ગઈ હોય, થોડાંઘણાં ટીપાં રહ્યાં હોય તે મારા પર વરસે......હવે ખરેખર મારી શૃંખલા પગ પરથી ખૂલી જાય, ત્રાસમાંથી છૂટી જાઉં, લાલચો ચાલી જાય. ત્યાર પછી ભગવાનનો એ ભયંકર શાસ્ત્રપાઠ મને સતાવતો બંધ થઈ જાય.... ઘેર આનંદ કરતો જઈ શકું, ભગવાનની કૃપા અને પ્રેમને લઈને... મારી જાતને સ્વર્ગમાં અને પૃથ્વી પર એકીસાથે જોઈ શકું, સ્વર્ગમાં મારા ક્રાઈસ્ટને લઈને, મારા માલિકને લઈને, મારા સદ્‌ગુણને અને મારા જીવનને લઈને; અને પૃથ્વી પર મારે દેહે, મારી જાતે...એ રાતે ક્રાઇસ્ટ મારા આત્માનો કિંમતી ક્રાઇસ્ટ થઈ જાય, એમને લઈને જે આનંદ, જે શાંતિ, જે વિજય અનુભવાય એનો માર્ગ ભાગ્યે જ આડો પડી શકું."

બનિયનને બાર વર્ષો જેલમાં ગાળ્યાં. તેમની શાસ્ત્રની આજ્ઞા ન માનવને કારણે; મનનું બંધારણ એકદમ ભયગ્રસ્ત ઉન્માદી થઈ ગયું. પણ પાછળથી તેમનું જીવન ઉપયુક્ત નીવડ્યું. તેઓ શાંતિસ્થાપક અને પરોપકારી થયા અને તેમણે જે અમર રૂપકયુક્ત પુસ્તક લખ્યું તેને લઈને ઘણાં અંગ્રેજ નર–નારીઓનાં હૃદયને ધર્મપરાયણ સાંત્વના મળ્યાં છે. આ બધું હોવા છતાંય બનિયન મૃત્યુના પંજામાંથી છૂટી શક્યો નહીં, – ત્રાસમાંથી છૂટ્યો, ઝઝૂમતાં ઝઝૂમતાં આ જગતને શત્રુને સોંપીને ચાલ્યો ગયો :

'આ જીવનનું જે કાંઈ હોય તેના પર મારે મૃત્યુની સજા કરવી જોઈએ. હું પણ એમાં આવી જાઉં; મારી પત્ની, મારો છોકરો, મારું સ્વાસ્થ્ય, મારા ઉપભોગો, અને સર્વે મારે માટે મરી ગયાં હોય અને તેમને માટે હું પણ મરી ગયો હોઉં; ક્રાઇસ્ટ દ્વારા પ્રભુમાં વિશ્વાસ રાખવો, જે ભાવિ દુનિયાને સ્પર્શ કરે; અને આ દુનિયાને સ્પર્શ તરીકે, કબરને મારું ઘર માનવું, અંધકારમાં મારી શય્યા પાથરવી અને વિલયને કહેવું, 'તું મારો પિતા છે,' કીડાને કહેવું, 'તું મારી માતા છે, મારી બહેન છે.....' મારી સ્ત્રી અને મારાં બાળકોથી છૂટા પડતાં, મારાં હાડકાંમાંથી માંસ ખેંચાઈ રહ્યું હોય એવું મને લાગ્યું છે! ખાસ કરીને, મારા અંધ બાળકની ખાતર, જે બધાના કરતાં મારા હૃદયની ખૂબ નજીક હતો. બિચારો, – આ જગતમાં આવીને તને શું મળ્યું! તને મારવો પડે, ભીખ માગવી પડે, ભૂખ વેઠવી પડે, ઠંડી, નગ્નતા અને હજારો યાતનાઓ! અને

હવે હું સહી શકતો નથી કે તારા પર પવન ફૂંકાય. છતાંય પ્રભુને સૌ સોંપું છું. તમને છોડવાનો સમય ઝડપથી આવી રહ્યો છે!"

બિચારો બનિયન! પ્રભુનો પ્રસાદ એને ન મળ્યો; કોઈ પ્રકાશ, કોઈ આનંદ મળ્યો નહીં! આ પણ એક પલટો, – વિભક્ત આત્માની યાતના, છિન્નભિન્ન અંદરના તાર!

અને બનિયનની પડખે જોઈએ બીજા એક મહાન આત્મા, મહાન લેખક, મહાત્મા ગાંધી જેમને પોતાના ગુરુઓમાંના એક ગણતા, તે રશિયાના સાહિત્યસ્વામી ટૉલ્સ્ટૉય (મહાત્મા કે?). તેઓ પણ વિભક્ત આત્મા, છિન્નભિન્ન અંતરમાં, પોતાનો એકરાર કરે છે આત્મકથામાં. તોયે આભજમીનનો ફરક બનિયન અને ટૉલ્સ્ટૉયમાં! એમની ગાથા મોટી છે, – સંઘર્ષની, સંગ્રામની, આંતરપલટાની પૂર્વભૂમિકાની. બંનેય મરમી ખરા, ભગવાનની અનુભૂતિને કાજે ઝઝૂમ્યા; અને બંનેના માર્ગ જુદા, ચેતના જુદી, એટલે જ અહીં વિગતથી જોઈશું.

પચાસમે વર્ષે ટૉલ્સ્ટૉય જણાવે છે કે તેમને મૂંઝવણની પળો જણાવા લાગી, જેને તેઓ 'અવરોધ' (arrest) કહે છે. કેમ કરીને જીવવું, શું કરવું એ જાણે સમજાય નહીં! જીવનમાં જે ઉત્તેજના અને રસ આપણી ઇન્દ્રિયો ભોગવાવે છે, એ બધું બંધ પડી ગયું હોય એમ લાગે. જીવન આકર્ષક હતું, મંત્રમુગ્ધ કરતું હતું. હવે એ સપાટ સ્થિરબુદ્ધિ થઈ ગયું; – અરે, મૃતપાય જણાવા લાગ્યું. જે વસ્તુઓ આપમેળે સાર્થક લાગતી હતી તે બધી નિરર્થક જણાવા લાગી. વારંવાર પ્રશ્નો ખડા થવા લાગ્યા: 'શા માટે?' 'પછીથી શું?' શરૂશરૂમાં લાગ્યું કે આ પ્રશ્નોના ઉત્તર આપી શકાય તેમ છે, વખત પડે તો જરૂર તેમ થઈ શકે. પણ જેમ જેમ પ્રશ્નો તાત્કાલિક બનવા લાગ્યા, તેમ તેમ તેમને જણાવા લાગ્યું કે એ બધા માંદા માણસને નડતી વિચિત્ર અગવડતા જેવા છે; તે તરફ બહુ ધ્યાન આપવાની જરૂર નથી; અને પછી તો સતત માંદગી, સતત યાતના. એ તો એક અવ્યવસ્થાની, અસ્વસ્થતાની અવસ્થા છે. ચાલી જશે, પસાર થઈ જશે. પછી તેમને સમજાવા લાગ્યું કે પોતે જેમ માનતા હતા તેમ નથી, તેમને માટે જગતની એક અતિમહત્ત્વની વાત છે, જે ન ઊકલે તો મૃત્યુ! પ્રશ્નોનો જવાબ ન મળ્યો, મૂંઝવણ વધતી ચાલી, અંદરના 'જળ' સતાવવા લાગ્યાં, થયું કે,–

'જેના પર મારું જીવન આધારિત હતું તે અંદરથી ક્યાંકથી ભાગી ગયેલું જણાયું, કોઈનો આધાર રહ્યો નહીં, નીતિની દૃષ્ટિએ મારું જીવન અટકી પડ્યું. કોઈ પણ રીતે મારા અસ્તિત્વમાંથી છૂટી જવું એવું કોઈ અજેય શક્તિ મને અંદરથી ધકેલવા લાગી. ચોક્કસ રીતે કહી શકાય એમ નહોતું કે મારે આત્મહત્યાની ઇચ્છા હતી. કારણ કે, જીવનમાંથી મને વિમુખ કરનારી જે શક્તિ હતી તે વધુ ભરપૂર હતી, વધુ શક્તિશાળી હતી; માત્ર ઇચ્છાના કરતાં સામાન્ય પ્રકારની હતી. જીવવાની મારામાં જે પહેલેથી અભીપ્સા હતી તેવી એ શક્તિ હતી; માત્ર ફરક એ કે આ વખતે મને એ વિરુદ્ધની દિશામાં પ્રેરી રહી હતી. જીવનમાંથી અળગા થઈ જવાની મારી સમગ્ર સત્તાની અભીપ્સા હતી.

"જુઓ, આ એક માણસ સુખી અને તંદુરસ્ત, દર રાતે જ્યાં એકલો સૂવા જતો તેનાં પીઢિયાંની સાથે સરકાવીને આત્મહત્યા ન કરવા દોરડું છુપાવી રાખતો; જુઓ, શિકાર કરવા જનાર હવે શિકારે જવાનું બંધ કરી દેતો આ માણસ, કદાચ એવી સહેલી લાલચને વશ થઈને બંદૂકથી જીવનનો અંત આણવા બેસી જાય!

"મારે શું જોઈતું હતું તે જાણતો ન હતો. જીવનથી ડરી ગયો હતો, તેનાથી છૂટવા દોરવાઈ રહ્યો હતો. અને તેમ છતાંય તેમાંથી કશુંક થશે એવી આશા સેવી રહ્યો હતો.

"આ બધું એવે સમયે બનવા લાગ્યું જ્યારે બહારના સંજોગો જોતાં મારે સંપૂર્ણ સુખી રહેવું જોઈતું હતું. મારી પત્ની મને ચાહતી, હું તેને ચાહતો; મઝાનાં છોકરાં અને સારી એવી મિલકત, જે મારા પ્રયત્ન વગર વધ્યે જ જતી હતી. મારાં સગાંવહાલાં અને ઓળખીતાપારખીતા મારા પ્રત્યે આદર રાખે. અજાણ્યા માણસો મારાં ભારે વખાણ કરે. સહેજ પણ અતિશયોક્તિ વગર કહી શકું કે હું ખ્યાતિ પામ્યો હતો. તદુપરાંત હું ન હતો અક્કલ વગરનો કે માંદો. ઊલટું, મારું શારીરિક અને માનસિક બળ મારી ઉંમરનામાં ભાગ્યે જ જોઈ શકાય એવું હતું. ખેડૂતોની માફક હું ખેડી શકતો; સતત આઠ કલાક લગી થાક્યા વગર માનસિક પરિશ્રમ લઈ શકતો હતો.

"અને તેમ છતાંય મારા જીવનનાં કાર્યોનો કોઈ તર્કનિષ્ઠ અર્થ આપી શકતો નહીં. આશ્ચર્ય એ હતું કે શરૂઆતથી જ આ મને સમજાયેલું નહીં.

મારા મનના હાલ એ હતા કે જાણે કોઈ દુષ્ટ અને મૂર્ખ મશ્કરી મારા પર કોઈથી રમાઈ રહી હતી! જ્યાં લગી માણસને જીવનનો રસ પીવાનો મળે, તેમાંથી તે મસ્ત બની જાય, ત્યાં લગી એ જીવી શકે. પણ જ્યારે તે ડાહ્યો થાય, ત્યારે તેને સમજાતાં વાર નથી લાગતી કે એ એક છેતરામણી હતી. આ વિષે સત્ય એ છે કે એમાં કશું જ વિચિત્ર કે બેહૂદું નથી; એ નિષ્ઠુર છે, અબૂધ છે, – તદ્દન ખરું પૂછો તો!

"પેલી દંતકથા કે એક મુસાફર રણમાં મુસાફરી કરે છે ત્યારે એક જંગલી પ્રાણી તેના પર ધસી આવે છે, તે ઘણી જાણીતી છે. બચવા તે એક પાણી વગરના કૂવામાં કૂદી પડે છે. તળિયે એક ભયંકર પ્રાણી મોં ફાડીને બેઠું છે. ઉપર જાય તો પેલું પ્રાણી મારી નાખે, નીચે જાય તોય ભયંકર પ્રાણી! કૂવાની તિરાડમાં એક છોડવાની ડાળીને ઝાલીને તે પડ્યો છે. થાકી જાય છે. ત્યાં એ ડાળી પર તે બે ઉંદરોને જુએ છે: એક ધોળો, બીજો કાળો. ડાળીનાં મૂળિયાં એ ઉંદર કરડી રહ્યા છે. હવે મરવા સિવાય કોઈ આરો નથી એમ વિચારે છે, ત્યાં તે ડાળી પર મધનાં ટીપાં જુએ છે, ચાટે છે અને ખુશ ખુશ થઈ જાય છે.

"આમ હું જીવનની ડાળીઓ પર ઝૂકી રહ્યો છું, નીચે મૃત્યુરૂપી રાક્ષસ મને ગળી જવા બેઠો છે. સમજાતું નથી કે કયે કારણે આ શહાદત માથે આવી પડી છે! પેલાં મને જેમાંથી સાંત્વન મળતું તે મધનાં ટીપાં ચાટી રહ્યો છું, પણ હવે એ મધ ગમતું નથી. રાત અને દિવસ પેલા બે ઉંદર જ્યાં લટકી રહ્યો છું તેના મૂળને કરડી રહ્યા છે. એક રસ્તો છે: પેલું રાક્ષસી પ્રાણી અને ઉંદર, તેમના સિવાય કશું જ જણાતું નથી.

"આ માત્ર દંતકથા નથી. દરેક જણે સમજવા જેવું શબ્દશ: નગદ સત્ય છે. આજે જે કરી રહ્યો છું તેનું પરિણામ શું આવશે? કાલે શું કરીશ? મારા સમગ્ર જીવનની ફલશ્રુતિ શી? શાને માટે જીવવું? શા માટે કંઈ પણ કરવું? જીવનનો કોઈ હેતુ છે જે અનિવાર્ય મૃત્યુ મારી રાહ જોઈ રહ્યું છે તેને હતું ન હતું કરી શકે, તેનો વિનાશ કરી શકે?

"સાદા અને સરળમાં સરળ આ પ્રશ્નો છે. એક નાના બાળકથી માંડીને ડાહ્યા વૃદ્ધ માણસ લગી સર્વેના હૃદયમાં આ પ્રશ્નો છે. તેમના ઉત્તર વગર જીવનને નભાવી રાખવું, મારા અનુભવ પ્રમાણે એ અશક્ય છે.

"મારી જાતને પૂછું છું કે કદાચ મેં ધ્યાનમાં નહિ લીધેલું કે નહિ સમજાયેલું એવું કાંઈક હશે. આવી હતાશાની સ્થિતિમાં પડયા રહેવું એ માનવજાતિને માટે સ્વાભાવિક હોય એમ મને શક્ય જણાતું નથી. મનુષ્યે જે જે વિદ્યાની શાખામાં જ્ઞાન મેળવ્યું છે તેમાંથી સમજૂતી મેળવવા પ્રયત્ન કર્યો. દુઃખપૂર્વક અને ધીરજપૂર્વક આ પ્રશ્ન કર્યો; અને એ માત્ર પ્રમાદી કુતૂહલને સંતોષવા ખાતર નહીં! દિવસો અને રાતો, પડયાં પડયાં નહિ, પણ પરિશ્રમ કરીને, મક્કમભાવે એની શોધ ચલાવી. હાર વગરના એક માણસની માફક હું ઝઝૂમ્યો. તે પોતાને બચાવવા માગે છે? મને કાંઈ જ મળ્યું નહીં. વળી, મને ખાતરી થઈ ગઈ કે મારા પહેલાના માણસોએ વિદ્યાની શાખાઓમાં મથામણ કરી છે. તેમને પણ કશું જ મળ્યું નથી. એટલું જ નહિ, પણ જે એકમાત્ર વસ્તુ મને હતાશ કરી રહી છે તેને તેઓ સમજ્યા હતા, કે જીવન એક નિરર્થક હાસ્યાસ્પદ વસ્તુ છે, – અને માનવને માટે એ જ એક નિર્વિવાદ જ્ઞાનનો ઉગારો છે."

આ એક સંઘર્ષની વાત થઈ, જીવનસંગ્રામની વાત થઈ. આ એક મરમીના જીવનની દશા આવે છે, – એ 'હાલ' છે. મનોવૈજ્ઞાનિક વિલિયમ જેઈમ્સ આ પર વિવેચન કરતાં જણાવે છે કે ટૉલ્સ્ટૉય આ સ્થિતિમાં બુદ્ધ, સૉલોમન અને શૉપનહાવરમાંથી સાંત્વન મેળવે છે ટૉલ્સ્ટૉયના વર્ગના અને સમાજના માણસો આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે માત્ર ચાર માર્ગોનો આશરો લે છે. એક તો કેવળ પ્રાણીના જેવી અંધ અવસ્થા, પેલા રાક્ષસી પ્રાણીને કે ઉંદરોને જોયા વગર મધ ચાટવાની ક્રિયા. ટૉલ્સ્ટૉયને આ માર્ગનો ખ્યાલ આવી ગયો છે. એને એ માન્ય નથી. બીજો માર્ગ છે મનનશીલ ભોગવાદ; અર્થાત્, મળી આવ્યું તેને ઝડપી લેવું. અને આ પણ પ્રથમના જેવી જ એક પ્રકારની જડતા, તામસિકતા થઈ, જે કાંઈક વધુ સજાગ ગણાવી શકાય. ત્રીજો માર્ગ છે હિંમતપૂર્વકની આત્મહત્યા. અને ચોથો માર્ગ છે પેલા રાક્ષસી પ્રાણીને અને ઉંદરને જોયા છતાં લાચારીથી આજીજીપૂર્વક જીવનના છોડને વળગી રહેવું. અને તાર્કિક બુદ્ધિ તો સ્વાભાવિક રીતે એકધારો આપઘાતનો રસ્તો જ ચીંધે!

ટૉલ્સ્ટૉય જણાવે છે: "આ પ્રકારે જ્યારે મારી બુદ્ધિ વિચારી રહી હતી, ત્યારે મારામાં એક બીજી વસ્તુ પણ પણ કામ કરી રહી હતી અને એ મને કોઈ પણ ક્રિયામાંથી બચાવી રહી હતી. એને હું જીવનની ચેતના કહીશ, જે મને એક શક્તિની માફક બીજી દિશા પ્રત્યે વાળી રહી હતી,

મારી હતાશાની પરિસ્થિતિમાંથી બહાર આણી રહી હતી...આ આખા વર્ષ દરમિયાન આ કામ કેમ પૂરું કરવું એ મારી જાતને પૂછ્યાં કરતો, સતત ક્રિયાશીલ બનીને પેલા દોરડા વડે કે ગોળી ખાઈને પતાવી લેવું, – ત્યારે ત્યારે આ બધા હલનચલનની સાથેસાથ વિચારો અને નિરીક્ષણના થતા સંઘર્ષની વચ્ચે મારું હૃદય એક અન્ય ઝંખનાભરી લાગણીમાં મ્લાન થઈ રહ્યું હતું. આને માટે પ્રભુને મેળવવાની તૃષા સિવાય કોઈ બીજો શબ્દ વપરાય એમ નથી. મારા વિચારોની ગતિની સાથે ભગવાન પ્રાપ્ત કરવાની તાલાવેલીને કશો જ સંબંધ નથી; ખરું પૂછો તો એ હલનચલનથી સાવ વિપરીત એ વાત હતી; પરંતુ એ મારા હૃદયમાંથી ઉગેલી વાત હતી. તે એક ભયની લાગણી હતી, એણે મને એક અનાથ જેવો જણાતો બનાવી મૂક્યો. આ બધી વિદેશી વસ્તુઓની વચ્ચે એક અલગ કરી દીધો અને આ ભયની લાગણી કોઈની સહાય મેળવવાની આશાને લઈને હળવી બની ગઈ હતી."

અહીં વિલિયમ જેઈમ્સ વિવેચન કરતાં મનોવૈજ્ઞાનિકથી અધિક, મારી દૃષ્ટિએ એક અધ્યાત્મપથપ્રદર્શક બની જાય છે. તેઓ જણાવે છે કે પુરાણા વૈદકશાસ્ત્રમાં રોગને મટાડવાના બે માર્ગોનો ઉલ્લેખ મળે છે : એક ધીરે ધીરે ઉપરામનો માર્ગ (Lysis); અને બીજો એકાએક આકસ્મિક જણાતો માર્ગ (Crisis), અધ્યાત્મપ્રદેશમાં પણ આવી બે રીતો છે : ક્રમપૂર્વકની અને ક્રાંતિકારી. આને પરિણામે આંતર ઐક્ય બની આવે છે... ટૉલ્સ્ટૉય પોતાના અંત વગરના પ્રશ્નો–શંકાઓ–કરતા કરતા એક પછી એક સૂઝ પામતા ગયા. પ્રથમ તેમણે જોયું કે જીવન એક અર્થહીન વસ્તુ છે, એમાં એમણે આ સાંત જીવન તરફ લક્ષ્ય રાખ્યું હતું. તેઓ એક સાંત વસ્તુનું મૂલ્ય બીજીમાં જોતા, અને એનું પરિણામ એક અનિશ્ચિત સમીકરણમાં આવ્યું (0=0). તર્કયુક્ત બુદ્ધિ પોતે તો આમ જ ચાલે, અને એને આ જ જણાય. જ્યાં લગી અલૌકિક ભાવના કે શ્રદ્ધા અનંતને આણે નહીં, ત્યાં લગી આમ જ ચાલે. સામાન્ય મનુષ્યો જે રીતે અનંતની માન્યતા ધરાવે છે તેમ માનો; અને પછી જીવન શક્ય જણાશે, એનો વિકાસ થતો જશે.

વિલિયમ જેઈમ્સ પૂર્વપક્ષ કરે છે. તમારી વાત તો ખરી. પરંતુ સામાન્ય માણસો સ્થૂળમાં સ્થૂળ વહેમોમાં તરબોળ રહે છે. એમ કેમ કરાય? એ અશક્ય છે. પણ તેમનું જીવન તો જુઓ, જરા નજર તો કરો. એ સ્વસ્થ છે, સુખી છે.

પ્રશ્નનો આ પ્રત્યુત્તર છે.

ટૉલ્સ્ટૉય આગળ જતાં જણાવે છે: "મને એક વસંત ઋતુની સવાર યાદ આવે છે. વનમાં હું એકલો હતો. ત્યાં જે ભેદી અવાજો આવતા તે સાંભળતો હતો. મેં સાંભળ્યા કર્યું. ત્રણ વરસો લગી મારા વિચારોમાં જે ઘોળાઈ રહ્યું હતું તે તરફ મન વળ્યું. એ હતી ભગવાનની શોધ, પણ એ વિચાર ક્યાંથી સ્ફુર્યો? એની શોધમાં પાછું મન વળ્યું! અને ફરીથી મારામાં આ વિચારની સાથે જીવન પ્રત્યેની ખુશીભરી અભીપ્સા જાગી. મારામાંનુ બધું જ જાગી ઊઠયું, અર્થ મળી આવ્યો...મારા અંદરથી અવાજ આવ્યો: 'શા માટે આઘે જાય છે? એ ત્યાં જ છે: તેમના વગર કોઈ જીવી શકે નહીં, તેઓ ત્યાં જ છે' ભગવાનનો સ્વીકાર અને જીવવું એ બે એક જ વાત છે. જીવન જે છે તે જ પ્રભુ છે. તો ભલે! જીવો, એમને શોધો. તેમના વગર જીવન ન હોય...અને પછી બધું મારામાં સ્પષ્ટ થતું ચાલ્યું. પ્રકાશ હોલવાઈ ગયો નથી. આપઘાતમાંથી ઊગરી ગયો! પરંતુ બરાબર આમ કેવી રીતે કે ક્યારે થયું તે કહી શકતો નથી. પરંતુ જીવનની જે શક્તિ (જિજીવિષા?) અજાણ્યો છતાં ધીરે ધીરે મારામાંથી ચાલી ગઇ હતી, અને આમ મારું નૈતિક મૃત્યુ આવી લાગ્યું હતું, એ જ રીતે અને એ જ માત્રાએ જીવવાની શક્તિ પાછી આવી, અને આશ્ચર્ય એ હતું કે પુનરુત્થાન પામેલી આ શક્તિ કાંઈ નવી ન હતી! એ જ જુવાનીની શ્રદ્ધા, એ જ જુસ્સો. વધુ સારા થવું એ જીવનનો હેતુ. રૂઢિગત જીવનનો મેં ત્યાગ કર્યો, મેં જોયું કે એમાં કાંઇ જીવન નથી, એ છે જીવનની વક્રોક્તિ! એ બધી ઉપરછલ્લી વાતો આપણી સમજશક્તિ રૂંધનારી છે." અને ટૉલ્સ્ટૉયે ખેડૂતનું જીવન સ્વીકાર્યું એમને એ ગોઠી ગયું, પોતે સુખી થયા, સાચી સમજ આવતાં બે વર્ષ થઈ ગયાં. મુશ્કેલી ત્યારે ક્યાં હતી? સામાન્ય જીવન પ્રત્યેની એ મુશ્કેલી નહોતી. ભદ્ર લોકની રહેણીકરણી, તેમના બૌદ્ધિક વ્યવહાર, કળાની સૂઝ, જે બધું પોતે જીવ્યા હતા તે ગતાનુગતિકતા, કૃત્રિમતા, અંગત મહત્ત્વાકાંક્ષા. એમને લાગ્યું કે પોતે ખોટી રીતે જીવી રહ્યા હતા. એમાં પરિવર્તન થવું જોઈએ. માણસની પ્રાથમિક જરૂરિયાતો પૂરવી, જૂઠ અને દંભને તિલાંજલિ આપવી, રોજબરોજની જરૂરિયાતોને મુક્ત કરવી, સહજ સરળ થઈ જવું, પ્રભુમાં શ્રદ્ધા રાખવી, – એ માર્ગે સુખ મળ્યું. ગૂંચો ઊકલી ગઈ!...

**સંત ઑગસ્ટાઈન** ઈસવી સન ૩૫૪ થી ૪૩૦ના ગાળામાં થઈ ગયા. તેમની કેફિયત (Confessions) દુનિયાના ધર્મસાહિત્યમાં એક અગત્યની આત્મકથા ગણાય છે. તેઓ વિદ્વાન હતા અને મહાન મરમી પ્લૉટિનસના રંગે ઘણે અંશે રંગાયેલા હતા. વર્ષો લગી આફ્રિકામાં વસ્યા, અભ્યાસ કર્યો અને લેખનકાર્ય કર્યું અને બેતાલીશ વર્ષની ઉંમરે બિશપ ઑફ હિપ્પો બન્યા. એમનું 'પ્રભુનું નગર' (City of God) પુસ્તક ખ્રિસ્તી વાઙ્મયમાં ખૂબ મહત્ત્વનું ગણાય છે. પ્લેટો અને પ્લૉટિનસ, એ બંનેની ફિલસૂફીની અસર તેમનાં લખાણોમાં છે. પરંતુ અંતમાં ખ્રિસ્તી ધર્મની સંપૂર્ણ અસર તળે આવી જાય છે. ક્રાઇસ્ટની તેમની અનુભૂતિ, પ્રેમની મસ્તી એક મરમી સંતનું જીવન વ્યક્ત કરે છે. એમનાં માતાની સાથે ખુલ્લે દિલે કરેલી આધ્યાત્મિક ભાવાનુભૂતિનો વાર્તાલાપ તેમના પર નવ-પ્લેટોવાદમિશ્રિત ખ્રિસ્તીમરમીભાવનું દર્શન કરાવે છે. તેમનો આંતરપલટો (Conversion) ઈ. સ. ૩૮૬ માં આશરે બત્રીશ વર્ષની ઉંમરે થયો. તેમની કેફિયતમાંથી એક ફકરો ઉતારું છું :

"જે નવી ઇચ્છાશક્તિ અથવા સંકલ્પબળ મારામાં પ્રગટ્યું તે મારા પહેલાંના સંકલ્પબળને અભિભૂત કરી શક્યું નહીં; કારણ કે, એ ઘણા સમયની આત્મતૃપ્તિનો પરિપાક હતો. એટલે આ બંને બળો – એક જૂનું, બીજું નવું – એક વિષયપરાયણ, બીજું આધ્યાત્મિક, – એકબીજાની સાથે અથડાવા લાગ્યાં અને મારા આત્મામાં વિક્ષેપરૂપ બન્યાં. મારી પોતાની અનુભૂતિને આધારે મેં જે વાંચ્યું હતું કે 'દેહ આત્માની સામે કામાતુર બને છે અને આત્મા દેહની સામે ઝઝૂમે છે' તે સમજાયું. ખરું જોતાં, એ બંને પ્રકારના બળમાં હું જ હતો; પરંતુ મારી જાતમાં જેને સંમતિ આપે તેનું પ્રાધાન્ય, જેને સંમતિ આપતો નહિ તેના કરતાં વધારે હતું. પરંતુ મારી મારફત જ મારા ઉપર તે ટેવે એવું ભયંકર પ્રભુત્વ મેળવ્યું હતું; કારણ કે, જ્યાં મારું સંકલ્પબળ પ્રબળ નહોતું ત્યાં હું સ્વેચ્છાએ જઈ ચઢ્યો હતો. તેમ છતાં પાર્થિવતાથી બદ્ધ હું તેનો અસ્વીકાર કરતો અને પ્રાર્થતો : 'હે પ્રભુ, તારી બાજુ પર રહીને ઝઝૂમવું, બધાંય બંધનોમાંથી મુક્ત થતાં ગભરાવું, તેમનાથી આબદ્ધ થતાં મારે ભયભીત થવું જોઈતું હતું.' જેમ એક માણસ જાગવાને પ્રયત્નશીલ હોય, પણ તંદ્રાથી ઘેરાયેલો હોવાને કારણે ફરી પાછો ઊંઘી જાય છે, તેમ તારા પરના મારા વિચારોમાં જે એકાગ્રતા અનુભવતો તેમાં ઝોક આવી જતો.

ઘણી વાર એવું બને છે કે જ્યારે માણસમાં ઊંઘનુ ભારણ તેનાં અંગો પર વધી જાય છે ત્યારે તે એને રોકી શકતો નથી. અને એ માન્ય નહિ હોવા છતાંય, તેને પ્રોત્સાહન આપે, – એ રીતે હું ખાતરીપૂર્વક જાણતો હતો કે મારી વિષયવાસનાને વશ થવા કરતાં તારા પ્રેમને સમર્પણ કરવું શ્રેયસ્કર છે; છતાં જો કે પ્રથમની દિશા મને પ્રતીતિકારક હતી, બીજી ખુશ કરતી હતી અને મને આબદ્ધ રાખતી હતી, 'ઊઠ, હે ઊંઘણશી' એવો જ્યારે તારો અવાજ આવતો, ત્યારે એનો પ્રત્યુત્તર આપનાર મારામાં કશું જ નહોતું; માત્ર સુસ્ત ધીરા ધીરા શબ્દો, 'હા, હમણાં જ થોડી વારમાં'. પરંતુ એ 'હમણાં જ'ની હમણાં આવતી નહિ, અને 'થોડી વાર' તો ક્યાંય લંબાઈ જતી ! .... હું જાણતો હતો કે તું મને જલદીથી સાંભળશે અને મારી આ કામવાસનાના રોગમાંથી મને મુક્ત કરી દેશે, – જે કામવાસનાની જ્વાળાને હોલવ્યા કરતાં, સાચું કહું તો, તેની પરિતૃપ્તિ હું ઝંખતો હતો ! મારા આત્માને કેવાં શબ્દોનાં બાણથી મેં વીંધ્યો છે, – ઓહ ! છતાં તે પાછો હટી જતો, ના પાડતો, જોકે એની પાસે કોઈ બહાનું નહોતું... મારી જાતને મેં કહ્યું : 'ચાલ, એ હમણાં જ કરી દઈએ' અને એમ જેવું બોલ્યો કે તરત જ નિર્ણયની અણી પર પહોંચી ગયો હતો. હું બધું જ કરી ચૂક્યો, પણ કાંઈ જ વળ્યું નહીં. (I all but did it, yet I did not do it !) વળી બીજો પ્રયાસ કર્યો, લગભગ સફળ થયો; પણ ત્યાં પહોંચ્યો નહીં, ફાવ્યો નહીં; મર્યો તો મરી જાણવું, જીવ્યો તો જીવી જાણવું, એ વચ્ચે ઝોલાં ખાવા લાગ્યો; અને જે ઉચ્ચતર જીવનનો મેં પ્રયોગ કરી જોયો નહોતો તેના કરતાં જે દૂષણનો હું ભોગ બની ગયો હતો તેણે મને વધુ ખેંચી રાખ્યો !"

આના કરતાં વધુ પૂર્ણ વર્ણન વિભક્ત મનોબળનું – છિન્નભિન્ન હાલતનું – મળવું મુશ્કેલ છે. આ હાલમાં ઉચ્ચતર જીવનને ઝડપી લેનારી અંતિમ ઉત્કટતાનો અભાવ હોય છે, – પ્રજ્વલી ઊઠનારી સઘનતાના સ્પર્શનો, વિદ્યુત્વેગી સંચલનનો અભાવ હોય છે. એ ઉત્કટતા, એ સઘનતાનો સ્પર્શ, એ સંચલન હોય તો ઉપરનું કોચલું તૂટી પડે, અને એમાંથી અસરકારક રીતે જીવનનો ઉછાળો ભભૂકી ઊઠે અને પછી નિમ્ન વૃત્તિઓ હંમેશને માટે શમી જાય...

આ ત્રણેય વ્યક્તિઓનું (બનિયન, ટૉલ્સ્ટૉય, ઑગસ્ટાઈન) પૃથક્કરણ વિલિયમ જેઈમ્સે એટલું સર્વોચ્ચ ભાવે કર્યું છે કે મરમી કે સંત કે યોગીની

પ્રાથમિક અવસ્થા – પાયાની પીઠ – કેવી હોવી જરૂરી છે એનું જાણે કે એક અધ્યાત્મભાવી સુ–દર્શન ન હોય!...

અગિયારમી સદીમાં થઈ ગયેલા **અલ્–ગઝલી** ફારસી ફિલસૂફ, ઈશ્વરીવિદ્યાના વિદ્વાન અને સૂફી સાધનાના અનુભવી અને દાર્શનિક હતા. એમણે પોતાની આત્મકથા લખી છે. એમાંથી આપણે ઉતારો કરીએ છીએ. તેઓ લખે છે :

"સૂફી સાધનાનું વિજ્ઞાન એટલે ભગવાન સિવાયની સઘળી વસ્તુઓમાંથી હૃદયને અનાસક્ત કરવું, દિવ્ય સતતાના ધ્યાનમાં રાતદિવસ પરોવાયેલા રહેવું. મારી પ્રકૃતિને સાધનાના કરતાં તેનું સૈદ્ધાંતિક જ્ઞાન વધુ માફક આવતું હોવાને કારણે મેં કેટલાંક પુસ્તકો વાંચ્યાં, અને અભ્યાસથી તેમ જ વાતોથી જેટલું જાણી શકાય તેટલું જાણ્યું. મેં જોયું કે એ સાધનાની પદ્ધતિ અભ્યાસથી પામી શકાય તેમ નથી,–જેવાં કે ભાવોન્માદ, આનંદવિભોર થવું અને રૂપાંતર. દાખલા તરીકે, તંદુરસ્તી કે આત્મતૃપ્તિની વ્યાખ્યા કરવી, તેનાં કારણો શોધવાં, તેની પરિસ્થિતિનું નિદાન કરવું, એની જાણકારી અને ખુદ તંદુરસ્ત હોવું કે આત્મતૃપ્ત હોવું,– એ બંનેમાં કેટલો બધો ફરક છે!...આમ મેં જાણ્યું કે શબ્દો કે લખાણ માત્ર સૂફીવાદ શું છે તે જણાવે, પણ જે કાંઈ બાકી રહ્યું તે અભ્યાસથી કે સાંભળવાથી ન પમાય; એ તો એમાં એક થઈ ગયે અને શુદ્ધ જીવન ગાળ્યે જ પમાય.

આમ વિમર્શ કરતાં લાગ્યું કે હું અનેક બંધનોમાં જકડાઈ ગયો છું, ચારે બાજુ લાલચો છે. મારા ઉપદેશનો વિચાર કરતાં લાગ્યું કે ભગવાનની આગળ એ અપવિત્ર ગણાય. મેં જોયું કે યશની પ્રાપ્તિને માટે હું કેટકેટલો મથી રહ્યો હતો, મારી નામના થાય એ માટે કેટકેટલું મારા જ્ઞાનને વટાવી રહ્યો હતો, તેનું મૂલ્ય કરી રહ્યો હતો!... આમ, મથામણ કરતાં કરતાં મારી નબળાઈ તરી આવી; કોઈ પણ આશરો રહ્યો નથી એમ સમજાતાં મે મારી ઇચ્છાશક્તિ સમૂળી દૂર કરી દીધી અને પ્રભુ પ્રત્યે વળ્યો. પ્રભુને જે મૂઢ પ્રાર્થે છે અને તેને તેઓ સાંભળે છે, તેમ મને પણ સાંભળ્યો. પછી મારાં યશ, ધન અને બાળકોને ત્યજતાં કોઈ જ મુશ્કેલી જણાઈ નહીં. એટલે મેં બગદાદ છોડ્યું, મારા નિભાવ પૂરતું જેટલું જરૂરી હોય તેટલું રાખ્યું, બાકીનાની ખેરિયત કરી દીધી. સીરિયા ગયો. ત્યાં બે વર્ષ રહ્યો. કશું જ કામ નહીં! એકાંતમાં રહેવું, સમાજથી દૂર. કામનાઓની

સામે ઝઝૂમવું, વિજય મેળવવો, વિકૃતિને જાણીને જોઈને દૂર કરવી, જાતને સફસૂફ કરવાની તાલીમ મેળવવી, વર્તનને અણિશુદ્ધ કરવું, પ્રભુનું ધ્યાન ધરવાને હૃદયને તત્પર કરવું, — આ બધું જે વાંચ્યું હતું તે સૂફીસાધનામાં ઓતપ્રોત કર્યું. — જીવનની આ પુનઃ સ્થાપનાને પરિણામે એકાંતમાં રહેવાની જિજ્ઞાસા વધી, હૃદયની વિશુદ્ધિ પૂરી કરી શક્યો અને ધ્યાનનો અધિકારી થયો. પરંતુ સમયની ચડતીપડતી, કુટુંબની પરિસ્થિતિ, ગુજરાન ચલાવવાની આવશ્યકતા — આ બધાંને લઈને મારો મૂળ નિર્ણય કંઈક બદલાયો, એકમાત્ર એકાંત જીવનની યોજનામાં દખલગીરી ઊભી થઈ. હું કદાપિ આનંદવિભોર અવસ્થાને પૂર્ણપણે પામી શક્યો ન હતો, — માત્ર થોડા ઘણા કલાકો સિવાય. છતાંય એ ભૂમિકાને પ્રાપ્ત કરવાની આશા ચાલુ હતી. જ્યારે જ્યારે પરિસ્થિતિમાં ભંગાણ પડવાના પ્રસંગો આવી પડે, ત્યારે ત્યારે પુનઃ પુનઃ પાછો ફરી જતો. આમ દશ વર્ષો વીતી ગયાં. આવી એકલ અવસ્થાના ગાળામાં મારામાં પ્રકાશ પથરાવા લાગ્યો, પડદો ખૂલતો ગયો, અને જે કાંઈ બન્યું તે વિષે વર્ણવવું કે તે તરફ નિર્દેશ કરવો અશક્ય થઈ ગયું. મને પૂરી ખાતરી થઈ ગઈ કે સૂફીસાધકો ભગવાનને માર્ગે ચોક્કસ જઈ રહ્યા છે. એમની પ્રવૃત્તિમાં અને એમની નિવૃત્તિમાં, પછી એ બહારના હોય કે અંદરના, એમને જે પ્રકાશ દોરી રહ્યો છે તે મૂળ કેન્દ્રમાંથી આવે છે. સૂફીની સર્વપ્રથમ શરત પોતાના હૃદયમાંથી જે કાંઈ ભગવાનનું ન હોય તેની સાફસૂફી કરવી, — એ છે. બીજી શરત છે તરવરતા આત્મામાંથી પ્રકટતી નમ્ર પ્રાર્થનાઓ, અને આમ કરતાં કરતાં પ્રભુના ધ્યાનમાં લીન થઈ જઈને હૃદયનું તેમાં નિમજ્જન. વાસ્તવિક દૃષ્ટિએ, આ માત્ર સૂફી જીવનની શરૂઆત થઈ; તેનો અંત છે ભગવાનમાં તન્મયતા. એની શરૂઆતમાં જે કાંઈ અંતઃપ્રજ્ઞાના ચમકારા જણાય એ પ્રવેશના ઉંબરામાં જણાય તે બધું. આરંભમાં એવા બધા આવિર્ભાવો થાય છે અને એવા અકલ્પ્ય કે, સૂફીઓ પોતાની નજરે, ખુલ્લી આંખોથી, દેવદૂતોને, પયંગબરોના આત્માઓને જોઈ શકે. એમના અવાજ આવે, એમનો પ્રસાદ ઊતરી આવે. આ સઘળાં સ્વરૂપો, આકૃતિઓનાં દર્શન પછી એવી એક ભૂમિકાએ સૂફીસાધક જઈ પહોંચે, જેનું બયાન અનિર્વચનીય બની જાય. અને કોઈ પણ વ્યક્તિ એવું બયાન કરવા જાય તો તેની અભિવ્યક્તિ પાપયુક્ત ગણાય.

“ આ ભાવોન્માદની દશાનો જેને અનુભવ થયો ન હોય તે માત્ર શબ્દો જ જાણી શકે, પયગંબરવાદની સાચી વાત જાણી ન શકે. પોતાની અનુભૂતિ

અને સૂફીના કહેણમાંથી તે માત્ર એમનું અસ્તિત્વ પ્રમાણી શકે. જેમ એવા માણસો હોય છે, જેઓ પોતાની સંવેદનશીલ ચિત્તપ્રકૃતિને જે કાંઈ સાવ શુદ્ધ સમજણવાળું હોય છતાં તેનો અસ્વીકાર કરતા હોય છે, તેમ એવા બુદ્ધિનિષ્ઠ માણસો હોય છે જેઓ પયગંબરી શક્તિનાં દર્શનની વાતોનો અસ્વીકાર કરે છે, તેનાથી દૂર ભાગે છે. એક અંધ માણસ રંગની રજૂઆતને સમજી શકતો નથી, સિવાય કે જે વર્ણન દ્વારા કે વાતો દ્વારા મળ્યું હોય. છતાં ભગવાને પયગંબરીભાવ મનુષ્યોની નજદીક આણ્યો છે, – તેમને સૌને એના જેવી અવસ્થા તેની મુખ્ય મુખ્ય બાબતોમાં દઈને. આ અવસ્થા તે ઊંઘ છે. તમે જો કોઈ માણસને આવી ઘટનાઓની અનુભૂતિ વગર પોતે કેવો હતો તે કહો, કે, એવા કેટલાક માણસો હોય છે જેઓ ઘણી વાર મરેલા મનુષ્યની માફક મૂર્છિત થઈ જાય છે અને જેઓ સ્વપ્નમાં છૂપેલી વસ્તુઓની ઝાંખી કરી શકે છે, તો, તે માનશે નહીં અને એનાં કારણો આપશે. તેમ છતાં એની દલીલો નક્કર અનુભૂતિઓથી ખોટી ઠરશે. અને એટલા માટે, જેવી રીતે કોઠાસૂઝ માનવજીવનની એક અવસ્થા હોય છે, જેમાં વિવિધ બૌદ્ધિક પદાર્થોને જોવાનું એક નયન ખૂલી જાય છે, – કોઈ પણ સંવેદન દ્વારા પમાયું ન હોય તો પણ; તેવી રીતે ભાવિકથનમાં એક પ્રકાશ દ્વારા દૃષ્ટિ ઉજ્જવલ બની જાય છે, અને બુદ્ધિ જ્યાં પહોંચી ન શકે ત્યાંની ચીજો અને પદાર્થો તેની સમક્ષ ખુલ્લાં થાય છે. માત્ર ભાવોન્માદની અવસ્થામાં જ ભાવિદર્શનનાં મુખ્ય મુખ્ય લક્ષણો જણાય છે. પયગંબરની પાસેનાં લક્ષણો સમજાતાં હોતાં નથી, એ સૂફી જીવન જે જીવે તેને ખ્યાલ આવી શકે છે. એમનો અસલી સ્વભાવ તમે શી રીતે જાણી શકો ? કારણ કે, માણસને જે સમજાય તે જ તે જાણે છે ! પરંતુ સૂફીસાધનપ્રણાલી દ્વારા જે ભાવોન્માદ પ્રકટે છે, એ એક તત્કાલીન સ્પર્શ હોય છે, – જાણે કે પોતાના હાથથી પદાર્થનો સ્પર્શ થયો ન હોય !”

આ જે અન્યમાં સંચારિત ન થઈ શકે એ તત્ત્વ મરમીભાવ કે રહસ્યવાદનું મુખ્ય લક્ષણ છે. જેને ભાવોન્માદ થાય તેને માટે એ મરમી સત્ય હયાતી ધરાવે છે, – અન્યને માટે નહીં....

હવે આપણે સૂફી સાધના અને દર્શનના અગ્રગણ્ય મરમી સાધક **અલ્-હુજવીરી** જેમનો આપણે આગલાં પ્રકરણોમાં કોઈ કોઈ વાર ઉલ્લેખ કરેલો છે, તેમણે પોતાનું પુસ્તક ‘કશ્ફ-અલ્-મહ્ઝૂબ’ લખ્યું છે, તેના પૂર્વાપર સંબંધ વિષે પોતે જે ઘણા સૂચક ભાવે દર્શાવ્યું છે અને જે મારી

નમ્ર દૃષ્ટિએ કોઈ પણ સાધનાના સાધકે જાણવું જરૂરી છે, તે તેમની પોતાની વાણીમાં જોઈએ. ઉપર અલ્–ગઝલીએ જણાવેલી વાતોનું અને અકથ્ય અનુભૂતિનું આ ફલસ્વરૂપ છે, કહો કે ફલશ્રુતિ છે ('ઉદ્વૃત્ત' વાપરી શકાય તો તે છે). તેઓ જણાવે છે :

"જ્યારે મેં કહ્યું કે મારા પુસ્તકનું નામ મેં 'કશ્ફ-અલ્-મહજૂબ' રાખ્યું છે, ત્યારે મારો મુખ્ય આશય એ હતો કે આંતરસૂઝવાળા મનુષ્યોની સમક્ષ તેના મુદ્દાઓને એ નામ સ્પષ્ટ કરે. તમારે જાણવું જોઈએ કે આખી માનવજાતિ આધ્યાત્મિક સત્યના ઊંડાણની પાછળ શું છે, તે જાણતી નથી હોતી. એ માત્ર ભગવાનના ભક્તો અને તેમણે પસંદ કરેલા જ જાણતા હોય છે. અને વળી આ પુસ્તક સત્યના માર્ગનું અન્વેષણ કરે છે અને મરમી વાણીની સમજૂતી આપે છે અને મર્ત્યતાના આવરણનું ઉન્મોચન કરે છે; એટલે તેનું બીજું યોગ્ય મથાળું હોઈ ન શકે. તત્ત્વત: ઉન્મોચન (કશ્ફ) એ આવૃત થયેલા પદાર્થને નષ્ટ કરે છે; અને જેમ આવરણ રહસ્યનો નાશ કરે છે, અને વળી, દાખલા તરીકે, જેમ જે નિકટ છે તેને દૂર રહે પાલવે નહીં અને જે દૂર છે તેને નિકટ રહે પાલવે નહીં, અથવા તો સિરકામાંથી જન્મ પામેલું જંતુ બીજા કોઈ પદાર્થમાં પડે તો નાશ પામે, તેમ જ બીજા પદાર્થોમાંથી જન્મેલાં જંતુઓ સિરકામાં પડે તો નાશ પામે, – તેમ આ વાત સમજવી. આધ્યાત્મિક માર્ગને માટે જન્મેલા સિવાય બીજાને માટે એ માર્ગ દુર્ગમ છે. પયગંબર કહે છે : 'જેને માટે જે જન્મ્યું હોય તેને માટે તે સહેલું જણાય છે.' આવરણો બે છે : એક છે 'આચ્છાદનનું આવરણ', જે કદાપિ કાઢી શકાતું નથી, અને બીજું છે 'ધૂંધવામણનું આવરણ', જે જલદી કાઢી શકાય છે. આની સમજૂતી આ પ્રમાણે છે : એક માણસ તત્ત્વતઃ સત્યમાંથી આવૃત હોય, એટલે કે તેની દૃષ્ટિએ સત્ય અને જૂઠાણું એક જ લાગતાં હોય; બીજો માણસ તેના ગુણોના આરોપણને લઈને સત્ય-માંથી આવૃત હોય, એટલે કે તેનો સ્વભાવ અને હૃદય વારંવાર સત્યને શોધ્યા કરે અને જૂઠાણાથી ભાગે. તેથી કરીને તત્ત્વનું આવરણ, જે આચ્છાદનનું છે તે કદાપિ દૂર થઈ શકતું નથી. ભગવાને કહ્યું છે: 'કોઈ પણ રીતે નહીં : પરંતુ તેમનાં કર્મોએ તેમના હૃદય પર આચ્છાદન પાથરી દીધું છે.' પછી તેમણે સ્પષ્ટીકરણ કર્યું : 'જેઓ નાસ્તિક છે તેમને માટે બધું એક છે, પછી તમે તેમને ચેતવો કે નહીં, તેઓ માનવાના નથી.' પછી તેમણે તેનું કારણ સમજાવ્યું : 'ભગવાને તેમનાં હૃદય સીવી દીધાં છે.'

પરંતુ ગુણોના આરોપણનું આવરણ જે ધૂંધવામણનું છે તે કોઈ કોઈ વાર દૂર થઈ જાય; અને તત્ત્વમાં કંઈ બદલાય નહીં, પણ ગુણોના આરોપણમાં ફેરફાર થઈ શકે. સૂફી શેખોએ આ બાબત પર ઘણો પ્રકાશ પાડ્યો છે... દાખલા તરીકે, પથ્થરમાંથી દર્પણ બનાવવું અશક્ય છે, પછી ભલેને ગમે તેટલા નિષ્ણાતો એમ કરવા પ્રયત્નો કરે; પરંતુ કાટ ખાઈ ગયેલું દર્પણ કાટને દૂર કરવાથી સારું થઈ જાય, પથ્થરમાં જડતા નૈસર્ગિક છે, દર્પણમાં તેજસ્વિતા સહજ છે. તત્ત્વ ચિરકાલીન છે, અને કામચલાઉ ગુણારોપણ ટકતું નથી.

એ ન્યાયે મેં આ પુસ્તક હૃદયને સંસ્કારનારાઓને માટે (polishers) રચ્યું છે. એમનાં હૃદય ધૂંધવામણને લીધે ઘેરાઈ ગયેલાં હોય છે. પરંતુ સત્યના પ્રકાશનું તત્ત્વ તેમનામાં જીવંત હોય છે; અર્થાત્, આ પુસ્તકના વાચનના આશીર્વાદથી તેમનો પડદો ઊંચકાઈ જાય અને જે આધ્યાત્મિક વાસ્તવિકતા છે તે માર્ગે તેઓ જઈ શકે. જેમની સત્તામાં (being) સત્યનો અસ્વીકાર અને જૂઠાણાનું વર્તન; એ બંને સેળભેળ થયાં હોય, એમને માટે અધ્યાત્મમાર્ગ નથી,—અને આ પુસ્તક એમના માટે કશાય કામમાં આવશે નહીં...

હવે મેં જે શબ્દો વાપર્યા છે તેને ઉદ્દેશીને જણાવું. મેં કહ્યું હતું: 'તમારી ઇચ્છા શી છે તે જાણીને મેં આ પુસ્તકને તમારા હેતુ અનુસાર વિભાગમાં ગોઠવી દીધું છે.' પ્રશ્નકર્તા, જે વ્યક્તિને પ્રશ્ન કરે તેને શું જોઈએ છે તે જણાવે નહી, ત્યાં લગી તેને સંતોષ થાય નહીં. પ્રશ્ન ત્યારે સંભવે જ્યારે કોઈ મુસ્કેલી હોય, અને જ્યાં લગી મુશ્કેલીનો પ્રકાર જણાય નહીં ત્યાં લગી ટળી મુશ્કેલી શકે નહીં. તદુપરાંત, સામાન્ય રીતે પ્રશ્નનો ઉત્તર આપવો ત્યારે શક્ય બને, જ્યારે પૂછનારને તેનાં વિવિધ પાસાંનું જ્ઞાન હોય; પરંતુ જે શરૂ કરનાર છે, પ્રાથમિક દશામાં છે, તેને માટે વિગતોની જરૂર હોય છે, તેને જાતજાતની સમજૂતી આપવી પડે, વ્યાખ્યાઓ જણાવવી પડે. ખાસ કરીને આ બાબતમાં તમે મને વિગતે પ્રશ્નોના ઉત્તર આપવા જણાવ્યું— ભગવાન તમારું ભલું કરે—એટલે મેં આ પુસ્તક લખ્યું છે....

મેં કહ્યું: 'ભગવાનને પ્રાર્થું છું કે તેઓ મને મદદ કરે અને સમૃદ્ધ કરે,'—કારણ કે, એકલા ભગવાન જ સત્કાર્યો કરવામાં સહાય કરે છે. જ્યારે ભગવાન પુરસ્કારની લાયકાત ધરાવનારાં કાર્યો કરવામાં સહાય કરે છે, ત્યારે

ભગવાન જ સફળતા અપાવે છે એમ સમજવું... જ્યારે મનુષ્ય ભગવાનનો આજ્ઞાંકિત હોય છે, ત્યારે તેને ભગવાન તરફથી વધુ બળ મળે છે. ટૂંકમાં, બધી પ્રવૃત્તિ અને નિવૃત્તિ પ્રભુનું જ કાર્ય છે, તેમનું જ સર્જન છે. એટલા માટે, આજ્ઞાંકિત થવા માટે જે બળની જરૂર પડે છે તેને 'તવફિક' (tawfiq) કહે છે. આ વિષયની ચર્ચા અહીં અનુપસ્થિત છે. હવે હું મુદ્દા પર આવું, પણ તે પહેલાં તમારા પ્રશ્નને ચોક્કસ રૂપ આપું. પ્રશ્ન કરવામાં આવેલો આ છે: પ્રશ્નકર્તા અબુ–સૈયદ–અલ્–હુજવીરી કહે છે, 'સૂફીવાદના માર્ગનો ખરો અર્થ મને બરાબર સમજાવો અને સૂફીઓની ભૂમિકાઓનો ખ્યાલ આપો. તેમના સિદ્ધાંતો, વચનો, મરમીભાવવાળાં રૂપકો, દિવ્યપ્રેમનું સ્વરૂપ, તે કેવી રીતે માનવીહૃદયમાં ઊતરી આવે છે, શા માટે બુદ્ધિ તેના તત્ત્વને પામી શકતી નથી, શા માટે આત્મા તેની વાસ્તવિકતામાંથી પાછો હટી જાય છે, શાને જીવન તેની પવિત્રતામાં ઝૂકી જાય છે; તેનાં વ્યવહારુ સ્વરૂપો જે સિદ્ધાંતની સાથે સંકળાયેલાં હોય– તે બધું સ્પષ્ટ કરો.'

અલિ બ. ઉથમાન અલ્–જુલાબી અલ્–હુજવીરી, જેમને પ્રશ્ન કરવામાં આવ્યો છે, તે ઉત્તર આપે છે: 'આટલું જાણો કે આપણા હાલના સમયમાં સૂફીવાદનું વૈજ્ઞાનિક સ્વરૂપ, ખાસ કરીને આ દેશમાં, લુપ્ત થઈ ગયું છે. બધા લોકો પોતાની વિકૃતિઓને અનુસરતા થઈ ગયા છે, તેમણે મૌનનો માર્ગ ત્યજી દીધો છે, તે પ્રત્યે વિમુખ થઈ ગયા છે. જ્યારે ઉલમા અને અન્ય સૌ વિદ્વાનો તે જાણવાનો ઢોંગ કરે છે અને સૂફીવાદના મૌલિક સિદ્ધાંતોથી સાવ ઊલટું માનતા થઈ ગયા છે.

મોટા અને નાના સૌ ખાલી વાતોનાં બણગાં ફૂંકે છે; આધ્યાત્મિક જુસ્સાને બદલે અંધ અનુકરણ કરતા થઈ ગયા છે. સામાન્ય લોકો જણાવે છે: 'અમે ભગવાનને જાણીએ છીએ'; પરલોકની તેમની ઝંખના સંતોષાય તો જેઓ દીક્ષિત છે તેઓ કહે છે, 'અમારી ઇચ્છા ઝાંખી અને પ્રેમ ઉત્કટ છે.' પ્રત્યેક જણ દાવો કરે છે, કોઈ વાસ્તવિકતા પામતું નથી. પોતાની કઠોર તપસ્યા છોડીને શિષ્યો શેખચલ્લીના કિલ્લા રચતા થઈ ગયા છે, અને આને તેઓ 'ધ્યાનગંભીરતા' કહે છે.

મેં પોતે સૂફીભાવ પર કેટલાંક પુસ્તકો લખ્યાં છે, પણ એનો કશો અર્થ નથી. કેટલાક જૂઠાણું આચરનાર ઢોંગીઓ આમથી તેમથી ફકરા ચૂંટી કાઢે છે અને લોકોને છેતરે છે; બીજું બધું ભૂસી નાખે છે, નષ્ટ કરે છે. વળી,

કેટલાક એવા છે કે તેઓ પુસ્તકોને ખંડિત કરતા નથી, પણ વાંચ્યા વગર પડ્યાં રહેવા દે છે; બીજા વાંચે છે, પણ તેના અર્થ સમજતા નથી હોતા, એટલે એવાઓ પાઠયની નકલ કરે છે, તેને ગોખી નાખે છે અને કહે છે, 'અમે મરમી વિજ્ઞાન પર બોલી શકીએ છીએ.' અત્યારના સમયમાં સાચું અધ્યાત્મવિજ્ઞાન પારસમણિ જેવું વિરલ થઈ ગયું છે...પહેલાંના સમયમાં પ્રખ્યાત સૂફીનાં પુસ્તકો, જેઓ તેમની કદર ન કરી શકે તેવાઓના હાથમાં આવ્યાં હોવાને કારણે, પોતાની ટોપીઓની કિનારીને શોભાવવાના ઉપયોગમાં લેતા થઈ ગયા છે, અથવા તો અબૂ નવાઝનાં કાવ્યોનાં પૂઠાં શોભાવે છે, જાહિઝની મૂર્ખામીઓને શણગારે છે. રાજાનો બાજ કોઈ વૃદ્ધ સ્ત્રીની ઝૂંપડીની દીવાલ પર બેસી જાય ત્યારે તેની પાંખો પીંખાઈ જાય એ નક્કી છે. આપણા હાલના સમકાલીનો પોતાની વિકૃતિઓને 'કાનૂન'ને નામે ઓળખાવે છે, અભિમાન અને મહત્ત્વાકાંક્ષાને 'સંમાન અને વિદ્વત્તા' ગણે છે, મનુષ્ય પ્રત્યેના જૂઠાણાને 'ભગવાનનો ડર' કહે છે, ક્રોધના છુપાવવાને 'કોમળતા' તરીકે ઓળખાવે છે, વિવાદને 'ચર્ચા' કહે છે, વિતંડા અને મૂર્ખામીને 'ગૌરવ' કહે છે, સચ્ચાઈના અભાવને 'ત્યાગ' કહે છે, કામવાસનાને 'ભગવાનની ભક્તિ' કહે છે, પોતપોતાની અર્થહીન કલ્પનાઓને 'દિવ્ય જ્ઞાન' કહે છે, હૃદયના ચાંચલ્યને અને પ્રાણમય જીવની આસક્તિઓને 'દિવ્ય પ્રેમ' કહે છે, ધર્મવિદ્રોહને 'ગરીબાઈ', શંકાશીલતાને 'પવિત્રતા', ભાવાત્મક ધર્મની અમાન્યતાને 'ફના', પયગંબરના કાનૂન પ્રત્યેની ઉપેક્ષાને 'મરમી માર્ગ,' તર્કવાદીઓની સાથેના દુષ્ટ વ્યવહારને 'ભક્તિનો પ્રયોગ' – આમ સૌ ગણતા થઈ ગયા છે! અબૂ-અક્ર-અલૂ-વાસિતિ જણાવે છે કે, 'આપણે એવા સમયના ભોગ થઈ પડ્યા છીએ કે જેમાં નથી ઇસ્લામ પ્રત્યેની ધાર્મિક ફરજો, નથી દૈવવાદની આચારસંહિતા, નથી શૌર્યનાં લક્ષણો.' આમ સઘળે વરતાય છે. તો શું કરવું?

"ધ્યાનમાં રાખો કે હું આ વિશ્વને દિવ્ય રહસ્યોના નિવાસ તરીકે જોઉં છું, એ બધું સર્જાયેલી ચીજોમાં મુકાયેલું છે. તત્ત્વો, ઉપાંગો, પદાર્થો, શરીરો, આકૃતિઓ અને ગુણધર્મો – આ બધાં દિવ્ય રહસ્યોનાં આવરણો છે. એકીકરણના દૃષ્ટિબિંદુથી **આવાં આવરણો**ની હયાતીનું વિધાન કરવું એ બહુદેવવાદ ગણાય; પણ આ દુનિયામાં બધું જ આવરણયુક્ત છે. પોતપોતાની સત્તા દ્વારા અને આ પ્રાકૃતિક સત્તાની સાથેના સંસર્ગને લઈને, તેના સેળભેળથી જીવ કેદી બની ગયો છે. એટલે પેલાં દિવ્ય રહસ્યોને બુદ્ધિ

ભાગ્યે જ ફળી શકે અને જીવ ભગવાનનાં સાંનિધ્યના આશ્ચર્યોની ઝાંખી કરી શકે. આવા સ્થૂળ વાતાવરણથી આકર્ષાયેલો માનવ અજ્ઞાન અને ઉદાસીનતામાં ડૂબી ગયો છે; તેના પર આવી પડેલા આવરણમાંથી મુક્ત થવાને, તેને દૂર કરવાને, પ્રયત્નશીલ થતો નથી. એકત્વના સૌન્દર્યને ન જોઈ શકતો તે, ભગવાનથી વિમુખ થઈ જાય છે; આ સંસારની મોહજાળમાં લુબ્ધ થતો જાય છે, અને તેની બુદ્ધિશક્તિ અભિભૂત કરનારી વાસનાઓને વશ થઈ છે, અને પ્રાણમય આત્મા, જેને કુરાન 'પાપથી દૂષિત' તરીકે વર્ણવે છે, તે જાણતો હોવા છતાં, ભગવાન અને માનવની વચ્ચેનાં સઘળાં આવરણોથી ખોટું આવરણ બની જાય છે।

"હવે તમે જે ભૂમિકાઓ અને આવરણોને વિષે જાણવા માગો છો તેની શરૂઆત કરું છું અને તે સંપૂર્ણપણે અને ચોખ્ખી રીતે તમને સમજાવું છું. નિષ્ણાતોની અભિવ્યક્તિઓનો અર્થ ઘટાવતો જઈશ, શેખોનાં વચનો અને પ્રસંગોને ઉમેરતો જઈશ, જેથી કરીને તમારો હેતુ સરે; અને ધર્મના જે કોઈ વિદ્વાનો હોય અથવા જેઓ આમાં ડોકિયું કરવા તત્પર હોય, તેમને ખબર પડે કે સૂફીવાદનો પંથ દૃઢભૂમિ છે, અને તેની શાખાઓ-પ્રશાખાઓ ફળની છે. બધા સૂફી શેખો જ્ઞાનસંપન્ન છે, તેમણે તેમના શિષ્યોને જ્ઞાન પ્રાપ્ત કરવાને પ્રેર્યા છે અને આમ કરવામાં તેઓ ખંતીલા છે. તેઓ કોઈ ઢીલાશ કે ચાંચલ્યને વશ થયા નથી, તેમાંના ઘણાખરાએ સૂફીસાધનાને વિષે રચનાઓ કરી છે, અને એ બતાવે છે કે તેમનાં મન દિવ્ય વિચારોથી ભરેલાં છે."

આમ અલ્-ગઝલી અને જુલાબી બંને સૂફીવાદ અને સાધનાના અઠંગ અભ્યાસી અને આચરનારાઓના ઉતારા કાંઈક ભિન્ન જણાતી અભિવ્યકિતના પુરસ્કર્તાઓના તરીકે લીધા છે. જુલાબીએ એ જમાનામાં દેખાતો પાખંડનો ઉપદ્રવ, ઢોંગ અને વિભકત માન્યતાઓ અને આચરણો તરફ આંગળી ચીંધી છે. ધર્મમાં અને ધર્મની સાધનામાં થતો હ્રાસ એ વિષયને સામાજિક તેમ જ ઐતિહાસિક ભૂમિકાએ પુનઃ વિચારવાનો સમય આવી પહોંચ્યો છે. મરમીઓ, સંતો અને યોગીઓનાં જીવન અને વર્તનમાં જણાતો વિસંવાદ, એ વિસંવાદ છે કે વિરોધોનો કેન્દ્રવર્તી સમન્વય છે, એની સ્પષ્ટતા થવી જરૂરી છે...

હવે આપણે જેમનામાંથી ઉતારો લેવા માગીએ છીએ તે છે **હેન્રી ફ્રેડરિક એમિયેલ** (Henri Frederic Amiel). તેમનું વતન ફ્રાન્સ, પણ આખું જીવન ગાળ્યું જીનિવામાં. એમનો સમય ઈ. સ. ૧૮૨૧ થી ૧૮૮૧.(?). એમનો મહિમા જણાવવા એટલું કહી શકું કે રવીન્દ્રનાથ તેમના જર્નલને તરુણ વયમાં ધર્મપુસ્તક તરીકે વાંચતા. જીવનભર તેઓ એકલા રહ્યા. મહાન ચિંતક અને મરમી વૃત્તિના હતા. એમના મૃત્યુ પછી એમના મિત્રને સત્તર હજાર પાનાંની ડાયરી મળી આવી. છપાવી ત્યારે ફ્રેન્ચ ભાષાના મહાન લેખકો રેનન અને સેન્ટ-બવ અત્યંત ક્ષુબ્ધ થઈ ગયા. એમિયેલ વિષે જાણ્યું જ નહિ એનો પસ્તાવો કરવા લાગ્યા. અંગ્રેજીમાં એમિયલ્સ જર્નલ તરીકે પ્રસિદ્ધ થયું છે. કોઈ પણ પાનું ખોલો અને તમને કોઈ મહાન વિભૂતિનાં દર્શન થાય. આત્મપૃથક્કરણના અનેક ફકરાઓ એમના પુસ્તકમાં મળે છે; અદ્ભુત ભાષા અને વિવેચન અને તત્ત્વદર્શન એમાંથી સાંપડે. નીચે એમનો ઉતારો આપીએ છીએ :

"ઈ. સ. ૧૮૬૬, ડિસેમ્બરની ૨૩મી તારીખની નોંધ: વરસાદ પડ્યા જ કરે છે. મારા ઊંચાણના પ્રદેશ પરથી જોઈ શકું છું. ચારે બાજુ ભૂખરું વાતાવરણ છવાઈ ગયું છે. જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં સંધું ભૂખરું, વાદળછાયું. ન રંગ, ન જીવન, ન ખુશાલી,—બધું જ ચાલ્યું ગયું છે. દરેક જીવતી વસ્તુ પોતપોતાના નાનકડા કોચલામાં લપાઈને પડ્યું છે. પંખીઓ શું કરી રહ્યાં છે? આપણે માણસો, જેમને ખોરાક અને આશરો જોઈએ, ગરમ ઓરડા જોઈએ, ચારે બાજુ ગ્રંથો જોઈએ, ચિત્રોનાં આલ્બમ—અને હૃદયમાં સ્વપ્નાંના માળા, અને સહીના ખડિયામાંથી ઉપર વ્યક્ત થવા માટે તત્પર વિચારોનાં તોફાન—એ બધું! પ્રકૃતિ કદ્રૂપી થઈ ગઈ છે. પણ તમે, હે ચકલીઓ, શું કરતાં હશો? વહન કરવું, આશા રાખવી અને રાહ જોવી? તો શું, આપણા સૌનું પણ આમ નથી?

"હું હમણાં જ મારી રોજનીશીનાં પાનાં ઉથલાવી રહ્યો છું અને એમાં જે સુરત ફરિયાદોનો રણકો ક્યાંક ક્યાંકથી સંભળાય છે એ વાંચીને લજ્જિત થઈ જાઉં છું. આ પાનાં મને ખૂબ જ અપૂર્ણપણે દર્શાવી રહ્યાં છે; મારામાં એવી ઘણી વસ્તુઓ પડી છે, જેમનું નામનિશાન પણ નથી. આનું કારણ એ છે કે આનંદના કરતાં શોક સહેલાઈથી વ્યક્ત થવા ઇંતેજાર છે; અને બીજું કે, આસપાસના સંજોગો પર હું ઘણો આધાર રાખતો જણાઉં છું.

મારામાંથી કોઈ પ્રેરણાનો અવાજ ન આવે, કસોટી પર ઘસાવાનો પ્રસંગ ન આવે, ત્યારે હું ઉદાસીનતામાં સરી પડું છું. પરિણામે એક વ્યવહારુ વ્યક્તિ, એક પ્રસન્ન વ્યક્તિ, એક સાહિત્યિક વ્યક્તિ આ પાનામાં ભાગ્યે જ વરતાય છે. એમાંથી જે પ્રતિમા ખડી થાય છે, એ પ્રમાણસર નથી ઊઠતી, તેનો વ્યાપ સંકીર્ણ થઈ જાય છે. એ એકપક્ષી બની જાય છે, એમાં કેન્દ્રબિંદુ જણાતું નથી. જાણે કે ખૂબ પાસેથી એનું ચિત્રણ કર્યું ન હોય!

આપણી જાતને આટલું બધું ઓછું જાણીએ છીએ એનું કારણ એ છે કે આપણી જાતથી યોગ્ય અંતરે ખડા રહી શકતા નથી,–એ એક મુશ્કેલી છે. એક સમ્યક્ દૃષ્ટિબિંદુ લઈ શકતા નથી, જેથી કરીને એની વિગતો સામાન્ય અસરને છુપાવાને બદલે પ્રકટ થઈ શકે. જો આપણે આપણી સાપેક્ષ લાયકાતનો ખરો ચિતાર જોવા માગતા હોઈએ, અને આપણા જીવનને સમગ્ર ભાવે જોવા ઇચ્છતા હોઈએ, અથવા તો જીવનના એક ગાળાનું સંપૂર્ણ આકલન ઇચ્છતા હોઈએ, જો આપણે શું છીએ અને શું નથી એ બધાનો તાગ મેળવવા ઇચ્છતા હોઈએ, તો સામાજિક અને ઐતિહાસિક ફલક પર તેને જોવું રહ્યું. એક ચહેરા પર આમતેમ સરકતી કીડી, એક કુમારિકાના કપાળ પર બેઠેલી માખી, એ બંને તે તે અંગને સ્પર્શી જરૂર શકે છે, પણ જોઈ શકતાં નથી; કારણ કે એકી નજરે સમગ્રને કદાપિ ભેટી શકતાં નથી.

તો પછી, જેનો આપણે વર્ષો લગી અભ્યાસ કરી રહ્યા હોઈએ એવી એક વ્યક્તિનું પ્રામાણિક ચિત્ર રજૂ કરવું કેટલું મુશ્કેલ છે, એ જાણતાં આ દુનિયામાં ગેરસમજ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે, એ આશ્ચર્યકારક જણાતું નથી શું? તેમ છતાંય પ્રયાસ એળે ગયો નથી લાગતો; એનો પુરસ્કાર છે બહારની દુનિયાના પોતાના દૃષ્ટિબિંદુની સૂક્ષ્મ સમજ. મનમાં ભિન્ન ભિન્ન પાસાંઓની કદર કરવાની મારામાં એક વિશિષ્ટ શક્તિ આવી હોય, તો તેનું કારણ છે મેં મારા પર નિરંતર અસફળતાપૂર્વક જે પૃથક્કરણ કર્યું છે, કરતો રહ્યો છું તે. અને એને જ બધું આભારી છે. ખરું જોતાં હું મારી જાતને એક અભ્યાસના વિષય તરીકે જોતો આવ્યો છું, અને મારામાં મને જે ખૂબ રસ પડ્યો છે તે છે એક વ્યક્તિ, એક મનુષ્ય, જેનામાં માનવસ્વભાવના એક પ્રમાણભૂત નમૂના તરીકે હું અનુસરું છું, કોઈ પણ પ્રકારના દુરાગ્રહ કે અવિવેક વગર,– એના પલટા, એના ગુપ્ત વિચારો, એના હૃદયના ધબકારા, માનવજાતિની જે મૃગતૃષ્ણાઓ, એ બધું જ. નૈર્વ્યક્તિક ભાવે અને તાત્ત્વિક રીતે મારા પ્રત્યે હું

ધ્યાન દોરી રહ્યો છું. જેની પાસે જે છે તેનો જ તે ઉપયોગ કરી શકે, પોતાના જ લાકડામાંથી પોતાનું બાણ ઘડવું રહ્યું.

સાચી પ્રતિમા ખડી કરવા માટે અનુક્રમનું યુગપદ ભાવમાં, બહુત્વનું એકત્વમાં અને સઘળી ક્ષણિક ઘટનાઓનું તેના તત્ત્વમાં પરિવર્તન થવું જોઈએ. મારી અંદર દશ વ્યક્તિઓ છે, – કાળ, દેશ, પરિસ્થિતિ અને પ્રસંગને અનુરૂપ. અને એમની બદલાતી જતી વિવિધતા મુજબ હું હંમેશાં મારામાંથી છટકી રહ્યો છું. એટલા માટે, મારી રોજનીશીમાં, મારા ભૂતકાળમાં અને મારી જાતમાં જે કાંઈ પ્રકટ થતું હોય તે એવી વ્યક્તિને માટે ઉપયોગી નહિ નીવડે, જેનામાં કાવ્યોચિત આંતરસૂઝ નહિ હોય, તે મને સમગ્રભાવે સંકલિત નહિ કરી શકે, – પછી ભલેને મારાં મૂળભૂત તત્ત્વો તેની સમક્ષ ખુલ્લાં કર્યાં હોય.

"હું મારી જાતને કેલિડોસ્કોપ જેવો બહુરૂપી, બદલાતો જતો બહુરંગી, ચાંચલ્યયુક્ત જોઈ રહ્યો છું. હું દરેક રીતે પરિવર્તનશીલ, પ્રત્યેક પ્રકારના ચુંબકીય તત્ત્વથી ખુલ્લો થતો; એક પ્રવાહી, પ્રતીયમાન અને તેથી નિગૂઢ, અંતઃસ્થિત વ્યક્તિ છું, – બહાર જણાઉં છતાં અવ્યક્ત રજૂ થાઉં, અને છતાંય ગેરહાજર! જેને બધા વ્યક્તિગત જીવન કહે છે, એવી ચક્રાવા લેતી ડમરીઓની રજકણોને જોતો, મારી જાતનો દ્રષ્ટા છું. મારામાં નિરંતર ચાલી રહેતા રૂપાંતરનો, અસ્તિત્વની ન ટાળી શકાય એવી હલચલનો જાગતો પ્રહરી છું. ઉડ્ડયન, પુનર્જીવન, ફેરફાર, મારી સત્તાના નાનામાં નાના અણુઓ, મારા પ્રવાહનાં દરેક વહેણ, મારી વિશિષ્ટ શક્તિનાં વિકિરણ, – એ બધાંનો અનુભવ કરતો એક મનુષ્ય છું.

મારામાં થતી આ બધી ઘટનાઓનું વિજ્ઞાન મારી નિયતિનું દર્શક છે, વિશ્વના રહસ્ય પ્રત્યે ખુલ્લી થતી બારી જેવું છે. હું, અથવા ખરું પૂછો તો મારી સંવેદનશીલ ચેતના આ આદર્શ સ્થિત–બિંદુ પ્રત્યે એકાગ્ર થાય છે. એ એક અદષ્ટ ઉંબરા જેવી છે, જ્યાંથી સમયનો ઊછળતો પ્રવાહ સાંભળી શકાય છે, – શાશ્વતીના અપરિવર્તનીય પારાવારમાં ધસમસતો ફીણાળો પ્રવાહ! આ બધી જીવનની આશ્ચર્યકારક વ્યગ્રતાઓમાં આ એકલવાયા અસ્તિત્વના તરંગોમાં, નજીવી અનેકવિધતામાં મારી જાતને ડુબાડી દઈને – આત્માનો ઉન્માદ કે આત્માની ભ્રાંતિ પામ્યા વગર – વળી પાછો અગાધ ઊંડાણના રસાતલ પર, પ્રશાંત ધીર ગંભીર વિષણ્ણ ગુહા પર, જ્યાં નિવસે છે એ આદ્ય સર્જનશક્તિના ઝરાનું મૂળ, જ્યાં એવું કાંઈક છે, જે નથી

જીવતું, નથી મરતું, જેને નથી કોઈ ગતિ, કોઈ પરિવર્તન, નથી વિસ્તરણ, નથી આકૃતિ; જ્યાં બીજું બધું ચાલ્યું જાય પણ તે (તત્) છે જ છે, – ત્યાં પહોંચી જાઉં છું."

આ છે એમિયેલની ચૈતસિક ચૈતન્યાનુભૂતિ અને એનો ચમકારો, માત્ર ચમકારો (a flash!),–ઉપરના એક શૃંગ પરથી ઊતરી આવેલું ખળખળતું ઝરણું !...

આની સાથે સરખાવો અંગ્રેજ કવિ શૅલીની (Shelley) નીચેની પંક્તિઓ :

The One remains, the many change and pass,
Heaven's light forever shines, Earth's shadows fly;
Life, like a dome of many-coloured glass

Stains the white radiance of Eternity,
Until Death tramples it to fragnents

એક જ રહે છે, બહુ બદલાય છે, ચાલ્યું જાય છે. સ્વર્ગનો પ્રકાશ હંમેશનો પ્રકાશે છે, પૃથ્વીના પડછાયા ઓસરી જાય છે. જીવન એક ઘૂંમટ જેવું છે. એ અનેક રંગબેરંગી કાચથી ખચિત છે, શાશ્વતીના શુભ્ર ઝળહળાટને એ કલંકિત કરી રહ્યું છે. અને આખરે મૃત્યુ તેના ભુક્કેભુક્કા ઉડાડી દે છે. શૅલીની પંક્તિઓ એણે જ જણાવ્યું છે તેમ દિવ્યનાં પદચિહ્નો (visitations of Divine) છે. નિમિત્ત બન્યું એના મિત્ર જહોન કીટ્સનું અકાળ અવસાન. અને એના ઘેરા વિષાદમાંથી ઊતરી આવ્યું ઉપરના લોકનું ઝરણું !

ઍમિયેલની ભૂમિકા જુદી છે. અનેક ભૂમિકાઓમાંથી પસાર થતી એની માનવી ચેતના જઈ પહોંચે છે એક શિખર પર – પણ ત્યાં સ્થિર થઈને ટકતી નથી. અનુભવ મરમીભાવનો છે, યોગીનો નહીં; અને છતાંય નોંધવા જેવો, સમજવા જેવો – ભાષાને લઈને નહીં, તેની ભભકને લઈને નહીં, – એની અભીપ્સાની ઊંચે ચઢતી જ્યોતના મર્મયુક્ત એંધાણને પરખવા જેવો...

હવે આપણે આ સદીના એક જીવવિદ્યા અને મનોવિજ્ઞાનના સંશોધક, પરંતુ મરમીભાવને સૂક્ષ્મ રીતે સમજનાર અને પોતે પણ તેના હાર્દને પામનાર કવિ વૈજ્ઞાનિક **ઍડવર્ડ કાર્પેન્ટરનાં** લખાણમાંથી નીચેનો ફકરો જોઈએ :

"વિજ્ઞાનની જે બધી કઠણ હકીકતો છે તેમાંની એક વધુ નક્કર અને મૂલગામી વાત એ છે કે જો તમે વિચારને વ્યક્ત થતો રોકો અને તેમાં તમે ખંતથી આગળ વધો તો આખરે વિચારની નીચેની કે પાછળની એવી એક ચેતનાના પ્રદેશમાં પ્રવેશ કરો કે જે સામાન્ય વિચારના સ્વભાવ અને ગુણના કરતાં જુદો હોય. એ ચેતના કેટલેક અંશે અડધીપડધી વૈશ્વિક હોય અને એમાં જે ઉપલબ્ધિ થાય તે આપણે જેનાથી ટેવાઈ ગયા હોઈએ તેના કરતાં વધુ વિશાળ જાતની હોય. આપણા સામાન્ય જીવનવ્યવહારમાં જે સામાન્ય ચેતના આપણા નાનકડા સ્થાનની સાથે સંકળાયેલી હોય છે તે એક રીતે સંકીર્ણભાવની સ્વચેતના હોય છે. એમાંથી બહાર નીકળી જઈએ એનો અર્થ એ થયો કે આપણે એમાંથી ક્યાંક વિશાળમાં ચાલ્યા ગયા, પેલી ચેતના ચાલી ગઈ. આને સામાન્ય રીતે એમ કહી શકીએ કે આપણે એમાંથી બીજીમાં આવ્યા, એ ચાલી ગઈ; પરંતુ બીજી રીતે જોઈએ તો એમ કહેવાય કે આપણે એક નવી ચેતનામાં જાગ્યા; આપણો હું જે સાચે જ અત્યંત નિકટનો, પોતાની સાથે યુક્ત હતો, તે વિશ્વમાં વ્યાપી જાય છે, સર્વત્ર સૌમાં ભળી જાય છે; એમ લાગે છે કે પર્વતો, સમુદ્ર, તારાઓ પોતાના શરીરના એક ભાગરૂપ છે; બધાં પ્રાણીના આત્માને આપણો આત્મા સ્પર્શી રહ્યો છે. હા, પહેલાંના કરતાં વધારે નિકટભાવે. એક અવિનાશી અમર જીવનની, ગાઢ અને અવર્ણનીય આનંદની ખાતરી થઈ જાય છે... 'સ્વર્ગના સર્વે દેવોની સાથે હરતાફરતા' થઈ જઈએ છીએ."

કાર્પેન્ટરે મરમીને પ્રાપ્ત થતા આ નવા પ્રદેશની 'જાત'ને (Self) એક વૈજ્ઞાનિક સંશોધનનો તાજો પ્રદેશ ગણ્યો છે અને એમ કરતાં કરતાં એક એવું આધ્યાત્મિક જોડાણ, ઐક્ય અનુભવે છે કે નીચેનો ફકરો એની એક સુંદર તાદૃશ નગદ અભિવ્યક્તિ બની રહે છે. એ કહે છે : "આખરે એ માનવ (Man) વિચારને (Thought) જતો કરે છે. તે નીચે એક શાંત લાગણીમાં ઊતરી પડે છે, અન્ય વસ્તુઓના હુંપણાની સાથે એકાત્મતા અનુભવે છે – એક વૈશ્વિક ચેતના પ્રાપ્ત કરે છે...પોતાના અંતરની ખૂલેલી

સતતાના મૌનમાં ખોવાઈ જાય છે, થોડા સમયને માટે વિચાર બંધ થઈ જાય છે, મનનું હલનચલન અટકી પડે છે, કામ કરવાની પ્રત્યેક ઊર્મિ અથવા તો જે કાંઈ તેની (that–તત્) અને પોતાની વચ્ચે હોય તે સર્વ સ્થિર થઈ જાય છે. અને આમ એક નિરપેક્ષ અવસ્થિતિ, ગાઢપ્રગાઢ વિશ્વની શક્તિની ચૈતન્યાનુભૂતિની ઉપલબ્ધિ પછી તેને દુનિયાનું એક રૂપાંતર થતું જણાય છે... આખુંય જીવન બદલાઈ જાય છે... આ એકતા પ્રાપ્ત કરવાને માટે થતી નિરંતર પ્રવૃત્તિ, જે મહાન ભૂમાનો સ્પર્શ, એને ઠેકાણે કશું જ ગણી-ગણાવી શકાય એવું નથી. – નહિ શિક્ષણ, નહિ ઉપદેશ, નહિ તત્ત્વનું ટૂંપણું, નહિ આચારસંહિતા – એવી એક નગદ, ચોક્કસ અનુભૂતિ! આ છે દિવ્યયોગ, દિવ્યમિલન, જેમાંથી સમગ્ર જીવન, સમગ્ર સૃષ્ટિ પ્રકટે છે."

આવો એ કવિ વૈજ્ઞાનિકનો અનુભવ છે. આમાં અન્ય રીતે મરજીવાની વ્યાખ્યા કહો કે સમજૂતી કહો, ચેતનાની ઉત્ક્રાંતિ કહો કે રૂપાંતર કહો અને સાધનાની કોઈ સઘન ભૂમિકાને સ્પર્શ કહો, – એનો સમાવેશ થઈ જાય છે, જેનુ પરખ કરનારને દર્શન થશે...

એક વૈજ્ઞાનિક કવિએ જે ચૈતન્યની અવસ્થાના રૂપાંતરની પ્રક્રિયાની વાત કરી તેને અમેરિકાની ચેતનાની અભિવ્યક્તિ કરતો ત્યાંના શ્રેષ્ઠ કવિ-ઓમાંનો એક કવિ મરમી **વૉલ્ટ વ્હીટમૅન** નીચેના પ્રેરક ઉદ્દગારો કાઢે છે :

"હે મારા આતમ, હું તારામાં માનું છું...
ઘાસ પર મારી સાથે તું રખડ, તારા કંઠમાંથી
અવરોધને કાઢી નાખ...
મને ગમે છે તે એક ચૂપ, તારા છૂપા અવાજનો ગુંજારવ,
મને યાદ આવે છે આપણે એક વાર સ્વચ્છ
ઉનાળાની સવારમાં કેવા પડયા હતા :
મારામાંથી એકાએક જાગ્રત થયાં અને આસપાસ પ્રસરી ગયાં
એ શાંતિ, એ જ્ઞાન, જેને પૃથ્વીની સઘળી દલીલબાજી પહોંચી ન શકે;
અને મને ખબર છે કે પ્રભુનો હાથ એ મારું પોતાનું વચન છે,
અને પ્રભુની ભાવના એ મારો સાથીદાર છે;
અને પૃથ્વી પર જન્મેલા જન્મી ચૂકેલા માનવો
મારા બંધુઓ છે, સ્ત્રીઓ મારી બહેનો છે, પ્રેમસખીઓ છે;
અને સૃષ્ટિને સાંકળનારી સંકલન શક્તિ છે પ્રેમ."...

અહીં આપણે ગુજરાતી સાહિત્યના મહાન નવલલેખક, ચિંતક અને વિદ્વાન **ગોવર્ધનરામ ત્રિપાઠી**ની અંગ્રેજીમાં લખેલી 'સ્ક્રેપ બૂક'માંથી તા. ૧૧-૪-૧૮૯૧ની નોંધ જોઈએ :

"થોડા દિવસો પહેલાં મને જ્યારે જણાયું કે જીવ કે પદાર્થ એ એમાંથી કશું જ અસ્તિત્વમાં નથી અને હું એક મહાન શક્તિનું માત્ર બિંદુ છું, – અને એ શક્તિ જીવંત છે અને હું માત્ર એ સર્વગ્રાહી જીવનની એક વિશિષ્ટ આકૃતિ છું – અને આ સર્વગ્રાહી જીવન એ જ એકમાત્ર અસ્તિત્વ છે : જ્યારે આ શોધ મારા પર પ્રકાશી ઊઠી, ત્યારે મેં એક શાંત ઊભરાતા આનંદનો અનુભવ કર્યો, – એવો આનંદ મેં પહેલાં કદાપિ અનુભવેલો નહીં, આ એક નવી ભૂમિકા બની આવી. ત્રીજી ભૂમિકા ગઈ કાલે પ્રકટી – એ જ આનંદપૂર્ણ અનુભવ સાથે. તે પહેલાં હું વિચારી રહ્યો હતો કે લખવામાં મેં આખો દિવસ ગાળ્યો, અને મારું ધંધાદારી કામ થયું નહીં. મને લાગે છે કે હું કાંઈક ચઢ્યો છું, પહેલાંના કરતાં વધુ બળશાળી છું, શુદ્ધ છું. મારા સ્મિતપર દિવ્ય હોઠ સ્મિત કરી રહ્યા છે, અને એમના સજીવ શ્વાસથી મને ઢાંકી રહ્યા છે. મારો સંશયવાદ પલકારા મારે છે અને દર્દપૂર્ણ સ્મિત કરે છે, પણ તે અભિભૂત થઈ જાય છે.". .

હવે આપણે **શ્રી માતાજીએ** 'ધમ્મપદ' પર જે વિવરણ લખ્યું છે તેમાંથી અહં ઉપરનું તેમનું લખાણ-વાણી જોઈએ:

"અહંકારને સુધારવો એ પ્રમાણમાં વધુ સહેલું છે; કારણ કે, એ શું છે તે આપણે જાણીએ છીએ. તેને શોધવો, તેને સુધારવો એ સહેલું છે, – જો ખરેખર તેમ કરવા ઇચ્છીએ તો, તત્પર હોઈએ તો.

પરંતુ અહંને શોધવો, પકડવો ઘણું અઘરું છે; કારણ કે, ખરી રીતે, અહં શું છે તેની ઉપલબ્ધિ કરવા માટે માણસે તેનામાંથી બહાર નીકળી જવું જોઈએ. નહિ તો કોઈ એને શોધી શકે નહીં. તમે પગથી માથા લગી, બહારથી અંતરતમ લગી, ભૌતિકથી આધ્યાત્મિક લગી એનાથી જ ઘડાયેલા છો, એમાં જ નિમગ્ન છો. સઘળી વસ્તુની સાથે અહં ઓતપ્રોત છે અને એ શું છે તેની તમને ખબર નથી. એની ઉપલબ્ધિ કરવા ખાતર તમારે એના પર વિજય મેળવવો જરૂરી છે, એમાંથી બહાર નીકળી આવવું જરૂરી છે, મુક્ત થઈ જવું જરૂરી છે, – કંઈ નહિ તો તમારી સત્તાના કોઈક ખૂણામાંથી આંશિક ભાવે પણ.

આપણને જે વૈશિષ્ટ્ય અર્પે અને દિવ્ય થવામાં અટકાવે તે છે અહં. વાત આ પ્રમાણે છે. એને એકસાથે મૂકો અને તમે અહંને શોધી શકશો. જગતની જે પ્રકારની રચના છે તે મુજબ અહં વગર વ્યક્તિ ન હોઈ શકે અને અહં હોય ત્યાં લગી જગત દિવ્ય ન બની શકે.

આને તર્કયુક્ત મૂકવું હોય તો આમ કહેવાય: 'વારુ, સૌપ્રથમ આપણે જાગ્રત વ્યક્તિઓ થઈને પછી અહંને દેશપાર કરીશું અને દિવ્ય થઈશું.' એ તો જ્યારે આપણે જાગ્રત વ્યક્તિઓ થઈશું, ત્યારે આપણે અહંયુક્ત રહેવા એટલા બધા ટેવાઈ ગયા હોઈશું કે આપણને તેની હયાતીનો ખ્યાલ સરખોય નહિ આવે, તેની હાજરી વિષે સભાન થવા માટે ઘણો બધો પ્રયત્ન જોઈશે.

એથી બીજી બાજુએ અહંકાર શું છે એ બધા જાણે છે. જ્યારે તમે બધી વસ્તુઓને તમારી તરફ ખેંચવા ઇચ્છો અને કોઈમાં તમને રસ ન હોય ત્યારે એ થયો અહંકાર; જ્યારે તમે તમારી જાતને વિશ્વના કેન્દ્રમાં મૂકો અને બધી વસ્તુઓ તમારા સંબંધાર્થે જ અસ્તિત્વ ધરાવે છે એમ માનો, એ થયો અહંકાર. પરંતુ આ વાત ખૂબ સ્પષ્ટ હોય છે, પોતે અહંકારી છે એમ ન દેખાવું એ એક અંધ અવસ્થા થઈ. પ્રત્યેક જણ વત્તોઓછો અહંકારી હોય છે, અને સામાન્ય રીતે અમુક પ્રમાણનો અહંકાર સ્વીકાર્ય પણ છે. પરંતુ સામાન્ય જીવનમાં પણ કોઈ વધુ પડતો અહંકારી થાય તો તેણે એનો પ્રત્યાઘાત સહન કરવો પડે છે; કારણ કે, પ્રત્યેક જણ અહંકારી હોવાથી અન્યમાં તેની હયાતી તેને ગમતી નથી હોતી.

આ હકીકતને સ્વીકારી લેવામાં જ આવે છે, લોકનીતિનો એ એક ભાગ બની જાય છે. હા, દરેકે સહેજસાજ અહંકારી થવું જ જોઈએ, વધુ પડતા નહીં—અને તેથી જ તે જણાઈ આવતો નથી. તે એટલો બધો નિકટનો દોસ્ત થઈ ગયો હોય છે કે એની હયાતીને કોઈ માન્ય રાખતું નથી; અને છતાં, જ્યાં લગી એ છે ત્યાં લગી દિવ્ય ચેતનાને કદાપિ પામી ન શકાય.

બીજાઓથી પોતે ભિન્ન છે, એ ખ્યાલ અહંને લઈને આવે છે. જો અહં ન હોત તો તમે બીજા સૌથી જુદી વ્યક્તિ છો એ જાણી ન શકત. એક સમગ્રના તમે નાના સરખા અંશ છો એવી છાપ લાગે—

એક ખૂબ વિશાળ અખિલાઈના તમે એક ખૂબ મર્યાદિત અંશ છો,– એમ. બીજી બાજુએ, તમારામાંનો પ્રત્યેક એક જુદી વ્યક્તિ છે, એ વિષે તમે ચોક્કસ સચેત છો; એટલે તમને આ પ્રકારની છાપ આપનાર પેલો અહં છે. આ રીતે જ્યાં લગી તમે સજાગ હો ત્યાં લગી તમારામાં અહં છે એમ માનવું.

જ્યારે તમારામાં સૂઝ પ્રકટતી જાય કે દરેક વસ્તુ તમે પોતે છો, અને એક જ વ્યક્તિનાં ઘણાં બિંદુઓ એવાં હજારો બિંદુઓની વચ્ચેનું તમે એક ખૂબ નાનકડું બિંદુ છો, અને તમે સર્વત્ર છો; જ્યારે તમને લાગે કે દરેક વસ્તુમાં તમે પોતે રહ્યા છો, અને જુદાપણું ક્યાંય નથી, ત્યારે તમારે સમજવું કે અહં–વિનાને માર્ગે તમે જઈ રહ્યા છો.

એક એવો સમય પણ આવે છે કે જ્યારે 'તે હું નથી' એવી ધારણા કરવી અશક્ય થઈ જાય છે; કારણ કે આ પ્રકારે તેને અભિવ્યક્ત કરવું, કહેવું કે બધું જ તમે છો કે તમે જ બધું છો, અથવા તો તમે દિવ્ય છો કે દિવ્ય તમે છો,– એ પુરવાર કરે છે કે હજી કંઈક રહી ગયું છે.

એક એવી પળ આવે છે, જોતજોતાંમાં એનો ચમકારો થાય છે અને ભાગ્યે જ ટકે છે; જ્યારે એ બધું જ વિચારે છે, એ બધું જ જાણે છે, એ બધું જ અનુભવે છે, એ બધું જ જીવે છે, એવી કોઈક નહીં.... એવી કોઈક છાપ સરખીયે નહીં –એવા બિંદુએ પહોંચી ગયા હો છો.

પછી એ બરાબર છે. પરંતુ જ્યાં લગી અહંનો કોઈ અવશેષ હોય છે,– ક્યાંક ઘણુંખરું તે જોનારો એક ભાગ હોય છે,– સાક્ષી.

તો, તમારામાં અહં નથી એમ વિધાન કરો નહીં. એ બરાબર નથી. એમ કહો કે અહં ન હોય એ માર્ગે તમે જઈ રહ્યા છો; એમ કહેવું એ જ એકમાત્ર સાચું છે.

તમને આમ થયું છે એમ મને જણાતું નથી,– ખરું ને? હજી લગી તો નહીં જ. અને છતાં એ અનિવાર્ય છે, જો તમારે સાચે જ અતિમનસ શું છે તે જાણવું હોય તો. તમે જો અતિમાનવત્વના એક ઉમેદવાર હો તો તમારે અહંને પતાવી નાખવા નિર્ણય કરી લેવો જોઈએ, તેનાથી પર થઈ જવું જોઈએ; કારણ કે, જ્યાં લગી તમે તેને તમારી સાથે રાખશો, ત્યાં લગી તમારે માટે અતિમનસ કંઈક અજ્ઞાત અને અગમ્ય રહેશે.

પરંતુ જો તમે પ્રયાસ કરીને નિયંત્રણ દ્વારા, ક્રમશઃ પ્રગતિશીલ પ્રભુત્વ દ્વારા, તમે તમારા અહંને તમારી સત્તાના એક નાનામાં નાના અંશમાં પણ પાર કરી જઈ શકો, તો તમારામાં ક્યાંક એક નાની બારી ખૂલી જશે. અને એમાંથી ધ્યાનપૂર્વક જોશો તો અતિમનસની કંઈક ઝાંખી થઈ શકશે. એ વિષે તમને ખાતરી આપું છું. તમને એની ઝાંખી થશે તો એ એટલું બધું સુંદર લાગશે કે બીજું બધું જતું કરવા તમે તરત તત્પર થઈ જશો, – અહં વિષેનું સઘળું !

પણ એક બાબત ધ્યાનમાં રાખો – હું તમને એમ નથી કહેતી કે અતિમનસની ઝાંખીને માટે તમારે અહંમાંથી સંપૂર્ણ મુક્ત થઈ જવું જોઈએ, એ તો અશક્ય જ છે. ના, ના; તેમાંથી મુક્ત થવું એટલે ક્યાંકના અલ્પાંશમાંથી સહેજસાજ, તમારી સત્તાના કોઈ એક ખૂણામાંથી મુક્ત થવું. જો મન અને પ્રાણની વાત હોય તો ઘણું સારું, પરંતુ જો આકસ્મિક રીતે, અરે, એમ નહીં...વારંવાર પ્રયાસ દ્વારા તમે જો તમારા ચૈતન્યપુરુષના સંપર્કમાં આવી ગયા તો પછી બારણું ખૂલી ગયું એમ સમજો. એ ચૈત્ય સત્તા દ્વારા તમે એકાએક ખૂબ સ્પષ્ટ અને સુંદર રીતે અતિમનસ શું છે તેનું દર્શન કરી શકશો; માત્ર દર્શન, સાક્ષાત્કાર નહીં. એ એક મોટું કામ થઈ ગયું ! પરંતુ આ પ્રકારના ચૈત્ય સત્તાના સાક્ષાત્કાર, – આ સુંદર સાક્ષાત્કાર, લગી ન જઈએ, અને ધારો કે તમારા મન કે પ્રાણના કોઈ એક ભાગને પણ મુક્ત કરવામાં સફળ થયા, તો, એને લઈને બારણામાં એક બાકોરું થશે, એક ચાવી લગાવવાનું છિદ્ર. અને એ છિદ્ર દ્વારા તમને ઝાંખી મળે, એક નાની સરખી ઝાંખી. અને એ પણ એક ઘણી આકર્ષક, ઘણી રસપ્રદ વાત થઈ."

અહીં શ્રી માતાજીએ આપણને અહં અને અહંકારને વિષે એક પ્રાથમિક સમજ આપી, જે કોઈ પણ સાધનામાં ઘણી સહાયક નીવડે. મરમી અને સંતને મોટામાં મોટી લડત આપવાની હોય તો તે છ શત્રુઓની સામે, મારની સામે અને અહંની સામે. અહંની સામે લડતના કરતાં તે એક પ્રકારનું સમજપૂર્વકનું સૂક્ષ્મ નિરાકરણ હોય છે...

**સ્વામી વિવેકાનંદની** વાણીમાંથી કેટલુંક ઉતારું છું : "ધારો કે આ ઓરડો હજારો વર્ષોથી અંધકારથી ભરેલો છે અને તમે આવો અને રડતા રડતા જણાવો, 'અરેરે અંધારું'; તો શું એ અંધારું અદૃશ્ય થઈ જશે ? પ્રકાશ આણો, દીવાસળી પેટાવો અને એક પળમાં પ્રકાશ આવી જશે. તો

પછી આખી જિંદગી તમે બોલ્યા કરો, 'અરે, મેં પાપ કર્યું છે, મેં ઘણી ભૂલો કરી છે', તો તેથી શું વળવાનું છે? આમાં કોઈની શિખામણની જરૂર જ ક્યાં છે? પ્રકાશ લાવો અને દુષ્ટતા ચાલી જશે. અસલી સ્વભાવને બળવાન બનાવો, તમારી જાતને ઘડો, દેદીપ્યમાન, પ્રકાશવાન, સદાય પવિત્ર એવા જેને જુઓ તેને માનો. હું ઇચ્છું છું કે આપણામાંનો દરેક એવી અવસ્થામાં આવે કે જ્યારે આપણે મનુષ્યોમાંના દુષ્ટમાં દુષ્ટને જોઈએ ત્યારે આપણે અંતરના પ્રભુને જોઈ શકીએ,–અને તેનો તિરસ્કાર કર્યા વગર, આપણે કહી શકીએ : 'ઊઠ, હે દેદીપ્યમાન આત્મા, તું સદાયનો પવિત્ર છે. હે અજન્મા, હે અમર્ત્ય, સર્વશક્તિમાન, ઊઠ, જાગ, તારી જાતને પ્રગટ કર' ...અદ્વૈતની આ મોટામાં મોટી પ્રાર્થના છે. આપણા સ્વભાવની સ્મૃતિ, એ પણ એક પ્રાર્થના થઈ. 'માણસ શા માટે ભગવાનને શોધી રહ્યો છે?... તમારા હૃદયનો ધબકાર એ જ છે, અને તમે જાણતા નથી! તમે એને કંઈ જુદું જ જાણતા હતા, કંઈક બહારનું! તેઓ જે પાસેમાં પાસે છે, મારો પોતાનો આત્મા છે, મારા જીવનની વાસ્તવિકતા છે, મારો દેહ છે, મારો આત્મા છે.. આપણે બંને એક છીએ. એ તમારો સ્વભાવ છે. તેનો આગ્રહ રાખો, તેનો આવિર્ભાવ કરો. તમારે પવિત્ર થવાનું નથી, તમે પવિત્ર છો જ. તમારે પૂર્ણ બનવાનું નથી, તમે પૂર્ણ છો જ. તમે જે કોઈ સદ્‌વિચાર કરશો, જે કોઈ સત્કાર્ય કરશો એટલે એક આવરણ દૂર કરશો. અને પવિત્રતા, અનંતતા, પાછળ રહેલા પ્રભુ પ્રકટ થશે,–એ છે બધાયના કર્તા, વિશ્વના શાશ્વત સાક્ષી, તમે જ પોતે! જ્ઞાન તો જાણે કે નીચેની વાત થઈ, નીચી પાયરીની! આપણે તે જ છીએ, તેને જાણવાની વાત કરો છો?'

હવે આપણે ગુજરાતના ભજનિક સંતોને વિષે ભક્તોએ કહ્યું છે તે જોઈએ. સૌરાષ્ટ્રના ભજનિકો–મરમીઓની–પરંપરાનું વર્ણન કરતાં **શ્રી મેઘાણીએ** આ પ્રમાણે કહ્યું છે: "ખાસ કરીને કબીરની વાણીની અસર તળે આવેલાં મીરાં અને નરસિંહના આ સૌરાષ્ટ્રના ભજનિક સંતો, કવિ ભક્તો, અનુગામીઓ હતા. લોકસેવાને બદલે સાહિત્યસર્જન તેમનો મનપસંદ વિષય હતો. ઊર્મિના આવેશ અનુભવી અપાર્થિક મસ્તીમાં (ecstsy) ચઢી જઈ એ ભજનિકો કાવ્ય રચતા. અલખ, અગમ, ગગનજ્યોત, બ્રહ્મઝાલારી વગેરે તત્ત્વોનું ચિંતન કરનારા એ શોધકો (seekers) હતા; અથવા બધા જ કંઈ શોધકો નહોતા. કેટલાક શાબ્દિક અનુકરણ કરનારા પણ હતા. અગમનિગમની ન સમજાય એવી ઘણી વાતો તેઓનાં ભજનોમાં ઊતરતી,

પોતે પણ કદાચ સ્પષ્ટ ન સમજે એવી નિગૂઢ શબ્દરચના તેઓ કરતા. એમની કવિતા એકલા શુષ્ક વૈરાગ્યની નહોતી. પરંતુ તેમાં આત્માની સમાધિના સૂર પ્રધાનભાવે સંભળાતા, બ્રહ્મના ભેદ પામવાની તાલાવેલીના, વિરહાકુલ ગોપીના, સૂફી મરમીભાવના તેમ જ વ્યવહારગામી સુજ્ઞના સૂરોનું તેમાં એકીકરણ હતું.

એ કાવ્યોમાં કોઈ પંથનો આગ્રહ નથી, કોઈ એક દેવતાની સ્તુતિ નથી; પણ શરણાગતિ, મસ્તી, આનંદ – ઉદ્રેક, ને પ્રભુ–વિરહના ભાવો ગવાયા છે. જીવનની લોલુપતા, સ્વાર્થાંધતા, રૂઢિગત પૂજન–ભજનની સંકુચિતતા, ધાર્મિકતાનો બાહ્ય આડંબર, ભેદભાવ, જડતા વગેરે ઉપર મર્મપ્રહારો છે, ગુરુભક્તિ સવિશેષ છે.

આ ભજનિક સંતોના સંઘમાં કેટલાક તો ઉદ્યમવંત ઘરસંસારીઓ હતા. જેવા કે મીઠો ઢાઢી, ભોજો ભગત, જીવણદાસ વગેરે. બાકી કેટલાક ઘરબારી છતાં સંસારવ્યવહાર ત્યજીને વસ્તીની સહાય પર રહેનારા પણ હતા : જેવા કે ભાણ સાહેબ, ખીમ સાહેબ વગેરે. કબીરજીની જેમ તેઓ સંસારીઓ હતા, છતાં ભેખધારીઓ કહેવાતા.''

ભજનિકની પરંપરાના **પ્રેમવંશભાઈ** સ્વાનુભવમાંથી સત્‌ને અનુલક્ષીને કેટલીક મહત્ત્વની વાતો જણાવે છે : ''માણસનું મન સંકલ્પવિકલ્પાત્મક છે. ભિન્નતા જોવાનો એનો સ્વભાવ છે. પરંતુ માનવનું હૃદય તેથી જુદુ છે. તેમાં સર્વવ્યાપક આત્માનો વાસો છે, તેથી હૃદય દ્વારા એ ઐક્યનો અનુભવ થાય છે. એ દ્વારા જ ભણેલા તેમ જ અભણ, પુણ્યશાળી તેમ જ પાપી પુરુષના આત્માની સાથે મેળાપ થઈ શકે છે. આ સત્યને અનુસરી મહાત્મા કબીર સાહેબ તથા ભાણ સાહેબની પ્રસિદ્ધ શિષ્યપરંપરાએ પોતાના હૃદયના ઊંડાણમાં રહીને સમાધિદશાની ધૂનમાં ને ધૂનમાં એ દશાનાં આનંદ અને આશ્ચર્યોનું ગાન કર્યું છે. આમ સંકલ્પવિકલ્પાત્મક મનને વચ્ચે લાવ્યા વગર તે પરમાનંદનો અનુભવ ગુરુમુખી અને અધિકારીઓના હૃદયમાં રેડી તેમને એ પ્રકાશથી પ્રજ્વલિત કીધા હતા અને એ જ્યોતિ એમની શિષ્યપરંપરાએ જાળવી રાખી છે, અને સેંકડો વર્ષો થયાં બુઝાણી નથી. ભગવાન શંકરાચાર્યનો અદ્વૈત સિદ્ધાંત, વૈષ્ણવ સંપ્રદાયોનો ભિન્ન સ્વરૂપે પ્રકટેલો ભક્તિરસ, જૈન ભાઈઓનો દયાધર્મ, બૌદ્ધ ભાઈઓની મૈત્રી, મુસલમાન ભાઈઓનો 'લાઈલાહી ઈલ્લાલ' નો ઝનૂની પોકાર, ભગવાન કપિલનો સાંખ્ય,

પાતંજલનો યોગ,—આ બધાંનો સંગમ અને સમન્વય આ મહાત્મામાંડળે જુદે જુદે પ્રસંગે અનુભવ્યો, ગાયો અને ફેલાવ્યો...નરસિંહ મીરાંનાં ભજનોનો સંપ્રદાય શુકવંશી છે, દયારામનો વલ્લભવંશી છે. પણ આ સંગ્રહમાંના ભજનિકોની પરંપરા તો ગોરખવંશી સંપ્રદાયના જેવી છે. જોકે જીવણ સાહેબ અને મોરાર સાહેબનાં અને બીજા કેટલાકનાં પદ નરસિંહ મીરાંનાં પદોની જાતનાં છે; છતાં જ્યાં તેમનું પોતાપણું ઉભરાય છે તે પદો નિરાળી રીતનાં છે. આ અવધૂતોની વાણી અને વિચારનો મરદાની મરોડ ઓર જ છે. એમની પરિભાષા યોગની છે, કહેણી શૂરવીરની છે. અને તેથી જ સોયની માફક તેમના સચોટ શબ્દવેધી પ્રયોગો હોય છે. તેઓ પોતાના જ અનુભવોને ગાય છે... એમનાં ભજનો શબ્દનાં બાણ છે, જે સાંભળનારના પ્રાણને પ્રેમથી વીંધે છે. એવા પ્રેમે વીંધાઈને તેઓ હરિનાં દર્શને સંચરે છે. જ્ઞાનગરીબી, ભક્તિભજન, કીર્તન, વૈરાગ્ય એમનાં સાધન છે. જપતપ એમને મન ગૌણ છે. યોગ પ્રધાન છે. અલખનિરંજનનાં દર્શન લહે છે. આ અવધૂતોને એ પરમ દર્શન મોક્ષથીયે વિશેષ છે. એ દર્શનની વેળાએ આત્માપરમાત્માની જે લગની લાગે છે, એકદૃષ્ટિ થાય છે, તે જ યોગ. આ યોગની એક દૃષ્ટિ લાંબો કાળ ટકે તેનું નામ સમાધિ. આ ભક્તજનોએ પોતાનાં ભજનોમાં એનું પોતપોતાની ભાષામાં વર્ણન કરેલ છે. એ દશામાં નીરખેલ ઝળહળ જ્યોત અને સુણેલ અનહદ નાદના અનુભવ તેઓ લોકોને જણાવવા મથે છે. આ અલૌકિક અનુભવની દશાને લૌકિક વાણીમાં ઉતારવા મથતાં એમની વાણી કૂટ (ગૂઢ) રહે છે, અને ભાવે કેટલીક વાર અધ્ધર અટકે છે. અખો જેને બાવનથી પર ત્રેપનમો કહે છે, તેને બાવનમાં ઉતારવો અઘરું કામ છે. એ વાતની પ્રતીતિ આ ભક્તોનાં ભજનોમાં પણ છે.” મેઘાણી આ સઘળા સંતોને ‘મરમી કબીરના આડતિયા’ કહે છે. મેઘાણી માનતા કે સોરઠી મધ્યયુગના ઘણાખરા તમામ જીવનપ્રવાહો ઉત્તમ તરફથી જ વહ્યા છે. સોરઠની અનેક જાતિઓનું પ્રયાણ (migration) પંજાબ, સિંધ અને કચ્છને જ માર્ગે થતું આવેલું છે. તદુપરાંત સૌરાષ્ટ્રના પ્રજાજનો ઉપર બ્રાહ્મણ સંસ્કૃતિનું પરિબળ પ્રથમથી જ કમ હોવાને કારણે, ધર્મ તેમ જ પંથોના ભેદાભેદ લોકમાનસમાં દુર્ગમ રૂઢિની દીવાલો ન ચણી હોવાને કારણે, જ્ઞાતિબંધન આદિની કડકાઈ નજીવી હોવાને કારણે, કબીરના ઉદાર વિચારોથી ભરપૂર કવનનો પ્રભાવ ઝટપટ પડી ગયો હોવો જોઈએ... કબીર પોતે સોરઠની ધરામાં આવ્યા હોવાનું જણાતું નથી, તેમ એમનો કોણ સમર્થ પ્રતિનિધિ અહીં ઊતરેલો તે પણ જણાયું નથી. પણ એના

બે પંથ ચાલ્યા: રામ કબીરિયા અને સત્ કબીરિયા. રામ કબીરિયાના સોરઠી આદ્ય ભક્ત તરીકે ભાણ સાહેબનું નામ બોલાય છે..."

## મરમીસંતોની વાણીમાં મરમી એંધાણ :

અંતરજામી ગુરુ આતમા, સબ ઘટ કરે પ્રકાશ;
કહે પ્રીતમ ચર–અચરમાં, ગુરુ નિરંતર વાસ.
તૃણ ન હાલે ગુરુ વિના, વ્યાપક વિશ્વાધાર;
કહે પ્રીતમ કાયા વિષે સદ્દગુરુ બોલણહાર.
સંત હરિ ગુરુ એક હૈ, ભિન્ન કહે મત કોય;
કહે પ્રીતમ સદ્દગુરુ મિલે તાકું માલુમ હોય. ૧

શબ્દને પાર સદ્દગુરુજીનું રૂપ છે,
ચર્મચક્ષુ હોય તેને કેમ સૂઝે?
જીવપણે પર તો કોઈને જડે નહિ,
અનુભવી હોય તે આપ બૂઝે....
ભક્ત ભોજો કહે ગુરુગમ પ્રગટે તો
જનમ ને મરણનો ભય ના'વે. ૨

રતિ વિના સ્વરૂપ તો લક્ષ આવે નહિ,
શીખે સૂણે નર! શબ્દ ગાવે;
અનુભવ ખૂલ્યા વિના આપ સૂઝે નહિ,
ચૈતન્ય બ્રહ્મ કદિ સ્વપ્ને ના'વે.
જ્યાં લગી કલ્પના ત્યાં લગી જીવ છે,
સંશય છૂટે ત્યારે શિવ કહાયે;
ધ્યેય ને ધ્યાતા વિના ધ્યાન પ્રકટે તો
સોહં સ્વરૂપમાં જઈ સમાયે. ૩

મહાનિદ્રામાંથી મુને જગાડી,
જાગીને મેં જોયું રે!
અરસપરસ એકતાવત કીધી,
ઉરનું અંતર ખોલ્યું રે!
હું હરિમાં ને હરિ મંદિરમાં
અનુભવ તો એક કહીયે રે;
રત્નમણિ ને રત્નની કાંતિ,
એ જયમ ને ત્યમ લહીએ રે! ૪

હવે સૂરતા સખી સ્વામીને સંગે ચાલી,
વહાલે મારે પ્રેમ કરીને બાંય ઝાલી;
હવે મને વસ્તુ અમૂલખ આલી,
ત્યારે ચઢી ગઈ ગાલતણી લાલી;
એક ગામ, એક ધામ,
એક નામ, સઘયું કામ;
ગુરુએ વસ્તુ આપી તે તો ઊગી,
ઊગી કે તેહ જોગી. ૫

તુરતસુરતની સાધના પ્રેમી જન હોય તે જાણે,
સુરત તુરત ને ઇડા પિંગલા સુખમણા ગંગાસ્નાન કીજે;
મનપવનથી ગગનમંડળ ચડી ધીરા સુધારસ પીજે ૬

નાભિકમળમાં મનવો ગયો
ને સુરતા ગગનમાં ગઈ;
ત્રિપુટીમાં ત્રેવડ કરીને
જેમ મચ્છવેધની મહીં,
ચક્ર સામે સુરતા રાખી
મનવો રણકાર મહીં,
સર્વ દેવ સાથે લગની લાગી રહી;
અષ્ટ આવરણ આડાં નહિ આવે,
ઠરી શૂન્યશિખર પર જઈ,
દાસ હરિ કહે હરિ ગુરુ વડે,
જીવશિવની આંટી ગઈ ! ૭

કમોદની રે’વે જળની માંય
પુહપ જળમાં ડૂબે નહીં.
એમ જતિ રે’વે સતિયુંની સાથ
વિષયની વાસના વ્યાપે નહીં.
નહિ ત્યાં કામી કુટિલનાં કામ
જતિ રે પુરુષ અજરા જીરવે હાં.... ૮

પંથ હતા સો થિયા પરિપૂરણ નવધા નામ મિટાયો;
દશમ દશા આવી દિલ ભીતર એકમેં અનેક સમાયો.
જપતપ તીરથ જોગ ન ધરતા સળંગ શેરડો પાયો,
ખટદર્શનમાં ખોજ કરીને ફરી ફરીને ઘેર આયો !
નહિ ભાણો હરિ ભીતર ભેદા, જ્યોતિમેં જ્યોતિ મિલાયો. ૯

જા સુહાગણ ! જા રે ગગનામાં જ્યોત જલત હે જા !
જા સુહાગણ ! જા સુહાગણ ! એ ઘર કર લે વાસા.
સુગરા હોય તો ભરભર પીવે, નુગરા જાય પિયાસા.
ગગન મેં જ્યોત જલત હે જા ! ૧૦

આતમ ચીન્યા વિના કથણી કથે રે
કૂડાં બ્રહ્મગન્યાન;
ભક્તિતણો જેને ભેદ ન લાધ્યો રે
મેલે ઢૂંસાની પરાન;
વાદ વદીને રે કાઢે છે હડાહડી,
આ રંગ શેનો રે, બીએ બીજી ભાત પડી. ૧૧

બહુ કાલ હું રોતો રહ્યો, આવી અચાનક હરિ પ્રકટ થયો;
ત્રણ મહાપુરુષને ચોથો આપ, જેનો ન વેદે થાય ઉથાપ;
અખે ઉર અંતર લીધો જાણ, ત્યાર પછી ઉઘડી મુજ વાણ. ૧૨

છીંડું શોધતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ;
બાવન્નથી બુધ આઘીવટી ભણ્યાગણ્યાથી રહી ઊલટી. ૧૩

જેમ વારિધિ કેરું વારિ સકળ દિશામાં ચાલે,
પૃથ્વી પર પથરાય, વનરાજી સહુ ફૂલે ફાલે;

ઉગરતું રહે અંબુ સર્વ ઢળી ખોવે ઢાળે;
તે નામ નદીનું ધરાય, ન્હાય સહુ મહિમા ભાળે;
ગર્વભરી ગાજે અખા, સહુ ન સહે સરિતા સહી;
જેમ સાગર તેમ શ્રી હરિ વચ્ચેં, જીવ નદી થઈ હું વહી. ૧૪

મૈં તો દરદદિવાની, મેરો દરદ ન જાને કોય;
શૂલી ઉપર સેજ હમારી સોવન કિસવિધ હોય;
ગગનમંડલ પર સેજ પિયાકી કિસવિધ મિલણા હોય. ૧૫

એ રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક જોગી રે;
કંઈ એક જાણે વ્રજની રે ગોપી, મ્હાણે નરસૈંયો ભોગી રે. ૧૬

કોને કહું ને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહિ રે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં. ૧૭

બાગો ના જા રે ના જા, તેરે કાયા મેં ગુલજાર ।
સહસકમલ પર બૈઠકે તું દેખે રૂપ અપાર ॥ ૧૪

નિરગુન આગે સરગુન નાચૈ બાજે સોહં તૂરા ।
ચેલાકે પૌંવ ગુરુજી લાગેં, યહી અચંભા પૂરા ॥ ૧૫

અષાડે અમરિતતણા, વરસ્યા વરસાદ;
હરિ હરિ સઘળે થઈ રહ્યું, થાવર જંગમ જાત.
ચિત્ત ચાતક રંગે રટે, બોલે મન મોર;
જ્યાં ત્યાં ચૈતન્ય બ્રહ્મના, ઊગતા અંકોર.
સુખસાગર સહેજે ઊભરાયો, સરિતા શુભ સાર;
બ્રહ્મ નિરંતર જળ ભર્યાં, કોઈ પામે ન પાર,
માણે મત્સ્ય મગન થઈ, મરજીવા સંત;
પ્રીતમ પલક ન્યારા નહીં, રસિયા રસવંત. ૧૬

શાં શાં રૂપ વખાણું સંતો શાં શાં રૂપ વખાણું !
ચંદા ને સૂરજ વિના મારે વાયું છે વહાણું,
નેજી રોપ્યા નિજ ધામમાં, વાજાં અનહદ વાજે;
ત્યાં હરિજન બેઠા અમૃત પીયે, માથે સત્ર વિરાજે.

તુરત સુરતની શેરીએ, અનભે ઘર જોયું;
ઝળમળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું।
વિના રે વાદળ વિના વીજળી જળ સાગર ભળિયું;
ત્યાં હંસરાજા ક્રીડા કરે, ચાંચે મોતિડું ધરિયું.
માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે;
તેને તીરે વસે નાગણી, જાળવશે નહિ તો ખાશે.
ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી;
અખો આનંદસું ત્યાં પલ્યો, ભવ ભ્રમણા ભાગી. ૧૭

હમન હૈ ઇશ્ક મસ્તાના હમનકો હોશિયારી ક્યા ?
રહે આજાદ યા જગમેં હમન દુનિયૌંસે યારી ક્યા ?
જો બિછુડે હૈં પિયારેસે ભટકતે દર-બદર ફિરતે ।
હમારા યાર હૈ હમ મેં હમન કો ઇંતજારી ક્યા ?
ખલક સબ નામ, અપને કહે બહુત કર સર પટકતા હૈ ।

હમન હરિ નામ રાંચા હૈ હમન દુનિયાસે યારી ક્યા?
ન પલ બિછુડે પિયા હમસે ન હમ બિછુડે પિયારેસે ।
ઉન્હીસે નેહ લાગા હૈ હમન કો બેકરારી ક્યા? ।।
કબીરા ઇશ્કકા માતા દુઇસે દૂર કર દિલસે ।
જો ચલના રાહ નાજુક હૈ હમન સબ સર બોઝ ભારી ક્યા? ।। ૧૮
બાઁસુરી જબ મોહે ડરારા ધગઈ ।
રયના આન્હેરી રહિ કારી બાદરનસે
ડગરા મોહે કૌન દિખાઈ ।।
ડારી કોઈ દેખત આપન આઁગનસે અૅ,
જિન્હે કભિ બાઁસુરી બુખાઈ ।।
ડર નાહિ કુચ્છો ડગરા ન પુચ્છો
બાઁસુરી સુનત કબીરા બઢ જાઈ ।
પ્રીતમ બુલાઓ તો આન્હેરી કિ પારસે
કૌન બેશરમ આજ તોર સાથ જાઈ ।।* ૧૯

આરે આણી આવાઁ ના દીઠો હો,
જિઁ હુઁ દીઠો હો મુ ।।
સિજ ચન્દ્રતારા આઁઈ કેતિ ઉ,
તઁ કહાઁ તાબ તિખો હો ।।
માખણ માખી આઁઇ મિસરી,
તઁ કાઁ મોહેબ મિઠો હો ।।
અદ્યું શાહ લતીફ ચએ, મનમેં મોહેબ વુઠો હો ।। ૨૦

(હે મિત્રો, તેને મેં જેવો જોયો તેવો તમે નથી જોયો. સૂર્ય, ચન્દ્ર, તારા અને નક્ષત્રોના કરતાં પણ તેનો તાપ પ્રબળ છે. માખણ, મધ અને મિશ્રીના કરતાં પણ મારો પ્રિયતમ મીઠો છે. શાહ લતીફ કહે છે: પ્રિયતમ અંતરમાં જન્મ્યો હતો.)*

આજ પ્રભાતમેં કૌન આયા ।
રાત અબહી ખતમ હુઈ થી,
કિસીને આ દર ખટખટાયા ! ।।

---

* આગળના પ્રકરણમાં ભાષાંતર છે.

* સિંધી ગાન

પૂછા તબ મૈંને અંદર સે
કૌન મેરે ઘરમેં આયા।
"મૈં હું" દિયા જવાબ ઉસને,
"તેરે મહેમાન હોકે આયા!
ક્રિયા કરેગે મેરી ખાતર",
યે કહકે ઉસને મુઝે શરમાયા ॥ * ૨૧

ના ના ના, ડાકબ ના, ડાકબ ના,
અમન કરે બાઈ રે થેકે।
પારિ યદિ અન્તરે તાર ડાક પાઠાબ આનબ ડેકે ॥
દેબાર વ્યથા બાજે આમાર બુકેર તલે,
નેબાર માનુષ જાનિને તો કોથાય ચલે –
એઈ દેવાર–નેવાર મિલન આમાર ઘટાબે કે ॥
મિલબે ના કિ મોર વેદના તાঁর વેદનાતે–
ગঁগાધારા મિશબે નાકિ કાલો યમુનાતે ॥
આપનિ કિ સુર ઉઠલ બેજે
આપના હતે એસેછે જે –
গैল જખન આશાર વચન ગેછે રેખે ॥† ૨૨

(ના રે ના! આ રીતે હું એને બહારથી બોલાવીશ નહીં, બોલાવીશ નહીં! બનશે તો તેના અંતરના ઊંડાણમાં મારો સાદ પહોંચાડીશ અને એને બોલાવી લાવીશ. મારા હૃદયના અંતસ્તલમાં દઈ દેવાની વ્યથા બજી રહી છે; (પણ) લેનાર વ્યક્તિ ક્યાં છે? આ દેવાનું અને લેવાનું મિલન કોણ કરી આપશે? મારી વેદના શું તેની વેદનામાં નહિ મળી જાય? ગંગાની ધારા શું કાળી યમુનામાં નહિ ભળી જાય? જે આપમેળે જ વાગી ઊઠયો તે સૂર જ્યારે ગયો ત્યારે આશાનું વચન મૂકીને જ ગયો છે!)

મરિ તો મરિ, આમાય બાঁশিતે ડેકે છે કે?
ભેવેછિલેમ ઘરે રબ, કોથાઓ જાબ ના,–
ઓઈ–જે બાહિરે બાજિલ બাঁশિ બલો કી કરિ?
શુનેછિ કોন্ কુંજબને યમુનાતીરે
সাঁঝের બેલા બાજে બাঁশি ધીર સમીરে।

---

* કદાચ ગુરુદયાલ મલ્લિકનું
† રવીન્દ્રનાથનું બંગાળી ગાન.

ઓગો તોરા જાનિશ જદિ આમાય પથ બલે દે ।।
દેખિ ગો તાર મુખેર હાશિ,
તા'રે ફુલેર માલા પરિયે આશિ–
તા'રે બલે આશિ, 'તોમાર બાঁશિ,
આમાર પ્રાણે બેજે છે!'* ૨૩

(હાય રે હાય! વાંસળીમાં મને કોણ બોલાવી રહ્યું છે? વિચાર્યું'તું કે ઘરમાં રહીશ, ક્યાંય નહિ જાઉં! પણ પેલી જે બહાર વાંસળી વાગી રહી છે, શું કરું? સાંભળ્યું છે કે યમુનાને તીરે આવેલા કોઈક કુંજવનમાં, સાંજને ટાણે, ધીરા વાયુએ વાંસળીના સૂર વાગી રહ્યા છે! અરે ભાઈ, તમે જો જાણતા હો તો મને રસ્તો બતાવો! તેના મુખનું હાસ્ય જરા જોઈ આવું, તેના ગળામાં ફૂલની આ માળા જરા પહેરાવી આવું! અને કહી આવું: 'તારી વાંસળી મારા પ્રાણમાં વાગી રહી છે!')

તા. ક. : શ્રી મૈત્રેયી દેવીના તાજેતરમાં વાંચેલા 'ન હન્યતે' નામના આત્મકથામૂલક ગ્રંથમાં વારંવાર 'અનિર્વચનીય', અકળ એવા પ્રેમતત્ત્વની ભિન્ન ભિન્ન અવસ્થાની પાછળ રહેલાં અનુભૂતિ-સૂચનો જોવા મળે છે. 'મરમી એંધાણ' જ્યાં ત્યાં વિખરાયેલાં છે.

---

* રવીન્દ્રનાથનું તેમનું એક આંતરિક અવસ્થામાં પ્રગટેલું બંગાળી ગાન.

# ૯. ચેતવણી

હું નાનો હતો ત્યારે અમારા લત્તામાં દરરોજ પરોઢિયે અને મધરાતે એક ચોકીદાર હાથમાં ફાનસ લઈને, લાઠી ખખડાવતો 'જાગતે રહો'ની આલબેલ પોકારતો. આ 'જાગતે રહો'ની ચેતવણી અમારા મનમાં હમેશાંને માટે અંકિત થઈ ગઈ છે. નાગરિકોના રક્ષણ માટે અને સલામતીની ખાતર સરકાર આ રખેવાળીનું કર્તવ્ય આપમેળે બજાવતી. અન્ય દૃષ્ટિએ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરને પૂર્વના પ્રહરી (Sentinel of the East) કોઈએ કહ્યા છે.

આપણે જોઈએ છીએ કે આપણા રસ્તાઓ પર પણ અકસ્માતથી બચવા-બચાવવા ખાતર લાલબત્તી અને લીલીબત્તી દર્શાવવામાં આવે છે. જ્યાં જુઓ ત્યાં ઘણે ઠેકાણે ચેતવણીની રજૂઆત કરવામાં આવે છે. આમ કરવું, આમ ન કરવું, આમ બોલવું, આમ ન બોલવું, આમ વિચારવું, આમ ન વિચારવું, એવી એક આચારસંહિતા શાસ્ત્રમાં, -પ્રત્યેક જાતિના કે ધર્મના નીતિના વિધિનિષેધોની પ્રક્રિયાની દૃષ્ટિએ-જોવામાં આવે છે. આખરે શાસ્ત્ર અનુભવો પરથી દ્રષ્ટાઓએ ઘડ્યું હોય છે. કોઈ વિજ્ઞાનશાસ્ત્રી પ્રયોગ કરતો હોય, વીજળીનું જ્યાં દબાણ થતું હોય, કોઈ કાર્યાલય હોય ત્યાં પણ ચેતવણીનું પાટિયું જોવામાં આવે છે. એટલે, વ્યક્તિગતભાવે કે સમૂહગત-ભાવે ચેતવણીની આવશ્યકતા સ્વીકારવામાં આવી છે.

ચેતવણી મરમી કે સંતની સાધનાનું એક અંગ ગણાય છે. હિંદી સંતોએ ચેતવણીનાં પદો લખ્યાં છે. ગુજરાતીમાં અખાએ એમના છપ્પામાં ઠેકઠેકાણે, પ્રીતમદાસે પદોમાં, ભોજાએ ચાબખા તરીકે અને ધીરા ભગતે સ્વરૂપની કાફીઓમાં ચેતવણીના સૂર ઉચ્ચાર્યા છે. મધ્યયુગના મહાન પ્રહરી મરમી કબીરે કહ્યું છે કે આખો સંસાર ખાઈપીને સુખી કહેવડાવે છે, માત્ર કબીર દુ:ખી છે, કારણ કે એ જાગે છે, રડે છે. માનવજાતિનાં પોતે કરેલાં દુઃખથી સંતો પીડાય છે અને સદાસર્વદા જાગ્રત રહે છે. પૂજ્ય મોટાના જીવનમાં આ વાત સ્પષ્ટ જણાય છે. તેમણે એવા ઉલ્લેખો ઘણે ઠેકાણે કરેલા છે. બંગાળના મહાન શાક્ત કવિ રામપ્રસાદ સેને કહ્યું છે કે, 'હે મા, અમે જ ખોદેલા ખાબોચિયામાં ડબકડોઈઆં કરીએ છીએ, એમાંથી બચાવ, મા!'

'કરલે સિંગાર ચતુર અલબેલી' એ પદમાં કબીરે પ્રત્યેક પળે ધ્યાનમાં રાખવાની ચેતવણી દર્શાવી છે.

'ચરૈવેતિ' એ વેદનો ચેતવણીમંત્ર છે, પ્રગતિ કરવાને ઉદ્‌બોધતો પ્રોત્સાહક મંત્ર છે. 'ઉત્તિષ્ઠત જાગ્રત' એ શ્રુતિમંત્ર છે, જે વિવેકાનંદનો મુદ્રાલેખ હતો; શ્રેય અને પ્રેયનો વિવેકપૂર્વક વિનિયોગ કરીને જીવનને ઊર્ધ્વ પ્રત્યે લઈ જનારો ઉપનિષદમંત્ર છે. તુલસીદાસ અને સુરદાસની કેટલીયે ચેતવણીઓ છે, ધીરાએ મનને સૂબાનું રૂપક આપીને જીવનસંગ્રામમાં ઝઝૂમવાનું કાફીનું એક પ્રેરક પદ છે: 'ખબરદાર મનસૂબાજી, ખાંડાની ધારે ચઢવું છે; હિંમત હથિયાર બાંધી રે, સત્યની લડાઈએ લડવું છે.' સાધનાના માર્ગમાં જનારે અસિધારાવ્રત પાળ્યે જ છૂટકો છે. એ દુર્ગમ પંથ છે એમ ઋષિઓએ જણાવ્યું છે. અખાએ એમના છપ્પાનાં આડત્રીસ અંગોમાં જ્યાં ત્યાં ચેતવણીઓ ઉચ્ચારી છે. એક ઠેકાણે તેઓ કહે છે કે ગુરુઓ અને આચાર્યો કાણા છે. એમની માત્ર શાસ્ત્રની એક જ આંખ છે, અનુભવની બીજી આંખ ઊઘડી નથી. સુતર થઈને રહેવાનું એ જણાવે છે. પ્રીતમદાસે અગિયાર ચેતવણીઓ ગાઈ છે અને અખાની જેમ ચોવીસ અંગો લખ્યાં છે. પ્રીતમદાસે અંગોનાં જે મથાળાં બાંધ્યાં છે તે આપણા વિષયને ભિન્ન ભિન્ન ભૂમિકાએ અનુરૂપ હોઈ એ જણાવવાં ઉચિત માનું છું. એ અંગો છે: ખળ, નામમાહાત્મ્ય, સંતમાહાત્મ્ય, ગુરુમહિમા, વિચાર, જોગ, જ્ઞાન, ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય, અનન્ય, વિરહ, તૃષ્ણા, મન, સ્મરણ, માયા, તત્ત્વસાંખ્ય, બ્રહ્મસ્વરૂપ, કામ, નારીનિંદા, ભાવ, જીવનમુક્ત, સજ્જન, સહજ. 'સહેજ સમજ' ઉપર પ્રીતમદાસ ઝોક આપે છે.

ચેતવણીના અગિયાર મુદ્દાઓને ગુરુઓની શીખ એ નામે ટિબેટન યોગમાં જણાવ્યા છે. તે ચેતવણીઓ છે. અધ્યાત્મમાર્ગે જનારે એ અગિયાર મુદ્દાઓ વિચારવા જેવા છે.

**પ્રથમ** મુદ્દો છે: જે પંથે જવું હોય તેનું વ્યવહારુ જ્ઞાન તે પંથે ચાલીને મળે. બધા લોકો આમ માને છે, આમ માનતા નથી, એમ વિચાર્યે ચાલે નહીં. રામકૃષ્ણ પરમહંસે કહ્યું હતું કે જેટલા મત તેટલા પંથ, એ સ્વીકારીને પણ ક્યાંક પહોંચવું હોય તો સ્વીકારેલે માર્ગે સચ્ચાઈપૂર્વક જવું જોઈએ. **બીજો** મુદ્દો છે: શ્રદ્ધાની શિથિલતા હોય કે નબળાઈ હોય અને સાથે સાથે બુદ્ધિ દૃઢ હોય કે બળવાન હોય, તો

વાચાળુતાના દોષ તરફ દોરવાઈ જવાનો સંભવ છે. જીવનમાં આપણે દૃષ્ટિ કરીશું તો જણાશે કે જેમનામાં શ્રદ્ધા પાંગળી હશે અને બુદ્ધિ પ્રબળ હશે તે તર્કવિતર્ક કરશે, બુદ્ધિભેદ ઊભો કરશે, પોતાનું જ ખરું છે એમ બીજા પર લાદવાનો પ્રયત્ન કરશે, પાંગળી શ્રદ્ધાવાળાને ખોટો ઠરાવવા પ્રયત્નશીલ થશે, એની અનુભૂતિને ભ્રાંતિ ગણશે અને એક પ્રકારના વાગ્જાળ ઊભી કરશે. **ત્રીજો** મુદ્દો છે: શ્રદ્ધાના સામર્થ્યની સાથે બુદ્ધિની નિર્બળતા ભળે તો તેમાંથી ક્ષુદ્રબુદ્ધિયુક્ત મતાગ્રહનો દોષ જન્મે. બીજા મુદ્દાની સાથે ત્રીજો મુદ્દો સાપેક્ષ સંબંધ ધરાવે છે. માત્ર શ્રદ્ધા બળવતી હોય પણ સમજણ પાંગળી હોય, દુર્બળ હોય, તો સ્વાભાવિક રીતે મતાગ્રહ જન્મે, જડતા આવે, સમજણનું ઔદાર્ય સંકુચિત થઈ જાય, બૃહત્‌ને સ્વીકારવામાં સંકીર્ણતા આવે, પરિણામે સંઘર્ષ થાય અને પ્રગતિ અટકી પડે. **ચોથો** મુદ્દો છે: ઇચ્છાને કે કામનાને શ્રદ્ધા માની બેસવાની ભૂલ થઈ જાય. આ એક સૂક્ષ્મ વાત થઈ. એ આંતરિક સમજપૂર્વકનું વિશ્લેષણ માગી લે છે. શ્રી અરવિંદ જેને પ્રાણનું સ્તર કહે છે એ એટલું બધું વિશાળ છે કે એમાં ભલભલા ગોથાં ખાઈ જાય છે. આના નિરીક્ષણને પૂ. અંબુભાઈએ ક્રૂર નિરીક્ષણ કહ્યું છે. કામના શ્રદ્ધાનો સ્વાંગ સજીને આવે ત્યારે એક આવરણ આવી જાય છે. તે વખતે એ આવરણને ભેદીને કે ખોલીને જોવું એ ગુરુગમનો વિષય બની જાય છે; કારણ કે, પાટા બાંધેલો બળદ જેમ ફર્યા જ કરે એના જેવી ભ્રાંત દશા થઈ જાય. **પાંચમો** મુદ્દો છે: આસક્તિને પરોપકારિતા અને અનુકંપા માની લેવાની ભૂલ થઈ જાય. જ્યારે આપણે કોઈ પણ કર્મ કરીએ છીએ ત્યારે એ કરવામાં આપણો મનોભાવ નિર્ણાયક તત્ત્વ ગણાય. એ મનોભાવ તો દેખાતો નથી હોતો, માત્ર કર્મ જણાય છે. કોઈનું ભલું થાય એ ભાવે કરેલું કર્મ પરોપકાર ગણવામાં આવે છે. કોઈના તરફ દયાભાવ થાય, એટલે કે અનુકંપા થાય, તે એના તરફની માયાની લાગણીને લઈને થાય છે. ઘણી વાર એની અભિવ્યક્તિમાં 'બિચારો' શબ્દ વપરાય છે. આમ, ભલું કરવાની લાગણીની સાથે હું એનું ભલું કરું છું, દયાની લાગણીની સાથે 'બિચારાનું શું થશે' એવો મનોભાવ હોય તો એની પાછળ હું પણ સૂક્ષ્મ હોવાને કારણે, તે આસક્તિમાંથી જન્મેલું કર્મ થાય છે; એટલે કે પરોપકારના ભાવની પાછળ, અનુકંપાના ભાવની પાછળ, આસક્તિ રહેલી હોય છે. એ પ્રકારનું કર્મ બંધનમાં નાખે છે. એટલે સાધકે વિવેકપૂર્વક જોવું જોઈએ કે પોતે જેને પરોપકાર કહે છે,

અનુકંપા કહે છે, તે આસક્તિને કારણે છે કે અનાસક્તિને કારણે. સામાન્ય માણસોને આની ખબર પડતી નથી હોતી; અરે, ભણેલાગણેલાને પણ ભ્રાંતિ થાય છે. કારણ કે, મનોભાવ દેખીતી વસ્તુ નથી. કોઈ પણ ક્રિયાની પાછળ મહત્ત્વની વાત મનોભાવ (attitude) છે. પરિણામે આવી બાબતોમાં ગેરસમજ થાય છે. એટલે સમજ ઉપર (Understanding) જે ભાર મૂકવામાં આવે છે, તેનો યથાર્થ ખ્યાલ આવી જવો જોઈએ. ગાંધીજીએ ગીતાને અનાસક્તિયોગ કહ્યો છે તે આવાં કારણોને લઈને. આની સાથે શ્રેય અને પ્રેય, રાગ અને ત્યાગ જેવા ભાવો સંકળાયેલા છે.

**છઠ્ઠો** મુદ્દો છે : ઇન્દ્રિયો દ્વારા થતા બોધને કે જ્ઞાનને કે સંવેદનને વાસ્તવિકતાની ઝાંખી ગણી લેવાની ભૂલ થવી ન જોઈએ. આ પ્રકારની ઝાંખીની ભ્રાંતિ સાધના કરનારને અચૂક થાય છે. જે મરમી હોય છે, સંત હોય છે, મહાત્મા કે યોગી હોય છે, તેણે આનાથી સાવધ રહેવાની ખાસ જરૂર હોય છે. પાંચે ઇન્દ્રિયોમાં સ્પર્શ મહત્ત્વની ગણાય છે. જુલાબી સ્પર્શને સૌથી વ્યાપક અને ભાવપ્રવણ ઇન્દ્રિય ગણે છે. સ્પર્શ સમગ્ર શરીરનો વ્યાપાર છે. એટલે સ્પર્શબોધ એ એક મહત્ત્વની બાબત છે. શ્રી અરવિંદની એક પંક્તિ છે : 'All can be done if God's touch is there.' પ્રભુનો સ્પર્શ થયો હોય તો બધું થઈ શકે. મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેન ઘણીવાર સ્પર્શદીક્ષા, દૃષ્ટિદીક્ષાની વાત કરતા હતા. પરંતુ અહીં જણાવેલી વાસ્તવિકતાની ઝાંખીની વાત જુદી છે. આ સાવધાનીની વાત છે, ચેતવણી છે. ગોરખનાથ પોતાના ગુરુને ચેતવવા આવ્યા હતા અને તેમણે 'ચેત મછંદર ગોરખ આવ્યા' એ બોલ, એ ભાવ સંચારિત કર્યો અને ગુરુજી ચેતી ગયા. શિષ્ય ગુરુને પણ ચેતવી શકે છે. ઇન્દ્રિયબોધ એ આત્માનુભૂતિ નથી એ વિચારવા જેવું છે. બોધ એ જાગૃતિ છે અને યોગ્ય વલણ આપવામાં આવે તો અનુભૂતિ તરફ લઈ જઈ શકે. આ બધા મુદ્દાઓમાં વિવેકનો મહિમા સૂચવ્યો છે અને એ વિવેક (choice) લક્ષ્ય પ્રતિ દોરી જવામાં સહાયક બને છે. **સાતમો** મુદ્દો છે : વાસ્તવિકતાની માત્ર ઝાંખીને સંપૂર્ણ સાક્ષાત્કાર ગણી લેવાની ભૂલ ન થાય. ઉત્તરોત્તર થતી ભ્રાંતિનું નિવારણ એક તો ગુરુગમથી અને બીજું પ્રભુકૃપાથી થઈ શકે. અહીં ઝાંખી (glimpse) અને સાક્ષાત્કાર (realisation) નો ભેદ દર્શાવ્યો છે. ઝાંખી સાક્ષાત્કારની આગાહી છે. ભગવાન બુદ્ધની તપશ્ચર્યામાં ઝાંખી કે ભ્રાંતિને વિષે ખૂબ જણાવ્યું છે. જેમ ગિરિમાળાનાં અનેક શિખરો હોય છે તેમ ઝાંખીઓ હોય છે. પથિક કે યાત્રાળુ ઊંચામાં ઊંચા શિખર પર

જવા માગતો હોય એણે આવાં અનેક શિખરો, ટોચો, વટાવવાં પડે છે. એ એમ માની બેસે કે હવે પહોંચી ગયા તો તે એક ભ્રાંતિ (delusion) હોવા સંભવે. આગળના પ્રકરણમાં યુરોપના મરમીઓની વાત કરતાં પ્લોટિનસ, એકહાર્ટ અને જેકબના જીવનમાં થતી ઝાંખીઓનો ક્યાંક ક્યાંક નિર્દેશ કર્યો છે. અને એ ત્રણેયને સાક્ષાત્કાર પણ થયેલો. બકને વિશ્વચેતનાની ઝાંખી થઈ હતી અને સાક્ષાત્કારની પળ પણ આવી ગઈ હતી. વર્ષો લગી એની અસર રહી હતી. પરંતુ એને દૃઢ કરવાને માટે આધારમાં સ્થાપિત કરવો પડે છે અને એમાં દેહ, પ્રાણ અને મનનાં શુદ્ધીકરણ અને રૂપાંતરની આવશ્યકતા હોય છે. ઝાંખીને ઝીલી લઈને, સ્થાપિત કરીને બાહ્યાંતર વ્યાપકતા લગી લઈ જવામાં આવે ત્યારે તે સાક્ષાત્કારની ભૂમિકાને પામે. રવીન્દ્રનાથને સૌન્દર્યનો સાક્ષાત્કાર થયેલો હતો અને એના પરિણામે કાવ્યમંત્રની પ્રેરણાનું મૂળ ખૂલી ગયું હતું, જેને તેમણે 'નિર્ઝરનો સ્વપ્નભંગ' એમ કહ્યું છે. એ કાવ્યધારા ચિત્તના, પ્રાણના અનેક પ્રદેશોને ફલવતી કરતી વૈવિધ્ય પામી હતી. સાક્ષાત્કાર અભિવ્યક્તિમાં પરિણમે તો એની પાછળ અનિર્વચનીયતાનું એંધાણ મૂકી જાય છે,—જેમ પેલા અંગ્રેજી કાવ્યમાં કાળની વેળુ પર પગલાં મૂકી જવાની વાત કરી છે તેમ. (footprints on the sand of Time). પહેલાંના વખતમાં વરયાત્રામાં સૌથી આગળ ઘોડા પર નિશાન-ડંકા વગાડનાર બેસતો. નિશાનડંકા એ ઝાંખી થઈ. એમ કરતાં કરતાં વરરાજાનાં દર્શન થાય. એ સાક્ષાત્કાર થયો. સાક્ષાત્કાર થયો એટલે પ્રતીતિ થઈ. અને પછી તો વરરાજાની ઓળખ, એને બહારથી અને અંદરથી જાણવાની તાલાવેલી થાય. ક્રમશઃ સાક્ષાત્કાર દૃઢીભૂત થતો જાય. ત્યાં લગી ધીરજ, ઉત્સાહ અખંડ હોવાં જોઈએ. એ સઘળી દશા, હાલ (states) નું વર્ણન સૂફી સાધનામાં કંઈક અંશે અલ-ગઝલીએ કર્યું છે, અને પામ્યાનું બયાન જૂનાયદ કે ધૂલ-નૂનમાં જોવા મળે છે, અને પછી તો હાલ કે દશા રહેતાં નથી, અત્યંત ગતિશીલ સ્થિતિ થઈ જાય છે. **આઠમો** મુદ્દો છેઃ પાખંડીઓને સંત કે મહાત્મા કે યોગી માની લેવાની ભૂલ ન થાય. આ એક મહત્ત્વની ચેતવણી છે. પ્રશ્ન એ છે કે સંત કે મહાત્મા કે યોગી સાચા છે કે પાખંડી છે એની ખબર શી રીતે પડે? એનાં લક્ષણો કયાં? આનો નિર્ણય કોણ કરે? પહેલી વાત એ છે કે સંત હોવું કે મહાત્મા હોવું કે યોગી હોવું એ ધંધો છે? અર્થાત્, પોતાના સંતપણાને, મહાત્માપણાને કે યોગીપણાને ધનપ્રાપ્તિનું, અંગત વૈભવવિલાસનું, જાગ્રત પ્રચારનું, શિષ્યો કે અનુયાયીઓ મૂડવાનું સાધન કે

નિમિત્ત બનાવવામાં આવે છે કે નહીં...એનું તટસ્થ અને ગ્રંથિ વગરનું નિરીક્ષણ થવું જરૂરી ગણાય. સર્વધર્મસમભાવની ભાવનાની માફક **સર્વસંત–મહાત્મા–યોગી–સમભાવની** ભાવના રાખવી ઉચિત છે કે નહીં ? આમાં કડક પ્રહરીની જરૂર છે. લાઓત્સેએ કન્ફ્યૂશીઅસને જે જણાવ્યું હતું તેનો વિચાર કરીને તે કેટલે અંશે અમલમાં મૂકી શકાય, કેટલે અંશે તે વ્યક્તિ કે સમાજ કે રાષ્ટ્ર કે જગતના હિતમાં છે તે નક્કી કરવું જોઈએ. પણ નક્કી કોણ કરે ? મારા નમ્ર મત પ્રમાણે એમાં કોઈ સમિતિ કે સમૂહની જરૂર નથી. સમગ્ર જનતાનું, વ્યક્તિની માફક એક આંતરદર્શન, આંતરસૂઝ (intuition) હોય છે. તે મતગણતરીથી, આંકડાથી માપી શકાતું નથી, તેને પામી શકાય છે. સર્વેનું સંમિલિત દર્શન એ નિર્ણાયક બળ બની શકે. કાળ તો કામ કરે જ છે, પરંતુ મનુષ્યે એવી આંતરસૂઝને ઊંડા ઊતરીને પૂછી લેવું જોઈએ. રાગદ્વેષરહિત થઈને, પક્ષાપક્ષીથી પર થઈ ને તે પામી શકાય. ઍલેક્સિસ કેરલ નામના મનીષીએ તેમના 'મૅન, ધી અનનોન' (Man, the unknown) નામના પુસ્તકમાં સ્વાનુભવને આધારે, એની ચર્ચા કરી છે. એ અનુભવો એમણે ખૂબ વેઠીને પ્રાપ્ત કર્યા હતા અને માનવકલ્યાણના લક્ષ્યાર્થે વિવેકપૂર્ણભાવે વ્યક્ત કર્યા છે. એમણે જે જણાવ્યું છે કે માનવ અજ્ઞાત છે તે માનવના ઊંડાણની દૃષ્ટિએ. ભૂલતો ન હોઉં તો મનોવિજ્ઞાન એમ જણાવે છે કે મનુષ્યનો ત્રણચતુર્થાંશ ભાગ (?) સમુદ્રના હિમદુર્ગની માફક તેના ભીતરમાં ડૂબેલો છે, ઉપર તો માત્ર એક ચતુર્થાંશ જ વ્યક્ત છે. તો પછી આપણે એને જાણીએ છીએ એમ કયા અર્થમાં કહી શકીએ ? જ્યારે સામાન્ય મનુષ્યને માટે આમ છે તો સંત કે મહાત્મા કે યોગીને વિષે કેવી રીતે અભિપ્રાય આપી શકાય ? સાચા સંત, સાચા મહાત્મા, સાચા યોગી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ હોય છે, સહજ હોય છે અને એમની ચેતના પારાવાર જેવી અગાધ હોય છે. એમનાં હૃદય પારદર્શક હોય છે. એમને સાચા પ્રેમ વિના પામી શકાતા નથી. આવા જે ન જણાય તેમને સ્વીકારતાં પહેલાં વિવેકયુક્ત વિચાર કરવો રહ્યો. એથી ઊલટા તે ધૂર્ત, પાખંડી, છદ્મવેશી જાણવા. શ્રી માતાજીએ જણાવ્યું છે તેમ ઘણાખરા જૂઠાણાનો અંચળો ઓઢે છે (Coat of Palsehood) એક પ્રકારના આવરણમાં જ તેઓ રહે છે. આમ છે. આથી વિશેષ શું કહી શકાય ?

**નવમો** મુદ્દો છે : સમગ્ર જ્ઞાનને પોતાનામાં સમાવી લેવા પૂરતી વ્યાપક ફિલસૂફી અનિવાર્ય છે. એટલે કે, એ થયું જીવનનું સર્વાંગી દર્શન. સંસ્કૃતમાં

એક સૂત્ર છે—'अभेददर्शनं ज्ञानम्', અભેદનું દર્શન કરાવે તે જ્ઞાન; એ અર્થમાં આ ફિલસૂફી થઈ. રજ્જબ કહે છે તેમાં તેમ સઘળાં સત્ય મળે, જેમ બધી નદીઓ સમુદ્રમાં મળે છે તેમ. આ પ્રકારની ફિલસૂફીને અનિવાર્ય ગણી છે. **દશમો** મુદ્દો આ છે: ધ્યાનની એવી એક પદ્ધતિ કે જેમાં મનને ગમે તેમાં એકાગ્ર કરવાની શક્તિ ઉત્પન્ન થતી હોય, એવા ધ્યાનની અનિવાર્યતા છે. ધ્યાન પણ સર્વગ્રાહી સર્વસ્પર્શી હોય એનો આગ્રહ રાખવામાં આવ્યો છે. અહીં આગલા પ્રકરણમાં લાઓત્સએ દર્શાવેલી સાધના યાદ કરવા જેવી છે. તે ધ્યાન જ છે. ધ્યાન કરવાની ભિન્ન ભિન્ન પદ્ધતિઓ દેશે દેશે કાળે કાળે જોવામાં આવે છે. ચીનમાં ઝેન (ધ્યાન)ને નામે ધ્યાન ઓળખાય છે. વાસ્તવિક રીતે તો ભગવાનની સાથે એકતા કરવા પ્રેરે, જે આદ્ય શક્તિ સર્વમાં વ્યાપી રહી છે તેનું સામર્થ્ય પ્રાપ્ત કરીને, ગમે તે વિષયમાં તેનો વિનિયોગ કરી શકે, એ ધ્યાન હોય. આખરે તો આ બધી મનની લીલા છે. મનને કશાકમાં જોડી દેવું, અને એમ કરતાં કરતાં અ-મનની સ્થિતિમાં ચાલ્યા જવું એ સાધના ગુરુગમ્ય છે. એ માત્ર બહારની તાલીમ નથી, પરંતુ અંતરના વ્યવહારની મૂલગામી એકસૂત્રાત્મકતા છે. અને **અગિયારમો** મુદ્દો છે: જીવનની એવી એક કળા હોય, જેમાં શરીરની, વાણીની અને મનની પ્રત્યેક પ્રવૃત્તિને પંથને સહાયક બને એવી રીતે યોજી શકે. પ્રથમ વાત છે પંથની, ક્યાં જવું છે તેની. એ તરફ જવાને માટે એક પંથ હોય, માર્ગ હોય,—એટલે કે, સાધનમાર્ગ. જીવન જેમ એક બાજુથી વિજ્ઞાન છે, તેમ બીજી બાજુથી કળા પણ છે. વિજ્ઞાન અને કળા એકબીજાને પૂરક હોય. શ્રી અરવિંદે દિવ્યજીવન નામનો એક શકવર્તી ગ્રંથ રચ્યો છે, તે એક રીતે જોતાં સમગ્ર જીવનની ફિલસૂફી અથવા વિજ્ઞાન છે, અથવા એમ કહો કે અનુભૂતિઓ પરથી અખિલાઈનું શાસ્ત્ર છે; અને એને જીવનમાં ઉતારવા માટે એક સમન્વય—યોગમાર્ગોનો સમન્વય—યોજ્યો છે. જીવનની સમજ આપનારું વિજ્ઞાન છે, તેને અમલમાં મૂકનારી કળા છે. દરેક મહાપુરુષે વિજ્ઞાન આપ્યું છે, કળા પણ દર્શાવી છે. એ સર્વેનું સર્વોપરી વિવેકમુક્ત જ્ઞાન અને તેને અમલી બનાવનારી પદ્ધતિ એ ભગવાન પ્રત્યે જવાને આવશ્યક છે, અનિવાર્ય પણ છે. પરંતુ અહીં મારી દૃષ્ટિએ ગુરુનું સ્થાન અતિ મહત્ત્વનું બને છે.

ઉપર દર્શાવેલા અગિયાર મુદ્દાઓ (Precepts of the Gurus) 'તિબેટન યોગ અને ગૂઢ સિદ્ધાંત' નામના ગ્રંથમાંથી લીધા છે, એનો ઉલ્લેખ યોગી કૃષ્ણપ્રેમે પોતાના કોઈ ગ્રંથમાં કરેલો છે.

સાધનાને માર્ગે જતાં આ બધી ચેતવણીઓ છે, જેને ધ્યાનમાં રાખવી ઘટે છે. હું ધારું છું કે કોઈ પણ માર્ગે જવામાં આ પ્રેરક બનશે, સહાયક નીવડશે, માર્ગદર્શક થશે.

બીજી વાત. આપણે પ્રવચનો સાંભળીએ છીએ, વાર્તાલાપો યોજીએ છીએ, શિબિર કે જ્ઞાનસત્રની એક પ્રથા ઊભી કરીએ છીએ. શા માટે? જેથી કરીને બધા એકઠા થાય, કંઈક પામે, 'સત્સંગ' થાય એવા હેતુથી. એક પ્રબુદ્ધ વ્યક્તિ, એણે આત્મસાત્ કે સાક્ષાત્ કરેલો એક ધર્મ, અને એને માર્ગે જવાને ઇચ્છતો એક સંઘ, એમ ક્રમશઃ આગળ વધવાની એક પદ્ધતિ યોજાય છે. અખો કહે છે કે એક અંધારો કૂવો છે, એમાં શું છે એની કોઈને ખબર નથી; શું છે, શું નથી, એનો વાદ ચાલે છે. એ ઝઘડો મટતો નથી. કારણ? અનુભૂતિ નથી. અને અનુભૂતિ હોય તોય તેના અર્થઘટનનો પ્રશ્ન આવીને ઊભો રહે છે. વળી કહે છે, કથાઓ સાંભળી સાંભળીને કાન ફૂટી ગયા, પણ બ્રહ્મજ્ઞાન આવ્યું નહીં! કોનો વાંક? કથા કરનારનો, સાંભળનારનો? વિચારવા જેવું છે.

આ જાતનો પ્રશ્ન પશ્ચિમના મહા જ્ઞાની અને મરમી એકહાર્ટને તેમના શિષ્યોએ કરેલો. આનો ઉલ્લેખ આપણે કરી ગયા છીએ. કદાચ પુનરુક્તિ થાય તોય આવી પુનરુક્તિઓ અનુચિત નથી! અહીં એનું કંઈક પ્રસ્તુત વિવરણ કરીએ છીએ. એકહાર્ટે જે કહ્યું છે તે ચેતવણી રૂપે છે, સાંભળનારને માટે, શ્રોતાઓને ઉદ્દેશીને કહ્યું છે. શ્રોતાઓની પણ તૈયારી હોવી ઘટે છે. કઈ તૈયારી? એ વિષે એકહાર્ટ જણાવે છે.

શિષ્યોએ પ્રશ્ન કર્યો કે, આપ જે બોલો છો તેને ઘણા સમજતા નથી. તો શું કરવું? ઉપર જેમ અગિયાર મુદ્દાઓ જણાવ્યા, તેમ એકહાર્ટ પાંચ વાતો કહે છે. એ કહે છે કે આ પાંચ વાતો સાધી હોય પછી જ મારું પ્રવચન, મારો બોધ સમજાય. આ પાંચ વાતો આ છે. એ જાણે કે એક પંચપાત્ર છે! પહેલી વાત એ છે કે સાંભળનારે કે શિષ્યે બધા માનસિક વિક્ષેપો અને લાલચોથી દૂર થઈ જવું જોઈશે. બીજી વાત એ છે કે એણે જે સર્વોચ્ચ શ્રેય હોય એ તરફ એનો મનોભાવ હોવો જોઈએ. ત્રીજી વાત એ છે કે ભગવાનની ઇચ્છાને આધીન થવા માટે એણે પોતાની ઇચ્છા જતી કરવી પડશે. ચોથી વાત એ છે કે પોતે હજી બાળપોથીથી શરૂ કરે છે, (beginner among beginners) એમ માનવું જોઈએ. પાંચમી વાત

એ છે કે ક્રોધ પર જીત મેળવીને અને પોતાની જાત પર આધિપત્ય મેળવીને એ પોતાનો સ્વામી બન્યો હોવો જોઈએ.

નાનીસૂની માગણી છે, અપેક્ષા છે? આધાર તૈયાર થઈ ગયો હોવો જોઈએ, ખેતરને સર્વ રીતે ખેડેલું હોવું જોઈએ, વર્ષાનાં જળ ઝીલવાને પાત્ર થયું હોવું જોઈએ. છે કોઈ તૈયાર? શ્રી માતાજીએ એક વાર પ્રશ્ન પૂછ્યો હતો : તમે તૈયાર છો? (Are you ready ?)

માઈસ્ટર (આચાર્ય) એકહાર્ટને સાંભળવા વિદ્વાનો જતા, ભણેલાગણેલા જતા, અને અભણ પણ જતા, કાચા જતા, પીઢ જતા. એકહાર્ટ ઘરગથ્થુ ભાષાથી શરૂ કરતા, અને શ્રોતાઓનાં ચિત્તની સમક્ષ એક પછી એક ક્ષિતિજોનો નિર્દેશ કરતા. કહેતા : "તમારી ઇચ્છા હોય તો તમે ભગવાનને પામી શકો છો, અબઘડી......ભગવાન જોશે કે તમે તૈયાર છો તો તરત જ તેઓ તમારામાં ઊતરી આવશે, તમારી સત્તામાં એમનું અમૃત રેડશે. વાયુ શુદ્ધ હોય, સ્વચ્છ હોય તો સૂર્ય પોતાનો પ્રકાશ પાથરે જ પાથરે,—એમ!

એક ઘડી, આધી ઘડી, આધીમેં પુનિ આધ;
તુલસી સંગત સાધુકી કરે કોટિ અપરાધ.

એકહાર્ટ પામેલી વ્યક્તિ હતા, સાક્ષાત્કારી હતા, એટલે જ જોરથી કહેતા : "આવો, તૈયાર છો ને?"

"દરેક પ્રાણી સર્વોચ્ચ પૂર્ણતાની દિશામાં જઈ રહ્યું છે. દરેકમાં ભગવાનનો અંશ છે. ભગવાનની સાથેનું નિરંતર ઐક્ય અઘરું નથી! તમારે તમારા કામમાં વિક્ષેપ કરવો જરૂરી નથી. કામ વગર કોઈને ચાલતું નથી એ હું જાણું છું. સઘળાં કામોમાં ભગવાનને જોઈ શકો છો, મન તેમની પાસે રાખી શકો છો...*

'જુઓ ઉપવાસ, પ્રાર્થના, જાગતા રહેવું, નિયંત્રણોનું પાલન કરવું, વાળને સમા રાખવા, પાટ પર સૂવું વગેરે કર્મકાંડ નક્કી કરવામાં આવ્યો છે, કારણ કે વારંવાર શરીર અને આત્માનો સંગ્રામ ચાલે છે. શરીર જીવ પર આધિપત્ય મેળવવાની ધમકી આપે છે. સદાય આ સંઘર્ષ ચાલે છે. આ સંસારમાં, આ પૃથ્વી પર શરીર વિશ્વાસુ છે, નિર્ભય છે; કારણ કે, આ પાર્થિવ તત્ત્વોનું એ બનેલું છે. પૃથ્વી એનો પિતૃલોક છે, પોતાનાં

* સરખાવો : 'સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ.'

સ્વજનોની સાથે એ નિશ્ચિંત છે. ખાવું. પીવું અને મોજમજા કરવી, – એનાથી એ પ્રોત્સાહિત થાય છે. બીજી બાજુ છે, – આત્મા. એ આ પૃથ્વીમાં પરદેશી છે. એમનાં સગાંવહાલાં મિત્રમંડળ ઉપરના લોકમાં છે. શરીર અને આત્માના આ વિષમ સંઘર્ષમાં આત્માને સહાય કરવાને માણસ દેહદમન કરે છે, કષ્ટો સહન કરે છે, જેથી કરીને દેહ ઢીલો થઈ જાય, આત્મા ઉપર ચઢી ન બેસે. મનુષ્ય દેહ (flesh) પર લગામ રાખે છે, તેના પર નિયંત્રણ મૂકે છે, જેથી કરીને આત્મા વિજયી નીવડે.

"દેહને આત્માને વશ રાખવાનો આ એક ઉપાય છે. પરંતુ તમારે જો આથીયે હજારગણો ચોક્કસ વિજય મેળવવો હોય તો પ્રેમનું નિયંત્રણ રાખો. પ્રેમ દ્વારા તમે દેહ પર ઝડપી વિજય મેળવશો, અને કોઈ પણ પ્રકારના વિરોધના ભય વગર.

"એ જ રીતે, ભગવાન પણ આપણને તેમના તરફ ખેંચવા માટે પ્રેમનો ઉપયોગ કરે છે. પ્રેમ એ માછીમારની આંકડી જેવો છે...તેના દ્વારા જે પકડાઈ જાય છે તે અત્યંત બળવાન બંધનોથી ઘેરાઈ જાય છે અને તેમ છતાં જે વ્યક્તિ તેનાથી ખેંચાય છે તે એક મઝાની વાત છે. જે માણસ પોતાના પર આવો મધુર પ્રેમનો સંયમ રાખવાની અનુમતિ આપે છે, તે માનવ–યોજિત કોઈ નિયંત્રણના કરતાં પોતાના લક્ષ્ય પ્રત્યે વધુ નિકટ જાય છે...માટે, આ આંકડા તરફ ધ્યાન આપો, કારણ કે, એનાથી ઝડપાવામાં તમે આશીર્વાદને પાત્ર થશો. તમે જેટલા પકડાઈ જશો, બંધનયુક્ત થશો, તેટલા મુક્ત થશો..."

આશ્ચર્યકારક રીતે એકહાર્ટ રવીન્દ્રનાથની સાથે આ બાબતમાં મળે છે. "વૈરાગ્યસાધનમાં મારી મુક્તિ નથી, મારી મુક્તિ બંધનમાં છે" એ રવીન્દ્રનાથનું જાણીતું વાક્ય છે. બાઉલ ગાયકો પણ ભગવાનની સાથેના બંધનમાં મુક્તિ છે એમ ગાય છે.

એમનાં પ્રવચનો સાંભળવા જે શ્રોતાઓ આવતા તેમને ઉદ્દેશીને એકહાર્ટ જણાવે છે: "અહીં આવેલા જે ભાઈઓ છે તેમાંથી કોઈને હું જે કાંઈ કહી રહ્યો છું તે ન સમજાય, તો તેથી ચિંતા કરવી નહીં. એનો અર્થ માત્ર એટલો જ સમજવો કે તેમનામાં રહેલા સત્યની વિશિષ્ટ શક્તિ આ સમજવા પૂરતી નથી. આ બધું જણાવું છું, કારણ કે, આ ક્ષણે કંઈ

પણ મનથી વિચાર્યા વગર ભગવાને મારા હૃદયમાં આ મૂકયું અને તમને જણાવ્યું...જેઓ એ ન સમજી શકે તેમણે સામાન્ય માણસની શ્રદ્ધા રાખીને આગળ ચાલવું...''*

એકહાર્ટ પોતાનું સમગ્ર આધ્યાત્મિક જ્ઞાન સૌની સમક્ષ અત્યંત સરળ વાણીમાં રજૂ કરતા. તેઓ જાણતા હતા કે એમાં બૌદ્ધિક દલીલો, એનું ભાષ્ય, મનમાં ઠસાવવાની આગ્રહભરી રીત કે કોઈ પદ્ધતિનું સ્થાન નહિ જેવું છે! સામાન્ય મનુષ્યને પોતાની સાદીસીધી વિવેકયુક્ત શ્રદ્ધાને પ્રકાશપૂર્ણ જીવન પ્રત્યે લઈ જવા માટે જે આગ્રહની જરૂર છે તેને તેઓ મહત્ત્વ આપતા નહીં. સનાતનકાળથી ચાલી આવેલા એક વિસંવાદી જણાતા સત્યને તેઓ જાણતા હતા :

**'પવિત્રતા તરફ જવાને માટે પોતે પવિત્ર થવું જોઈએ.'** બસ!

અને આ જ સનાતન સત્ય પ્લૉટિનસે પોતાના અનુયાયી આગળ રજૂ કર્યું હતું: "પોતે સૂર્યસમાન ન થાય ત્યાં લગી આંખ સૂર્યને કદાપિ જોઈ શકતી નથી. પોતે સુંદર ન થાય ત્યાં લગી આત્મા નર્યા સૌન્દર્યને પિછાની શકતો નથી. માટે દરેકે ભગવાન જેવા થવું ઘટે, સૌન્દર્ય જેવા થવું ઘટે, જો તેમનામાં સૌન્દર્ય અને ભગવાન પામવાની અભીપ્સા હોય તો." (Never did the eye see the Sun unless first it had become sunlike. Never did the Soul its see Primal Beauty unless itself be beautiful Therefore, let each man become God-like and Beautiful, who aspires to see Beauty and God.)

ઉપરનું પ્લૉટિનસનું કથન-આર્ષવાણી- પ્રત્યેક સત્યના, સૌન્દર્યના અને શિવના સાધકે કે ઉપાસકે નિરંતર ચિત્તમાં ઘોળવી જોઈએ, એને આત્મસાત્ કરવી જોઈએ. સૌને સન્મતિ દો!...

ગુરુદેવ રવીન્દ્રનાથે દરેકને આ પ્રમાણે ચેતવ્યા છે, "ઊઠો જાગો, સવારમાં ઈશ્વરનો પ્રકાશ આવીને આપણી ઊંઘ ઉડાડી દે છે, આખી રાત્રિની ઘસઘસાટ ઊંઘ એક પળમાં ચાલી જાય છે. પરંતુ સંધ્યા વેળાનો પેલો મોહ કોણ ભાંગશે? આખા દિવસનાં વિચારો અને કર્મોથી આપણી ચારે

* હે મિત્ર, શી વાત કરો છો? આવી કરુણા-કૃપા વિરલ છે. (લેખક)

બાજુ જે એક પ્રકારનું ધુમ્મસ છવાઈ જાય છે, તેમાંથી ચિત્તને નિર્મળ ઉદાર શાંતિમાં કેવી રીતે સ્થાપીશું? આવડો મોટો દિવસ એક કરોળિયાની માફક પોતાની જાળ વિસ્તારતો આપણને ચારે બાજુથી ફસાવી રહ્યો છે: ચિરંતનને, ભૂમાને, પોતાની ઓથે આવરી રહ્યો છે. આ બધી જાળને (જંજાળને) ભાંગીતોડીને આપણી ચેતનાને અનંતમાં સજાગ કરવી જોઈશે. બધાંયને ઊઠવાનો, જાગવાનો સમય થયો છે!

"જ્યારે દિવસ અનેકવિધ કર્મો, અનેકવિધ વિચારણાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપણને ચાકે ચડાવી રહ્યો હોય છે, જ્યારે અખિલ વિશ્વ અને આપણા આત્માની વચ્ચે તે એક પ્રકારનું આવરણ ખડું કરી દે છે, ત્યારે જો વારંવાર આપણે આપણી ચેતનાને 'उत्तिष्ठत जाग्रत' કહીને ઉદ્‌બોધિત ન કરીએ, જો આ જાગરણનો મંત્ર હરપળે વ્યાવહારિક કાર્યોની વચ્ચે રહ્યાં છતાં આપણા અંતરાત્મામાંથી ધ્વનિત ન થાય, તો એક પછી એક બીજા ચક્રાવામાં, એક પછી એક બીજી જાળમાં આપણે ફસાઈ જ જવાના અને ત્યારે પછી એ તમસમાંથી, એ જડતામાંથી બહાર નીકળી જવાની આપણને ઇચ્છા સરખી યે નહીં થાય. પરિણામે આસપાસની પરિસ્થિતિને આપણે અત્યંત સત્ય રૂપે માની લઈએ, તેથી યે પર જે ઉન્મુક્ત વિશુદ્ધ શાશ્વત સત્ય રહેલું છે તે પર આપણો વિશ્વાસ ન રહે, અને સૌથી વિચિત્ર તો એ થાય કે તે સત્ય તરફ સંશય કરવા પૂરતી સજાગતા પણ આપણામાંથી ઓસરી જાય. માટે, જ્યારે આખા દિવસનાં અનેકવિધ કર્મોનો કોલાહલ મચી ગયો હોય, ત્યારે આપણા મનની ગભીરતામાં 'ઊઠો, જાગો'નો ધ્વનિ અસ્ખલિત રૂપે ઊઠ્યાં કરો!"

જેઓ સાધનાનો માર્ગ પસંદ કરે છે તેમને માટે શ્રી અરવિંદે પત્રોમાં વ્યક્તિગતભાવે દોરવણીની સાથે સાથે ક્યાંક ક્યાંક ચેતવણી પણ ઉચ્ચારી છે. આપણે મરમી કે સંતની વાત કરીએ છીએ. તેમને માટે પણ ચેતવણીનો પ્રશ્ન રહે છે. જ્યારે કોઈ આ માર્ગ સ્વીકારે છે, ત્યારે તેણે પસંદગી કરવી પડે છે. એણે શા માટે આ માર્ગ પસંદ કર્યો છે એ પ્રશ્ન સ્વાભાવિક ઊઠે. ગતાનુગતિકભાવે જઈ રહ્યો હોય અથવા જવાને ઉત્સુક હોય તો પ્રથમ આત્મનિરીક્ષણ, આત્મ-પર્યેક્ષણ આવશ્યક બને છે. અંતિમ હેતુ ભગવાનની પ્રાપ્તિનો છે કે અન્ય કોઈ સિદ્ધિ મેળવવાનો, એ સ્પષ્ટ ન હોય તો, વચ્ચે બાધાઓ નડવાનો ખૂબ સંભવ હોય છે. મોટામાં મોટી બાધા 'હું'

જાણું છું, મને ખબર છે' – એ માન્યતા છે. એના ગૌણ સ્વરૂપે મહત્ત્વાકાંક્ષા, આંતરબાહ્ય વિભક્ત ચિત્તવૃત્તિ, યશેષણા અને એ સર્વમાંથી ફલિત થતું સઘળું લાવલશ્કર આવે છે! શ્રી અરવિંદ પૂછે છે કે તમારા નાનકડા અહંની માગણીઓને દૂર કરવા તૈયાર છો? આમ કરવા કટિબદ્ધ છો? ન હો તો એમનો પૂર્ણયોગ નહિ થઈ શકે. મરમીને માટે પણ એ જ ચેતવણી છે!

અલ્ હુજવીરીએ આગળના પ્રકરણમાં સૂફી સાધકોમાં જણાતાં દંભ, આત્મવંચના, ઢોંગ, ધૂર્તતા વ. તરફ ધ્યાન દોર્યું છે. કયી વસ્તુને નામે કયી જણાવવામાં આવે છે તેની એક નાનકડી યાદી આપી છે તે ખૂબ વિચારવા જેવું છે. એ પણ ચેતવણી જ છે.

અખાએ આપેલા છપ્પામાંથી ચેતવણીરૂપ નીચેના કેટલાક ઉતારું છું:

ગુરુ થૈ બેઠો હોંશે કરી, કંઠે પાષાણ શકે કયમ તરી;
જયમ નાર નાની ને હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત!
શિષ્યને ભારે ભારે થયો, અખા તે મૂળગેથો ગયો!
પોતે હરિ નહિ જાયે લેશ, કાઢી બેઠો ગુરુનો વેશ;
સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી ચાલ્યો ઘેર આપ;
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર!
તું તારું સમજીને બેશ, કાં ચોળે દિલ પ્યારી મેશ;
તૂંબડું જયમ મોહેથું મરે, જે લઈ પેસે તે સૌ તરે;
તરુવર ફળ દેવા નવ જાય, અખા આવી જાય તે ખાય.
તું તારા મનમાંહીં પ્રીછ, શાને મોટપ લે છે શીશ!
ઝીણું મળતાં મોટું થાય, મોટું કણકા થઈને જાય!
અખા વાત વિચારે વિધ્યે, શિષ્ય ઘણી તો રહે સંનિધે.

અહીં આપણે ચેતવણીના એક ઉત્તમ ઉદાહરણ તરીકે ભારતના મધ્યકાળના જૈન મરમી આનંદઘનનું એક પદ જોઈએ. તેમનો સમય આશરે ઈ. સ. ૧૬૧૫ થી ૧૬૭૫ ગણાય છે. યુરોપમાં તે જ સમયે બ્રધર લૉરેન્સ હતા. આનંદઘનનું પદ એક લાલબત્તી જેવું છે. પાખંડી સંતો, મહાત્માઓ શિષ્યને કેવી રીતે મૂડે છે, ખરાબ હાલતમાં મૂકી દે છે તેનું આબેહૂબ વર્ણન આનંદઘને કર્યું છે. આ પદ આમ એમની નાનકડી આત્મકથા કે આપવીતી કહો તોય ચાલે! મૂળ પદ ઉતારીને એનો અર્થ આપીશું.

માયડી, મુને, નિરપખ કિન્હી ન મૂકી ।
નિરપખ રહેવા ઘણું હિ ઝૂરી, ધીમે નિજ મન ફૂકી ॥
જોગિયે મલીને જોગિન કીન્હી, જતિએ કીન્હી જતની ।
ભગતે પકડી ભગતાની કીન્હી, મતવાલે કીન્હી મતની ॥
રામ ભણાવી રહેમાન ભણાવી, અરિહંત પાઠ પઢાઈ ।
ઘર ઘરને હમ ધંધો વળગી, અલગી જીવ સગાઈ ॥
કોઈએ મૂંડી કોઈએ સૂંધી કોઈએ કેસે લપેટી ।
એકમતો મેં કોઈએ ન દેખ્યો, વેદન કીન્હી ન મેટી ॥
કોઈએ થાપી કોઈએ ઉથાપી કોઈએ ચલાવી કોઈએ રાખી ।
કોઈએ જગાડી કોઈ સુવાડી, કોઈનું કોઈ નથી સાખી ॥
ધીંગો દુર્બલને ઠેલિજે, ઠીંગે ઠીંગો બાજે ।
અબલા તે કિમ બોલી શકીએ રાજે બડો જોદ્ધાને રાજે ।
જે જે કીધું જે જે કરાવ્યું, તે કહેતી હું લાજું ।
થોડે કહે ઘણું પ્રીછી લેજો, ઘરશું તીરથ નહિ બીજું ॥
આપવીતી કહેતાં રીસાવે તેથી જોર ન ચાલે ।
આનંદઘન વહાલો બાંહડી ઝાલે, તો બીજું સઘળું માલે ॥ (૧)

(હે મા ! મને કોઈએ 'નિષ્પક્ષ', પક્ષાપક્ષી અને સાંપ્રદાયિકતાથી અતીત રહેવા ન દીધી. નિષ્પક્ષ રહેવાના પ્રયત્નો ઘણા કર્યા, પરંતુ ધીરે ધીરે સૌએ પોતપોતાના મતનો પ્રભાવ મારા પર પાથર્યો, યોગી મળ્યા તેમણે મને બનાવી યોગિની, યતિએ મને બનાવી યતિની, ભક્તે બનાવી ભક્તાણી, મતવાદીએ મતવાલી, કોઈ વાર હું રામ બોલી, કોઈ વાર રહેમાન બોલાવરાવી, કોઈએ અરહંતના પાઠ પઢાવ્યા. ઘેર ઘેર નવે ધંધે લાગી ગઈ ! આત્માની સાથેનો યોગ તો ક્યાંય રહ્યો ! કોઈને માથાનું મુંડન કરાવ્યું, કોઈએ વાળ ચૂંટાવ્યા, કોઈએ જટા વધારાવી; એક ભાવનો ભાવુક મેં કોઈને ન દીઠો ! કોઈએ અંદરનું દર્દ મટાડ્યું નહીં ! કોઈએ બેસાડી, કોઈએ ઉઠાડી, કોઈએ નિશ્ચલ રાખી, કોઈએ જગાડી, કોઈએ કોઈ પણ સતૂની સાક્ષી દીધી નહીં. પ્રબળ દુર્બળને દબાવી રાખે છે, શક્તિશાળીનું શક્તિશાળીની સાથે યુદ્ધ ચાલે છે. હું રહી અબળા, મોટમોટા જોદ્ધાઓની સામે શું કરું ? એ સૌએ મારા પ્રત્યે જે જે કર્યું, અથવા જે જે કરાવરાવ્યું, એ બધું કહેતાં લાજી મરાય છે ! થોડામાં ઘણું સમજી લેજો. સમજાયું કે ઘર જેવું બીજું કોઈ પવિત્ર સ્થાન નથી. મારા પર શી શી વીતી એ કહેવા જાઉં તો એ બધા મારા પર રોષે ભરાય. એટલું જોર મારું છે નહીં ! આનંદઘનના પ્રિયતમ જો મારી બાંય ઝાલે તો બધા પલાયન કરી જાય.)

અખળા ભાવે લખેલું પદ કેટલું દર્દભર્યું છે! સાધકો કે મરમીઓ કે સંતો માટે આ જેવીતેવી લાલબત્તી છે? કેટલાય ગુરુઓ, કેટલાય યોગીઓ, કેટલાય મઠાધીશો કેવા હોય છે તે આ અનુભવની વાણીથી કળાઈ જાય છે! આ એક ચેતવણી છે. આવું જ અને આ જ ભાવનું એક બીજું પદ નીરાંત ભગતનું છે. આ એક નમૂના તરીકે પૂરતું છે.

કબીરના સપુત કમાલે હંમેશને માટે આવી ચેતવણીની વાણી ઉચ્ચારી છે. એ એક મહાન સાધક હતો. કબીરજીના અવસાન પછી જે અનુભવ એમના પિતાના વિષે થયો તેને લઈને એક અત્યંત દર્દભરી અને સત્ય વાણી બળપૂર્વક કહે છે. એની બહેન કમાલી મહાન સાધિકા થઈ ગઈ, પણ એની વાણી સંઘરાઈ નથી લાગતી. મારા પૂજ્ય ગુરુ ક્ષિતિબાબુ એ વિષે દુઃખ વ્યક્ત કરતા. સત્યને સંઘરવું એ પણ એક તપસ્યા છે. નકલી સાધુસંતો એનો નાશ પણ કરતા હોય છે. મને લાગે છે કે પશ્ચિમમાં પણ પાયથાગોરસ અને સૉક્રેટિસ અને પ્લેટો અને પ્લૉટિનસ તેમ જ એકહાર્ટ અને જેકબ બોહેમની ઘણીખરી વાણી કે પ્રવચનો કે અનુભૂતિઓની અભિવ્યક્તિનો સંગ્રહ થયો ન પણ હોય!

કમાલ કહે છે: 'મહાપુરુષો માનવસાધનાની જાન લઈને અવતરે છે. જો તેઓ સૌને ઊંઘતાં જુએ છે તો વજ્ર જેવા આઘાતથી તેમને જગાડે છે. અને તેમના હાથમાં બળતી મશાલ આપે છે. તેમનો મંત્ર અને તેમની વાણી આ મશાલ છે. એ જ્વલંત અગ્નિમયી વાણીને કોઈ ભંડારમાં સંઘરી તો ન શકે? એટલે તેમના નિષ્પ્રાણ અનુયાયીઓ એ મશાલની જ્વાલાને હોલવીને એના નિશ્ચેતન દાંડાને સંઘરે છે! એમાં એ તે જ ક્યાંથી હોય, એ પ્રકાશ ક્યાંથી હોય!

સંપ્રદાય કે પંથ કે સંઘ એવા સત્યદર્શી મહાપુરુષોનું કબ્રસ્તાન રચે છે. ચેલાઓ જાણે કે એ સ્થાન પર ગુરુને નામે સંગેમરમરની અડાળીઓ ઊભી કરવા ઇચ્છતા હોય છે! ગુરુ કદાચ અવસાન ન પામ્યા હોય તોય આ અને આવા લોકો–પોતાને અનુયાયીઓ, ભક્તો, સાધકો, કહેવડાવતા લોકો–તેમના ગુરુનો અને તેમણે ચીંધેલા સત્યનો વધ કરીને, નાશ કરીને સ્મારકો ખડાં કરવામાં અથઇતિ માને છે! તેમાં રાચે છે, અને તેમની ઓથે પોતાની વાહવાહ કહેવડાવવા મથે છે, અને કેટલીક વાર તો માંહોમાંહે લડે છે, ઝઘડે છે અને બહારથી આસ્તિકતા દેખાડવા છતાંય અંતરથી નાસ્તિક જેવા ('શ્રદ્ધાળુ નાસ્તિક') થઈને વરતે છે!

"જીવનમાં ગુરુની આગને, જ્યોતિને ઝીલો; હોલવાઈ ગયેલી મશાલના દાંડાઓને અને અગ્નિના ઉચ્છિષ્ટને સંઘરો મા. ગુરુનો વધ કરીને એમના નામની વાહવાહ કરવાથી શું વળવાનું છે? અડાળીઓ તો જડ છે. એવા કોડ જતા કરો."

આથી વધુ જ્વલંત ચેતવણી કઈ હોઈ શકે?

ગુરુના નામની ઓથે પોતાની નામના વિસ્તારે છે, ગુરુની વાણીનું પોતાની મર્યાદિત બુદ્ધિથી અર્થઘટન કરીને તેને ગુરુને કહેવાનું આમ છે તેમ છે, એમ પૂર્વપક્ષો અને ઉત્તરપક્ષો રચીને બુદ્ધિભેદ ઊભા કરે છે! પ્રશ્નોની ઝડીઓ વરસાવે છે, પણ કોઈ પાક ઊતરતો નથી! પાણીમાં રહે ત્યાં લગી પલળેલા લાગે, પછી હતા તેવા ને તેવા સુક્કા, અક્કડ, ઓઝલ પાળનારા

# ૧૦. ફલશ્રુતિ

કોઈ પણ કર્મ કરવામાં આવે તો તેનું ફળ અથવા પરિણામ હોય છે, પછી તે કર્મ માનસિક હોય, વાચિક હોય કે દેખીતું સ્થૂળ પ્રકારનું હોય. ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ જીવન એક યજ્ઞ છે અને એ યજ્ઞ કરનાર ફળની અપેક્ષા રાખે છે. અલબત્ત, નિષ્કામ કર્મ, જેને રવીન્દ્રનાથ અન્ય ક્ષેત્રે 'નિરુદ્દેશે' કહે છે, મહાપ્રભુ ચૈતન્ય 'અહેતુક' કહે છે, એમાં ફળની અપેક્ષા ન હોય, કારણ કે, એનો કોઈ હેતુ ન હોય અને તેમ છતાંય કર્મ કર્મ રહે જ છે. તો આ એક ગ્રંથના લખાણનું કર્મ થયું. તેનું ફળ શું? મારી નમ્ર મતિએ અતિસંક્ષેપમાં જણાવું તો 'સત્સંગ'; એટલે કે, પૂર્વના અને પશ્ચિમના મોટા મોટા મરમીઓ, સંતો, તત્ત્વજ્ઞોનો પરોક્ષભાવે ચિન્મય સ્વરૂપે આ એક ભાવસંગ થયો, જેને મેં 'સત્સંગ' કહ્યો. આ ગ્રંથ-લખાણરૂપી જ્ઞાનસત્રનું ફળ સત્સંગ. આ એક વ્યક્તિગત, મારા એટલે કે એક લેખક પૂરતી મર્યાદા થઈ. જે અનુભૂતિઓના, ક્યાંક ક્યાંક સાક્ષાત્કારોનાં, ઉપલબ્ધિઓનાં વર્ણનો આવે છે તેની સાથે મારા ભાવનું સાહજિક જોડાણ થાય અને એમાંથી એક આંતરબાહ્ય સંવાદ જન્મે, તૃપ્તિ થાય, એ ફળ,–એનો ઉપભોગ. એ ઉપભોગ હું એકલો નથી કરતો, આ ગ્રંથને નિમિત્તે બીજા એ ઉપભોગ કરે કે કરી શકે, એ 'સહ નૌ ભુનક્તુ'ની અપેક્ષા તો ખરી જ ને!

મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેન ઘણી વાર કહેતા કે આપણે જે કાંઈ કરીએ છીએ તેને મર્યાદિત કરનારાં, સીમિત કરનારાં ત્રણ પાસાં હોય છે (conditioning factors) સ્થળ, કાળ અને પાત્ર. એ દૃષ્ટિએ અહીં સ્થળ છે ગુજરાત, ગુજરાતનું પાટનગર અમદાવાદ; કાળ છે વીસમી સદીનો પ્રાયઃ અંત ભાગ, અને પાત્ર છે ગુજરાતીભાષી જનતા. અહીં આ સ્થળમાં કેટલીક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ, સાંસ્કારિક પ્રવૃત્તિઓ, કથાવાર્તાઓ. કેટકેટલાં પ્રદર્શન, કેટકેટલાં સાધુસંતોનાં પ્રવચન, યોગશિબિરો, જ્ઞાનસત્રો! અને સ્વામિનારાયણ સંપ્રદાયની દ્વિશતાબ્દીની ઉજવણી અને રાજકીય આંદોલનો! વીસમી સદીની આબોહવા, જગતની પ્રવૃત્તિઓની ભારત પર અસર, ભારતની સાથે ગુજરાતનું વૈવિધ્ય અને ગુજરાતીભાષી પ્રજા! આ વિષયનો પૂરતો ઊહાપોહ અહીં થયો નથી, હમણાં હમણાં આ દિશા પ્રત્યે કંઈક મીટ મંડાણી છે. સમસ્ત પ્રજાનો રસ કઈ દિશામાં છે એ

કહેવાની જરૂર નથી! સૌ પોતપોતાના હૃદયને પૂછી જુએ. પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમના ગુજરાતી ભાઈ ઓની એક ઇચ્છા કોઈ માસિક કાઢવાની થઈ. તે વખતે પૂ. અંબુભાઈ હતા. 'દક્ષિણા' નામે એક માસિક શરૂ કરવાનું નક્કી થયું. ગ્રાહકો કેટલા જોઈએ એ પ્રશ્ન થયો. પૂ. અંબુભાઈએ એક પ્રશ્નકર્તાને કહ્યું હતું તે યાદ આવે છે. તેમણે કાંઈક આવું કહ્યું હતું : તને ખબર છે કેટલા ગ્રાહકો વાંચવાના, લખાણને વિચારવાના ? એવા ભ્રમમાં રહીશ નહીં. લખાય તેટલું વંચાય અને વંચાય તેટલું પળાય, એ માનીએ છીએ એટલું સાચું નથી, એ ગણતરીએ ચાલવા જેવું નથી. પ્રયત્ન સહૃદયતાથી સાચી લાગતી દિશાએ કરવો, પછી કાળનું કામ છે.

એટલે ગુજરાતીભાષી પ્રજા એ તો ખરું, પણ પ્રજાના રસની વાત આવી. એ આપણા હાથની વાત છે અને નથી એટલે જ મેં સત્સંગ એ ફળ કહ્યું. મને લાગે છે કે સાહિત્ય પણ એક પ્રકારે સંગ છે, સોબત છે, ભાવની કે વિચારોની આપલે છે, એકબીજાની સાથેનો વિનિમય છે. એકબીજાની સાથેનો આ જે વિનિમય તે આપોઆપ થાય છે. માનીએ કે ન માનીએ, પ્રજાજીવનની નાડીની સાથે આપણી નાડી ધબકારતી હોય છે; અર્થાત્, આ એક નાડીયોગ થયો. સાહિત્ય નાડીયોગ પણ છે.

અમેરિકાના એક આ વિષયના વિવેચકે જણાવ્યું છે કે જ્યારે જ્યારે રાષ્ટ્રમાં કે કોઈ પ્રાંતમાં સંઘર્ષ ચાલતો હોય છે, રાજકીય ઊથલપાથલ થતી હોય છે, સમાજ-જીવનમાં જૂનાં અને નવાં મૂલ્યોની અથડામણ ચાલતી હોય છે, ત્યારે ત્યારે કોઈ મરમીસંત કે જ્ઞાની મંચ પર આવે છે અને એક દીવાદાંડીરૂપ બની જાય છે. મધ્યયુગમાં દક્ષિણમાંથી રામાનંદ આવ્યા અને ભક્તિનો ઉછાળો આવ્યો, મરમીઓ અને સંતો બહાર પડ્યા; બંગાળમાં પણ મહાપ્રભુ ચૈતન્યનું ભક્તિપૂર આવ્યું. પરદેશમાં ગ્રીક સંસ્કૃતિનાં મંડાણ વખતે પણ આજ દશા હતી અને તે ટાણે પાયથાગોરસ, સૉક્રેટિસ, પ્લેટો અને ફિલો આવ્યા. તેમણે ત્યાંની સંસ્કૃતિને એક નવું રૂપ આપ્યું અને એમ કહો કે ગ્રીસની કાયાપલટ કરી, તેના પ્રજાજીવનમાં ધર્મની સંસ્થાપના કરી, તત્ત્વજિજ્ઞાસાનો ઉન્મેષ થયો અને એને પહોંચી વળે એવી પ્રતિભા ઉદ્ભવી. આ બધું સૂક્ષ્મ રૂપે હતું જ, બહારના દબાણને (impact) લઈને પ્રતિધ્વનિત થયું,–એક પડકાર રૂપે!

બર્ટ્રાન્ડ રસેલ એક અંગ્રેજ બુદ્ધિવાદી તર્કનિષ્ઠ વિવેચક હતા. તેમણે મરમીઓની અનુભૂતિને અનિર્વચનીય કહી; પરંતુ આખર જતાં, ચાર પ્રશ્નોનું

નિરાકરણ એમણે પૂછ્યું છે. એ ચાર પ્રશ્નો ફિલસૂફી તેમ જ આધિભૌતિક વિદ્યાના પ્રાણપ્રશ્નો છે. આપણે અહીં એને વિષે કાંઈ લખી ન શકીએ,–વિષયની મર્યાદાને લઈને. તેમ છતાં આ પ્રશ્નો અહીં નોંધી રાખું છું.

(૧) જાણવાનાં શું બે કરણો છે : બુદ્ધિ અને અંતઃપ્રજ્ઞા? જો એમ હોય તો, એમાંથી એકની પસંદગી જરૂર બને છે?

(૨) શું બહુત્વ અને ભેદ ભ્રામક છે?

(૩) કાળ શું અ-વાસ્તવિક છે?

(૪) સારું અને ખોટું (પાપ?) એમની વાસ્તવિકતા કયા પ્રકારની ગણાવી શકાય?

આ ચારેય પ્રશ્નોના ઉલ્લેખ અને તેની આ વિષયની સાથેની સંગતિ ઉપરનાં પ્રકરણોમાં જોવા મળશે અને એના ઉત્તરો તે તે મરમીએ બીજી રીતે આપેલા જણાશે. પ્રશ્ન ત્રીજો વિજ્ઞાનની દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો ગણાય. એને વિષે ઘણુંય લખાયું છે. અહીં આટલું જણાવવું ઉચિત છે...

આગલા પ્રકરણમાં આપણે દીક્ષા, મંત્રપ્રાપ્તિ, આંતરપલટો, વગેરેની અલગ ચર્ચા કરી નથી. તે ઉપરાંત તંત્રસાધના અને મંત્રોનું અનુષ્ઠાન એ સૌ જાણીતાં છે, એટલે મરમીઓની સાધનામાં એનો સીધો સમાવેશ નથી કર્યો. એ બધા ગુરુ પર નિર્ભર છે અને ગુરુનો મહિમા આમાં આવી જાય છે...

મરમીઓ અને સાધુસંતોને વિષે અત્યારની પ્રજા, ખાસ કરીને ભણેલી યુવા–આલમ, શંકાની નજરે જુએ છે. એવો એક પ્રસંગ મારા મિત્રે જણાવ્યો હતો. પ્રસંગ હતો પૂ. રંગઅવધૂતના સાન્નિધ્યમાં થયેલી ચર્ચાનો. જુવાનોએ પ્રશ્ન પૂછ્યો કે અત્યારના જગતમાં આપ શા કામના? શા ઉપયોગના? આપ ખાઈપીને પડ્યા રહો છો, કશું જ કરતા દેખાતા નથી; તો સમાજને ભારરૂપ ન ગણાઓ? એમણે પોતાની બધી પ્રવૃત્તિઓનો તટસ્થ જવાબ આપ્યો હતો. નારેશ્વર એ સ્થળમાં થયેલું પરિવર્તન, આસપાસની જનતા પ્રત્યેના અભિગમને લઈને અનેક પ્રશ્નોનાં સમાધાન, એવી એવી અનેક બાબતોના ખુલાસા પરથી એ મંડળને સંતોષ થયો હતો. ખરી વાત એ છે સાધુસંતો શું કરે છે એની યાદી રાખતા નથી; કારણ કે, પ્રભુ સિવાય કોઈ ની આગળ એમની વફાદારીનાં રણશિંગાં ફૂંકવાનાં નથી. એમનું જીવ

વાંચે તેમની આગળ ખુલ્લું હોય છે, સરળ હોય છે, નિષ્કામ હોય છે, માનવજાતિ પ્રત્યે સહજભાવે અનુકંપાશીલ હોય છે. આપણા સૌની સમક્ષ પૂ. મોટાનું જીવન દૃષ્ટાંતરૂપ છે. એમણે કરોડો રૂપિયાનું દાન ક્યાંથી કર્યું? કોને માટે કર્યું? શા માટે કર્યું? શું તેઓ ધનવાન હતા? હા, પરમધન પ્રેમથી ભર્યાભર્યા ભાવસમૃદ્ધ હતા, ગુજરાતની પ્રાયઃ બધી વિદ્યાસંસ્થાઓને કેટકેટલાં દાન આપી તેઓ પ્રજાજીવનના પ્રશ્નોનો ઉકેલ કરવા કટિબદ્ધ થયા હતા. તેઓ કેવી રીતે જીવી ગયા? જરા વાંચીએ, વિચારીએ અને એ પરથી ધડો લઈને, કર્મરત રહીએ.

આપણા દેશના ભણેલાગણેલા આધુનિકતાથી રંગાયેલા બુદ્ધિજીવીઓની મીટ એવા એક દેશ પ્રત્યે મંડાયેલી છે જ્યાં ગતિ (speed) અને ધનાઢ્યતા (affluence) એનાં મુખ્ય લક્ષ્યો છે, અને એને પહોંચી વળવા માટે તનતોડ તનાવયુક્ત પરિશ્રમ ત્યાંના લોકો કરી રહ્યા છે. અને એ જ દેશના વિદ્વાન કળાના મહાન વિવેચક અને મરમીજીવન તેમ જ કવનની પોતે મર્મજ્ઞભાવે મીમાંસા કરનાર શ્રી શેલ્ડન ચેની એમના પુસ્તકમાં (Men who have walked with God) જણાવે છે એ આપણે વિચારવા જેવું છે: "આપણે અત્યાર લગી જેમનાં જીવન અને લેખન દ્વારા મરમીઓએ જે ક્ષિતિજો ખુલ્લી કરી છે એ પ્રદેશ કલ્પનાથી અતીત છે, ભવ્ય છે અને પ્રકાશથી ઝળહળતો છે...એ શું હજી પણ રહસ્યપૂર્ણ લાગે છે? આપણી હાલની ભૌતિકવાદી સભ્યતાના સામાન્ય માનવનું શું? શું તે એમાંથી બાકાત રહે છે? આપણે સ્પષ્ટ થઈએ, ચોખ્ખા થઈએ, આપણી આંખોની પાછળ જે પ્રદેશ જણાય છે, અંતરના દર્શનને જે દૃશ્ય આકર્ષી રહ્યું છે, એક એવો સુંદર પ્રદેશ જ્યાંથી પાછા ફરેલા દીક્ષિતો આ પૃથ્વીની સઘળી આદરને પાત્ર વસ્તુઓને ત્યાંની માત્ર એક છાયા તરીકે નિહાળે છે, – એ બધું ઘણાખરા માનવોને જન્મથી ખોવાઈ ગયેલી ભૂમિ લાગે છે અને જીવન દરમિયાન શોધાયાં વિનાની ભૂમિકા જણાય છે. ઝાંખી રીતે એ એક પરિચિત દેશ લાગે છે, આત્માના મૂળ વતન તરીકે તેનું સ્મરણ થાય છે. બાળકોમાં એની યાદદાસ્ત તાજી હોય છે, જાણે કે હમણાં જ ત્યાંથી આવ્યાં ન હોઈએ! જીવનની કોઈ કોઈ પળોએ પ્રૌઢને પણ તેનો સામનો કરવો પડે છે, કદાચ પ્રેમની મસ્તીની પળોમાં અથવા મૃત્યુ ધસી રહ્યું હોય તે પહેલાં જે ઇન્દ્રિયગમ્ય દુનિયા ઓસરતી જતી હોય છે તે કાળમાં. એક દૃષ્ટાંતમાં શરૂઆતના ઉલ્લાસપૂર્ણ પ્રેમનો એક લાભ થયો એમ માનીને એ ઝાંખીને

ટાળવામાં આવે છે, અને હવે એવા દિવસો નહિ આવે એમ માનવામાં આવે છે; બીજા દૃષ્ટાંતમાં વ્યવહારુ જીવનના અંધકારમાંથી એ દર્શનના બારણે મોડાં પહોંચાયું એમ લાગે છે. કોઈ વિરલ સંજોગોમાં માનવ કોઈ સુંદર સુરાવલિયુક્ત સંગીતની અસર તળે કે કાવ્ય વાંચતાં કે નાટકને જોતાં આ દુનિયાથી ઊંચકાઈ જાય છે અને એ કિનારે શુદ્ધ થઈ જાય છે. અને એવી જ વિરલ રીતે, ન જાણી શકાય એ રીતે, નિદ્રામાંથી ક્યાંક એ સરકી જાય છે અને આનાકાની કરતો તેની અત્યંત શાંતિ અને ઝળહળતા પ્રકાશની જાગ્રતિ સાથે પાછો ફરે છે."

એની મનોવૈજ્ઞાનિક અને કળાઓના ઊંડા અભ્યાસી તેમ જ મરમી-જીવનના સાચા સ્પર્શવાળા હોવાથી કેટલીક સુંદર વાતો કરે છે, જેને આપણે મનોવૈજ્ઞાનિક મરમીયુક્ત રજૂઆત કહી શકીએ. આ વાતો આપણા રોજબરોજના જીવનમાં ઉપયુક્ત થઈ શકે એ રીતે તેઓ જણાવે છે.

પ્રથમ તો તેઓ કહે છે કે પ્રત્યેક મનુષ્યને બે પ્રકારનાં વ્યક્તિત્વ (selves) હોય છે : એક વ્યક્તિત્વ દૂર દૂરની ક્ષિતિજો, યાત્રાઓ અને સંકેતોને આધારે કેટલીક ઝાંખીઓ કરે છે, શોધો કરે છે એ. અને બીજું વ્યક્તિત્વ જે નિમગ્ન છે તેની નિકટ લઈ જાય છે, ત્યાં પ્રવેશ કરાવે છે. સામાન્ય રીતે જોતાં આપણે જેને આ પૃથ્વી પરનું જીવન કહીએ છીએ તેનાં શરૂશરૂનાં વર્ષોમાં ઉપરનું વ્યક્તિત્વ તેનો કબજો લઈ લે છે. તેની જીવનયાત્રા ઠેઠ લગી એનાથી સંચાલિત થાય છે અને આ માણસ એક વ્યક્તિ તરીકે સંતોષ માને છે; જોકે તેને આછી ખાતરી હોય છે કે બીજું વ્યક્તિત્વ તેની અંદર સુષુપ્ત રહેલું છે. નિરીક્ષણ કરીને, બીજા માણસો પોતાનું જીવન શી રીતે વ્યતીત કરે છે તેનો અભ્યાસ કરીને, તે પોતાનો જીવનક્રમ ગોઠવતો જાય છે. એમ કરતાં તે એક એવા બેટમાં (અવસ્થામાં) જઈ પહોંચે છે, જેને તે સહીસલામતી (security) કહે છે. ત્યાં તે ભૌતિક (ઐહિક) જીવનની જરૂરિયાતો, ઇન્દ્રિયોની મોજમજા મ્હાણે છે; અરે, બૌદ્ધિક તાજગી પણ અનુભવે છે! આ બધાં એનાં છે, એની સહીસલામતી એમાં છે એમ એને જણાય છે, અને હંમેશને માટે એમ જ રહેશે એમ તે માને છે. જીવનની મુશ્કેલીઓ હવે ભૂતકાળની થઈ ગઈ એમ તેને લાગે છે. આ રીતે એક વ્યક્તિત્વનો વિજય થાય છે. બીજી વ્યક્તિ પોતે થઈ શક્યો હોત તેની એને આવશ્યકતા જણાતી નથી!

પરંતુ આ જે સહીસલામતીની અવસ્થા એ (બેટ – island) આગળ જતાં ભ્રામક નીવડે છે; ખાસ કરીને યુદ્ધથી ભગ્ન, હતાશ થયેલી વીસમી સદીથી તો તોબાહ ! એમ જોવામાં આવે છે કે જે મુસાફરો માત્ર ઉપરના ઉપરછલ્લા વ્યક્તિત્વને પોતાના ભૌતિક જીવનની સાથે, માનવપ્રાણી તરીકેના જીવનની સાથે સાંકળે છે, તેઓ ભલેને ગમે તે બેટનો કે સહીસલામત જગ્યાનો આશરો લે, તોય પોતાની મૂંઝવણો અને હતાશાઓ અને નિરાશાઓ વહન કરે છે. જે જીવનક્રમને વળગી રહીને તેમણે પોતાનું જીવન ગુજાર્યું, તે તેમને આખરે મન અને ઇન્દ્રિયોના પાંજરામાં પૂરી દે છે, ત્યાં તેમને રોગો, પરાધીનતા અને યુદ્ધના ત્રાસ સતાવે છે અને તે વેળા એ જીવનયાત્રિકને વારંવાર (પુનરપિપુનઃ) સમજાઈ જાય છે કે પેલો બીજો માર્ગ કેવો સારો હોત! અધ્યાત્મભાવી વ્યક્તિત્વનો પ્રદેશ કેવો ઉન્નત હોત, રળિયામણો હોત! એને તો એણે દૂર કર્યો, – સઘળી શ્રદ્ધા, કલ્પના અને આધ્યાત્મિક વલણને વચ્ચે આવવા ન દીધાં ! હવે તો ઘણું મોડું થઈ ગયું એ અંતરની દિશાએ વળવામાં, એ બીજી ક્ષિતિજોની અભિમુખ થવામાં.

"અને તેમ છતાંય," ચેની જણાવે છે કે, "તેમની સમક્ષ એવા માનવોનાં દૃષ્ટાંત મોજૂદ છે, જેમણે આધ્યાત્મિક વ્યક્તિત્વના ઉઘાડના પ્રદેશ પ્રત્યે વળવામાં સામાન્ય ગણાતા વ્યવહારુ જીવનના માર્ગને ત્યજી દીધો છે અથવા તેની સાથે સમાધાન કર્યું છે. સૌ કોઈ જોઈ શકે એવાં પુસ્તકોમાં એમણે પોતાની સહી કરી છે, સાક્ષી કરી છે. એવાં પુસ્તકો આપણે પવિત્ર પુસ્તકો કહીએ છીએ, માર્ગદર્શક શાસ્ત્રો કહીએ છીએ, અનુભૂતિભરી વાણી કહીએ છીએ. જગતમાં, જે ગ્રંથો રસ આપતા ગણાય છે – નવલકથાઓ, વાર્તાઓ, નાટકો વગેરે – તેના કરતાં એમનામાં અનેરું ગૌરવ અને સત્ય ભર્યાં હોય છે. માનવમાત્રને સર્વોત્તમ સુખના માર્ગે લઈ જાય એવી સામગ્રી એ મરમીસંતોએ પોતાના જીવનના ખેડાણના અનુભવે ખીચોખીચ ભરી છે. તેઓ ભગવાનની લગોલગ જીવી ગયા છે; ભગવાનની હાજરીમાં, પ્રત્યક્ષતામાં, તેમણે પોતાની જાતને હોમી દીધી છે અને એ નિમજ્જનમાં તેમણે સમયાતીત આનંદ, અવર્ણનીય શાંતિનું સાંત્વન મ્હાણ્યાં છે."

આ મરમી સંતો જ્યારે પોતાના સામાન્ય જીવનમાં પાછા ફરે છે ત્યારે તેઓ આ જાતના સૌન્દર્યને ખૂબ સહજભાવે પરખી શકે છે અને આ મર્ત્ય જીવનની મહત્તાને અભિવ્યક્ત કરે છે. ખૂબ ખુશ થઈને, અનુપ્રાણિત થઈને અને નવા જોમ સાથે જીવનને તેઓ વધાવે છે. મરમી જીવનયાત્રિક

જીવનમાંથી છટકી જતો નથી; પરંતુ પોતાની યાત્રામાં પ્રકાશ અને તાઝગીના વારાફેરા અનુભવે છે. સામાન્ય જીવનની સમસ્યાઓને હલ કરવા માટે મરમી સંત અધિકારી નિશ્ચિતતા અને અવિરત પરાક્રમ દાખવે છે...જીવન ઊજળું જણાય છે તે આવા ગુપ્ત સંતો કે સંતપ્રકૃતિના લોકોને લઈને જ, નહિ તો તે એક કંટાળાભરેલું એકધારું જણાત !....

મરમીસંતોનું જીવન આમ અકળ લાગે છે. તે પોતે પોતાને માટે કાંઈ જ સંઘરતો કે પોતીકું ગણતો નથી. જેને 'ફકીરી હાલ' સૂફીઓ કહે છે એવું એનું બાહ્ય જીવન હોય છે. બહારથી ફકીર, અંદરથી ભર્યોભર્યો—સમૃદ્ધથીયે સમૃદ્ધ, અપૂર્ણોમાં પૂર્ણસમો, અપરિપક્વોમાં પરિપક્વ! અહીં પાછો પેલો એકહાર્ટ યાદ આવે છે. જેમ સંત ફ્રાન્સિસ વિશ્વવત્સલ હોવાને પરિણામે ગરીબાઈ સેવતા હતા, તેમ એકહાર્ટ પણ ગરીબીનો ચાહક હતો. પરંતુ બંનેમાં ફરક ઘણો. એકહાર્ટની ગરીબાઈનું લક્ષ્ય, એનું પાલન અન્ય પ્રકારનાં હતાં. એ એમ માનતા કે ગરીબાઈ બે પ્રકારની છે: એક બાહ્ય, બીજી આંતરિક. પહેલી ગરીબાઈ જગત જેને ગરીબ કહે છે અને ઓળખે છે, એ પ્રકારની છે. બીજી ગરીબી વધુ ગહન, મુક્તિપરાયણ, જીસસ જેને 'આત્માના ગરીબ' (the poor in spirit) એમના પ્રવચનમાં જણાવે છે, એવી હોય છે. જેને આત્માના ગરીબ કહે છે તેઓ પોતાનો આત્મા દિવ્ય આત્મામાં એક થાય તે જાતની તૈયારીમાં સદાય તત્પર રહે છે. તેમનામાં સ્વાર્થી કામનાઓ, સ્વાર્થયુક્ત વિચારણા, સ્વાર્થકેન્દ્રી સંગ્રાહક વૃત્તિ, એમાંનું કશું જ હોતું નથી.

તેઓ કહે છે: "બાહ્ય ગરીબી સારી છે; જેઓ સ્વેચ્છાએ તેનો સ્વીકાર કરે છે, જેથી કરીને પોતે પ્રભુપરાયણ રહી શકે. એ પ્રશંસાને પાત્ર પણ છે... પણ મનુષ્યે સંકલ્પપૂર્વક જાગ્રતભાવે ગરીબ હોવું ઘટે, જન્મ્યા પહેલાં કાંઈ જ હતું નહિ એવું જીવન ગુજારતો, કશાય વગરનો. પ્રભુની પાસેથી આવ્યો ત્યારે જેવો હતો તેવો જ્ઞાનશૂન્ય, માનવમનના નાહક બોજા વગરનો... ત્રીજી ગરીબી ખૂબ ઊંડાણની છે, અંતરના અંતરની છે – એક નગદ હકીકત છે, વાસ્તવિકતા છે, એની પાસે કશું જ ન હોય એ...અહીં એક માનવ થઈને જન્મ્યો, અને મરણ પામવાનો, અને પછી કંઈ જ નહીં (nothingness); એક સત્તા આવી કાળના ધર્મમાં, અને ચાલી જશે કાળના ધર્મને લઈને! કશું જ નહોતું, કશું જ રહેશે નહીં... પ્રભુ અને જીવ એક થઈ ગયા, – એ થઈ આખરી ગરીબી...ધારો કે એક માણસને

રાજ્ય મળ્યું અથવા દુનિયાની સઘળી સંપત્તિ મળી, અને એણે એ બધાનો પ્રભુની ખાતર ત્યાગ કર્યો. તો એ બધાય માણસોમાં સૌથી ગરીબ થયો... અને પછી ધારો કે પ્રભુએ એને દુઃખ આપ્યું અને મૃત્યુ લગી એ દુઃખ પામ્યો, દુઃખને ભેટતો...અને પછી ધારો કે, પ્રભુએ એને એક પળ માટે પણ માનવના આત્મામાં નિવસે છે એનું ભાન કરાવ્યું!... તો, એક બાજુ તેનાં અભાવ અને યાતના, દર્દ; અને બીજી બાજુ પેલી પળ, એ બંનેમાંથી એ પળનું ગૌરવ, એની ભવ્યતાની આગળ એ અભાવો, એ દુઃખ, એ દર્દ, કશી જ વિસાતનાં નથી!...કારણ કે, એ આત્માના અંશમાં પ્રભુ પોતે જ છે અને એ પળ બની જાય છે શાશ્વતી!...પ્રભુની ઇચ્છા એની ઇચ્છા છે, પ્રભુ જે રીતે એ ઇચ્છે, એ રીતે એ પણ ઇચ્છે."

આ બહારની ગરીબાઈ નથી જ, જ્ઞાનગરીબી જેને કહે છે એ પણ નથી, પ્રભુના નિરંતર સાંનિધ્યમાં રહેવાને કારણે થતી 'દશા', 'હાલ', 'અવસ્થા' છે : કંઈ જ નહીં અને સઘળું જ (paradoxical); નિષ્કિંચનતા અને અઢળક સમૃદ્ધિ, રવીન્દ્રનાથે ભગવાનને 'ભાલોબાશાર ધન' (પ્રેમની એક માત્ર મૂડી) કહ્યા છે. ભાષાની ઝંઝટભરી અભિવ્યક્તિમાં અનિર્વચનીયતા ગૂંગળાઈ જાય છે. એકહાર્ટ એ પ્રકારનો ગરીબ હતો. બધા જ સાચા મરમીઓ, સંતો, મહાત્માઓ આવા ગરીબ હોવાના. એનો ઢોલ પીટાય નહીં!

ગુરુદેવ રવીન્દ્રનાથ ગાનમાં જણાવે છે : સૌની સાથે યુક્ત કરો, અને બંધનમાંથી મુક્ત કરો. મરમી સૌની સાથે યુક્ત થઈ ને રહે છે અને તેથી કર્મનાં સઘળાં બંધનોમાંથી મુક્ત થઈ જાય છે! જે કર્મો બાંધે છે, તે જ કર્મો છોડે પણ છે, – અનાસક્તિને કારણે, આંતરિક યોગને કારણે...

અત્યારના પ્રાણપ્રશ્નો ગણાતા પ્રશ્નોમાં મૂલ્યોનું પરિવર્તન, જૂના–નવાની અંદર વધતુ જતું અંતર (gap), ગરીબાઈ અને નિરક્ષરતા અને યુદ્ધખોર માનસ, શાંતિની ઝંખના, વગેરે છે. મરમીઓ અને સંતો આ બધાય પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરતા હોય છે, પણ એમની રીત અનોખી હોય છે. ખરું પૂછો તો તેઓનું અસ્તિત્વ જ એક આશ્વાસક બળ, ભાવાત્મક એકતાનું, કેન્દ્ર હોય છે. એમનું આંતરિક જીવન પ્રભુ-સમર્પિત હોય છે અને બહારનું જીવન એ કેન્દ્રને આધારે ગતિશીલ, સક્રિય હોય છે. જે પ્રશ્ન આપણને મોટો અને જટિલ લાગે, તે એમને નાનો અને સહજ જણાય છે, જે આપણને નજીવો અને ઉપેક્ષા કરવા યોગ્ય જણાય, તે એમને મહત્ત્વનો અને આવશ્યક લાગે છે; એનું કારણ, એમનું દૃષ્ટિબિંદુ કોઈ જુદા દિશામાનથી એને જુએ

છે. માપવાનો એમનો ગજ સાપેક્ષ અને વસ્તુલક્ષી હોય છે. આપણે અહીં આ પ્રશ્નોની મીમાંસા કરવાના નથી, કે એના પ્રત્યુત્તરોનું મૂલ્યાંકન કરવાના નથી; કારણ કે, એ પ્રસ્તુત વિષય નથી. માત્ર સહેજ નિર્દેશ જ કરીએ છીએ. મૂલ્યો તો બદલાતાં જવાનાં; કારણ કે બધું જ પરિવર્તનશીલ છે. એક વાર સંત રવિદાસને કોઈએ પૂછ્યું, "પ્રેમની બાબતમાં જો વિકારની જ આશંકા હોય તો એ માર્ગે શાને જવું?" રવિદાસે કહ્યું : "તમે શું ખાઓ છો?" ઉત્તર : "દૂધ, દહીં, શાકભાત વગેરે". સંતે કહ્યું : "એમાં પરિવર્તન કે વિકાર થવાનો કે નહીં?" ઉત્તર : "હાસ્તો". રવિદાસ કહે : "ઈંટ, પથ્થર તો પરિવર્તનશીલ કે વિકારી નથી તો એ કેમ ખાતા નથી?" ઉત્તર : "એમનાથી પ્રાણ ટકે નહીં." રવિદાસે કહ્યું : "એટલા માટે જ પ્રેમને પંથે વિપત્તિ હોવા છતાંય એ જ માર્ગે જવું રહ્યું. પ્રેમ તો જીવંત છે. માત્ર શુષ્ક આચારમાં કે જ્ઞાનમાં વિકારનો ભય ન હોવા છતાંય એમાં પ્રાણ નથી, તેનાથી પ્રાણ ટકતો નથી, એમ થયું. જીવતો જાગતો માણસ પ્રેમ વિના ટકી કઈ રીતે શકે?" આ સંતની વાત થઈ. એ માનવધર્મની દૃષ્ટિએ જુએ છે. શ્રીરામકૃષ્ણનાં પત્ની શારદાદેવીની પાસે એક બાઈએ પ્રશ્ન કર્યો : "મા, રજસ્વલાના સમયમાં રંધાય?" માએ પૂછ્યું : "તને શું લાગે છે?" "ના રંધાય." "બરાબર છે, ના રંધાય, બેટા." બીજી એક બાઈએ આ જ પ્રશ્ન કર્યો હતો. માએ પણ એ જ રીતે પૂછ્યું હતું. બાઈએ કહ્યું : "મા, એમાં શો વાંધો?" માએ કહ્યું : "કાંઈ વાંધો નહિ બેટા, રંધાય". આ રીત છે, કોઈ જડ પદ્ધતિ નથી!

ઉપર જણાવી એ બધી સમસ્યાઓ છે, અને ઘણેખરે અંશે મનોવૈજ્ઞાનિક છે. એમાં વ્યષ્ટિ અને સમષ્ટિના પ્રશ્નો પણ સંકળાયેલા છે. યુદ્ધલાલસા અને શાંતિની ઝંખના એ બંને વિસંવાદી ભાવો છે; પરંતુ બધા જ દેશો એમ જણાવે છે કે એમને શાંતિની સ્થાપના કરવી છે અને છતાં દેશોદેશો વચ્ચેની સ્પર્ધાત્મક વ્યૂહરચનાને ટાળી શકતા નથી. એના મૂળમાં વિશ્વાસનો અભાવ અને વાસ્તવિક રીતે, માને કે ન માને, તોય યુદ્ધખોર માનસનો અંતર્ગત પ્રભાવ છે. આ એક જગતનો પ્રશ્ન છે, માત્ર રાજકીય દેખીતો ખરો, પરંતુ મૂળમાં માનવીય. તદુપરાંત જૂની પેઢી અને નવી પેઢીની વચ્ચેનો તીવ્ર થતો જતો ગાળો એ તો હંમેશને માટેની વાત છે. આપણા સાક્ષર બ. ક. ઠાકોરે એને સોરાબ–રુસ્તમી કહી છે, એ એક માનસવૃત્તિ છે. અત્યારે એની માત્રા વધી ગઈ છે.

સંસ્કારપુરુષો, ધર્મપુરુષો, કેળવણીકારો, તત્ત્વજ્ઞો, વૈજ્ઞાનિકો સર્વને આ પ્રશ્નો મૂંઝવતા રહે છે અને દૈનિક પત્રોમાં પોતપોતાનાં વિદ્વત્તાભર્યાં મંતવ્યો તર્કનિષ્ઠાથી બુદ્ધિયુક્ત ભાવે તેઓ ચર્ચે છે, અને સંતોષ મેળવે છે. જેમ આર્થિક દૃષ્ટિએ, રાજકીય દૃષ્ટિએ પોતપોતાના સંકુચિત સ્વાર્થો (interest) હોય છે અને એની અથડામણોમાંથી કેટલુંયે જીવન ડહોળાઈ જાય છે, તેમ વાદો, વિવાદો, સિદ્ધાંતો અને આદર્શોની પણ અથડામણ હોય છે. એ સર્વે અહં-મૂલક હોય છે. વાતો કરતી વખતે સત્યને વચ્ચે લાવે છે, પણ અંદરખાનેથી તટસ્થ નિરીક્ષણ થાય તો એમાં અહંનો નાનો-મોટો સંઘર્ષ જણાય છે. એમાંથી મુક્ત કોણ હોય? જેઓ આવા બધા પ્રશ્નોની સંકુચિતતાથી પર હોય, કોઈ અખંડતાનાં દર્શન કરતા હોય. અને એ બધા ઘણે ભાગે મરમીઓ, સંતો, સત્યના સાચા ઉપાસકો, માનવજાતિને ચાહનારા પ્રેમીઓ, શ્રેયાર્થીઓ હોય છે. તેઓ જ માનવસંબંધોનું પુનર્ગઠન (regeneration) કરી શકે. તેમને કોણ સાંભળે? એ અવાજ ક્યાંય પહોંચતો જણાતો હોતો નથી! અખો કહે છે તેમ જ્યાં ઢોલ પીટાતાં હોય ત્યાં શરણાઈના સૂર કોણ સાંભળે! ઢોલની ગર્જનામાં શરણાઈની સંવાદી સૂક્ષ્મ મધુર રાગ-રાગિણી અટવાઈ જાય છે! ભારતના એક રાજકીય સમીક્ષક રામાનંદ ચેટરજી અમને શાંતિનિકેતનમાં કહેતા હતા કે રાજપુરુષો, સુધારકો અને એવાં બહારનાં કર્મોમાં રત મનુષ્યો ભાવ, ભાવના અને લાગણીઓ અંદર પેસી ન જાય, માટે બખ્તર પહેરી રાખે છે (armoured against), શ્રી માતાજી જૂઠાણાંના ડગલા (coats of falsehood) શબ્દો વાપરે છે. પણ એ બધાયને લાગુ પડે એવી વાત છે!

શ્રી ક્ષિતિબાબુએ મધ્યયુગના સંતોએ આપેલા એક દૃષ્ટાંતની વાત કરી છે. એક રાજાના રાજ્યમાં હરણનાં દળો ચારો ચરતાં ફરતાં હતાં. રાજા સારા હતા. તોય બહારથી કોઈ કોઈ આવીને મૃગયા કરવા ઘૂસી જતા. હરણિયાના નેતાએ એક વાર રાજાને પૂછ્યું: "મહારાજ, આપે અમારી મુશ્કેલી ટાળવી જોઈએ." રાજા કહે: "હું તો તમને ક્યારેય સતાવતો નથી. પણ હું તમને એ આશ્વાસન કેવી રીતે આપી શકું કે બહારના કોઈ આવીને તમને મારે નહિ?" હરણાંને સંતોષ ન થયો. બીજા કોઈ સ્થળની શોધમાં નીકળી પડ્યાં.

બીજા એક રાજ્યની સરહદે જઈને જુએ છે તો એક શિલાલેખ વાંચ્યો; "અહીં કોઈને મૃગયા કરવા દેવામાં આવતું નથી." હરણાં રાજાને

મળ્યાં. રાજાએ કહ્યું : "સાચી વાત છે, હું કોઈને મૃગયા કરવા દેતો નથી." હરણાંએ પેલા પ્રથમના રાજાને કાને આ વાત નાખી અને એમની સંમતિ લઈને આ નિરાપદ સ્થાને રહેવા લાગ્યાં.

કોઈ મુશ્કેલી નહીં. મુક્ત રીતે ભય વગર ચારો ચરે. એક વાર એવું બન્યું કે આ સ્થળના રાજા મોટું લાવલશ્કર લઈને વનને ઘેરી લઈને પશુનો શિકાર કરવા નીકળી પડ્યા છે. હવે તો એક પણ પશુ બચી શકે એમ નથી. સર્વનાશ! પશુઓના અધ્યક્ષે રાજાને જણાવ્યું : "આ શું મહારાજ? આપે તો કહ્યું હતું કે કોઈને પણ શિકાર કરવા દેવામાં આવશે નહીં!" રાજા કહે : "વાત ખરી જ છે, કોઈ પણ બહારનાને પરવાનગી નથી, પણ મને મન થઈ આવે તો શિકાર કરવા નીકળી પડી શકું છું." પેલા નેતાએ જણાવ્યું : "મહારાજ, બીજા કોઈ શિકાર કરવા આવે તો થોડાંઘણાં મરી જાય, પણ આવો સર્વનાશ તો થતો ન હતો! આપ તો અમને સૌને ખતમ કરવા આવ્યા છો? અમને કોણ બચાવશે? અમારું રક્ષણ કોણ કરશે?"

પેલાં હરણાંની માફક આપણે પણ જે રાજાના રાજ્યમાં હતા તેનું નામ 'ધર્મ' છે. તેમણે કદાપિ આપણને હણ્યા નથી! છતાંય બીજા બહારના આવીને આપણને મારે તો તેમાંથી રક્ષણ પણ દઈ શક્યા નથી. ત્યાં આવ્યા નવા રાજા 'વિજ્ઞાન'. તેમણે કહ્યું : "હું તમારું સઘળી વિપત્તિઓથી રક્ષણ કરીશ." અને એવું જ થયું. ખાવાપીવાની અનુકૂળતાઓ થઈ, વેપાર-ઉદ્યોગ ખીલ્યા, આધિવ્યાધિ ઓછાં થયાં, બધાએ વિચાર્યું : "હાશ, ધર્મ તો આપણા માટે કાંઈ કરતો નહીં. હવે સહીસલામત."

પરંતુ આંખો ખોલીને જોયું તો જણાયું કે આ તો ઓલામાંથી ચૂલામાં પડ્યા, આકાશમાંથી મૃત્યુનું વર્ષણ થવા લાગ્યું! સર્વેએ પૂછ્યું : "આ દારુણ લીલા ક્યાંથી? આટલું આશ્વાસન, રક્ષણ! અને આ પ્રકારનો વ્યવહાર કેવો?" વિજ્ઞાન કહે છે : "મેં ખોટું કહ્યું નથી. મેં કોઈને સંહાર કરવાની પરવાનગી આપી છે? હું તો સંહારની લીલાને માટે છુટ્ટો છું."...

બાબુજી જણાવે છે : "વર્તમાન યુગમાં એક વિશાળ હોડીના સઢને તોફાની પવન સંચારિત કરી રહ્યા છે. તીરની માફક એ હોડી છૂટી છે! આપણા દેશના જહાજમાં માત્ર સુકાન છે, સઢ નથી; અને ધર્મની શી

દશા છે*? માત્ર નામનો કહેવાનો સંયમ છે, શક્તિ ન મળે! ધર્મ છે, વિજ્ઞાનની શક્તિ નથી. એટલે જીવની ગતિ અચલ, રૂંધાઈ ગઈ છે!...એટલે જો ધર્મ અને દર્શન એકબીજાનાં પૂરક બની જાય તો બચ્યા. એ બંનેના મૂળમાં છે સત્ય, બંને પરસ્પર સાપેક્ષ છે, પરસ્પર સંબદ્ધ છે...આપણા દેશમાં દર્શન અને સાધના વિશ્વસત્ય પર પ્રતિષ્ઠિત થાય એ માટે સદાય પ્રયાસ થઈ રહ્યા છે. કબીર અને દાદૂ એ જ વાણી મૂકી ગયા છે. સત્ય કોઈનો ઈજારો નથી. મારું સત્ય, તમારું સત્ય, એક દેશનું સત્ય, બીજાનું સત્ય, રાજકીય સત્ય, આર્થિક સત્ય, વિજ્ઞાનનું સત્ય, દર્શનનું સત્ય એવા મનથી ખંડિત થયેલા ખંડ નથી. એટલે જ રજ્જબે કહ્યું કે બધાંય સત્યો મળે તે મૂળ સત્ય, ના મળે તો જૂઠ.

તો આજથી ઘણાં વર્ષો પહેલાં ઈ. સ. ૧૯૨૫ની ડિસેમ્બરની ૧૯મી તારીખે ગુરુદેવ રવીન્દ્રનાથે તત્ત્વજ્ઞાનની પરિષદની પ્રથમ ભૂમિકાએ અધ્યક્ષપદેથી ભારતની નિરક્ષર પ્રજાની વાણી ઉચ્ચારી સૌને જે પડકાર ફેંક્યો હતો, તે આજે પણ એટલો જ જ્વલંત છે. એ બાઉલના ગાનનો અર્થ આમ છે :

‘હે નિષ્ઠુર ગરજવાન, શું તું માનવીની ખીલતી કળીને અગ્નિમાં તળીશ? શું તું સબૂર વગર એમાંથી ફૂલ પ્રકટાવીશ, સુવાસ પ્રસરાવીશ? જરા જો તો ખરો! આપણા પરમ ગુરુ સ્વામી, જેઓ યુગયુગથી કળીને ખીલવી રહ્યા છે, તેમને તો કશી ઉતાવળ નથી! તારો લોભ પ્રચંડ જણાય છે, તાકાત પર તારો પાક્કો ભરોસો લાગે છે! એનો હવે શો ઉપાય?

મદન કહે છે મારી વિનંતી સાંભળો. એ શ્રી ગુરુના મનને દુઃખ દેશો મા આટલું યાદ રાખો, હે ગરજવાન, કે જે સહજધારાને અનુસરીને પોતાના પોતાપણાને ઓગાળી નાખે છે, તે જ તેમની વાણીને સાંભળી શકે છે.”

બીજું ગાન અર્થસભર છે, મરમીસાધનામૂલક છે :

“હૃદ્દળકમળ યુગયુગથી ફૂટી રહ્યું છે. એમાં તમેય બંધાયા છો, હું ય બંધાયો છું. એનો શો ઉપાય? કમળ ફૂટી જ રહ્યું છે, ફૂટી જ રહ્યું છે, એનો અંત નથી. આ કમળમાં જે એક મધ છે તેનો રસ વિશિષ્ટ પ્રકારનો છે. અને તેથી જ, હે લોભી ભ્રમર, તેને તમે છોડી શકતા નથી! અને તેથી જ તમે બંધાયા છો, હુંય બંધાયો છું, મુક્તિ ક્યાંય નથી!”

---

* સરખાવો : धर्मो रक्षति रक्षितः ।

મરજીવા મરમીઓ અને સંતોનો આ જ પડકાર છે. ગરજવાનને અક્કલ નથી તે એઓ જાણે છે. પ્રચંડ લોભના માર્યા મોટા મોટા ગણાતા માણસો પણ ઉતાવળાં પગલાં ભરે છે, કારણ કે એમની તાકાતમાં એમને ભરોસો છે. સંતોની તાકાત એક જ છે : ભગવાન. પરંતુ એમ ભગવાન કરતા કરતા તેઓ બેસી રહેતા નથી, તેઓ સદાય કર્મપરાયણ, કલ્યાણવાંછુ, પરમહિતકારી હોય છે. પ્રત્યેક પળે તેઓ પ્રાણ અર્પી રહ્યા હોય છે; તો સમય આવ્યે સમગ્ર અર્પી દેવામાં તેમને કોણ રોકી શકે એમ છે? આનાં દૃષ્ટાંતો સર્વે દિશામાં જોઈશું તો જણાશે, માત્ર એ જોવાની 'દૃષ્ટિ' જોઈએ.

આ બધાં ઉપકરણો, – સાધનસામગ્રી – શાને લઈ ને, કોને માટે છે? આ બધાં અણુશસ્ત્રોનો સંચય, અબજો રૂપિયાનું આંધણ, શાને માટે, કોને માટે છે? આ બધી સંપત્તિના ઢગ કોને માટે, શાને માટે છે? આ બધાં ભણતરગણતર ક્યાં લઈ જવાનાં છે? સત્ત્વ ક્યાં છે, તત્ત્વ ક્યાં છે, સ્વત્વ ક્યાં છે, પરતત્ત્વ ક્યાં છે? અવતારી પુરુષો ઊતર્યા, આવ્યા અને ગયા અને આ ભૂમિને ક્યાંક ક્યાંક ચેતનવંતી કરી ગયા! મૂલ્યો બદલાયાં, પણ એક અમૂલ્ય મૂલ્ય બદલાયું છે? મોટા મોટા મુનિજનો મથી મથી થાક્યા, તોય મીરાંને જે રામરમકડું જડ્યું તે ક્યાં છે? કબીરે અત્યંત વેદના સાથે ગાયું કે 'પાની મેં મીન પિયાસી', કેવી વાત! સંપત્તિના ઢગે ઢગ, અને ગરીબાઈનો પાર નહીં; સાક્ષરતાની ઉજાણી અને નિરક્ષરતાને એક બટકું રોટલો ફેંકાય! પક્ષોની સાઠમારીમાં પરમેશ્વરને કોણ સાંભળે? મહારથીઓના રથનાં પૈડાં કચૂડ કચૂડ કરે છે એ એમને ખબર છે? એ રથને હાંકનારો અંદર બેઠેલો અદૃષ્ટ સારથિ 'સબૂર', 'રૂક જાવ' બોલે છે એ એમને સંભળાય છે? ભગવાન બુદ્ધના અંતિમ મૌનની ક્રૂર મશ્કરી – વાદવિવાદ, વિતંડા – કરતાં તેમના કોઈ કોઈ અનુયાયીની વાણી સાંભળીને ચિરકાલીન બુદ્ધ વિક્ષુબ્ધ થઈ જતા નહિ હોય? 'ભગવાનનું સામ્રાજ્ય તારામાં છે', 'હું અને મારા પિતા એક છીએ', એવા કરુણામય પ્રેમસ્વરૂપ ઈસુને કાંટાળો તાજ પહેરતાં શું શું થયું હશે? એમના લોહીના બુંદે બુંદમાંથી ઉચ્ચારાતી પ્રેમભરી રક્તવાણી કેટલાંયે ઝીલી છે? આદમને ખુદા નહિ માનનારા ઓલિયાઓની ફકીરી હાલત, ફનાગીરી ક્યાં ગઈ?

બધું જ છે. ક્યાંય નથી ગયું! જુઓ, શ્રી રામકૃષ્ણ પરમહંસની ગુપ્ત પીઠને, સાંભળો સ્વામી વિવેકાનંદની અગ્નિમયી વાણીને, યાદ કરો

મહાત્માજીની સદાય સ્મિત કરતી પ્રસન્ન ગંભીર મુખાકૃતિને, મહર્ષિ પિતાના, સર્વસ્વ દઈ દઈને ભગવાને આપેલી નિષ્કિંચનતાને સહર્ષ સ્વીકારતા પિતાના ખોળામાં ઊછરેલા રવીન્દ્રનાથના આનંદયજ્ઞનો પ્રસાદ તો ચાખો, આસ્વાદો! હિમગિરિના ઉત્તુંગ શિખર પર વિરાજેલા, શ્રી અરવિંદનાં ચરણોમાંથી વહેતી, તેમના પાદપ્રક્ષાલન કરતી ભાગીરથીનાં જળમાં સ્નાન તો કરો; એ પ્રસાદ-વારિને માથે તો ચઢાવો! આ ઓછાં તીર્થ છે?

જન્મે જન્મે અભિષેક કરતા એ અંતર્યામીની માનવને નિમિત્તે થતી પૂર્ણાભિષેકની ભાવના પૂરી કરવાને કટિબદ્ધ તો થાઓ! સમજાઈ આ વાત?

સાચા મરમીઓ, સાચા સંતો આ બધાનાં એંધાણ છે, ભગવાનની સહી તેઓ ઉકેલી શકે છે, ઉપરના પ્રકાશને ઝીલવા ઉત્સુક છે, આપણાં ઝેર પીને આનંદપૂર્વક અમૃત પીરસી રહ્યા છે! જરા જુઓ તો ખરા!

અને આ જ છે એમનુ દર્શન, એમની સાધના, એમનું આગમન, એમના જીવનયજ્ઞની ફલશ્રુતિ! ઓમ્ તત્ સત.

## ૧૧. જગતની યુનિવર્સિટીઓને (રોમાઁ રોલાઁ)

જગતના મરમીઓ, સંતો, મહાત્માઓ, યોગીઓ, આધ્યાત્મિક વ્યક્તિઓને વિષે ચિંતન કરીને બધાવનો એક સમન્વય થાય એમ આખી જિંદગી પર્યન્ત સ્વપ્ન સેવતા રોમાઁ રોલાઁને વિષે, એટલે એમણે જે કહ્યું છે તેના સારાંશ રૂપે એક વિશિષ્ટ પ્રકરણ દ્વારા અહીં કહ્યું છે. તેમણે જગતની બધી યુનિવર્સિટીઓને મિસ્ટિસિઝમ અને મૅટાફિઝિક્સ (મરમીભાવ અને આધિભૌતિકવિદ્યા)નું એક આસન ( chair ) રાખવા જણાવ્યું છે, આગ્રહભરી વિનંતી કરી છે. આજથી ઘણે ભાગે પચાસેક વર્ષો પહેલાં શ્રી રામકૃષ્ણ પરમહંસની શતાબ્દી નિમિત્તે હો, અથવા સ્વામી વિવેકાનંદના કોઈ પ્રસંગે હો, 'પ્રબુદ્ધ ભારત'માં એમણે એ લેખ લખ્યા હતા. એમાં તેમણે કદાચ પ્રથમ વાર સંક્ષેપમાં પ્રાચીન ગ્રીક મરમીભાવ, ખ્રિસ્તી મરમીભાવ અને તેમની સાથે હિંદુ મરમીભાવનો સંબંધ* બતાવીને ઉપરની પીઠ સ્થાપવાની વાત કરી હતી.

શરૂમાં એમનો સંક્ષેપમાં પરિચય કરીને એમના લેખનો સારાંશ, જે આ પુસ્તકનો પણ કંઈક અંશે સારાંશ કહી શકાય, એ આપીશું. એમાં એમણે ઉપરની વાત જોરદાર ભાષામાં અભિવ્યક્ત કરી છે.

ગઈ સદીના સંધ્યાકાળે અને આ સદીના પરોઢિયે જે પાંચ જગતની મહાન વિભૂતિઓ સમકાલીન થઈ ગઈ અને જેમને વિષે બંગાળના મહાન લેખક, કવિ,–ગાયક અને સાધક શ્રી દિલીપકુમાર રાયે, પોતાના 'મહાન વિભૂતિઓની સંનિધિમાં' નામના પુસ્તકમાં ચર્ચાવિચારણા, પ્રત્યક્ષ પ્રશ્નોતરી કરીને, તેમનાં હાર્દ ખુલ્લાં કર્યાં; એમાંના એક તે રોમાઁ રોલાઁ. એ પાંચ વિભૂતિઓ તે શ્રી અરવિંદ, ગુરુદેવ રવીન્દ્રનાથ, મહાત્મા ગાંધી, બર્ટ્રાન્ડ રસેલ અને રોમાઁ રોલાઁ. એમને જગતની સંસ્કૃતિઓના અને પ્રવૃત્તિઓના પાંચ પ્રહરીઓ કહીશું કે પંચાયતન ? જે હો તે.

પ્રથમ વિશ્વયુદ્ધના સમયમાં જગતનાં મૂળ મૂલ્યોની ઘોષણા કરીને સત્યનો ધ્વજ ફરકાવનાર મુખ્યમાંના એક રોલાઁ હતા. એમનામાં એક ઊંડું

* "Early Hellenic-Christian Mysticism and its relation to Hindu Mysticism." ('Prabuddha Bharat')

દર્શન હતું. તેમણે ઈ. સ. ૧૯૦૩માં યુરોપના મહાન સંગીતકાર બિથોવનનું ચરિત્ર લખ્યું. તેઓ માત્ર સંગીતજ્ઞ જ નહીં, સાધક પણ હતા. અને તેથી રવીન્દ્રનાથની સાથે મળે ત્યારે સંગીતની ખૂબ ઘરાઈ ઘરાઈને આપલે કરતા. પોતાના વિચારો ખુલ્લે દિલે જણાવતા. ભારતની રાગભાવના (Melody) અને પશ્ચિમની સ્વરસંગતિ (Harmony)ની ભાવનાની સૂક્ષ્મ વાતોમાં બંને જણ તલ્લીન થઈ જતા. રોમાઁ રોલાઁ જગતના મહાન સાહિત્યસ્વામીઓમાંના એક, સંગીતના મર્મજ્ઞ અને કલાના ઉપાસક હતા. આપણા ગોવર્ધનરામની માફક તેમની મહાન નવલકથા (Epic Novel) ઈ. સ. ૧૯૧૪માં સંપૂર્ણ-રૂપે પ્રકટ થઈ. સ્વામી વિવેકાનંદ, શ્રી રામકૃષ્ણ અને મહાત્મા ગાંધી વિષે તેમણે ગ્રંથો લખ્યા છે. પરંતુ એમની સૌથી ઊંડી ઝંખના, પૂર્વ અને પશ્ચિમ અધ્યાત્મભાવે એકબીજાની નિકટમાં આવે, સમજે, બંનેનો સમન્વય સધાય, એ હતી. તેઓ જણાવતા : "ખુદ ખુલ્લા આત્માની દૃષ્ટિએ નથી પૂર્વ, નથી પશ્ચિમ. સર્વત્ર એક જ તત્ત્વ વિલસી રહ્યું છે." તેઓ ઉચ્ચારતા : "હે ટાગોર, હે ગાંધી,– સિંધુ અને ગંગા જેવી નદીઓ સમા!" તેમણે રવીન્દ્રનાથને એક પત્રમાં (ઈ. સ. ૧૯૨૩ના જૂનની ૧૧મી તારીખના) લખ્યું હતું : "વહાલા મિત્ર, ત્યાં હિંદમાં આવીને તમને મળવાનું કેટલું બધું મન થાય છે? મારા મનના સઘળા પ્રવાહો એ તરફ વળી રહ્યા છે... ત્યાં શાંતિનિકેતનમાં આવીને મારે રહેવું છે. તમારી પાસેથી મારે ઘણું જાણવું છે. મને લાગે છે કે ત્યાં આવીને મારે મારા જીવનનું એક ધ્યેય પૂરું પાડવું છે; પૂર્વ-નિયત એક કર્તવ્ય છે જે મારે કરવું રહ્યું! યુરોપ અને એશિયાની એકતા થવી જ જોઈશે,– એ થઈને જ રહેશે. માનવજાતિને માટે એ અત્યંત આવશ્યક છે. મારે માટે કહું તો, હિંદ કોઈ પરદેશ રહ્યો નથી, બધાય દેશો કરતાં તે સૌથી મહાન છે, – એ એક પ્રાચીન દેશ કે જ્યાંથી હું આવ્યો હતો. મારા ઊંડાણમાં એને જોઈ રહ્યો છું."

દિલીપકુમાર રાયની સાથે સંગીત ઉપરાંત ઘણા વિષયોની આમૂલ વિચારણા કરી હતી. તેમણે દિલીપને એક પત્રમાં લખ્યું કે, "હું અનુમાન કરું છું કે પશ્ચિમના એક આર્ય તરીકે અને પૂર્વના એક આર્ય તરીકે મારી નસોમાં કુળનું એક લોહી વહી રહ્યું છે. વિજયી આર્યોની સાથે હિમાલયની ગિરિમાળામાંથી હું પણ જન્માંતરો પહેલાં ઊતરી આવ્યો હોઈ, મારી નસોમાં એ જ લોહી ધબકતું રહ્યું છે.. મારે રવીન્દ્રનાથને મળવું જ છે,– અહીં આવે ત્યારે..."

શ્રી અરવિંદનાં લખાણ વાંચીને તેમણે જણાવ્યું હતું કે તેમની પૂર્વ અને પશ્ચિમના સમન્વયની ભાવના દૃઢ થતી જાય છે અને આ પુરુષ દ્વારા તે સિદ્ધ પણ થાય, અને થશે.

આવા રોમૈં રોલૈંના લખાણનો પરિચય કરીએ અને એમણે સૂચવેલી પીઠ ક્યાંય નહિ તો ગુજરાત તેની પહેલ કરે, – એ ભગવાનને પ્રાર્થના. રોલૈંનું સ્વપ્ન આકાર લે તો સૌનું ભલું થાય તેમનો શિવસંકલ્પ ફળો.

તો નીચે એમનાં લખાણનો પ્રાય: ભાવાનુવાદ કરું છું અને સંક્ષેપમાં ત્રણેય મિસ્ટિસિઝમના સમન્વયની વાત કરી છે તે રજૂ કરું છું.

## ભૂમિકા

"હિંદમાં અને યુરોપમાં સઘળી યુનિવર્સિટીઓમાં આધિભૌતિક વિદ્યાઓ અને મરમીસાધનાના પૂર્વની અને પશ્ચિમની દૃષ્ટિએ તુલનાત્મક અભ્યાસ માટેનાં આસનો (Chairs) સ્થપાય એવી વર્ષોથી મારી તીવ્ર ઝંખના હતી અને છે. એ અભ્યાસ પરસ્પર પૂરક હોય; જો માનવ-આત્માએ પોતાનો સમગ્રભાવે પરિચય સાધવો હોય તો આ પ્રકારનો તુલનાત્મક અભ્યાસ (સંશોધન) આવશ્યક છે. આનો હેતુ પ્રત્યેક વિચારધારાને તેના આદિકાળથી માંડીને અત્યાર લગીની આલોચિત વિઘ્નદોડનો કોઈ આંક સ્થાપવાનો નહિ હોય. આ પ્રકારનું સંશોધન નિરર્થક છે: ધર્મનો ઇતિહાસ જાણનારા, જેઓ માત્ર ધાર્મિક પરંપરાનો એકબીજા પર બૌદ્ધિક પ્રભાવ કેવો છે તેની શોધ કરતા હોય, તો તેઓ એક મહત્ત્વનો મુદ્દો ભૂલી જતા હોય છે; ધર્મો બૌદ્ધિક વાદ-વિવાદની સામાન્ય વાતો નથી હોતા, તે બધી અનુભૂતિઓની તારવણીરૂપ હોય છે; અને જોકે વિવેકબુદ્ધિ પાછળથી આવીને આ બધી હકીકતોમાંથી કેટલીક પદ્ધતિઓનું સંશોધન તારવે; તેમ છતાંય જો એ બધું અનુભૂતિના નગદ પાયા પર પ્રતિષ્ઠિત થયું નહિ હોય તો વધુ ટકી નહિ શકે. એટલે જ પ્રથમ હકીકતો જાણવી અને પછી તેનું અધ્યયન કરવું. મને ખબર નથી કે કોઈ આધુનિક મનોવિજ્ઞાન–ચિકિત્સક આત્માના નૂતન વિજ્ઞાનનાં સઘળાં છેલ્લામાં છેલ્લી ઢબનાં ઉપકરણોથી સુસજ્જ થઈને કોઈ એક દિવસ આ બધું જ્ઞાન પ્રાપ્ત કરી શકશે, – પણ હું એમ થાય એ ઇચ્છું ખરો. દરમિયાન, અત્યારે આપણી પાસે જે સાદુંસીધું નિરીક્ષણ છે, તેને આધારે એટલું તો જાણી શકાય કે બધા જ મહાન યોજનાબદ્ધ ધર્મોના પાયામાં એકસરખી ધાર્મિક હકીકતો

રહેલી છે. સદીઓની સદીઓ વીતી ગઈ છતાંય પૃથ્વીના દરેક ભાગમાં એ બધી પ્રસરેલી છે. અને વળી આના ઉદ્ભવમાં કોઈ એકનું બીજી પર વર્ચસ્વ હોય, પરસ્પરની લેવડદેવડને લઈને એક બીજી પર અસર હોય, એવું આરોપણ કરવું પણ ઇષ્ટ નથી; કારણ કે, એમનું સ્ફુરણ એકાએક થતું હોય છે, ભૂમિના તળમાંથી તે ઊગી નીકળે છે; ઋતુઓની માફક માનવજાતિના જીવન પર થતી અમુક અસરોને લઈને તે બને છે, – જેમ કુદરતના જીવનમાં વસંતમાં દાણા ફૂટી નીકળે છે તેમ.

આધિભૌતિક વિદ્યા અને રહસ્યવાદના વસ્તુલક્ષી તુલનાત્મક અધ્યયનનું પ્રથમ પરિણામ આવું આવશે : એક તો ધાર્મિક અનુભૂતિની મોટી હકીકતોની વૈશ્વિકતા અને હંમેશને માટેનું તેમનું પુનરાવર્તન; બીજું જાતિ અને કાળના વિવિધ લેબાસમાં પણ તેમનું નિકટનું સરખાપણું; અને ત્રીજું, માનવ-આત્માની દૃઢ થતી એકતાનું દર્શન; અથવા તો તેના કરતાંય ઊંડી રીતે જોઈએ તો, માનવતાના બંધારણમાં જણાતી સાધન-સામગ્રીની ઐક્યમૂલકતા.

આવું કોઈ ભાવવિજ્ઞાનનું માળખું અને તેની વિચારણા ભારત અને એલેક્ઝાન્ડ્રિયાના ધર્મ અને આધિભૌતિક વિદ્યાના તુલનાત્મક અભ્યાસનું રચવામાં આવે તે પહેલાં, એક બાબત નક્કી થઈ જવી જોઈએ કે તેના પાયામાં ફિલોની ઉપલબ્ધિઓ, પ્લૉટિનસ અને પોરફીરીની અલૌકિક ભાવ-સમાધિઓ અને સાથે સાથે હિંદના યોગીઓની સમાધિની અવસ્થાઓ, એક બીજાને મળતી અનુભૂતિઓ હતી. એટલે, જ્યારે આપણે ક્રિશ્ચિયાનિટી શબ્દ વાપરીએ છીએ, ત્યારે અન્ય અનેક અનુભૂતિઓને બાદ કરીને તેમ કરવું ન જોઈએ; કારણ કે એના પાયા પર જ બધું મંડાણ થયું છે. એ કંઈ કોઈ એક જન્મમાં એકાએક બની આવેલી ઘટના નથી; પણ અનેક સૈકાઓનાં જન્મજન્માંતરોની હારમાળામાંથી પસાર થતી આવેલી બાબતો છે, – કોઈ એક પ્રાચીન વૃક્ષમાંથી પ્રત્યેક વસંતે ખીલી નીકળતી ડાળીઓની જેમ.'

ખરું જોતાં, પ્રશ્નનું હાર્દ આ છે. એક વાર આ બધી અનુભૂતિઓ સ્થપાયા પછી તુલના કરવામાં આવે, અને ત્યાર બાદ વર્ગીકરણ કરવામાં આવે, ત્યારે અને ત્યારે જ તુલનાત્મક રહસ્યવાદને પદ્ધતિઓનો અભ્યાસ કરવાનો હક્ક મળે. પદ્ધતિઓ (systems) એટલે જે પ્રકાશ મળતો હોય તેનાં પરિણામોને મનની સમક્ષ નોંધો કરવાની સાધનસામગ્રી અને

એટલા માટે તેમનું અસ્તિત્વ છે. (રોમાઁ રોલાઁનો આ વિચાર કેટલે અંશે વાસ્તવિક છે તે વિચારવા જેવું ગણાય.) અને ઉપરાંત ઇન્દ્રિયો, બુદ્ધિ અને અંતઃપ્રજ્ઞાના જે જે દાવાઓ હોય તે સર્વેને એક સંપૂર્ણ અને પરસ્પરયુક્ત વર્ગીકરણમાં તારવ્યા હોય, ત્યારે એ શક્ય બને. (ઉપર જણાવેલી તે અંતઃપ્રજ્ઞા – **intuitions**, – જેને આઠમી ઇન્દ્રિય કે બીજી બુદ્ધિ કહેવામાં આવે છે તેની વાત કરી છે, એનું નામ પછી ગમે તે પાડવામાં આવે). કોઈ એક વ્યક્તિ, કે જાતિ કે કોઈ યુગનો સમન્વય કરનારું વારંવાર પરીક્ષિત થતું પદ્ધતિઓનું માળખું ત્યારે થઈ શકે. એમાં પછી જ્ઞાનની બધી શાખાઓને વિનિયુક્ત કરવામાં ભલે આવે. દરેક પદ્ધતિમાં તેની વિશિષ્ટ પ્રણાલિકા સચવાય એ તદ્દન આવશ્યક બને છે.

જુદા જુદા દેશોમાં અને જુદા જુદા કાળમાં વિસ્તરેલાં એકબીજાને નૈતિક રીતે હળતાંમળતાં મનનાં સ્વરૂપોનો આમ અભ્યાસ કરવો રસપ્રદ બની શકે. ભિન્ન ભિન્ન મનની પ્રકૃતિઓની વિવિધતા જાણવા મળે, તેની મર્યાદાઓ જણાય અને અંતરના ઊંડાણમાં રહેલી શક્તિ પરખાય. આ બધાના અભ્યાસથી વિવિધતામાં રહેલું એકત્વનું પર્યેષણ થઈ શકે અને હિંદ અને યુરોપ પરસ્પર વિનિમયથી સમૃદ્ધ થાય.

ત્યારે આપણે હવે વિષય પર આવી જઈએ. હું નથી માનતો કે આધુનિક હિંદની આધિભૌતિક વિદ્યા હવે પછી એલેક્ઝાન્ડ્રિયા કે ખ્રિસ્તી રહસ્યવાદ અને તેની પરંપરાથી અજ્ઞાત રહી શકે. જેમ આપણે ગ્રીસની સરહદ લગી 'દિવ્ય અનંતતા'ના અભ્યાસ લગી પહોંચી ગયા એટલે પત્યું, એમ આપણા પશ્ચિમના બુદ્ધિવાદીઓ ભવિષ્યમાં ત્યાંથી અટકી જાય તો તે યોગ્ય નથી, અને એમ કરવા દેવામાં પણ ન આવવું જોઈએ. આખી માનવજાતિનાં બે પાસાં–જેવાં કે હિંદ અને ગ્રીસ, એક જ વિષયનો સંપર્ક ધરાવે, ત્યારે તે ચોખ્ખું છે કે દરેક પોતાની વિશિષ્ટ ભવ્યતાથી સમૃદ્ધ હોય અને એક સંવાદિતા એમાંથી જન્મે જેને આપણે 'વૈશ્વિક માનવતા' કહી શકીએ.

અહીં તો માત્ર હું મારે જે કાંઈ કહેવાનું છે તેનો નિર્દેશ જ કરી શકું. અત્યારે જ્યારે હું ખાસ કરીને હિંદના વેદાંતીઓની સમક્ષ મારા વિચારો રજૂ કરી રહ્યો છું, ત્યારે મારી ઇચ્છા ખરી કે તેમનો અને મેડિટરેનિયાનો રહસ્યવાદ કયાં કયાં સમાન છે, કયાં કયાં જુદો લાગે છે,

એ વિચારાય. ખાસ કરીને પ્રાચીન ખ્રિસ્તી રહસ્યધારાનું જે મુખ્ય સ્રોત–કૃતક ડૅનિસ–છે, તે પર હું ભાર દેવા માગું છું; કારણ કે, તે ધારા પૂર્વમાંથી આવેલી હોવાને કારણે, તેનામાં કેટલાક એવાં લક્ષણો હતાં, જે ખ્રિસ્તી-પરંપરાના શરૂઆતના ૭ સૈકાઓના ગાળામાં પશ્ચિમની આધિભૌતિક વિદ્યાની રૂપરેખા પર લાદવામાં આવ્યાં હોય!

## વિહંગાવલોકન

ગ્રીસ ગમે તેટલું કળા અને વિજ્ઞાનથી સંપન્ન હતું, પરંતુ તેને અનંતની કલ્પનાય નહોતી. કદાચ, તત્ત્વજ્ઞો તે પ્રત્યે સાશંક દૃષ્ટિએ જોતા....પ્લેટો, ઍરિસ્ટૉટલ અને સ્ટૉઇક, એ સઘળાઓએ મૂલતઃ મરમીતત્ત્વને કે ભાવને કે વિચારધારાને સ્પર્શ કર્યો નથી. સૌપ્રથમ પહેલી સદીમાં ઍલેક્ઝાન્ડ્રિયાના જ્યૂ ફિલોએ અનંતનો ખ્યાલ આપ્યો. તેણે બંને ધારાનો એક સમન્વય પણ કર્યો. હિંદમાં આનંદસમાધિની જે પ્રક્રિયા હતી તે ફિલોએ બરાબર જાણી અને આચરી બતાવી. અંતવાન અને અનંતનું સંશોધન કરતાં કરતાં તેને એક વચલી અવસ્થા જડી આવી, જ્યાંથી 'બીજો પ્રભુ' પ્રકટે છે, અર્થાત્ 'શબ્દ', 'પ્રભુનો પ્રગટેલો પુત્ર'. તે દુનિયામાં પૂર્વનો 'અનંત' પ્રથમ પ્રવેશ પામ્યો.

બીજી સદીમાં પૂર્વની ભાવધારા ગ્રીક ભાવધારાની સાથે કેટલી હળીમળી ગઈ હતી તેના સેંકડો પુરાવાઓ જોવા મળે છે. આપણે અહીં બેચારનો નિર્દેશ કરીશું. પ્લૂટાર્ક જરથુસ્ત્રને ટાંકે છે અને ઇજિપ્તની પુરાણકથાઓ પર એક લખાણ કરે છે. યૂસેબિયસ (Eusebius) નામનો ઇતિહાસવેત્તા તેના સમયમાં એશિયાના તત્ત્વજ્ઞાનમાં અને ધર્મોમાં કેટલો બધો રસ બધા ધરાવતા તેનો સાક્ષી છે. ન્યૂમેનિયસ (Numenius) ઍલેક્ઝાન્ડ્રિયાના તત્ત્વવાદનો એક અગ્રણી વિધાયક હતો. તેણે જણાવ્યું છે કે સૌપ્રથમ ઇજિપ્તમાંથી, માજી (Magi) માંથી, હિંદમાંથી અને જ્યૂ લોકોમાંથી ગ્રીસ દેશમાં તત્ત્વવિદ્યા દાખલ કરનાર પાયથાગોરસ હતા. પછી પ્લૉટિનસે ફારસી અને ભારતીય વિદ્યાઓનો અભ્યાસ કર્યો. ખ્રિસ્તીઓની સાથે તેઓ સંપર્કમાં હતા. ઓરિજેન તેમના શિષ્યોમાંનો એક હતો. પ્લૉટિનસ માત્ર પુસ્તકિયા પંડિત ન હતો; તે મરમી સંત હતો, એક મહાન તત્ત્વજ્ઞ પણ હતો. પૂર્વ અને પશ્ચિમના સૌએ તેમની શ્રીરામકૃષ્ણનું સ્મરણ કરાવે તેવી પ્રતિમા

પવિત્રભાવે ચિત્તમાં અંકિત કરવા જેવી છે. પછી શ્રી રોલાઁ પ્લૉટિનસની ભાવધારાની સરખામણી હિંદની ભાવધારાની સાથે કરે છે.

પ્લૉટિનસ નિરપેક્ષ બ્રહ્મનું વર્ણન કરે છે અને એ વર્ણવતાં આપણા 'નેતિનેતિ'નું ખૂબ સૂક્ષ્મ વિવરણ પણ કરે છે. આ વર્ણનમાં તે પોતાની અનુભૂતિ, ઉપલબ્ધિ અને અભિજ્ઞતાનું દર્શન કરાવે છે અને અંતે અનિર્વચનીયત્વમાં જઈ પહોંચે છે, આરોહે છે. બધું નકારતાં નકારતાં જે રહે (ઉચ્છિષ્ટ?) તે આ બધું છે અને તે આપણામાં છે, આપણી સત્તાના પાયામાં છે. એની સાથે આપણે એકાગ્રતાથી જોડાઈ શકીએ છીએ. પ્લૉટિનસ જે વર્ણન કરે છે તેમાં આપણા જ્ઞાનયોગ અને ભક્તિયોગનો સમાવેશ થાય છે. પ્રથમ શુદ્ધિકરણની દીર્ઘ તપસ્યા, અને પછી જ્યારે જીવ ધ્યાનની સ્થિતિમાં પહોંચે, ત્યારે તેણે શરૂઆતથી જ્ઞાનને છોડી દેવું જોઈએ. "આત્મા એકમાંથી પોતાની જાતને ખેંચી લે છે. પછી તે એક સત્તા રૂપે રહેતો નથી. ખરી રીતે જ્ઞાન એક સંભાષણ, વિવરણ (discourse) થયું, એટલે અવળી ગતિ થઈ અને આમ થયું એટલે બહુપણું આવ્યું. પ્રથમ સત્તાની સાથે ભળવાને જ્ઞાનથી પર થવું રહ્યું!"

પરિણામે શરૂ થાય ભાવસમાધિ, આનંદાવસ્થા. અને એમાં જેવા દાખલ થયા કે ત્યાં છે સૌન્દર્ય. ત્યાં થતોકને જાજ્વલ્યમાન જીવ સત્ (Good) તરફ ઉડ્ડયન કરે છે. જ્યાંથી ઉપર કાંઈ જ નથી. અહીં બધું ખરી પડે છે. આકાર અને વસ્તુ, પાપ અને પુણ્ય તે એક તત્ (That) છે.

પ્લૉટિનસ કહે છે: "પ્રેમના રાજ્યમાં સારું કરવું હોય તો સુંદર આકૃતિના પ્રેમથી શરૂ કરીને બધાય સુંદર રૂપોના પ્રેમમાં પહોંચવું જોઈએ. એટલે કે સામાન્ય રીતે આપણે જેને શારીરિક સૌન્દર્ય કહીએ છીએ તે. સુંદર દેહોમાંથી સુંદર આત્મામાં, સુંદર વિચારોમાં, સુંદર કર્મોમાં. આમ નૈતિક સૌન્દર્યમાંથી આગળ જતાં આવશે એક અલૌકિક ભવ્ય સૌન્દર્ય, —તેનું એને દર્શન થશે, તે હશે શાશ્વત, ઉદ્ભવ અને ભેળ વગરનું,—કેવળ નર્યું સૌન્દર્ય! એ નહિ હોય ચહેરાનું, નહિ હોય દેહનું, નહિ હોય વિચારનું, નહિ હોય વિજ્ઞાનનું. જાણવું નહિ પણ થવું. આપણે એ જ છીએ. ભગવાનનો વિચાર સરખોયે છોડી દેવાનો. એ બિંદુએ ગયા એટલે ભગવાન એમાં જણાય...અહીં બધું એક, એક, એક થઈ જાય છે... સંપૂર્ણ એકત્વ." પોરફિરી પોતાની સાક્ષી સાથે જણાવે છે કે, પોતે

ભગવાનને એક વાર પામ્યા હતા. જ્યારે પ્લૉટિનસ ત્યાં ચાર વાર પહોંચ્યા હતા. પછી કશું જ સમજાવી શકાય એવું નહોતું. પ્લૉટિનસના પોતાના મોઢેથી સાંભળીએ: "સાચે જ, અહીં નીચે જ્યારે જ્યારે આત્મા તે નિરાકૃતિની સંનિધિમાં ગયો ત્યારે ત્યારે તે સંકોચ અનુભવવા લાગ્યો (લજ્જા કે હ્રી?), કંપવા લાગ્યો,–સામે કશું જ નહોતું એ જોઈને." આત્માનું આ વિરહવેદનાનું અકલ્પ્ય દર્દ છે, વ્યથા છે (anguish). લાંબો વખત એમાં રહેવું, એને સમાવવું, એમાં પ્રગાઢ થવું પ્રાયઃ અશક્ય બને છે. અહીં આપણને રોલાઁ, જ્યારે શ્રી રામકૃષ્ણે યુવાન વિવેકાનંદને માનવી મર્ત્યતાનો ભય સંચારિત કર્યો હતો, તેનું સ્મરણ કરાવે છે!

"અને પછી આત્મા આનંદથી ભર્યો ભર્યો પાછો ફરે છે...તે મૂર્છિત થઈ જાય છે...કોઈ આધાર કે વસ્તુ પાસે જાય છે, આરામ લે છે...કંઈક થઈ જાય છે."

રોલાઁ જણાવે છે: "અહીં મેં જે વર્ણવ્યું છે તે પોતાના એક સહયાત્રી યોગીને, પ્રત્યેક હિંદુ જાણવાને પ્રયત્નશીલ થાય, તે ખાતર. ગ્રીસના છેલ્લા ભવ્ય સૂર્યાસ્ત કાળને ટાણે તેણે હિંદની સાથે પ્લેટોનું મિલન કરાવ્યું: એક દિવ્ય લગ્ન! આ લગ્નમાં એ ગ્રીક પુરુષપ્રતિભા નારીકીર્તનને ભેટી, —એક શરાબી ચકચૂર હાલતમાં! એમાંથી એક અધ્યાત્મભાવી સંગીતની સ્વરાવલી પ્રકટી; અને એ બંનેના મિલનમાંથી શરૂની સદીઓનો ખ્રિસ્તી મરમીભાવનો પ્રથમ જન્મ થયો."

રોમાઁ રોલાઁની ભાષા આ વર્ણવતાં સંગીતની પરિભાષામાં વ્યક્ત થાય છે. આપણું સંકીર્તન એ જાણે કે સમૂહની ભાવરસની મસ્તી હોય અને રાગની સાથે બંને જોડાતાં હોય–શિવશક્તિની માફક–એવું લાગે છે. આ મારું અર્થઘટન છે,–જે હો તે, તેમાં રોલાઁ એક મરમી તત્ત્વજ્ઞ રૂપે ખીલે છે!

રોમાઁ રોલાઁ ખૂબ ઉત્કૃષ્ટભાવે જણાવે છે કે પૂર્વ અને પશ્ચિમના આ અધ્યાત્મમૂલક લગ્નમાંથી જે એક ઉત્કૃષ્ટ પ્રકારનું ખ્રિસ્તી પ્રાથમિક સ્વરૂપ જન્મ્યું, તે હતા ડૅનિસ (ડાયોનીશિયસ એરોપેગાઈટ). આ વ્યક્તિને વિષે અનેક અટકળો થઈ છે. તેને 'છદ્મ ડૅનિસ' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. એની આસપાસ ભિન્ન ભિન્ન વિચારસરણીની ગૂંથણી કરવામાં આવી છે.

એમના જીવનની કેન્દ્રગત હકીકત ઈ. સ. ૫૦૦થી ૫૨૯ના ગાળામાં ગણવામાં આવે છે. પ્લૅટોવાદ, પ્રાચીન ખ્રિસ્તી ધર્મધારાની શરૂઆત અને પ્રાચીન પૂર્વ,—એ ત્રણેયનો ત્રિવેણીસંગમ થયો છે. ડૅનિસ પોતાના એક મિત્રની સાથે ઈજીપ્ત ગયેલા. એમણે ખ્રિસ્તી ધર્મમાં પલટો થવાથી એના મિત્રે તેને માફ કર્યો હતો. ડૅનિસના સત્ય હોવા ન હોવાની ચર્ચામાં રોમાઁ રોલાઁ ઊતરે છે, જે આપણે માટે અહીં જરૂરી નથી,—પ્રસ્તુત પણ ન ગણાય.

આપણે આગળના પ્રકરણમાં ખ્રિસ્તીધર્મ અને સાધના વિષે જણાવ્યું છે તે ઘણુંખરું ડૅનિસનાં મંતવ્યોને આધારે છે, એક આખો ફકરો સંપૂર્ણ 'નેતિ નેતિ'નો છે.

સૌપ્રથમ ઇન્દ્રિયગમ્ય પદાર્થોનું આવરણ દૂર કરવું જોઈએ અને બીજું બધાં જ આવરણો દૂર કરવાં જોઈએ,—બુદ્ધિગમ્ય પદાર્થોનાં પણ. રોમાઁ નકારાત્મકતાનો મોટો ફકરો ટાંકે છે અને તેને હિંદુઓના જ્ઞાનયોગની સાથે સરખાવવાનું જણાવે છે. મને લાગે છે કે એ બરાબર નથી. ખાસ કરીને રોલાઁ અદ્વૈતને જ મરમી તત્ત્વની પરાકાષ્ઠા ગણતા લાગે છે. જ્યાં જ્યાં તુલના કરવાની આવે છે ત્યાં ત્યાં સ્વામી વિવેકાનંદની માત્ર વાત કરે છે. ડૅનિસની વિભાવનાથી તેઓ એટલા બધા અંજાઈ ગયા લાગે છે કે તેમાંથી હિંદે શીખવાનું રહે છે એમ તેઓ માને છે.

લેખને અંતે તેઓ ત્રણ મુદ્દાઓ જણાવે છે. યુરોપીય મરમીભાવમાંથી આ ત્રણ વાતો હિંદુધર્મભાવનાએ શીખવી જોઈએ એમ કહે છે:

૧. તેઓ એને સ્થાપત્યની ભાવના કહે છે. અનંતને સાંતની સાથે જોડવાનો ભાવ, જે ખ્રિસ્તી મોટાં મોટાં ભવ્ય દેવળોમાં (Cathedrals) જોવા મળે છે તેને આધારે તેઓ આ સાંત અને અનંતનું રૂપક આપે છે.

૨. સાધનામાં આવતી 'જીવદશાની અંધારી રાત્રિ' ઉપર તેઓ વિશ્લેષણ કરે છે. આને રોલાઁ ખ્રિસ્તી સંશોધકોનું મનોવૈજ્ઞાનિક સ્વરૂપ ગણે છે.

૩. દિવ્ય ઐક્ય પામવા માટે પશ્ચિમની મરમીધારા જે અઢળક શક્તિ વાપરે છે તેનો ઉલ્લેખ પણ કરે છે.

આ ત્રણ વાતોથી હિંદનો મરમીભાવ સમૃદ્ધ થાય એમ અંતે જણાવે છે. વિવેકાનંદનો ઉલ્લેખ કરીને તેઓ એમ કહે છે કે તેમને પશ્ચિમનાં આ

સમૃદ્ધ આધ્યાત્મિક સ્વરૂપની અંતઃસ્ફુરણા હતી અને તેના મિલનથી અદ્વૈતવાદ પૂર્ણ થાય એમ માનતા. આમ થાય તો આખુંય માનવકુળ ધર્મની ઐક્યની માળામાં પરોવાઈ જાય. તેઓ 'ખ્રિશ્ચિયન અદ્વૈતવાદ' શબ્દ વાપરે છે.

'પ્રબુદ્ધ ભારત'ના તંત્રી નીચેની નોંધમાં જણાવે છે કે શ્રી રોમાઁ રોલાઁની પૂર્વ અને પશ્ચિમ એકબીજાના આદાનપ્રદાનથી સમૃદ્ધ થાય એ ભાવનાને તેઓ સંમત છે. જગતમાં યુનિવર્સિટીઓમાં આ વિષયોનાં આસન સ્થપાય એને પણ આવશ્યક ગણે છે. પરંતુ વિવેકાનંદ ક્યાંય પશ્ચિમમાંથી તેમણે સૂચવેલું લેવાથી ભારત સમૃદ્ધ થાય એવું જણાવ્યું હોય તો ધ્યાનમાં નથી એમ જણાવે છે. ડેનિસના આખાય પ્રકરણને તેઓ તત્ત્વજ્ઞાનની ત્રુટિઓ ગણે છે. બન્ને ખંડો એકબીજામાંથી લે અને તે આત્મસાત્ કરે એ ઇચ્છનીય છે. પરંતુ ખ્રિસ્તી અધ્યાત્મભાવી ધારા પર એમનો જે ઝોક છે, તે સ્વીકાર્ય થઈ શકે એમ નથી.

ઘણી વાર એવું જોવામાં આવે છે કે એકતરફી ઢળી જવાય છે, જેમ નાટકમાં કોઈ વિશેષ પાત્રને તારવવું હોય, પ્રેક્ષકોના મનમાં આણવું હોય તો તેના પર ખાસ પ્રકાશ ફેંકવામાં આવે છે, (high light); તેમ વિચારોની કે ભાવની અભિવ્યક્તિમાં માનવસ્વભાવ જેવો છે તેવો લઈએ તો એમ જ બને એમ લાગે છે. એમાંથી મુક્ત રહેવું અઘરું છે.

રોમાઁ રોલાઁ ખરેખર ભારતને અંતરથી ચાહતા હતા અને બંને ખંડો એકબીજાની નજીક આવે, બંનેનાં મૂળ સ્વરૂપો — એમ તેમની તીવ્ર ઇચ્છા હતી. જિંદગીભર જ્યારે અને ત્યારે તેમણે એ ઇચ્છા વ્યક્ત કરી છે. પરંતુ એમ કરવામાં એમને પોતાની માન્યતા રજૂ કરવાની છૂટ પણ હોઈ શકે છે.

મારા નમ્ર મત પ્રમાણે આપણી ગુજરાતની યુનિવર્સિટીઓમાંથી કોઈ પણ એક આ બાબતમાં પહેલ કરે તો તે તદ્દન વાજબી છે અને કાલોચિત પણ છે.

મરમીભાવ કહો, મરમીસાધના કહો, અથવા અન્ય કોઈ નામે કહો, — એનો અભ્યાસ આવશ્યક છે. આપણે ઘણે ભાગે નક્કી થયેલા બીબાંઢાળ ભાવે, રૂઢ માનસે મૂલવીએ છીએ. દાખલા તરીકે, નરસિંહ મહેતા એટલે ભક્ત, અખો એટલે જ્ઞાની,

કલાપી એટલે 'ફકીરી હાલ'નો 'ઇશ્કી' – અમુક આવો, અમુક તેવો – એ માત્ર બાહ્ય, ઉપરછલ્લી રીત ગણાય બંગાળીમાં આને 'એ હો બાહ્ય' – આ બાહ્ય છે – એમ કહેવાની એક રીત છે. આપણે એને મ્હોર મારવાની રીત કહી શકીએ. મારા નમ્ર મત પ્રમાણે આવા સઘળા જ ભક્તો, જ્ઞાનીઓ, તત્ત્વજ્ઞોને જીવનમાં કોઈ ને કોઈ રૂપે અનુભૂતિનો સ્પર્શ થયો જ હોય છે, પછી તે ક્ષણિક હોય કે ચિરકાલીન હોય. આ બધી વાતોનું મૂળને સાચવીને રોમાઁ રોલાઁએ જે જણાવ્યું છે તેનું સંશોધન જરૂરી છે. પદ્ધતિઓની રીત મરમીભાવને કેટલે અંશે ન્યાય આપી શકે, એ સત્યની એરણ પર મૂકીને કસવા જેવી વાત છે!

કોઈ પણ ધર્મના મૂળમાં મરમી અનુભૂતિ હોય છે અને એ તેનું આંતરિક સ્વરૂપ છે એકહાર્ટે જે પાંચ મુદ્દા કહ્યા છે તે મુજબ અનુભૂતિની વાણી મૂલવવી જોઈએ. શ્રી માતાજી પણ અર્થઘટનના કરતાં આત્મસાત્ કરવાની વાત ઘણી વાર કરે છે. આવી સઘળી વાતોમાં સૂક્ષ્મ વિવેક – આંતરસૂઝ – આવશ્યક છે અને એની અપેક્ષા સૌમાં રાખી પણ શી રીતે શકાય!

આ પ્રકરણ આમ તો અંગ્રેજીમાં જેને પોસ્ટસ્ક્રિપ્ટ (postscript) કહે છે એવું ગણાય. ગુજરાતીમાં એને અનુલેખન કહીએ તો ચાલે?

તેમ છતાંય રોમાઁ રોલાઁએ ઠેઠ ગ્રીક મરમીભાવની ધારાથી માંડીને ખ્રિસ્તી મરમીભાવની ધારા લગી જે મુખ્ય બાબતો લીધી છે અને તેનો સાથે હિંદુ મરમીધારાને – ખાસ કરીને અદ્વૈતવાદને, સાંકળવાનો પ્રયત્ન કર્યો છે તે એમની દૃષ્ટિએ બરાબર ગણાય.

મને લાગે છે કે પાયથાગોરસ, પ્લોટિનસ, એકહાર્ટ અને જેકબ બોઈ હેમ અને ફિલો લેવો હોય તો, – એમ મળીને અનુભૂતિઓની એક વિશિષ્ટ પરંપરા છે. પાયથાગોરસનું વ્યક્તિત્વ સદીઓ લગી મરમી પરંપરામાં ઓતપ્રોત લાગે છે....

ક્ષિતિબાબુ એક હિંદી પંક્તિ વારંવાર જણાવતા : 'નકશાહુકુમ ઇમારત ચલે, વૃક્ષ ચલે નિજ લીલા.' કોઈ ઇમારત ચણવી હોય તો પ્રથમ નકશો તૈયાર કરવો પડે અને પછી એ પ્રમાણે કારીગર ઇમારત તૈયાર કરે. પણ વૃક્ષ પોતાની લીલા પ્રમાણે વધે છે. એનો કોઈ નકશો નથી હોતો. અંદરથી, મૂળમાં પાણી પીને, પ્રકાશ અને પવનના સંયોગથી, તે વિકાસ

પામે છે. એમ આ લખાણમાં કોઈ આવશ્યક સિવાયની વિગતે યોજના નક્કી કરાઈ નથી. પોતાની મેળે જ અભિવ્યક્તિ પાંગરતી ગઈ છે. જે મુદ્દાઓ પ્રકરણ દીઠ નક્કી કર્યા હતા, તે બધા આડાઅવળા ગોઠવાઈ ગયા છે, – એક મરમી સૂત્રમાં, પ્રકરણદીઠ. પૂર્વના પ્રસંગો અને પશ્ચિમના પ્રસંગો ભેદભાવ ભૂલી, મારા નમ્ર મતે, અભેદનું ઇંગિત કરે છે. સૂફીભાવ, ખ્રિસ્તીભાવ, ગ્રીકભાવ પોતપોતાના મરમીઓ અને સંતો અને તેમની વાણી કે સાધના દ્વારા ઓતપ્રોત થઈ ગયા છે. કબીર, દાદૂ, રજ્જબ, જ્ઞાનદાસ અને કોઈ કોઈ ઠેકાણે આચાર્ય શંકર અને આચાર્ય એકહાર્ટની તુલનાત્મક ચર્ચા પણ છે.

અહીં મેં ગુજરાતના સંતોની ખાસ ચર્ચાવિચારણા કરી નથી; કારણ કે, મેં આગળ જણાવ્યું છે તેમ મારા 'ગુજરાતના સંતકવિઓ અને બાઉલ પંથ' નામના પુસ્તકમાં એ વિષે કેટલુંક કહ્યું છે.

અહીં આપણે બાઉલો જમતી વખતે જે નમસ્કાર કરીને પ્રાર્થના કરે છે તેનાથી સમાપન કરીએ, 'અન્ન'ને બદલે 'ભાવ' બંધ બેસી જશે. મરમીસંતોનું આ ભાવભોજન ગણીને તેનો આસ્વાદ લઈએ.

પંચામૃત રસ બન્টেন આપની શ્રી હરિ !
સકલે ભુંજહ ભાવનમસ્કાર કરિ,–સબે નમસ્કાર કરિ ।।
પંચામૃત રસ દેખહ પ્રભુર કરુણા,
પ્રભુકૃપા મૂર્તિમાન પ્રતિ ભાવકણા – સબે નમસ્કાર કરિ ।।

"આ પંચામૃત રસ પ્રભુ પોતે વહેંચી રહ્યા છે. સૌ એને નમસ્કાર કરીને આસ્વાદો. આ પંચામૃત રસ એ પ્રભુની કૃપા ગણો. ભાવનો એક એક કણ પ્રભુની મૂર્તિમાન કૃપા છે. સૌને નમસ્કાર !"

એક ચેતવણી પણ છે.
'આપન ભજનકથા ના કહિબે જથાતથા ।
આપનাতে આપનિ હઈબે સાધવાન ।।

"તારી અંતરની ભક્તિની વાત જ્યાંત્યાં કહેતો ફરીશ નહીં; પોતે પોતાનામાં સાવધાન રહેજે."

સતી લોયણના એ 'ચૂપ'ની વાત !

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળા-૧

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦